શ્રીમદ્‌ભાગવત

પ્રથમ સ્કન્ધ-સુબોધિનીજી

[ગુજરાતી અનુવાદ]



ગો. વા. જયકૃષ્ણદાસ ૬. દ્વેટ ફૅ૩ : ભરૂચ

अखिलभूमण्डलाचार्य श्री १०८ मद्वल्लभाचार्याः ।

प्राकट्य : १५३५ चैत्र कृष्ण ११ १५३५

लीलाप्रवेश : १५८७ आषाढ शुक्ल २

મ. ગ. શાસ્ત્રી સ્મારકમાલા, ગ્રન્થાંક ૩

જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજીવિરચિત

શ્રીમદ્ભાગવત

પ્રથમ સ્કન્ધ સુબોધિનીજીનો

ગુજરાતી અનુવાદ

અનુવાદકર્તા

વે. શા. સં. જટાશંકર કાનજી શાસ્ત્રી, રાજકોટ

દ્રવ્યની સહાય કરનાર

ભરૂચનાઃ ગો. વા. શેઠ જયકૃષ્ણદાસ કસનદાસ ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓ

પ્રો. ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ, એમ. એ.

શેઠ જસવંતલાલ નરોત્તમદાસ

શેઠ મણિલાલ નરોત્તમદાસ

પ્રકાશક

વાડીલાલ નગીનદાસ શાહ,

બી. એ., એલએલ. બી., એડવોકેટ.

બૂલેશ્વર, મુંબઈ ૨

પ્રતિ ૧૧૦૦ { મૂલ્ય : પાકું પૂઠું ૩—૦—૦ / કાચું પૂઠું ૨—૧૨—૦ } સંવત ૧૯૯૬

भगवच्छास्त्रनिष्णात मगनलाल गणपतराम शास्त्री, एम. ए.

જન્મ વિ.સં.: ૧૯૩૦ માર્ગશીર્ષ કૃષ્ણ ૪ — નિર્યાણ વિ.સં.: ૧૯૯૧ આષાઢ કૃષ્ણ ૨

પ્રસ્તાવના

ઘણાં વર્ષો પહેલાં સંપ્રદાયના સુપ્રસિદ્ધ પંડિત છગનલાલ શાસ્ત્રીએ પ્રથમ સ્કન્ધનાં શ્રીસુબોધિનીજીનું મુદ્રણ કરી તેનું ભાષાન્તર કર્યું હતું અને તે પ્રસિદ્ધ પણ કર્યું હતું. કેટલાંય વર્ષોથી તે ભાષાંતર વૈષ્ણવોને મળતું ન હતું, એટલે ફરીથી ભાષાંતર છપાવવાનું કામ હાથ ઉપર લેવામાં આવ્યું. આ ભાષાંતર રાજકોટના શાસ્ત્રી જટાશંકર કાનજીભાઈ પાસે કરાવ્યું છે. તેમણે છગનલાલ શાસ્ત્રીના ભાષાન્તરની ઘણી મદદ લીધી છે, એમ આ ભાષાન્તર ઉપરથી સ્પષ્ટ સમજાય છે. વૈષ્ણવોને પ્રથમ સ્કન્ધ સુબોધિનીજીનું અધ્યયન કરવાનું ઘણું સરળ થઇ પડશે. બીજી આનંદની વાત એ છે કે દ્વિતીય સ્કન્ધ સુબોધિનીજીનું ભાષાન્તર સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન શાસ્ત્રી કલ્યાણજીભાઇએ કર્યું છે અને તે વડોદરાના ભગવદ્ધર્મ-પરાયણ શેઠ ટોડરમલભાઈ સામળ બેચર તરફથી હાલમાં છપાય છે. દિવાળી સુધીમાં તે છપાઈ જશે. આ અમૂલ્ય ગ્રન્થનું ભાષાન્તર કરાવવાનો ખર્ચ તથા તેનું મુદ્રણ કરવાનો સઘળો ખર્ચ ભરૂચના ગોલોકવાસી વૈષ્ણવ જેકીસનદાસ કસનદાસ શેઠના ટ્રસ્ટીઓ પ્રોફેસર ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ, શેઠ જસવંતલાલ નરોત્તમદાસ તથા શેઠ મણિલાલ નરોત્તમદાસે ટ્રસ્ટ ફંડમાથી ઘણી ઉદારતાથી આપ્યો છે, તે બદલ અમે તેમનો જાહેરમાં અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ બે ત્રણ વર્ષથી તો શેઠ જેકીસનદાસના ટ્રસ્ટ ફંડની મદદથી સાંપ્રદાયિક સાહિત્યનો ઉદ્ધાર થયા કરે છે. ગ્રમલાલ શાસ્ત્રીજી સ્મારકાંક, વિવરણત્રય અને ણુભુત્સુબોધિકા જેવા મહત્ત્વના ગ્રન્થો આ ટ્રસ્ટ ફંડના સાહાય્યથી જ પ્રકટ થયા છે એ વાત વૈષ્ણવ સંપ્રદાયમાં હવે તો સુવિદિત જ છે. આવાં સત્કાર્યો માટે ટ્રસ્ટફંડના ટ્રસ્ટીઓને ધન્યવાદ આપવો ઘટે છે, અને અમે આશા રાખીએ છીએ કે ભવિષ્યમાં પણ આજ પ્રમાણે આ ટ્રસ્ટીઓ સાંપ્રદાયિક સાહિત્યની સેવા કરશે.

આ પુસ્તકમાં ગો. વા. શેઠ જયકૃષ્ણદાસના પહેલાંના ટ્રસ્ટીઓ—ગો. વા. શાસ્ત્રીજી ગ્રમલાલ ગણપતિરામ તથા ગો. વા. શેઠ નરોત્તમદાસ કરસનદાસ—ના ફોટાઓ મૂકવામાં આવેલા છે.

આ ગ્રન્થનાં પ્રૂફ શોધવાનું કામ સંપ્રદાયના ઉત્સાહી યુવાન કાર્યકર્તા શાસ્ત્રી કેશવરામ કાશીરામે ઘણા આનંદથી કર્યું છે, તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ. તે જ પ્રમાણે આદિત્ય મુદ્રણાલયના માલિક રા. રા. મણિલાલ પુ. મિસ્ત્રી, બી. એ. એ પણ આ કાર્યમાં ઘણી સરળતા કરી આપી છે અને બીજી ઉપાધિઓ હોવા છતાં પણ આ ગ્રન્થનું મુદ્રણકાર્ય વિના વિલંબે કરી આપ્યું છે, તેને માટે તેમનો આભાર માનવો ઘટે છે.

૬૮–૭૧, ત્રીજે ભોયવાડો,
ભૂલેશ્વર, મુંબઈ, ૨
તા. ૧૦–૬–૪૦

ચાડીલાલ નગીનદાસ શાહ

આમુખ

શુદ્ધાદ્વૈત વેદાન્તમાં ચાર પ્રસ્થાનનો સ્વીકાર કરવામાં આવેલો છેઃ વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ભાગવત. તેમાં પહેલા પ્રસ્થાનમાં જે સંદેહ ઉત્પન્ન થાય તેનો નિરાસ બીજા પ્રસ્થાન વડે કરવાનો છે. આ પ્રમાણે શ્રીમદ્ભાગવત ત્રણ પ્રસ્થાનોના સંદેહનું નિરાકરણ કરે છે અને તેથી તેનું ગૌરવ વધે છે એ વાત સ્પષ્ટ છે. ગાયત્રી વેદમાતા છે અને ત્રણેય વેદના અર્થનું પ્રતિપાદન કરે છે. શ્રીમદ્ભાગવત પણ વેદતુલ્ય જ છે તે દર્શાવવાને માટે પહેલા શ્લોકમાં જ વેદમાતા ગાયત્રીનો અર્થ બીજરૂપે આપવામાં આવેલો છે. એટલું જ નહિ પણ વસ્તુતઃ ગાયત્રી બીજ છે, વેદ વૃક્ષ છે અને શ્રીમદ્ભાગવત ફલ છે, અને આ ફલનું વર્ણન આરમ્ભના ત્રીજા શ્લોકમાં જ કરવામાં આવેલું છે. આ પ્રકારે ભગવાન્ વેદવ્યાસની સમાધિ-ભાષા–શ્રીમદ્ભાગવત–દર્શનસાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

શ્રીમદ્ભાગવતના બાર સ્કન્ધો છે અને ત્રણ પ્રક્ષિપ્ત અધ્યાયો બાદ કરીએ તો એકંદરે ત્રણસો બત્રીસ અધ્યાયો છે. આ બાર સ્કન્ધોમાં ભગવાનનાં–શ્રીનાથજીનાં–બાર શ્રીઅંગોનું નિરૂપણ કરવામાં આવેલું છે, અને તેથી શ્રીમદ્ભાગવત સાક્ષાત્ ભગવાનનું જ સ્વરૂપ છે એમ સ્પષ્ટ જણાય છે. આ કારણથી જ શ્રીમહાપ્રભુજી ભાગવતાર્થ પ્રકરણમાં આજ્ઞા કરે છે કે **इतीदं द्वादशस्कन्धं पुराणं हरिरेव सः ॥** આનંદરૂપ ભગવાનની આનંદરૂપ લીલા દશ પ્રકારની છે અને તેનું વર્ણન શ્રીમદ્ભાગવતના ત્રીજા સ્કન્ધથી બારમા સ્કન્ધ સુધીમાં કરવામાં આવેલું છે. પ્રથમ સ્કન્ધમાં અધિકારવર્ણન છે અને દ્વિતીય સ્કન્ધમાં સાધનવર્ણન છે. આ રીતે શ્રીમદ્ભાગવતનો અર્થ ભગવાન્ છે. આ જ કારણથી શ્રીમહાપ્રભુજી ભાગવતાર્થ પ્રકરણમાં આજ્ઞા કરે છે કે **शास्त्रे स्कन्धे प्रकरणेऽध्याये वाक्ये पदेऽक्षरे । एकार्थं सप्तधा जानन्न-विरोधेन मुच्यते ॥** શાસ્ત્ર, સ્કન્ધ, પ્રકરણ, અધ્યાય, વાક્ય, પદ અને અક્ષર એ સાત અર્થોને જાણીને જે સમન્વય કરે તે સંસારમાંથી મુક્ત થાય છે. આ સાત અર્થમાંના પહેલા ચાર અર્થ ભાગવતાર્થ પ્રકરણમાં આપવામાં આવેલા છે, અને બાકીના ત્રણ શ્રીસુબોધિનીજીમાં આપેલા છે. આ પ્રકારે શ્રીમદ્ભાગવતનો અર્થ સમજવા માટે શ્રીમહાપ્રભુજીએ રચેલા બે ગ્રન્થો–ભાગવતાર્થપ્રકરણ અને શ્રીસુબોધિનીજી–ઘણા ઉપયોગી છે અને તેથી જેટલા પ્રમાણમાં આ બે ગ્રન્થોનું અધ્યયન કરવામાં આવશે તેટલા પ્રમાણમાં શ્રીમદ્ભાગવતનો અર્થ સમજાશે.

પ્રથમ સ્કન્ધ એ ભગવાનનું દક્ષિણ ચરણારવિન્દ છે અને તેમાં અધિકારનું વર્ણન છે. દ્વિતીય સ્કન્ધ એ ભગવાનનું વામ ચરણારવિન્દ છે અને તેમાં જ્ઞાનનું–સાધનનું–વર્ણન છે. તૃતીય સ્કન્ધ એ ભગવાનનો દક્ષિણ બાહુ છે અને તેમાં સર્ગલીલાનું વર્ણન છે. ચતુર્થ સ્કન્ધ એ ભગવાનનો વામબાહુ છે અને તેમાં વિસર્ગલીલાનું વર્ણન છે. પંચમ સ્કન્ધ એ ભગવાનનો દક્ષિણ સાથળ છે અને તેમાં સ્થાનલીલાનું વર્ણન છે. છઠ્ઠો સ્કન્ધ એ ભગવાનનો વામ સાથળ છે અને તેમાં પોષણ-લીલાનું વર્ણન છે. સપ્તમ સ્કન્ધ ભગવાનનો દક્ષિણ હસ્ત છે અને તેમાં ઊતિલીલાનું વર્ણન કરવામાં આવેલું છે. અષ્ટમ સ્કન્ધ એ ભગવાનનો દક્ષિણ સ્તન છે અને તેમાં મન્વન્તર લીલાનું વર્ણન કરવામાં આવેલું છે. નવમો સ્કન્ધ ભગવાનનો વામ સ્તન છે અને તેમાં ઈશાનુકથા લીલાનું વર્ણન કરવામાં આવેલું છે. દશમ સ્કન્ધ ભગવાનનું હૃદય છે અને તેમાં નિરોધલીલાનું વર્ણન કરવામાં આવેલું છે. અગિયારમો સ્કન્ધ એ ભગવાનનું શ્રીમસ્તક છે અને તેમાં મુક્તિલીલાનું વર્ણન કરવામાં આવેલું છે. બારમો સ્કન્ધ એ ભગવાનનો વામ હસ્તક છે અને તેમાં આશ્રયલીલાનું વર્ણન કરવામાં આવેલું છે.

શેઠ નરોત્તમદાસ કરસનદાસ

જન્મ : ૧૯૨૯ કાર્તિક શુક્લ ૨ અવસાન : ૧૯૯૨ આષ્ઢ શુક્લ ૧૩

શ્રીમદ્‌ભાગવતમાં અનેકવાર કહેવામાં આવેલું છે કે શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ્ચ ઇત્યાદિઃ અર્થાત્ ભગવાનનું શ્રવણ કરવું, કીર્તન કરવું વગેરે. શબ્દાત્મક અને ભગવદ્રૂપ ભગવલ્લીલાનું શ્રવણ, કીર્તન કરવું એમ સિદ્ધ થાય છે. ભગવાનની સર્ગ વગેરે દશ લીલાઓ છે. આ દશ લીલાઓના શ્રવણ, કીર્તન ઇત્યાદિ માટે અધિકાર અને સાધનની જરૂર હોય છે. આ જ કારણથી પ્રથમ સ્કન્ધમાં અધિકારનું અને દ્વિતીય સ્કન્ધમાં સાધનનું વર્ણન કરવામાં આવ્યું છે; અને ત્યાર પછી જ સર્ગ વગેરે લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રથમ સ્કન્ધમાં શ્રોતા અને વક્તાના અધિકારની ચર્ચા છે. અધિકાર ન હોય તો સ્વરૂપ, અર્થજ્ઞાન અને અભિપ્રાયજ્ઞાન સંભવે નહિ, તેથી અધિકારના વર્ણનની ખાસ આવશ્યકતા છે. આ અધિકાર સ્થૂલ રીતે વિચાર કરતાં ત્રણ પ્રકારનો છે; સૂક્ષ્મ રીતે વિચાર કરતાં ઓગણીસ પ્રકારનો છેઃ સાધારણ, અસાધારણ અને ગુણાતીતઃ સાધારણ નવ પ્રકારનો છે, અસાધારણ પણ નવ પ્રકારનો છે, અને નિર્ગુણ એક પ્રકારનો છે. આ રીતે આ સ્કન્ધમાં ઓગણીસ અધ્યાય છે. સ્થૂલ દૃષ્ટિએ વિચાર કરીએ તો પ્રકરણનો અર્થ ધ્યાનમાં લેતાં પ્રથમ સ્કન્ધમાં ત્રણ પ્રકરણો જોવામાં આવે છેઃ (૧) હીનાધિકાર પ્રકરણ, (૨) મધ્યમાધિકાર પ્રકરણ અને (૩) ઉત્તમાધિકાર પ્રકરણ. પહેલા પ્રકરણમાં ત્રણ અધ્યાય છે, બીજા પ્રકરણમાં પણ ત્રણ અધ્યાય છે અને ત્રીજા પ્રકરણમાં તેર અધ્યાય છે. આમ એકંદરે ઓગણીસ અધ્યાય થાય છે.

આ ઓગણીસ અધ્યાયોનો સાર નીચે પ્રમાણે છેઃ—

હીનાધિકાર પ્રકરણ

અધ્યાય ૧ શ્રોતા જિજ્ઞાસુ છે અને વક્તાએ શ્રીમદ્‌ભાગવતનું અધ્યયન કરેલું છે.
અધ્યાય ૨ શ્રોતામાં માત્સર્યનો અભાવ છે અને વક્તા ચતુર છે.
અધ્યાય ૩ શ્રોતા શ્રવણમાં આદરવાળો છે અને વક્તાને ગુહ્યજ્ઞાન છે.

મધ્યમાધિકાર પ્રકરણ

અધ્યાય ૪ શ્રોતા અને વક્તા ઉપર ભગવત્કૃપા છે.
અધ્યાય ૫ શ્રોતા અને વક્તામાં ભગવદીયત્વ છે.
અધ્યાય ૬ શ્રોતા અને વક્તામાં ભગવદેકત્વ છે.

ઉત્તમાધિકાર પ્રકરણ

અધ્યાય ૭–૧૯ ઉત્તમાધિકારીને દૃઢ વૈરાગ્યની અપેક્ષા રહે છે. ભગવાનમાં એકતાનતા થાય ત્યારે જ દૃઢ વૈરાગ્ય સિદ્ધ થાય છે. ભગવાન્ પુરુષોત્તમરૂપ છે, તેથી ભગવાનમાં એકતાનતા દર્શાવવાને માટે બાર અંગવાળા પુરુષનું આધિક્ય દર્શાવવાને માટે તેર અધ્યાય વડે ઉત્તમાધિકારીનું નિરૂપણ કરવામાં આવેલું છે. પુરુષનાં બાર અંગો છેઃ શીર્ષ, બે બાહુ, બે હાથ, બે સ્તન, હૃદય, બે સાથળ અને બે ચરણ. આ બાર અંગોવાળા પુરુષોત્તમ અંગી છે. બાર અંગો અને અંગી મળીને તેરની સંખ્યા થાય છે. તેથી બાર અંગોવાળા પુરુષોત્તમરૂપ ભગવાનમાં એકતાનતા રાખનારા ઉત્તમ અધિકારીનું નિરૂપણ તેર અધ્યાયોમાં કરવામાં આવેલું છે.

આ વિષયમાં જિજ્ઞાસુએ શ્રીગોકુલરાયકૃત અધ્યાયાર્થ જોવો.

'શાકુન્તલ'
ખારીવાવ રોડ, વડોદરા
તા. ૮–૬–૪૦

ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ

અનુક્રમણિકા

અધ્યાય	કથા	પૃષ્ઠ
૧.	શૌનક સૂતપૌરાણિકને ૭ પ્રશ્નો પૂછે છે	૧
૨.	ફલ–સાધનરૂપ ત્રણ કર્મોનો નિર્ણય	૪૧
૩.	શ્રીભગવાનના અવતારોનું વર્ણન	૭૭
૪.	શુકના વૈરાગ્યનું કારણ અને વ્યાસજીની ચિંતા	૧૧૪
૫.	ભક્તિનો મહિમા	૧૩૫
૬.	નારદ ભક્તિનું સ્વરૂપ કહે છે	૧૭૫
૭.	અશ્વત્થામાના બાણથી પ્રભુ રક્ષણ કરે છે	૨૦૨
૮.	બ્રહ્માસ્ત્રમાંથી પરીક્ષિતનું રક્ષણ અને કુંતીજીની સ્તુતિ	૨૪૨
૯.	ભીષ્મની સ્તુતિ અને મુક્તિ	૨૮૯
૧૦.	પાંડવોની સુખકથા	૩૨૮
૧૧.	દ્વારકાવાસી ભક્તોનું સુખ	૩૬૪
૧૨.	પરીક્ષિતના જન્મનો ઉત્સવ	૪૦૧
૧૩.	વિદુરના ઉપદેશથી ધૃતરાષ્ટ્રનું નિર્માણ	૪૨૨
૧૪.	ઉત્પાતોને જોવાથી યુધિષ્ઠિરની ચિંતા અને અર્જુનનું દ્વારકાથી આગમન ...	૪૬૭
૧૫.	ભગવાનનું ગમન સાંભળી યુધિષ્ઠિરાદિનું સ્વર્ગારોહણ	૪૮૫
૧૬.	કાલથી પિડાયેલી ભૂમિ પાસે પરીક્ષિત જાય છે	૫૩૩
૧૭.	પરીક્ષિત રાજા કલિને શિક્ષા કરી સ્થાનો આપે છે	૫૬૨
૧૮.	પરીક્ષિત રાજાને શમીક ઋષિનો પુત્ર શાપ આપે છે	૫૯૫
૧૯.	પરીક્ષિતનું ગંગા ઉપર પ્રાયોપવેશન અને શુકાગમન	૬૩૯

पाठशुद्धिपत्रम्

प्रथमस्कन्ध-सुबोधिनी-पाठान्तराणि ।

पृष्ठ	पंक्ति	श्लोक	पंडितबलभद्रमुद्रिते	अन्यादर्शे
			प्रथमाध्यायः	
४	९	१	साङ्ख्या योगिनश्च । न वैदिकाः	साङ्ख्ययोगिनश्च न वैदिकाः,
७	६	३	अन्ये भगवद्रूपा अवतारा अधिकारिणो वा ।	अन्ये भगवद्रूपा अवतारा अधिकारणो वा।
८	१७	४	स च सुखविशेषशरीरः । देवविशेषो लोकरूपः ।	स च सुखविशेषशरीरदेवविशेषो लोकरूपः ।
८	१८	४	सत्रे सर्वत्र आसतिरेव	सत्रे सर्वत्र आसक्तिरेव
१०	१९	१०	सभां (!) वा न प्रवेष्टव्य (?)मिति	सभां न प्रवेष्टव्यमिति
१४	५	१८	कर्मश्रवणेन यत्फलं तद्भगवता देयं	कर्मश्रवणेन सत्फलं भगवता देयम्
१५	७	१९	किन्तु मूर्तत्वादुदरपूरणेन निवृत्तिस्तथा श्रवणेऽपि । विशेषोऽप्युक्तः ।	किम्पुनर्मूर्तत्वादुदरपूरणेन निवृत्तिः । तथा श्रवणेऽपि विशेषोऽप्युक्तः ।
			द्वितीयाध्यायः	
२१	२२	९-१०	गते चाऽर्थे रूपादिप्राप्तिरिति	गते वार्थे रूपादिप्राप्तिरिति
२१	२३	९-१०	अर्थेनाऽर्थ इव न कामः ।	अर्थेन च न कामः ।
२५	१०	१७	पापसामानाधिकरण्ये	पापसमानाधिकरण्ये
२७	१	२१	ईश्वरत्वेन निवर्तन्ते ।	ईश्वरत्वे न निवर्तन्ते ।
२७	१	२१	अन्यस्येश्वरत्वे ज्ञातेऽपि न ह्यन्यस्येश्वरत्वाज्ञानं	अन्यस्येश्वरत्वे ज्ञातेऽपि । नह्यन्यस्येश्वरत्वाज्ञानं
३२	९	३३	नितरां विष्टः अनध्यासेन	नितरां विष्ट अध्यासेन
			तृतीयाध्यायः	
४०	१६	१९	इह पर (?) आत्मनः	इह परत्र आत्मनः
४१	१३	२३	जन्मद्वयम् । तदुक्तम्-	जन्मद्वयं तदुक्तम्

पत्र	पंक्ति	श्लोक	पंडितबलभद्रमुद्रिते	अन्यादर्शे
४७	५-६	३९	एतद्देहावसानपर्यन्तं यथा भवतु तथेति पुनः (?) शब्दार्थः ।	एतद्देहावसानपर्यन्तं यथा भवतु । तथेति पुनः शब्दार्थः ।
४७	६	३९	अनादराभावाय—उग्र इति	अनादराभावायोग्रमिति
			चतुर्थोऽध्यायः	
५८	१८	१	द्वितीये तु	द्वितीये नु
५९	१६	१५	भौतिकदैविकात्मीयदोष-त्रयाभाव	भौतिकदैविकः आत्मीय-दोषत्रयाभाव
५९	४	२५	भट्टेष्विव	भट्टेष्वपि
५८	१५	३३	"स्व इत्यत्र व्यासकार्य्यसाधक इति वा" (अयं विशेषः)	(अत्र नास्ति)
			पञ्चमाध्यायः	
५९	९	१	हेतुत्वादुत्तरस्य हि	हेतुत्वाद् दुस्तरस्य हि
६०	१-२	३	इति (?) ते महदद्भुत-	इति ते महदद्भुतम्
६२	३	१०	ननु प्रतिपादकानां (?)	ननु प्रतिपादितानां
७२	२९	२९	तान (?) नुवदति	तान्यनुवदति
			षष्ठाध्यायः	
८१	४	१९	वीक्ष्य(?)माणोऽपि	वीक्षमाणोऽपि
८३	२८	२६	भद्राणि मनोहरादीनि (?)	भद्राणि मनोहराणि
८४	२९	२८	पञ्चभूतानि (?) क्रमेण	पञ्चभूतातिक्रमेण
८६	२८	३४	निवृत्तित्वात् (?)	निवृत्तत्वात्
			सप्तमाध्यायः	
९५	९-६	२०	ब्रह्मास्त्रं द्विविधं मतम्	ब्रह्मास्त्रं द्विविधं स्मृतं ।
९६	२६	२५	यथा भवान्	यथा भगवान्
९९	२२	३७	प्राणाप्राणैः (?) जीवनं	प्राणाप्राप्तौ जीवनं
१०३	२२	५२	परस्परकार्यजननाय	परस्परकार्याजननाय
			अष्टमाध्यायः	
२०५	३	१	सर्वहेतुकथा यैव	सर्वहेतुकथायै च

पत्र	पंक्ति	श्लोक	पंडितकल्पद्रुमुद्रिते	अस्माद्दर्शे
१०७	११	७	महाक्रोध	महान् क्रोध
११२	२०	१९	न तु सेयकं मन्यते	न तु केवलं मन्यते

नवमाध्यायः

१२९	१२	११	भ्रातृ(?)पुत्रत्वेन	भ्रातृपुत्रपुत्रत्वेन
१३१	२	१५	तथाहि । पाण्डुना	नहि पाण्डुना
१४२	१८	४५	दिवि देवप्रचोदिताः	देवमानवघादिताः

दशमाध्यायः

१४५	२८	४	क्षेत्रविशेषं	क्षेत्रविशेषे
१५२	२१	२१	भिन्नेन तेन व्यामोहितेषु	भिन्ने तेन तेन व्यामोहितेषु
१५८	२४	३३	अम्बिकावरादिः	अम्बिकावनादिः

एकादशाध्यायः

१५९	१९	१	प्रथमं प्रवेशो मङ्गलमाह ।	प्रथमं मङ्गलमाह ।
१६१	२०	६	प्रभवेत्परप्रभुः ।	प्रभवेत्परः प्रभुः ।
१६५	१६	११	योगितनुं यथा	योगिरक्षितनुं यथा
१६९	१०	२५	अतो विषयाज्ज्ञानं	अतोऽपि विषयाज्ज्ञानं

द्वादशाध्यायः

१७९	२३	१	एवमैकाग्र्यसिद्धचर्थं	एवमेकाग्रसिद्धचर्थं
१७५	२५	१	यथा वेदान्तविज्ञाने	यदा वेदान्तविज्ञाने
१७७	१८	८–९	अपीच्यवदर्शनं	अपीच्यं दर्शनं
१८१	७	१७	अदृष्टे कालादीना-	अदृष्टकालादीना-

त्रयोदशाध्यायः

१८६	१२	१	द्वये वक्ष्यति	द्वयेन वक्ष्यते
१८७	१८	५	प्रेमैव आनन्दरूपं भवति	प्रेमेव आनन्दरूपं न भवति
१९१	११	१८	ये पूर्वं भक्ष्यत्वेन	ये पूर्वं भक्षत्वेन

चतुर्दशाध्यायः

२०५	१९	१	सन्दर्शः प्रश्नश्च विनिरूप्यते	सन्दर्शप्रश्नश्च विनिरूप्यते
२०८	१३	१४	कपोतोऽयमित्यन्तं भिन्नं वाक्यम्	कपोतोऽयमित्यपरं भिन्नं वाक्यं

पत्र	पंक्ति	श्लोक	पंडितबलभद्रमुद्रिते	अन्यादर्शे
			पञ्चदशाध्यायः	
२१५	२	१	कृष्णभक्त्येति रूप्यते	कृष्णभक्तो निरूप्यते ।
२१७	१६	७	तेनोऽन्यस्य च संक्षयः	तेनाऽन्यस्य च संग्रहः
२२५	१०	२१	इङ्गालःवं (?) सम्पद्यते	इङ्गालत्वं सम्पाद्यते
२२५	१०	२१	तदा रूपं देवत्वं	तथा रूपत्वं देवत्वं
२२९	२१	३६	दारौ (?) तु न तथा तेन	हरौ तु न तथा तेन
			षोडशाध्यायः	
२३७	११	२	लौकिकबलशौर्य्याद्यपेक्षायां	लौकिकबलसौन्दर्याद्यपेक्षायां
२४९	१०	३२	वा मन्यमानाः (?) चेत्	वा मन्यमानश्चेत्
			सप्तदशाध्यायः	
२४९	७	३	कृशां द्रव्याभावात् । यत्र यज्ञ-स्तत्र न यज्ञियानि द्रव्याणि	कृशां द्रव्याभावात् । अनेन कर्माभावः । यत्र यज्ञस्तत्र न यज्ञियानि द्रव्याणि
२५४	३०	१९	व्यवस्थात्वा(?)त्तवापि	व्यवस्थात्वात् । तवापि
			अष्टादशाध्यायः	
२६६	९	६	तावन्तं कालमनुभवेत्	तावन्तं कं कालमनुभवेत्
२६६	२७	७	कृते तात्क्षणिकः (?) पापः (?)	कृते तात्क्षणिकं पापं
२६७	२६	१०	सद्भावे भवति	सद्भावेन भवति
२७१	१९	१८	सत्फलं भवति	सफलं भवति
			एकोनविंशाध्यायः	
२८४	२५	१	तदङ्गेन नैरपेक्ष्येण	तदङ्गेन नैरपेक्षेण
२८७	१८	६	क्रियमाणायां प्रक्षालनं जात-	क्रियमाणायां तस्यां प्रक्षालनं जात-

૨૨૩૮૩

શ્રીમદ્‌ભાગવત

પ્રથમ સ્કન્ધ સુબોધિનીજી

ગુજરાતી અનુવાદ

श्रीकृष्णाय नमः ॥
श्रीगोपीजनवल्लभाय नमः ॥
श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

जगद्गुरु श्रीमद्वल्लभाचार्यजी-विरचित

श्रीमद्भागवत—सुबोधिनीजी

गुजराती अनुवाद

—o—

प्रथम स्कन्ध : अधिकारलीला

[१. हीनाधिकार : अध्याय १ थी ३]

अध्याय १ लो

[श्रीसुबोधिनी—मंगलाचरण]

वन्दे श्रीकृष्णदेवं मुरनरकभिदं वेदवेदान्तवेद्यं
लोके भक्तिप्रसिद्धयै यदुकुलजलधौ प्रादुरासीदपारः ।
यस्यासीद्रूपमेव त्रिभुवनतरणे भक्तिवच्च स्वतन्त्रं
शास्त्रं रूपं च लोके प्रकटयति मुदा यः स नो भूतिहेतुः ॥१॥

कारिकार्थः—श्रीभागवतनी व्याख्या करवानी इच्छावाळा श्रीमद्वल्लभाचार्यजी श्रीमद्भागवतमां वर्णवेला श्रीकृष्णप्रभुने ईष्टनी सिद्धिने माटे नमन करे छेः—'प्रतिबंधकरूपे रहेला मुर अने नरकासुरनो नाश करनार, तेम ज वेद अने उपनिषद् वगेरेथी जाणी शकाय, तेवा श्रीकृष्णप्रभुने हुं नमस्कार करुं छुं. जेनो पार न पामी शकाय, तेवा श्रीहरिभगवान् लोकमां भक्तिने प्रसिद्ध करवा माटे यदुकुलरूपी समुद्रमां प्रकट थया छे, तेम ज जेनुं आनंदमय स्वरूप ज त्रण लोकने तारवाना निमित्त माटे प्रकट थयुं छे अने जे प्रभु भक्तिनी माफक स्वतंत्रपणे शास्त्रात्मक स्वरूपने पण लोकमां आनंदथी प्रकट करे छे, ते श्रीकृष्णप्रभु अमने श्रीभागवतना व्याख्यानरूप संपत्तिना कारणरूपे थाओ. अर्थात् भागवतनो यथार्थ अभिप्राय प्रकट करवामां श्रीकृष्णप्रभु ज प्रेरक थाओ.' (१)

[**भावार्थः**—आरंभमां श्रीकृष्णदेव प्रभुनुं वंदन करेलुं होवाथी समग्र-समा अने आनंदना निधिरूप श्रीकृष्ण, श्रुतिओमां प्रतिपादन करायेला छे, अने ते ज श्रीकृष्ण परात्पर वस्तु छे.

श्री शब्दनो प्रयोग कर्यो छे, तेनाथी ब्रह्मानंदरूप चैतन्यशक्ति अथवा तो देवीरूप मायानो पण संग्रह करेलो छे. **कृष्ण** शब्दथी अवतारस्वरूपनो

પણ સમાવેશ થાય છે. આગળ **देव**પદ આપવામાં આવ્યું છે; તેથી પ્રભુની અનેક નિત્યલીલાઓનો પણ સમાવેશ થાય છે. તે ઉપરથી જે પરપુરુષ છે તે બે પ્રકારની લક્ષ્મી, ચાર પ્રકારના વ્યૂહો અને વિવિધ પ્રકારના અવતારોથી ક્રીડા કરે છે. તેવા પ્રભુ જ ભજન કરવા યોગ્ય છે. આવી રીતે સમગ્ર શ્રીભાગવતનો અર્થ પ્રાપ્ત થાય છે.

શ્રીમન્નારાયણે કહેલા પાંચરાત્રાદિક ગ્રંથોમાં બતાવેલી રીત અનુસાર શ્રીમદ્ભાગવતમાં ચાર વ્યૂહોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે ચાર વ્યૂહોનો નિર્દેશ કરતા શ્રીમદાચાર્યચરણ, પહેલાં અનિષ્ટની નિવૃત્તિની માટે અને ઇષ્ટની પ્રાપ્તિને માટે સંકર્ષણ અને વાસુદેવ વ્યૂહનો **मुरनरकमिदं** અને **वेदवेदान्तवेद्यं** એ બે વિશેષણોથી બોધ કરાવે છે.

સંકર્ષણ પ્રભુ દૈત્યોનો સંહાર કરનારા છે. તેથી **मुरनरकमिदं** એ વિશેષણથી સંકર્ષણ વ્યૂહનો નિર્દેશ કરેલો છે. પ્રભુની પ્રાપ્તિમાં મુર અને નરકાસુર નામના બે દૈત્યો ભક્તોને પ્રતિબંધ કરનારા હતા. તેનો નાશ કરવાથી સોળ હજાર રાજકન્યાઓને શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થઈ. માટે ભક્તોના પ્રતિબંધની નિવૃત્તિ પણ પ્રભુ પોતે જ કરે છે. બીજા **वेदवेदान्तवेद्यं** એ વિશેષણથી વાસુદેવવ્યૂહનો નિર્દેશ કરેલો છે; કારણકે વેદ અને ઉપનિષદ્ વગેરે શાસ્ત્રોથી જે જાણી શકાય તે પ્રભુ જ મોક્ષ આપે છે.

વંશવૃદ્ધિ કરનાર પ્રદ્યુમ્ન વ્યૂહનો નિર્દેશ **लोके भक्तिप्रसिद्धये** એ બીજા પદમાં કરેલો છે. અર્થાત્ પાર વગરના પ્રભુ પણ ભક્તિને પ્રસિદ્ધ કરવા માટે પ્રકટ્યા.

यस्यासीद्रूपम् એ પદથી ધર્મરક્ષારૂપ અનિરુદ્ધ વ્યૂહનો નિર્દેશ કરેલો છે; કારણ કે પ્રવૃત્તિરૂપ અને નિવૃત્તિરૂપ એમ બે પ્રકારનો ધર્મ છે. તેમાં પ્રવૃત્તિરૂપ ધર્મનું ફળ ત્રિલોકી છે અને નિવૃત્તિરૂપ ધર્મનું ફળ મોક્ષ છે. તે બન્ને ફળમાં નિમિત્તભૂત તો પ્રભુનું રૂપ જ છે; જ્યારે ત્રિલોકી અને મોક્ષ વગેરે અટકી પડે છે; અર્થાત્ ધર્મની ગ્લાનિ અને અધર્મની ઉન્નતિ થાય છે, ત્યારે તેની રક્ષા માટે અનિરુદ્ધ વ્યૂહ પ્રકટ થાય છે.

આવી રીતે પોતાના રૂપાવતારનું પ્રયોજન, વ્યૂહદ્વારા કરીને હવે નામાવતારનું પ્રયોજન **भक्तिवच्च स्वतन्त्रं** એ પદથી જણાવે છે. જેમ પોતાના માટે પ્રભુએ આનંદથી સ્વતંત્ર ભક્તિને પ્રકટ કરી છે, તેમ શાસ્ત્રાત્મક રૂપને પણ આનંદ વડે જ પ્રકટ કર્યું છે. આ ઉપરથી શ્રીમદ્ભાગવતને પ્રકટ કરવામાં ભગવદાનંદ જ મુખ્ય છે. (૧)]

कर्ता त्रयः सकलस्य यो निगमभूः सर्वस्वरूपोऽपि स–
न्सर्वस्यापि विधारणो विजयते निर्दोषसर्वेष्टदः ।

यो लीलाभिरनेकधा वितनुते रूपं निजं केवलः
सोऽयं वाचि ममास्तु पूर्णगुणभूः कृष्णावतारः पतिः ॥२॥

કારિકાર્થ:—જે પ્રભુ વિશ્વમાત્રના કર્તા અને જાણનાર છે, તેમ જ વેદાદિ-શાસ્ત્રમાં દરેકના કારણરૂપ છે, અને દોષ વગરના ભક્તોને દરેક અભીષ્ટ વસ્તુ આપનારા છે, જે સર્વ રૂપે વિરાજેલા છે, તો પણ સર્વને ધારણ કરતા થકને વિજય પામે છે, અને જે પ્રભુ વિશુદ્ધ લીલાઓથી અનેક પ્રકારે પોતાના સ્વરૂપને વિસ્તારે છે, તે આ પૂર્ણગુણો સહિત પ્રકટ થયેલા, શ્રીકૃષ્ણપ્રભુ મારી વાણીમાં સ્વામી તરીકે થાઓ. (૨)

[**ભાવાર્થ**:—ગયા શ્લોકમાં ભાગવતની વ્યાખ્યા કરવામાં પ્રભુ પ્રેરક બનો તેવી રીતે અભ્યર્થના કરી હતી. પરંતુ પ્રભુ તો કેવળ અનુકૂળ થઈ જાય તો પણ વ્યાખ્યાન કરવાની સંપત્તિ મળી શકે છે. અને તેવી સંપત્તિમાં પ્રભુનું અધિષ્ઠાન ન હોવાથી, વાણી લૌકિકવાણીના જેવી થઈ જાય. તેથી તેવી લૌકિકવાણીનું નિવારણ કરવા માટે, વાણીના સ્વામી તરીકે–પતિ તરીકે પ્રભુની સ્થિતિ થાઓ, તેવી પ્રાર્થના કરતા આચાર્યશ્રી શ્રુતિ અને સૂત્રાદિકમાં પ્રતિપાદન કરવા યોગ્ય શ્રીહરિના સ્વરૂપનું વર્ણન કરે છે.

જે આવા પ્રભુ વિજયને પામે છે અને આવી રીતે વિસ્તાર કરે છે; તે પ્રભુ મારી વાણીમાં **પતિસ્વરૂપે** વિરાજો, આવો સંબંધ છે. "જેનાથી આ બધાં ભૂત પ્રાણીઓ ઉત્પન્ન થાય છે" વગેરે અને "જે પરબ્રહ્મથી આ વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ થાય છે" વગેરે શ્રુતિ અને વ્યાસસૂત્રમાં બતાવેલું સ્વરૂપ અહીં **कर्ता सः** એ પદમાં વર્ણવવામાં આવ્યું છે.

सर्वस्यापि विधारणः એ પદમાં પ્રભુનું ઉપાદાન કારણપણું અને ધારણા-ત્મક સેતુપણું કહેવાયેલું છે. તેથી વાણીમાં પણ પ્રભુની સ્થિતિ થાઓ, તે સિદ્ધ કર્યું છે.

અંતર્યામી બ્રાહ્મણમાં यो वाचि तिष्ठन् વગેરેથી આવા પ્રકારનું જ સાંભળવામાં આવે છે.

પ્રભુ તો પ્રાર્થના કરાયેલી વસ્તુને પૂરનારા જ છે. તે બતાવવા સારુ **निर्दोषसर्वेष्टदः** એ પદ આપ્યું છે. અર્થાત્ નિર્દોષ ભક્તોને તો સર્વ ઇષ્ટ વસ્તુ આપનારા પ્રભુ જ છે. તેથી કદાચ પ્રાર્થના કરાયેલી વસ્તુની પ્રાપ્તિ ન પણ થાય તો તેમાં જીવધર્મ કારણભૂત છે, ભગવદ્ધર્મ કારણભૂત નથી. આ વસ્તુ પણ તે પદમાં સમજાવવામાં આવી છે.

નિર્દોષ ભક્તોને ઇષ્ટ વસ્તુના દાનનો પ્રકાર બતાવે છે: – પ્રભુ અનેક વિશુદ્ધ લીલાઓથી પોતાના સ્વરૂપનો વિસ્તાર કરે છે.

તાપનીય શ્રુતિમાં જે મૂલ સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે તેના

જેવું જ અત્રે **પૂર્ણગુણમૂઃ** એ પદથી કહેવામાં આવ્યું છે. આવી રીતે શ્રીમદ્ભાગવતમાં મૂલરૂપ અને અવતારરૂપ બન્ને પ્રતિપાદન કરવા યોગ્ય છે. (૨)]

श्रीमद्वल्लभविद्वदीशविलसद्वंशाब्धिपूर्णेन्दवे
श्रीगोपीपतिवन्दिने सुमनसि ब्रह्मामृतस्यन्दिने ।
श्रीमल्लक्ष्मणभट्टसूरिरिति यन्नामाखिलाभीष्टदं
तस्मै तातमहाशयाय हरये कुर्मो नमः सिद्धये ॥३॥

કારિકાર્થ:—શ્રીવલ્લભ વિદ્વદીશ્વરના સુંદર વંશરૂપી સમુદ્રને સમૃદ્ધ કરવામાં પૂર્ણચન્દ્રમારૂપ, શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણને વંદન કરનારા, સુંદર મનરૂપી પુષ્પમાં બ્રહ્માનંદરૂપી મકરંદ (પરાગ)ને પ્રેલાવનારા, અને જેનું શ્રીલક્ષ્મણભટ્ટસૂરિ એવું પવિત્ર નામ સમગ્ર ઇચ્છિત વસ્તુને આપનારું છે, તેવા હરિસ્વરૂપ પિતૃચરણ શ્રીતાતજીને, સિદ્ધિ થવા માટે અમો નમન કરીએ છીએ. (૩)

[**ભાવાર્થ**:—હવે ત્રીજા શ્લોકમાં શિષ્ટાચારની પરંપરા પ્રમાણે આચાર્યશ્રી પોતાના પિતૃચરણને નમસ્કાર કરે છે.

અહીં **શ્રીગોપીપતિવન્દિને** એ પદથી શ્રીલક્ષ્મણભટ્ટજી વિષ્ણુસ્વામિમતમાં પ્રસિદ્ધ ગોપાલોપાસનાના ઉપાસક હશે એમ દેખાય છે. પિતાજીને **હરયે** એવું વિશેષણ આપવાથી જેમ શ્રીહરિ પૂર્ણ છે તેમ શ્રીલક્ષ્મણભટ્ટજી પણ પૂર્ણ ઉપાસક હતા, તેવું સૂચન કરેલું છે. (૩)]

श्रीमद्भागवतागमः सुरतरुर्लोके फलत्वं गतो
भाषाभेदविभेदतस्त्रयमपि स्यान्नो विरुद्धं महत् ।
भक्त्यंशे फलता प्रमाणसुबले वेदत्वमर्थे पुनः
स्कन्धैर्द्वादशभिर्युतः सुरतरुः शाखाद्विषड्द्वियम् ॥४॥

કારિકાર્થ:—વેદસ્વરૂપ શ્રીમદ્ભાગવત કલ્પવૃક્ષ છે અને તે લોકમાં ઉદ્ધાર કરવા માટે ફલપણાને પ્રાપ્ત થયેલ છે. તેમાં તે મહાપુરાણ હોવાથી લૌકિકીભાષા, પરમતભાષા અને સમાધિભાષા એમ ભાષાભેદનું તારતમ્ય છે, અને તેથી ભાગવતમાં ફલપણું, વેદપણું અને કલ્પવૃક્ષપણું વિરુદ્ધ નથી; કેમકે ભક્તિના અંશમાં ફલપણું છે, પ્રમાણના વિશેષબલમાં વેદપણું છે, અને અર્થમાં બાર મોટી શાખાઓની સહિત કલ્પવૃક્ષપણું છે. નાની નાની ૩૩૨ શાખાઓ તે કલ્પવૃક્ષરૂપ ભાગવતમાં છે (એટલે ૩૩૨ અધ્યાયો છે.) (૪)

[**ભાવાર્થ**:—હવે આ પ્રમાણે આચાર્યશ્રી શિષ્યની શિક્ષા માટે મંગળાચરણ કરીને **ઉત્તમ, મધ્યમ** અને **કનિષ્ઠ** એવા **અધિકારીઓને** યથાયોગ્ય ફળ દેવા માટે આરંભમાં કાંઇપણ સ્પષ્ટ ન કહેવાથી દરેકની શ્રીભાગવતના શ્રવણમાં પ્રવૃત્તિ અટકી જાય, તેના નિવારણને માટે દરેક અધિકારીને તે તે ફળને અનુકૂળ એવા ભાગવતના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

એક જ શ્રીભાગવત આગમરૂપે, કલ્પવૃક્ષરૂપે અને ફલરૂપે શી રીતે હોઇ શકે, એવી શંકા કરીને સમાધાન કરે છે કે લૌકિકીભાષા, મતાંતરભાષા અને સમાધિભાષા એમ ત્રણ પ્રકારની ભાષાઓમાં પરસ્પર ભેદ રહેલો છે અને તે ભેદથી તારતમ્ય પણ છે. તે કારણથી ઉપર જણાવેલાં આગમત્વાદિ ત્રણે વિરુદ્ધ થતાં નથી; કારણકે આ મહાપુરાણ છે.

એમ હોવાથી એક અંશમાં ત્રિરૂપતા હોય, પરંતુ સમગ્ર ભાગવતમાં તેમ ન હોઈ શકે. અને તેથી ત્રિરૂપતા (આગમરૂપ કલ્પવૃક્ષરૂપ, અને ફલરૂપ)નો ભંગ થાય છે.

જેમ ગૌરપુરુષના નખ કેશ અને નેત્રમાં શ્યામત્વ રક્તત્વ વગેરે બીજાં રૂપરંગો વિદ્યમાન હોવા છતાં પણ તે પુરુષ **ગૌર** તરીકે જ ઓળખાય છે, પણ નાના રૂપવાળો છે એમ કહેવાતો નથી; તે પ્રમાણે અહીં પણ સમજવાનું છે; એમ શંકા કરીને સમાધાન કરે છે કે પ્રતિયોગીના ભેદ વડે અર્થાત્ અભાવના ભિન્ન ભિન્ન પ્રકારથી એક પુરુષ પોતાના પિતાનો પુત્ર હોય છે, અને પોતાના પુત્રનો પિતા હોય છે. પુત્રત્વ અને પિતૃત્વ એ તો પ્રતિયોગીના ભેદથી પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે અહીં શ્રીભાગવતમાં પણ તેને અધિકારીના ભેદથી ફલપ્રાપ્તિમાં ભેદ દેખાય છે; જેમ કે "**यस्यां वै श्रूयमाणायां**" એ વાક્યમાં ભાગવતને ભક્તિના ઉત્પાદક તરીકે કહેલું છે. અને તે પ્રમાણે ભક્તિ ઉત્પન્ન થવાથી સ્વતંત્ર પુરુષાર્થપણે શ્રવણ, કીર્તન વગેરેથી ભક્તિના અંશનું આસ્વાદન થાય છે, ત્યારે તે અંશમાં સંપૂર્ણ ફલરૂપ થાય છે.

इदं भगवता पूर्वं એ વાક્યમાં ભાગવતને શ્રીભગવાને પ્રકાશિત કર્યું છે. તેમ જ "**सर्ववेदेतिहासानाम्**" એ વાક્યમાં સર્વ વેદના સાર રૂપ પણ કહેલું હોવાથી પ્રમાણબળના જ અંશમાં સમગ્ર ભાગવતનું વેદપણું સિદ્ધ થાય છે.

विप्रोऽधीत्याप्नुयात्प्रज्ञां (બ્રાહ્મણ શ્રીભાગવતના અધ્યયનથી સુંદર બુદ્ધિને પ્રાપ્ત કરે છે વગેરે) ઇત્યાદિક વાક્યોથી અર્થમાં ૩૩૨ શાખા પ્રશાખાઓથી યુક્ત શ્રીભાગવત કલ્પવૃક્ષ હોઇને તે તે કામનાઓને પૂરણ કરે છે. આવી રીતે સમગ્ર ભાગવતનું ત્રિરૂપપણું (ત્રણ રૂપો) સિદ્ધ થાય છે. (૪)]

अर्थं तस्य विवेचितुं न हि विभुर्वैश्वानराद्वाक्पते-
रन्यस्तत्र विधाय मानुषतनुं मां व्यासवच्छ्रीपतिः ।
दत्त्वाज्ञां च कृपावलोकनपटुर्यस्मादतोऽहं मुदा
गूढार्थं प्रकटीकरोमि बहुधा व्यासस्य विष्णोः प्रियम् ॥५॥

કારિકાર્થઃ—જ્યાં સમગ્ર જગત અલૌકિક સુખ વગરનું છે, ત્યાં શ્રીભાગવતનો યથાર્થ અર્થ પ્રગટ કરવાને માટે વાણીના પતિ વૈશ્વાનર (શ્રીમહા-

ચાર્યચરણ) સિવાય અન્ય કોઈ સમર્થ નથી, તેથી લક્ષ્મીયુક્ત ભગવાન પોતાના અંશરૂપને, વ્યાસજીની માફક મનુષ્યશરીરયુક્ત બનાવીને, તેમ જ ઉત્તમ અર્થ કરવાની આજ્ઞા આપીને, જે કારણથી કૃપાદૃષ્ટિ કરવામાં ચતુર થયા, તે જ કારણથી વ્યાસજી અને વિષ્ણુ ભગવાનને પ્રિય લાગે તેવો. ભાગવતનો ગૂઢ અર્થ હું આનંદથી ઘણા પ્રકારે પ્રગટ કરું છું. (૫)

[**ભાવાર્થ**:—ઉપરના શ્લોકમાં તે તે ફળને અનુકૂળ ભાગવતના સ્વરૂપનું નિરૂપણ કરીને પૂર્વેના અનેક પંડિતોએ ભાગવતની વ્યાખ્યા કરેલી છે તો પણ પોતાની વ્યાખ્યા કરવામાં જે પ્રવૃત્તિ થઈ છે, તેમાં સંગિતને જણાવતા આચાર્યશ્રી વ્યાખ્યાનની પ્રતિજ્ઞા કરે છે. સમગ્ર લોકમાં જ્યારે અલૌકિક સુખ નષ્ટ થયું, ત્યારથી ભાગવતનો અર્થ પ્રકટ કરવામાં વૈશ્વાનર વાક્પતિ સિવાય અન્યમાં સામર્થ્ય રહ્યું નથી. અગ્નિ તો વાણીના પતિ હોવાથી તેમનું સામર્થ્ય અબાધિત રહી શકે. જેમ સ્ત્રી પોતાના પતિના સમક્ષ સ્વરૂપને પ્રકટ કરે છે, તેમ વાણી પણ કોઈકને જ પોતાનો અર્થ પ્રકટ કરે છે, આવી રીતે શ્રુતિમાં સંભળાય છે. વાણીના પતિ તો અગ્નિ જ છે. **तस्याग्निरास्यं** એ વાક્યમાં વાણીને અગ્નિના મુખ તરીકે વર્ણવી છે. તેથી ભાગવતના સાત અર્થ પ્રકટ કરવાનું સામર્થ્ય શ્રીઅગ્નિસ્વરૂપ વાક્પતિ (શ્રીવલ્લભાચાર્યજી)માં જ છે.

તેમ હોવાથી લક્ષ્મીપતિ ભગવાને જેમ વ્યાસજીને ભાગવત પ્રકટ કરવા પ્રકટાવ્યા, તેમ પોતાના અંશરૂપ મને (આચાર્યશ્રીને) મનુષ્યતનુ (મનુષ્યના જેવું જેનું શરીર છે તેવો) પ્રકટાવીને કૃપાદૃષ્ટિથી ભાગવતનો અર્થ પ્રકટ કરવાની આજ્ઞા આપી.

તે કારણથી વેદવ્યાસજી અને ભગવાનને પ્રિય લાગે તેવો ભાગવતનો ગૂઢ અર્થ હું આનંદથી ઘણા પ્રકારે પ્રગટ કરું છું. અહીં ગૂઢાર્થને પ્રકટ કરવામાં પ્રભુની આજ્ઞાથી ઉત્પન્ન થતો આનંદ જ કારણભૂત છે. (૫)]

लक्षणां नैव वक्ष्यामि न न्यूनादन्यपूरणम् ।
आर्थिकं तु प्रवक्ष्यामि परोक्षकथनादृते ॥६॥

કારિકાર્થ:—હું લક્ષણાને કહીશ નહિ. તેમ ન્યૂનપદથી બીજા પદનું અનુસંધાન કરીશ નહિ. કેવળ પરોક્ષ કથન પ્રસંગને છોડીને, જેવો યથાર્થ આશય પ્રકટ થાય છે, તેટલો જ અર્થ હું બતાવીશ. (૬)

[**ભાવાર્થ**:—શબ્દનો અર્થ લક્ષણાથી પણ થાય છે. **गङ्गायां घोषः** એ વાક્યનો યથાર્થ શબ્દાર્થ તો "ગંગામાં નાનું ગામડું" છે, પરંતુ ત્યાં **गङ्गायां** નો અર્થ 'ગંગાના કાંઠા ઉપર' કરવામાં આવ્યો છે. તેને લક્ષણા કહેવાય. તેવો લક્ષણાર્થ હું નહિ કરું. પદ ઓછું મૂકીને બીજા પદથી તેની પૂરવણી પણ નહિ કરું. **परोक्षकथन** જેવાં કે પુરંજનાખ્યાન વગેરેને છોડીને શબ્દનો યથાર્થ અભિપ્રાય જ પ્રકટ કરીશ, તેવી પ્રતિજ્ઞા કરે છે. (૬)]

अविरोधेन सप्तानामर्थानामिह संगतिः ।
उत्तरोत्तरदौर्बल्यं वाच्यं संकोचतः परम् ॥७॥

કારિકાર્થ:—સાત પ્રકારના અર્થોનો વિરોધ ન આવે તેવી રીતે અહીં અર્થની સંગતિ પણ મળતી આવશે. તેમાં વ્યવહારના કારણરૂપ શક્તિસંકોચને લીધે પૂર્વપૂર્વના અર્થના કરતાં પછી પછીના અર્થનું દુર્બલપણું કહેવાશે. (૭)

[**ભાવાર્થ**:—શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ અને પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, વાકયાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ એમ સાત પ્રકારના અર્થો બતાવ્યા છે.

તે સાત અર્થનો વિરોધ ન આવે તેવી રીતે અહીં અર્થ મળતો આવશે. કેટલાક વ્યવહારને લઇને શબ્દોનો શક્તિસંકોચ કરવો પડે છે. ત્યારે ઉપર જણાવેલા સાત પ્રકારના અર્થોમાં પછીપછીના અર્થનું દૂબળાપણું રહેશે; જેમકે સમગ્ર શ્રીભાગવતનો અર્થ આનંદઘન શ્રીહરિની લીલાઓનું પ્રતિપાદન કરવું એ જ છે, તોપણ તેમાં રાજાઓ વગેરેની કથા તો આવે છે. તે પણ પ્રભુની લીલા છે એવું તે સ્થળે બતાવવામાં આવશે. તો પણ તે તે કથાઓનો પ્રત્યક્ષ અભિપ્રાય તો રાજાઓની કથારૂપ જ જણાય છે. તે કારણથી રાજકથાનો અર્થ દુર્લભ છે. (૭)]

भाषात्रयविरोधश्च कल्पभेदात्समाहितः ।
भाषात्रयविभेदश्च लक्षणैर्ज्ञाप्यते पुनः ॥८॥

કારિકાર્થ:—ત્રણે ભાષાના વિરોધનો પરિહાર કલ્પભેદથી સમજવાનો છે. અને તે ત્રણ ભાષાનો ભેદ પણ તેવા સ્વરૂપથી તે તે સ્થળે બતાવવામાં આવશે. (૮)

[**ભાવાર્થ**:—શ્રીભાગવતમાં લૌકિકભાષા, પરમતભાષા અને સમાધિભાષા એમ ત્રણે ભાષાઓમાં જ્યારે પરસ્પર વિરોધ આવે ત્યારે તેનું નિરાકરણ કલ્પના ભેદથી કરવાનું છે; એટલે જુદા જુદા કલ્પોમાં કથાનકો પરિવર્તિત થાય છે. અને તે ભાષાત્રયનો ભેદ પણ દરેક લક્ષણોદ્વારા વારંવાર કહેવામાં આવશે. (૮)]

अर्थत्रयं तु वक्ष्यामि निबन्धेऽस्ति चतुष्टयम् ।
अत्र सन्तः स्वसंतोषैराज्ञां यच्छन्तु सिद्धये ॥९॥

કારિકાર્થ:—સાત અર્થોમાંના પહેલા ચાર અર્થો તો તત્ત્વાર્થદીપનિબંધમાં કહ્યા છે. અને બાકીના ત્રણ અર્થો અહીં બતાવીશ. તેમાં સત્પુરુષો પોતાના સંતોષ વડે અર્થની સિદ્ધિ માટે આજ્ઞા આપો. (૯)

[**ભાવાર્થ**:—તત્ત્વાર્થદીપનિબંધમાં આચાર્યશ્રીએ શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ અને અધ્યાયના અર્થો ઉપપત્તિપૂર્વક આપેલા છે. અને અહીં ભાગવતની વ્યાખ્યામાં વાકય, પદ અને અક્ષરનો અર્થ ઉપપત્તિપૂર્વક કહેવાશે. (૯)]

ભગવાનની આજ્ઞા વડે ભક્તિને ઉત્પન્ન કરનારી શ્રીભાગવતસંહિતાનો આરંભ કરતાં વ્યાસજી શિષ્યોને શિક્ષણ આપવા માટે મંગલાચરણ કરે છે અને બીજભાવથી આરંભમાં ગાયત્રીના અર્થનું નિરૂપણ પ્રથમ શ્લોકથી કરે છે:

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥ १ ॥

શબ્દાર્થ:—સમવાયી કારણરૂપ અને નિમિત્ત કારણરૂપ જે બ્રહ્મથી આ જગતનાં જન્માદિ થાય છે, જે સમગ્ર જ્ઞાનવાળા છે, પોતાના આનંદમાં જ રમણ કરનાર છે, જેણે આદિકવિ બ્રહ્માજીને માટે હૃદયથી પુરાણ સહિત વેદનો વિસ્તાર કર્યો કે જે વેદમાં મોટા વિદ્વાનો પણ મૂંઝાય છે; તેજ, જલ, અને મૃત્તિકા એ ત્રણેનો એક બીજામાં અધ્યાસ જેમ જોનારના દૃષ્ટિદોષથી કલ્પેલો હોઈને મિથ્યા છે, તેવી રીતે જે પ્રભુના અવતારાદિકમાં ત્રણ ગુણોના કર્મરૂપ ધર્મો જીવોને દેખવામાં આવે છે તે મિથ્યા છે, તે બ્રહ્મ પોતાના અસાધારણ તેજ વડે હમેશાં કપટ દૂર કરનાર છે; તે સત્ય અને સર્વશ્રેષ્ઠનું અમે ધ્યાન કરીએ છીએ.

વિવેચન:—અહીં પ્રથમના ત્રણ શ્લોકનો સંબંધ મળતો નથી; કારણ કે કથારૂપ શ્રીભાગવતનો આરંભ તો "**नैमिषेऽनिमिषक्षेत्रे**" એ ૪થા શ્લોકથી થાય છે. આવી શંકાનું સમાધાન કરવા માટે ભાગવતનું સ્વરૂપ નિરૂપણ કરે છે: "કે જેમાં ગાયત્રીનો પ્રારંભ કરીને ધર્મના વિસ્તારનું વર્ણન કરાય, અને વૃત્રાસુરના વધની કથા હોય તે શ્રીભાગવત કહેવાય છે." જેમ યજ્ઞરૂપ વૃત્રાસુરના વધ વડે પ્રવૃત્ત થયેલા દરેક યજ્ઞનું નિરૂપણ વેદમાં છે તેમ અહીં ભાગવતમાં પણ ભક્તિરૂપ વૃત્રાસુરના વધના નિરૂપણથી અહીં ભક્તિની પ્રવૃત્તિ થશે. ગાયત્રી વેદમાતા છે અને ત્રણે વેદના અર્થનું પ્રતિપાદન કરનારી છે.

તેનો અર્થ પ્રથમ ભાગવતમાં બીજ માટે નિરૂપણ કરાયેલો છે. જેવી રીતે વેદનું બીજ ગાયત્રી છે, તેમ શ્રીભાગવતનું બીજ પણ ગાયત્રી છે. આ કારણથી ભાગવતમાં ગાયત્રીના અર્થનું નિરૂપણ કરવા વડે વેદનો કોઈ પણ પ્રકારનો વિરોધ આવતો હશે, અથવા વેદથી દુબળાપણું (વેદ પ્રબલ છે અને ભાગવત દુર્બલ છે) હશે, એવા પ્રકારની શંકાના સમાધાન માટે પ્રથમ શ્લોકમાં ગાયત્રીનો અર્થ બતાવ્યો છે: જે બીજરૂપ છે. હવે અહીંથી બીજા શ્લોકની સંગતિનું નિરૂપણ થાય છે કે જેમ વેદમાં યજ્ઞસંબંધી પદાર્થો ફલ સહિત અને સાધન સહિત, યોગસિદ્ધિથી અનુભવવામાં આવે છે, તેવી રીતે શ્રીભાગવતમાં પણ વ્યાસજીએ "**अपश्यत्पुरुषं पूर्णम्**" (૧–૭)

પુરુષ, માયા વડે બંધન, અને ભક્તિથી બંધનમુક્ત થવું, એ ત્રણેનો અનુભવ સમાધિદ્વારા કર્યો; તેથી આ "સમાધિભાષા" કહેવાય છે. ત્યાં પુરુષનો પ્રયત્ન ભક્તિ માટે છે. અને તે ભક્તિનું સ્વરૂપ નારદપંચરાત્રમાં કહેલું છેઃ "પ્રભુનું માહાત્મ્ય જાણીને સારી રીતે દૃઢ અને સર્વથી અધિક જે સ્નેહ થાય છે, તેને ભક્તિ કહેવાય છે. અને તેવી ભક્તિથી જ મુક્તિ થાય છે; બીજી કોઈ પણ રીતે નહિ." તેથી અત્યંત દૃઢ અને સર્વથી અધિક સ્નેહ તો દરેકને પોતાના આત્મામાં હોય છે, તેવો અન્ય સ્થળે હોઈ શકે જ નહિ; માટે જીવ જ્યારે પ્રભુને પોતાના આત્મરૂપ જાણે છે ત્યારે સર્વેથી અધિક સ્નેહ પ્રભુમાં થાય છે. અને જ્યારે આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય ભગવાનને અધીન છે, એમ જીવ સમજે છે ત્યારે તેને પ્રભુના માહાત્મ્યનું જ્ઞાન થાય છે. તે બન્ને સિદ્ધ કરવા માટે આ શ્રીભાગવત સંહિતા છે. તેથી ભક્તિ સિદ્ધ બને છે, એવો અભિપ્રાય દ્વિતીય શ્લોકમાં બતાવેલો છે.

હવે અહીં ત્રીજા શ્લોકની સંગતિનું નિરૂપણ કરે છેઃ

જેમ વેદના પૂર્વકાંડમાં યજ્ઞો અને ઉત્તરકાંડમાં બ્રહ્માત્મક જ્ઞાન, આમ બન્ને કાંડોનો અર્થ પરસ્પર કારણભૂત છે, તેમ અહીં શ્રીભાગવતમાં પ્રભુનું માહાત્મ્ય સમજવું અને તેમાં સર્વથી અધિક સુદૃઢ સ્નેહ થવો તે બન્ને પણ ભક્તિના કારણરૂપ છે. તેનું નિરૂપણ કરવા માટે ગાયત્રી બીજ છે, વેદ વૃક્ષ છે અને શ્રીભાગવત ફળ છે, એમ તૃતીય શ્લોકથી નિરૂપણ કરાય છે. તેથી વેદના બન્ને કાંડમાં પ્રવીણ હોય તો પણ ફળ વગરનું વૃક્ષ જેમ નિરર્થક છે, તેમ શ્રીભાગવત વિનાનું બન્ને કાંડનું જ્ઞાન પણ નિરર્થક છે; માટે ભાગવતનો આરંભ છે, એમ પ્રથમના ત્રણ શ્લોકથી નિરૂપણ કરવામાં આવ્યું.

જો કે પ્રણવ અને વ્યાહૃતિઓ પણ વેદના બીજરૂપ જ ગણાય છે, તોપણ તેઓનો અર્થ સ્પષ્ટ ન હોવાથી, અહીં ગાયત્રીના અર્થનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં અક્ષરશઃ ગાયત્રીનો નિવેશ નહિ કરતાં તેના અર્થનો નિવેશ કર્યો છે; તેનું કારણ એ છે કે અગ્નિના ઉપસ્થાનમાં ગાયત્રીની યોજના છે અને તે **सवितुः** વગેરેથી બ્રાહ્મણભાગમાં તેનું નિરૂપણ કરેલું છે. તેમ જ સંદેહ વગેરે દૈત્યોનું નિવારણ કરવા માટે ગાયત્રીથી અભિમંત્રિત કરેલું જળ અર્ઘદ્વારા ફેંકાય છે, તેથી એક અગ્નિના ઉપસ્થાન માટે અને બીજો સંદેહાદિક દૈત્યોની નિવૃત્તિ માટે ગાયત્રીનો ઉપયોગ થાય છે. એવા ગાયત્રીના દરેક ઉપયોગને સૂચવવા માટે અહીં ગાયત્રીના અર્થથી પ્રારંભ કર્યો છે. ત્યાં ગાયત્રીના મંત્રમાં પ્રથમ સર્વ જગત્ને ઉત્પન્ન કરવાવાળા અને સર્વને જાણવાવાળા પ્રભુનું ધ્યાન છે, તેનું **सवितुः** અને **देवस्य** એ બે ષષ્ઠી વિભક્તિના શબ્દો વડે નિરૂપણ કર્યું છે. અને **वरेण्यं** એ શબ્દથી ભક્તિનું બીજ બતાવેલું છે.

તથા ભર્ગઃ એ શબ્દથી સંસારથી નિવૃત્તિ કરનારનું ધ્યાન બતાવેલું છે; કારણકે પ્રભુ તો દરેકની ઇન્દ્રિયો, મન, અને બુદ્ધિને પ્રેરણા આપે છે. તેવા પ્રભુનું ધ્યાન દરેકને હિતકારી છે; માટે અહીં પણ ધીમહિથી ધ્યાન બતાવેલું છે.

અહીંથી ભાગવતના પ્રથમ શ્લોકનું વ્યાખ્યાન શરૂ થાય છેઃ જે પરમાત્માથી આ જગતનું જન્માદિક થાય છે, અથવા જેનાથી આકાશનો જન્મ થાય છે; કારણકે વેદમાં આત્મરૂપ પ્રભુથી આકાશની ઉત્પત્તિ લખી છે. જન્મ સ્થિતિ અને પ્રલય એમ ત્રણનો નિર્દેશ ન કરતાં કેવળ જન્મનો જ શા માટે અહીં કરેલો છે, એવી શંકાનું સમાધાન કરે છે કે ગાયત્રીના અર્થમાં તો જગતની ઉત્પત્તિ માત્ર જ લખેલી છે, સ્થિતિ અને પ્રલય લખેલાં નથી. ભક્તિના બીજરૂપ વરેણ્ય અને સંસારની નિવૃત્તિરૂપ ભર્ગ શબ્દથી, સ્થિતિ-પ્રલયની સૂચના પાછળ કરી છે, તેમ અહીં પણ શ્લોકના ઉત્તરાર્ધમાં સૂચવશે. અથવા ગાયત્રીમાં સૂચવેલા અર્થને પણ લઇને ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયનું નિરૂપણ જન્માદિ પદ વડે થઈ શકે છે. વેદમાં પણ "જેથી આ સર્વ ભૂત પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને જેમાં લય પામે છે" વગેરે લખ્યું છે.

જન્માદિ શબ્દોનો બે પ્રકારે અર્થ થાય છે. તેમાં એક અર્થ એવો થાય છે કે "જન્મ છે આદિ જેને, એવો સ્થિતિયુક્ત પ્રલય, આ બ્રહ્માંડનો જેનાથી થાય છે."

અને બીજો અર્થ 'જન્મ'શબ્દને ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય એ સમુદાયનું વિશેષણ કરીને થાય છે; તેથી વેદાર્થનું પ્રતિપાદન કરનાર છે એમ સિદ્ધ થાય છે. તેમાં અધિક અર્થ કે પુનરુક્તિ દોષ આવતો નથી. મનથી પણ જાણી ન શકાય તેવાં કરોડો બ્રહ્માંડરૂપ આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય થાય છે; તેવું નિરૂપણ કરવાથી પ્રભુનું માહાત્મ્ય બતાવેલું છે. યતઃ એ અવ્યયનો નિર્દેશ કરેલો છે, તે બ્રહ્મનું અવિકારિપણું બતાવે છેઃ સમગ્ર જગતના બીજરૂપે બ્રહ્મ રહેલું છે, છતાં વિકારવાળું નથી. જેવી રીતે કામધેનુ-કલ્પવૃક્ષ-ચિંતામણિ અને મંત્રાદિકથી ઉત્પન્ન થયેલા પદાર્થો દેખાય છે, તેથી કામધેનુ વગેરે વિકારી થતાં નથી, તેવી રીતે બ્રહ્મનું અવિકારિપણું બતાવવાથી, વ્યાસસૂત્રના ૨-૧-૨૬મા સૂત્રમાં પૂર્વપક્ષ કરેલો છે કે "જો એક જ બ્રહ્મ પોતાના આત્માને જગદ્રૂપે કરે તો સમગ્ર બ્રહ્મ એક જ કાર્યરૂપ થાય અને અંશોદ્વારા વ્યવસ્થા કરે તો "નિરવયવ બ્રહ્મને અંશ શી રીતે હોઈ શકે, તેવો વિરોધ આવે;" આવી રીતના પૂર્વપક્ષનો અહીં પરિહાર કર્યો છે.

यद् અને तद् શબ્દો હમેશાં સાથે આવે છે. તેથી અહીં પૂર્વાર્ધમાં यद् શબ્દનો પ્રયોગ કરેલો છે. માટે तद् શબ્દનો ઉપરથી અધ્યાહાર કરવો જોઇએ. તોપણ ગાયત્રીમાં तद् શબ્દ છે. અને ગાયત્રીના વ્યાખ્યાનરૂપ આ શ્લોકમાં

सत्य અને पर એવા બે શબ્દો છે, તેથી અધ્યાહાર કર્યો નથી. એવી રીતે બ્રહ્મ જગતનું કારણ છે તેનું પ્રતિપાદન કર્યું.

હવે આ સ્થળે કેટલાક બ્રહ્મને સમવાયિકારણ અને માયાને નિમિત્ત-કારણ માને છે. તેમાંયે બીજા વળી તેથી ઊલટું જ માને છે; અને કેટલાક તો બ્રહ્મનું માત્ર કર્તાપણું જ માને છે. તે દરેક પક્ષના નિરાકરણ માટે મૂલ શ્લોકમાં अन्वयात् અને इतरतः એવાં પદ મૂકવામાં આવ્યાં છે. તેથી સમવાયિ-કારણ અને નિમિત્તકારણ (મૃત્તિકામાંથી ઘડો-કૂંડા વગેરે આકારો થાય છે તે દરેક કાર્યરૂપ આકારોનું સમવાયિકારણ મૃત્તિકા કહેવાય છે, અને કુંભાર ચાકડો દંડ વગેરે નિમિત્તકારણ કહેવાય છે,) બ્રહ્મ જ છે અને શ્લોકમાં ચકાર છે, તેથી દશમસ્કંધ-ઉત્તરાર્ધમાં વસુદેવજીએ સ્તુતિ કરી છે, તેમાં દરેક વિભક્તનો અર્થ ભગવાન્ જ છે તેમ જણાવ્યું છે; તેનો પણ અહીં સમાવેશ થઈ જાય છે. તેથી જેમ ઘટાદિ કાર્યમાં સમવાયિકારણ મૃત્તિકા અને નિમિત્ત-કારણ કુંભાર ચક્રાદિ વગેરે જુદાં જુદાં છે, તેમ જગદ્રૂપકાર્યમાં બન્ને કારણો જુદાં નથી; અર્થાત્ અભિન્ન‌નિમિત્તોપાદાન બ્રહ્મ જગતનું કારણ છે, એમ સિદ્ધ કર્યું છે. જગતની સ્થિતિ અને પ્રલય વગેરેમાં પણ અનુકૂળ અપેક્ષા પ્રમાણે બ્રહ્મ રહેલું છે; તેથી વ્યાસસૂત્રના દ્વિતીયાધ્યાયના દ્વિતીય-પાદમાં સમવાય સંબંધનો જે નિષેધ કર્યો છે, તે કણાદમુનિના ન્યાયશાસ્ત્રમાં પ્રચલિત સમવાય સંબન્ધનો નિષેધ કર્યો છે; પરંતુ તાદાત્મ્યરૂપ સંબન્ધનો નિષેધ નથી. અથવા વૈનાશિક પ્રક્રિયા (બધું નાશ થઈ જાય છે તેમ માનવું)-નો સ્વીકાર ન કરવાથી નાશદશામાં પણ જગતની સ્થિતિ અક્ષર બ્રહ્મમાં રહેલી હોય છે; એટલે સમવાય સંબન્ધની તો અપેક્ષા રહેવાની જ. કેટલાએક પ્રત્યક્ષ મનાતા અન્વય (અગ્નિ હોય ત્યાં ધુમાડો હોય છે) અને વ્યતિરેક (જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધુમાડો પણ ન હોય) ને માને છે, તે અહીં ઘટી શકતા નથી, કારણકે જગતનું કારણ બ્રહ્મ છે. તેનો અનુભવ કોઇને પ્રત્યક્ષ થતો નથી, પણ તે તો કેવળ વેદથી સમજી શકાય છે. તેમ બ્રહ્મ સિવાયનું કોઈ સ્થળ નથી કે જેથી વ્યતિરેક સંભવે. આકાશપુષ્પ વગેરે જે કહેવાય છે, તે પણ બ્રહ્મની સત્તાથી જ કહી શકાય છે; નહિ તો તેવા અસંભવવાળું નામ જ શી રીતે હોઈ શકે ? કારણકે "જે કાંઇ છે અને જે કાંઇ નથી" એ બધું બ્રહ્મનું રૂપ જ છે, આવી રીતે ભાગવતમાં જ આગળ કહેવામાં આવ્યું છે. તેથી સર્વ પ્રકારે બ્રહ્મ જ જગતનું કારણ છે એમ કહેવાયું છે.

ત્યારે ત્યાં જગત્‌ના કારણપણાથી તેને ઉપયોગી સર્વજ્ઞપણું ભલે કે સિદ્ધ જ છે તથાપિ લૌકની માફક ફળના જ્ઞાનનો સંભવ તો નહિ જ રહે; તેવી શંકાનું સમાધાન કરે છે કે સમગ્ર અર્થોમાં જે ચતુર છે. બ્રહ્મને પૂર્ણ

વૈરાગ્ય છે; તેથી કર્મમાં ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ નહિ કરતાં સાતમી વિભક્તિનો પ્રયોગ કર્યો છે. એક પ્રયોજનમાં અનેક પ્રયોજનો છે, તે દર્શાવવા સારુ **અર્થેષુ** એમ બહુવચનનો નિર્દેશ કર્યો છે. જ્ઞાનશક્તિ અને પ્રયોજનનો અભાસ થતો નથી; તેથી હર્ષ અને વિષાદને સર્વથા અવકાશ નથી. અને બન્ને પદો જુદાં જુદાં પણ આપેલાં છે.

અર્થ શબ્દનો અર્થ પ્રયોજન થાય છે. અથવા પ્રયોજનોને નિમિત્તરૂપ માનીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, આ ચાર પ્રકારના પુરુષાર્થની સિદ્ધિ થવા માટે જગત્ ઉત્પન્ન કરેલું છે; અર્થાત્ દરેક જીવને દરેક પુરુષાર્થની સિદ્ધિ થવા માટે આ જગત્ છે. એક પ્રયોજનમાં પણ અનેક બીજાં પ્રયોજનો જુદાં જુદાં કારણરૂપ છે, તે બતાવવા માટે **અભિજ્ઞઃ** પદમાં 'અભિ'નો પ્રયોગ કરવામાં આવ્યો છે.

જ્ઞાનમાર્ગમાં કેટલાક માને છે કે "આ સમગ્ર જગત્ સ્વાર્થ માટે જ કરાયેલું છે." તેના સમાધાન માટે કહે છે કે પ્રભુ પોતે 'સ્વરાટ્' છે અથવા પોતે પોતાથી જ પ્રકાશમાન છે. જો કે જીવો પણ પોતાનું જ રૂપ છે, તોપણ પોતે ઈશ્વર છે અને આ જીવો છે, આવો પ્રકારભેદ હોવાથી પોતાના સ્વરાટ્-પણામાં દોષ આવતો નથી. પ્રભુ પોતાના સ્વરૂપથી જ સ્વયં પ્રકાશે છે; વિષયોમાં કયારે પણ રમણ કરતા જ નથી. અથવા વિરાટની અંદર રહેલા સ્વરાટ્ છે. અને તેને લીધે પહેલાં જણાવેલી સર્વજ્ઞતાનું સમર્થન થઈ જાય છે. અથવા કલેશ ન થાય તે માટે પોતાના આનંદમાં જ તે પ્રભુ રમણ કરે છે. આમ શ્લોકના એક પદથી રૂપાત્મક જગત્માં બ્રહ્મનું કારણપણું સિદ્ધ કર્યું.

હવે નામાત્મક જગતનું કારણપણું કહે છેઃ જો કે અસાધારણપણે કોઇ પણ જાતનો વિશેષ રાખ્યા સિવાય, રૂપ અને નામનું કારણપણું કહી શકાય, તોપણ રૂપપ્રપંચમાં આસક્ત થયેલા જીવોને તેમાંથી નિવૃત્ત કરવા માટે વેદથી બતાવેલું છે. બંધ અને મોક્ષનું જુદી જુદી રીતે નિરૂપણ કરવા સારુ વેદ અને જગતનું નિરૂપણ જુદી જુદી રીતે કર્યું છે. જો કે આ ત્રણ પ્રકારની ઉત્પત્તિ વેદમાં નથી, પરંતુ પ્રલય સમયે સૂક્ષ્મપણાથી રહી શકે છે. જેમ અક્ષરોનો અનેક ભાષાઓથી વિસ્તાર થાય છે, તેમ શ્રુતિઓનો પણ વેદ-શાખાઓથી વિસ્તાર થાય છે; તે બતાવવા સારુ લખ્યું છે કે 'જેણે અંતઃકરણથી બ્રહ્માજીને વિસ્તારપૂર્વક વેદ સમજાવ્યા છે.' તે સ્થળમાં પણ વેદ શબ્દનો પ્રયોગ નહિ કરતાં **તેને બ્રહ્મ** આવો પ્રયોગ કરેલો હોવાથી જેમ બ્રહ્મ નિર્વિકારિ છે, તેમ વેદ પણ વિકાર વગરનો છે; તેમ જ 'હૃદયપૂર્વક' કહેવાથી તેમાં અંતઃકરણપૂર્વક સ્વાર્થ પણ રહેલો છે, એમ બતાવ્યું છે. અથવા પુરાણનું નામ હૃદય પણ હોવાથી પુરાણની સાથે વેદ ભણાવ્યો છે.

વેદમાં કહ્યું છે કે "જે ભગવાન્ પ્રથમ તો બ્રહ્માજીને ઉત્પન્ન કરે છે અને પછી બ્રહ્માજી માટે વેદોની પ્રેરણા કરે છે." તેથી વેદનો વિસ્તાર બ્રહ્માજી માટે છે, અથવા તો ભગવાનનું તાત્પર્ય વેદમાં જ છે, લોકમાં નથી, એ બતાવવા સારુ **ઇદં** એ પદ મૂકેલું છે. તેમાં ગાયત્રીના ત્રીજા પાદમાં બતાવ્યા પ્રમાણે બ્રહ્મનું સર્વને પ્રેરકપણું સિદ્ધ થાય છે; નહિ તો તેમ કહેવાની કાંઈ જરૂર ન હતી; કારણકે **यतः** એ અવ્યયથી જ દરેક વાક્યમાં જુદી જુદી વિભક્તિઓનો અર્થ થઈ શકે તેમ છે.

વેદમાર્ગ વડે બ્રહ્મા 'આદિ કવિ' કહેવાય છે. વેદોના અર્થોમાં નિષ્ઠાવાળા બીજાઓને પણ બ્રહ્મરૂપથી મોક્ષ મળે છે, આવો ભાવ છે.

બ્રહ્માજી શબ્દરસને સારી રીતે સમજવાને અને તે પ્રમાણે અર્થ કરવામાં અતિનિપુણ છે; તે બતાવવા માટે તેને **आदिकवि** તરીકે વર્ણવ્યા છે.

અથવા આ વસ્તુ દુર્લભ હોવાથી તેની રક્ષા કરવા માટે ચતુરાઈની જરૂર રહે છે; તેથી 'કવિ' કહ્યા છે. બ્રહ્મા જેવો બીજો કોઇ નથી.

અથવા તેમાં કવિનો કોઇ પણ જાતનો દોષ નથી. તે માટે બ્રહ્માજીને 'આદિ કવિ' એવું વિશેષણ આપવામાં આવ્યું છે.

અથવા બ્રહ્માજીએ નાના પ્રકારનાં સ્તોત્રોથી ભગવાનને સંતુષ્ટ કર્યા, અને તેથી પ્રસન્ન થયેલા ભગવાને તેને વેદજ્ઞાનનો પ્રકાશ કર્યો; તે માટે પણ **आदिकवि** તરીકે ઓળખાવે છે.

વેદના અર્થમાં મોટામોટા પંડિતો પણ મૂંઝાય છે; તેથી બીજાઓને તો બ્રહ્માજીની માફક વેદ ઉપયોગના નથી જ. તેનાં કારણો બતાવે છે:

યજ્ઞ લૌકિક છે, પરંતુ ફળનો સંબંધ થાય ત્યારે ફક્ત અંશમાં જ યજ્ઞો વૈદિક છે; એમ માનનારા મીમાંસકો મોહ પામે છે.

બ્રહ્મ જીવોનો કેવળ આત્મા જ છે, આવી રીતે માનનારા કોઇ એક વેદાંતીઓ પણ મોહ પામે છે.

સાંખ્ય અને યોગદર્શનના અનુયાયીઓ વૈદિક નથી, પરંતુ પુરાણની રીતિમાં પ્રવૃત્ત થાય છે; જો કે તે સત્કાર્યવાદી છે, અર્થાત્ કાર્યને સત્ માનનારા છે; પરંતુ તેનું જ્ઞાન પુરુષપર્યંત જઈ શકે છે; પુરુષોત્તમના સ્વરૂપને તેઓ ઓળખતા નથી. તેઓ મોહ પામે છે અને તેની પાછળ વર્તનારા બીજાઓ પણ મોહ પામે છે. આ દરેકને મોહ થવાનું કારણ એ જ છે કે તેઓ પ્રભુને શરણે ગયા નથી. તેથી સમગ્ર વેદના અર્થને જાણનાર તો સાક્ષાત્ પ્રભુ અથવા તેને શરણે ગયેલો ભક્ત જ છે.

વેદ, ભગવાનનું સ્વરૂપ હોવાથી, સર્વ કરવાને સમર્થ છે. તેથી અનેક પ્રકારની કામનાઓથી કલેશ પામતા પ્રાણીઓની સર્વ કામનાની સિદ્ધિ માટે

વેદનો પ્રચાર થયેલો છે. અને તેવી રીતે અનેક શાખાઓનો વિભાગ કરેલો છે. તેમ જ કયારેક તો હૃદયમાં "[1]પુરૂષરૂપે જ વેદ હતા" અને "આગળ પ્રણવ માત્ર જ વેદ હતો" એવું શાસ્ત્રીય વાકય મળે છે; તેથી દરેક પ્રકારે વેદનો ઉપયોગ તો બ્રહ્માજીને જ થયો છે, અન્યને નહિ. તે માટે વેદના તાત્પર્યને ન સમજવાથી જેઓ વેદનો અર્થ જુદા પ્રકારથી કરનારા છે, તેના ઉપર ધ્યાન આપવું નહિ.

જીવોને પ્રપંચથી બંધન અને વેદથી મોક્ષ થાય છે, અને પ્રભુ તે બન્નેથી ક્રીડા કરે છે; એમ પ્રભુનું માહાત્મ્ય બતાવેલું છે.

આવી રીતે પ્રભુનું સ્વરૂપ સંપૂર્ણ ગુણયુક્ત છે, તેમ કહીને હવે નિર્દોષપણું કહેતાં **भर्ग** શબ્દનો અર્થ કરે છે કે **भर्ग**શબ્દ ગાયત્રીમાં સંસારની નિવૃત્તિ કરનાર તરીકે વર્ણ્યો છે, અથવા **भर्ग** શબ્દ ભક્તિનું બીજ બતાવે છે, માયા અને તેના કાર્યનો સંબંધ લેશ માત્ર પણ બ્રહ્મમાં નથી તેમ સૂચવે છે. તેમાં પણ દોષના અભાવના પક્ષમાં પોતાથી જ દુષ્ટતાનું સંપાદન થાય, અથવા સેવકોનો ઉદ્ધાર ન કરે; એવા બે પ્રકારના દોષો હોય છે. ત્યાં પોતાથી જ દુષ્ટતા સંપાદન કરવાનો દોષ નથી, તેમ દૃષ્ટાંતદ્વારા સિદ્ધ કરે છે. દેહ ઇંદ્રિયો અને અંતઃકરણના ધર્મનો સંબંધ એ દોષ કહેવાય છે. તે પ્રત્યેકમાં થાય છે, તેથી દૃષ્ટાંતો વધારે છે. અથવા તો સાત્ત્વિક રાજસ અને તામસના ભેદથી જુદાં જુદાં દૃષ્ટાંતો આપ્યાં છે. જેવી રીતે પૃથ્વી જળ અને તેજની એકબીજામાં એકબીજાની પ્રતીતિ થાય છે તે મિથ્યા છે, જોનારની જ તેવા પ્રકારની બુદ્ધિ થાય છે, પરંતુ તેવો પદાર્થ નથી, તેવી રીતે ભગવાનના અવતારાદિકમાં દેહ ઇન્દ્રિય અને અંતઃકરણના ધર્મનો સંબંધ મિથ્યા છે; એટલે તેજમાં જલની બુદ્ધિ જેમ ઝાંઝવાનાં જળમાં થાય છે, જળમાં પૃથ્વીની બુદ્ધિ જેમ અંધારી રાત્રિએ જળાશયમાં થાય છે, પૃથ્વીમાં તેજની બુદ્ધિ જેમ મણકા વગેરેમાં થાય છે, પૃથ્વીમાં જળની બુદ્ધિ જેમ કાચ વગેરેમાં થાય છે, જળમાં ચંદ્રરૂપી તેજની બુદ્ધિ જેમ વાદળામાં થાય છે અને તેજમાં વસ્ત્રરૂપ પૃથ્વીની બુદ્ધિ જેમ રાત્રિએ દ્વારમાં આવેલાં ચંદ્રકિરણોમાં થાય છે, તેવી રીતે સ્વસમાન પદાર્થમાં અર્થાત્ શુક્તિ (છીપ)માં રૂપાંનો ભ્રમ થાય છે. આ દરેક ભ્રમ જીવોની બુદ્ધિથી કલ્પેલા છે, ખરી રીતે તે પદાર્થો તેવા નથી. તેવી રીતે ભગવાનના અવતારાદિકમાં દેહ ઇંદ્રિય અને અંતઃકરણના ધર્મનો સંબંધ પણ જીવોની બુદ્ધિથી કલ્પેલો છે; માટે મિથ્યા છે.

---

૧ પુરૂરવસો હૃદિ એવો પાઠ પણ છે. ત્યાં એવો અર્થ કરવાનો છે કે પુરૂરવા રાજાના હૃદયમાં વેદત્રયી ઉત્પન્ન થઈ હતી. આ કથા નવમસ્કંધમાં છે.

તેથી એમ સિદ્ધ થાય છે કે ઉપરનાં દૃષ્ટાંતોમાં તે દરેક પદાર્થ તો સત્ય છે, પરંતુ તેમાં બીજા પદાર્થની જે બુદ્ધિ થાય છે, તે જોનારના દૃષ્ટિ-દોષને લીધે જ થાય છે.

તેથી ત્રણ ગુણનાં કાર્ય, દેહ, ઇંદ્રિય, મન, અને તેના ધર્મો, તેનું કારણ અથવા તેનાં અધિકરણો, અથવા તે દરેકનાં પ્રયોજનો મિથ્યાજ્ઞાન નથી, કારણકે કેવળ મિથ્યાર્થનું પ્રતિપાદન કરવામાં તો નિરર્થક થઈ જવાનો દોષ આવે છે. તેમ સર્વના આધારરૂપ બ્રહ્મ, સત્યસ્વરૂપ હોવાથી તેમાં દેહેંદ્રિયાદિક અને તેના ધર્મો જીવોને પોતાના અજ્ઞાનાદિક દોષને લીધે જ થાય છે; અર્થાત્ અધ્યાસથી જ જણાય છે. તે સિદ્ધ કરવા માટે જ દૃષ્ટાંતોને કહે છે કે બ્રહ્મમાં દેહેન્દ્રિયાદિક ધર્મોની પ્રતીતિ મિથ્યા છે, તોપણ કેવળ લોકદૃષ્ટિથી ત્રણે ગુણોનાં કાર્યો દેખાય છે. તેમાં પ્રભુના અવતારાદિકમાં દેહ ઇંદ્રિય વગેરેની પ્રવૃત્તિ અને તમસ્નો પ્રકાશ છે, પરંતુ જીવોને ઇંદ્રિયાદિકની તેવી પ્રવૃત્તિ અને પ્રકાશ નથી, એમ જુદાઈ સ્પષ્ટ છે, તોપણ ઉપર જણાવેલાં દૃષ્ટાંતો પ્રમાણે સત્પદાર્થનો બીજામાં બીજો અધ્યાસ થાય છે; તેથી જુદે જુદે સ્થળે સત્યસંસર્ગીઓનો બ્રહ્મમાં સંસર્ગ જ મિથ્યા છે, એમ સિદ્ધ કરીને તેવા સંસર્ગનો બોધ કરનારા છ મતોનો ઉપન્યાસ કરે છેઃ

(૧) કેટલાક તો ભગવાનમાં દેહેન્દ્રિયાદિકની કલ્પના કરીને તે કલ્પેલા દેહા-દિકનું ચિદાનંદપણું કલ્પે છે.
(૨) કોઇ ચિદાનંદમાં જ દેહ ઇન્દ્રિય વગેરેને માને છે.
(૩) કોઈ આવેશાત્મક શ્રીકૃષ્ણમાં જડ અને જીવના સંબંધની કલ્પના કરે છે.
(૪) કોઈ જડ અને જીવવિશેષમાં પણ સામર્થ્ય માને છે.
(૫) કોઈ શરીરમાં માયા અને માયાયુક્ત પ્રભુનો અધ્યાસ માને છે.
(૬) કેટલાક માયાવિશિષ્ટ પદાર્થમાં પોતાની ઇચ્છા વડે જ શરીરનો સંબંધ માને છે.

આ દરેકની બુદ્ધિનો ભ્રમ છે. બ્રહ્મમાં શરીર અને ઇંદ્રિયનો સંબંધ નથી. અને જેવી રીતે બ્રહ્મમાં શરીર અને ઇંદ્રિયનો વ્યવહાર છે તે આગળ કહેવાશે. આમ ભગવાનમાં જડ અને જીવના ધર્મો મિથ્યા છે, તે કહેવાયું.

બ્રહ્મમાં માયા કે તેના કાર્યનો સંબંધ લેશમાત્ર પણ નથી. તેથી ગાયત્રી-માં જ વરણ કરવા યોગ્ય સુંદર તેજ બતાવ્યું છે; તેવા અભિપ્રાયથી અહીં પૂર્વમાં જણાવેલો, દુષ્ટતાસંપાદન કરનારો દોષ નથી, એમ નિરૂપણ કર્યું છે.

હવે ભજન કરવા યોગ્ય ગુણોને બતાવતાં સેવકોના ઉદ્ધાર કરવા યોગ્ય ગુણોને બતાવે છે કે પોતાના તેજથી જ દેહેન્દ્રિયાદિકમાં રહેલા આત્મભાવરૂપી કપટને નિવૃત્ત કરે છે; અર્થાત્ પોતાના રૂપની સ્ફૂર્તિથી જ સમગ્ર વિશ્વની સંપૂર્ણ

અવિદ્યાને દૂર કરે છે. તેમાં કલિકાલ વગેરે પણ પ્રતિબંધ કરી શકતા નથી; કારણકે સ્વરૂપ જ અવિદ્યાને દૂર કરનારું છે. આને પ્રમેયબલ કહેવાય છે.

દેહેન્દ્રિયાદિકમાંથી આત્મભાવ નિવૃત્ત થાય ત્યારે જેવો જેનો અધિકાર હોય, તે પ્રમાણે પોતાની મેળે જ અભય સિદ્ધ થશે; એમ નિરૂપણ કરવાથી સર્વ અવિદ્યાનો નાશ કરનારા, ગાયત્રીમાં કહેલા **ધીમહિ** શબ્દની વ્યાખ્યા કરે છે કે ભૂત ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણે કાળમાં જેનો બાધ નથી અને જે સર્વ લોકમાં તથા વેદમાં પ્રસિદ્ધ છે, તેવા પરમ શ્રેષ્ઠ શ્રીપૂર્ણ પુરુષોત્તમ પ્રભુનું અમે ધ્યાન કરીએ છીએ.

ધીમહિ પદ ગાયત્રીમાં છે તેમ જ અહીં પણ છે, તે ભાગવતનું વૈદિકત્વ સમજાવવા માટે છે; તેથી આ શ્રીભાગવત પુરાણ વેદની માફક છે, એમ સિદ્ધ થાય છે.

એવી રીતે પ્રથમ શ્લોકમાં બીજભાવનું નિરૂપણ કરવામાં આવ્યું છે. (૧)

હવે મધ્યભાવનું (વૃક્ષભાવનું) નિરૂપણ કરવા માટે 'ભાગવત કલ્પવૃક્ષ છે' એમ બતાવે છેઃ

धर्मः प्रोज्झितकैतवोऽत्र परमो निर्मत्सराणां सतां
वेद्यं वास्तवमत्र वस्तु शिवदं तापत्रयोन्मूलनम् ।
श्रीमद्भागवते महामुनिकृते किं वा परैरीश्वरः
सद्यो हृद्यवरुध्यतेऽत्र कृतिभिः शुश्रूषुभिस्तत्क्षणात् ॥२॥

શબ્દાર્થઃ—અહીં શ્રીભાગવતમાં કપટ વગરનો ધર્મ કહેલો છે. મહામુનિ શ્રી-વ્યાસજીએ કરેલા શ્રીમદ્ભાગવતમાં ત્રણ પ્રકારના તાપને ઉખેડનાર, કલ્યાણને આપનાર, અને ઈર્ષ્યા વગરના સત્પુરુષોને જાણવા યોગ્ય સત્ય વસ્તુનું નિરૂપણ કર્યું છે; તેથી બીજાં શાસ્ત્રો વડે શું ? અને અહીં તો સાંભળવાની ઈચ્છા રાખનાર ચતુર પુરુષો તે જ ક્ષણમાં તરત જ હૃદયમાં ભગવાનને રોકી રાખે છે. અથવા ભાગવતના માહાત્મ્યનાં બીજાં કારણો તો ઘણાં છે, પરંતુ અહીં તો સાંભળનારા ભાગ્યવાન્ પુરુષો, તેજ ક્ષણમાં ઈશ્વરને હૃદયમાં રોકી રાખે છે; એટલું ફળ બતાવવાથી જ પૂર્ણ છે.

ભાવાર્થઃ—ધર્મ અને જ્ઞાન સાધનરૂપ છે અને પ્રભુનું પ્રાકટય થવું તે સાધ્ય છે અને તે પછી તેમાં પ્રવેશ થાય તે ફળ કહે છે. આ બધું શ્રીભાગવતથી જ થાય છે; માટે ભાગવત વિશિષ્ટ કલ્પદ્રુમ છે; અર્થાત્ ઇચ્છિતથી પણ વધારે આપે છે. જે કાંઈ કરવાની આજ્ઞા વેદમાં હોય તેને ધર્મ કહેવાય છે. અને તે વેદ પ્રમાણરૂપ છે. અને તે વેદ યજ્ઞાત્મક ધર્મ છે. આચાર પણ પુરાણમાં પ્રતિપાદિત કરેલો ધર્મ છે. સત્ય, તપ, અને શ્રવણ વગેરે પણ ધર્મ છે,

હવે ત્યાં યજ્ઞાદિક ધર્મમાં પ્રથમ શ્લોકમાં બતાવ્યા પ્રમાણે મોટા વિદ્વાનોને પણ વેદમાં મોહ થાય છે. જો કે શ્રીકૃષ્ણ પ્રભુના આનંદની સિદ્ધિ માટે યજ્ઞાદિકોનું વિધાન છે, પણ સ્વર્ગાદિ લોકના ફળ માટે યજ્ઞ કરવાનું કહ્યું નથી; તેમ છતાં વેદાજ્ઞારૂપ ધર્મ વડે સ્વર્ગાદિકના પદની પ્રાપ્તિ થવાનો ભ્રમ ઉત્પન્ન થવાથી તેમાં કપટપણું સંભવે છે.

આચારાત્મક ધર્મમાં [1]સમાન વસ્તુમાં પણ શુદ્ધિ અને અશુદ્ધિનું વિધાન એક જ પદાર્થમાં માનેલું છે. તે કેવળ કાર્યમાં પ્રવૃત્તિ કરવાની યુક્તિ માટે જ. ગુણ અને દોષ બતાવેલ છે. તે કપટપણું રહેલું છે.

સત્યાદિ ધર્મમાં પણ અભિમાનયુક્ત વ્યવહાર કહેલો છે. અર્થાત્ કયારેક અસત્ય બોલવું નિંદ્ય ગણાય નહિ, તેવો પણ સમય આવે છે. એ કપટપણું રહેલું છે. તેમ જ તપ વગેરે ધર્મમાં પણ કપટપણું રહેલું છે. ભાગવતના ષષ્ઠ સ્કંધમાં ચિત્રકેતુ રાજાની સ્તુતિમાં કહ્યું છે કે "શરીરનો કલેશ સહન કરીને કોઇનું બૂરું કરવા માટે તપ કરે તેવા દ્રોહાત્મક ધર્મ વડે પોતાનું કે અન્યનું કલ્યાણ અથવા અર્થ શી રીતે સિદ્ધ થઇ શકે?"

તેમ જ ભગવદ્ગીતામાં આજ્ઞા કરી છે કે "તપ વગેરેથી પોતાના શરીરમાં રહેલાં પંચમહાભૂતો દુઃખ આપે છે; તેનું ચિત્ત પણ કલ્યાણ કરવામાં સમર્થ નથી;" એમ નિંદા લખી છે. આવી રીતે દરેક સ્થળે વિહિત ધર્મનો નિષેધ કરેલો હોવાથી ત્યાં પણ કપટપણાની પ્રતીતિ થાય છે.

તે પ્રમાણે શ્રવણાદિક ભગવદ્ધર્મમાં કોઇપણ પ્રકારનું કાપટ્ય નથી. શ્રવણાદિ કરનારા ભક્તોમાં પણ કાપટ્ય નથી. એ બતાવવા ઉર્જ્જિત શબ્દની આગળ અ ઉપસર્ગ મૂકવામાં આવ્યો છે; એટલે કપટ વગરનો શ્રવણાદિક ધર્મ. શ્રીભાગવતથી જ સિદ્ધ થાય છે કે આ ભાગવત ધર્મ સર્વશ્રેષ્ઠ છે; અથવા પર શ્રીકૃષ્ણપ્રભુ આ ધર્મ વડે જાણી શકાય છે. માટે જ પ્રભુનો સાક્ષાત્કાર કરવામાં આ ધર્મ કારણભૂત છે.

હવે ધર્માચરણ કરનારાઓની મહત્તાથી પણ ધર્મની ઉત્તમત્તા બતાવવા માટે કહે છે કે "ઈર્ષ્યા વગરના સત્પુરુષોને જાણવાની ખરી વસ્તુ આ શ્રીભાગવતમાં છે."

કોઇની ઉન્નતિ સહન ન થાય તેને મત્સર કહે છે. એકાદશ સ્કંધમાં જણાવ્યા પ્રમાણે દરેકના ઉપર દયા રાખવી, દ્રોહ ન કરવો, વગેરે ધર્મનો સંબંધ હોય તેને ગુણ કહેવાય છે.

---

૧ ભાગવતના એકાદશ સ્કંધમાં કહેલું છે કે શક્તિ અને અશક્તિ, સમૃદ્ધિ અને અસમૃદ્ધિ વગેરે ભેદથી પદાર્થ શુદ્ધ અશુદ્ધ થાય છે.

તેથી આ ભાગવત ધર્મના જે સંબંધીઓ છે, તે પહેલાં કહેલા દોષોથી રહિત છે, અને કૃપાદિ ગુણોથી યુક્ત છે એમ બતાવ્યું છે.

તેથી ભાગવત ધર્મની મોટાઈ સિદ્ધ થાય છે. બીજા ધર્મોમાં તો ઈર્ષ્યા વગેરે દોષો સ્પષ્ટ જ છે. જ્ઞાન પણ આ શ્રીભાગવતમાં જ કહેલું છે, તેથી ખરી રીતે જાણવા યોગ્ય વસ્તુ આમાં છે એમ કહ્યું છે. યજ્ઞ, બ્રહ્મ, કાલ અને પુરુષ, આ ચાર જ દરેક સ્થળે જાણવા યોગ્ય છે. તે તમામના પણ વસ્તુસ્વરૂપ ભગવાન જ અહીં જાણી શકાય છે. તે જ સર્વનું વાસ્તવિક રૂપ છે. તેમ પોતાથી જ પ્રકાશિત થનારા પ્રભુ અહીં ભાગવતમાં જ જાણી શકાય છે, બીજે સ્થળે નહિ. અન્ય ગ્રંથોમાં જે જાણી શકાય છે તે ખરી વસ્તુ નથી. અને જે વસ્તુ છે તે જાણી શકાય તેમ નથી. આમ સ્થિતિ હોવાથી અન્ય શાસ્ત્રોમાં અવિદ્યાવાળાઓનો અધિકાર છે અને ભાગવતમાં તો મુક્ત થયેલાઓનો અધિકાર છે; કારણ કે દરેકથી જાણી ન શકાય તેવા ભગવાન પણ ભાગવત ધર્મમાં પોતાની ઇચ્છાથી પ્રકટ થાય છે, અને તેથી તે પ્રભુ સમજી શકાય છે. બીજાં શાસ્ત્રમાં જેની બુદ્ધિ લાગી ગયેલી હોય તેને જ આવા ભાગવત ધર્મમાં ખરી વસ્તુ નથી, તેવી પ્રતીતિ થાય છે; બાકી દરેકને વાસ્તવિક સ્વરૂપ જાણવાનું અહીં જ છે.

વળી યજ્ઞાદિક કરવામાં આવે અથવા જાણવામાં આવે, તેથી શાંતપણું અને [૧]પરમાનંદની પ્રાપ્તિ થતી નથી; કેમકે તેનું ફળ પરલોકના સુખ માટે છે; અને તત્કાળ તો યજ્ઞાદિક કરવામાં પણ દુઃખનો અનુભવ થાય છે; તેમ આત્મજ્ઞાનમાં પણ શાંતપણું છે, પરંતુ પરમાનંદ નથી; કારણકે આત્મજ્ઞાનીને પરમાનંદ માટે શાસ્ત્રોએ જ ના કહી છે. અને પ્રભુના સાક્ષાત્કારમાં અથવા તેની સાથે સાયુજ્ય થવામાં તો પરમાનંદની જ પ્રાપ્તિ થાય છે, તેથી તરત જ પરમાનંદની જેને પ્રાપ્તિ થઈ છે, તેના ત્રણ પ્રકારના તાપ ઊખડી જાય છે. તેથી અહીં સાધન અને ફળ બન્ને ભાગવતમાં જ છે.

તેથી જ્ઞાન કરતાં પણ ઉત્તમપણું બતાવ્યું છે. તેમ શબ્દના રસિક પુરુષોને પણ આ જ ઉત્તમ છે, તે બતાવવા માટે શ્રી (લક્ષ્મીજી) યુક્ત ભાગવત છે એમ કહ્યું છે. એટલે ભક્તિની સાથે દશ રસવાળું ભાગવત છે. કાવ્યોમાં જોકે આની છાયા જરૂર છે, તો પણ કાવ્યકર્તાઓએ અતિશય અલંકાર વગેરેનો પ્રવેશ કરાવેલો હોવાથી તેવાં કાવ્યો નિંદિત છે, તેવી શંકા અહીં ભાગવતમાં નથી, તે બતાવવા માટે કહે છે કે "મહામુનિ શ્રી વેદવ્યાસજીએ આ ભાગવત

---

૧ વેદમાં આનંદ મીમાંસા કરી છે, ત્યાં મનુષ્યોથી આરંભીને બ્રહ્માના આનંદ સુધીની ગણના કરેલી છે. પ્રજાપતિના સો આનંદ થાય તે અક્ષર બ્રહ્મનો એક આનંદ થાય છે, તેથી તે પૂર્ણાનંદ નથી. (જુઓ તૈત્તિરીય–આનંદવલ્લી.)

કરેલું છે.” માં કે ભાગવત વ્યાસકૃત હોવાથી તેમ જ આ શ્લોક પણ તેમનો કહેલો હોવાથી “મેં બનાવ્યું છે” એમ વ્યાસજીએ લખવું જોઈએ, તેને બદલે મહામુનિનું કરેલું છે એમ જે કહ્યું છે તેનો ખુલાસો કરે છે કે “સમાધિમાં અનુભવ કરીને વ્યાસજીએ કહેલું છે, તે ભગવાનની પ્રેરણાથી કરેલું છે.” પોતાની કાંઈ સ્વતંત્ર કૃતિ નથી.,

હવે ઉપાસના કાંડથી પણ અસાધારણ મોટાઈ બતાવે છે કે મંત્રશાસ્ત્ર અને પંચરાત્ર તે ઉપાસના કાંડ કહેવાય છે. ત્યાં મંત્રશાસ્ત્રમાં દેવતા સ્વાધીન થાય છે; પણ તે ઈશ્વરરૂપ નથી. પંચશાસ્ત્રમાં પણ મંત્રના અધિષ્ઠાન રૂપ વડે જ દેવતા સ્વાધીન થાય છે. તેવી રીતે મથુરા વગેરે સ્થાનોમાં પણ દેવતા સ્થાનસ્વરૂપથી સ્વાધીન થાય છે. તેમાં પુરુષોત્તમપણું નથી. સાક્ષાત્ પુરુષોત્તમ પ્રભુ તો અત્ર ભાગવતમાં જ હૃદયમાં પધારે છે, તેથી જ ભગવાન સિવાય બીજાનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો વડે અથવા ભેદથી પ્રતિપાદન કરનારાં બીજાઓથી પણ શું ફળ સિદ્ધ થઇ શકે તેમ છે? કાંઈજ નહીં.

ત્યાં વા શબ્દ મૂકેલો છે, તેથી બીજાઓનો અનાદર બતાવે છે. અહીં તો પ્રભુ કરવાને, ન કરવાને, અને બીજી રીતે કરવાને, સમર્થ છે, એટલે અદૃષ્ટ અને કાલાદિકને બાધ કરનારા છે. તેને દૂર કરીને જે કરવું હોય તે કરી શકે છે, અને ભ્રાંત થઇ ગયેલા ભક્તોના પણ ભ્રમ દૂર કરીને સન્માર્ગે ચઢાવે છે. તેવા ઈશ્વર શ્રીભાગવતના કેવળ સાંભળવાથી જ હૃદયમાં બિરાજે છે; તેમાં વિચાર કે ચિંતન કરવાની પણ જરૂર નથી. આ શ્રીભાગવતનું પ્રતિપાદન કરનારા પ્રહ્લાદજી નારદજી વગેરે મહાપુરુષો છે; તેથી તેનાં વાક્યો બરાબર સમજી શકાય નહિ. તે સારુ જાણવાનો પ્રકાર બતાવે છે કે સાંભળનાર પુરુષ કુશળ બુદ્ધિવાળો તથા શ્રવણની ઉત્કટ ઇચ્છાવાળો હોવો જોઇએ; કારણકે કુશળ બુદ્ધિ હોય તો જ તેને સંભળાવી શકાય. આ બન્ને હોવાથી તરત જ પ્રભુ હૃદયમાં પધારે છે.

અથવા ભાગવતની મોટાઈ બતાવવા માટે બીજો પણ અર્થ કહે છે કે ભાગવતની મહત્તા બતાવનારાં બીજાં ઘણાં યે કારણો છે; એટલે અર્થથી અને શબ્દથી મોટાઈના અનેક પ્રકારો છે, તે તમામ કહેવાથી શું ફળ છે? પરંતુ આ જ સહુથી વધારે મહત્તા છે કે શ્રવણની ઇચ્છાવાળા અને મહા-ભાગ્યવાન્ ભક્તો જલદીથી પ્રભુને હૃદયમાં પધરાવે છે. અને ત્રણે ય ભાવનો વિરોધ ન આવે તેવી રીતે સમગ્ર પદ અને સમગ્ર વાક્ય ભગવાનનું પ્રતિપાદન કરે છે, તેમ સમજવું; નહિતર સાંભળેલું પણ ન સાંભળ્યા જેવું જ થાય છે. તેથી તે પ્રમાણે સાંભળે તો જ તે ક્ષણમાં જ ભગવાન્ માટે પ્રયત્ન થઇ જાય છે; તેથી ભગવાન્ હૃદયમાં પધારે છે. આ ઉપરથી સર્વોત્કૃષ્ટ શ્રીભાગવત છે એમ સિદ્ધ કર્યું. (૨)

પ્રથમ શ્લોકમાં બીજપણું અને દ્વિતીય શ્લોકમાં વૃક્ષપણાનું નિરૂપણ કરીને હવે તૃતીય શ્લોકમાં ફળપણું બતાવે છેઃ

निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम्।
पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः ॥३॥

શબ્દાર્થઃ—હે રસિક પુરુષો, પૃથ્વીને વિષે ભાવવાળાઓ, વેદરૂપ કલ્પવૃક્ષમાંથી પાકીને પોતાની મેળે ગળી ગયેલું, શુકદેવજીના મુખને પ્રાપ્ત થઈને મોક્ષને શિથિલ કરવાવાળા ભક્તિરસથી યુક્ત, કેવળ રસરૂપ, સર્વના આધારભૂત, અથવા પ્રપંચનો લય કરનાર, એવા શ્રીભાગવતરૂપ ફળનું તમે હમેશાં પાન કરો.

ભાવાર્થઃ—જો કે કાવ્યની માફક રૂપકાલંકારનું નિરૂપણ કરવાથી અર્થ સ્પષ્ટ થાય છે, તો પણ ભાગવત સર્વ વેદોના સારોદ્ધારરૂપ છે અને રૂપકાલંકાર વગેરે તો બુદ્ધિથી કલ્પી શકાય તેમ છે, તેથી રૂપકનું કથન તો સર્વથા અનુચિત છે. તે માટે તેમાં ખરો કહેવા યોગ્ય જે અર્થ છે, તે જ અહીં કહેવાનો છે. તેમાં પ્રમેય પદાર્થ પ્રસિદ્ધ નથી, તો પણ જો પ્રમેય પદાર્થ જ ન હોય તો આવું વાકય જ ઘટે નહિ; તેથી તેવું પ્રમેય છે જ એમ સમજવાનું છે. હવે ત્યાં અક્ષરાત્મક વ્યાપિવૈકુંઠ લોકમાં પ્રણવબીજવાળું એક વેદ વૃક્ષ છે. ત્યાર પછી વ્યાસ ભગવાનના અવતારમાં અથવા આદિ નારાયણ ભગવાનના અવતારમાં સમગ્ર મનુષ્યોને આનંદનું દાન કરવા માટે સાક્ષાત્ મૂર્તિમત્ આધિદૈવિક ફળ અહીં લાવવામાં આવ્યું છે. તેનું નિરૂપણ અત્રે થાય છે. વેદમાં મધુવિદ્યાની અંદર આદિત્યનું મૂર્તિરૂપપણું અને રસાત્મકપણું સિદ્ધ કરેલું છે. જેમ દરેક પુષ્પના પરાગથી એકઠું થયેલું મધ છે તેમ સ્વર્ગમાં કલ્પવૃક્ષની માફક કેવળ વેદથી જ સમજી શકાય તેવા વૈકુંઠમાં પણ શબ્દ રસાત્મક કલ્પવૃક્ષ છે. તેથી અહીં કોઇ લક્ષણા કરવાની જરૂર રહેતી નથી. અર્થાત્ વેદની મહત્તા તો સિદ્ધ જ છે; તેથી વેદનું "નિગમ" એવું નામ છે. હમેશાં બોધ આપે તે "નિગમ" કહેવાય છે. તેથી પરમ ઉપનિષદ્રૂપ નિગમ સર્વફળ દેવાને સમર્થ વૃક્ષ છે. અને તેથી જ તે "કલ્પતરુ" કહેવાય છે. તેમાંથી આ શ્રીભાગવતરૂપ ફળ ગળીને પોતાની મેળે જ પડેલું છે. આવતી વખતે પડેલું ફળ શકુન રૂપ ગણાય છે; તે પ્રમાણે આ ફળ આણેલું છે. વ્યાસજીના પુત્ર શ્રીશુકદેવજી મુક્ત છે, તેથી તે જ અહીં ભાગવતના અધિકારી છે. પિતા હોય તે પોતાના પુત્રના મુખમાં ઉત્તમ પદાર્થ આપે છે; તેમાં પણ સારું ફળ હોય તો તે આપવાને વધારે ઇચ્છા કરે છે. તેવી રીતે અહીં વ્યાસજીએ શુકદેવજીને ભાગવતરૂપ ફળ આપ્યું છે. ભાગવત ફળ રસરૂપ છે. જેમ ઝરણાંઓથી જળ પ્રાપ્ત થાય છે તેમ સર્વ ઇંદ્રિયો, સાથે સંબંધ રાખીને પ્રેમરસને ઉત્પન્ન કરે છે. તે એકઠો થયેલો પ્રેમરસ હૃદયમાં આવે ત્યારે

ધરાની માફક (નદીના નીચાણવાળા પ્રદેશમાં મોટો ખાડો બની જાય તેને હ્રદ અથવા ધરો કહે છે) પૂર્ણ થઈ જાય છે. તે પ્રેમરસમાં સારી રીતે મળેલું શ્રીમદ્‌ભાગવત ભક્તિરસથી મથન થઇને મુખમાંથી નીકળે છે. તેથી ભક્તિરસ શ્રીશુકદેવજીના મુખને પ્રાપ્ત થઇને અમૃત (મોક્ષ)ને પણ શિથિલ (ઠંડો) કરે છે. તેવા ભક્તિરસથી યુક્ત આ શ્રીભાગવત છે. તેથી બીજા રસથી અહીં અધિક રસ રહેલો છે, એમ કહ્યું છે.

જો કે આવું ઉત્તમ વૃક્ષ ઉત્પન્ન કરે છે, તેમ બતાવવાથી વૃક્ષની મહત્તા આવી જાય છે, તોપણ સારું ફળ ઉત્પન્ન થાય ત્યારે વૃક્ષની મોટાઇ ગણાય છે; તેથી વેદરૂપ વૃક્ષની મહત્તા ભાગવત જેવા ફળથી જ ગણાઈ છે.

અથવા શબ્દાત્મક વૃક્ષમાં શબ્દાત્મક ફળ હોઈ શકે. તેથી પ્રભુના હૃદયમાં સર્વ વેદોના અર્થનો વિચાર થતાં ફળરૂપ અને નિશ્ચય કરેલા અર્થને પ્રતિપાદન કરનારા શબ્દોનો સમૂહ છે, તે જ આ શ્રીભાગવત છે.

એટલે શુદ્ધ, સુખી, અને બ્રહ્મવિદ્યામાં કુશળ હોય તેવા જ પુરુષો પ્રભુની સેવા કરવામાં યોગ્ય છે, બીજાઓ નહિ જ; એમ ફળ સિદ્ધ થાય છે.

આ અર્થ ગુપ્ત રાખવા જેવો છે, તો પણ ભક્તની ચિંતાથી પરવશ થયેલા પ્રભુના હૃદયમાંથી આવેલો છે; તેથી ફળ ગળી ગયેલ છે તેમ કહ્યું.

બીજા ભગવદ્‌રૂપ અવતારો કે અધિકારીઓ યોગ્ય નથી, તેથી અત્યંત વૈરાગ્યવાળા શુકદેવજીમાં ગ્રંથનો અર્થ ફળરૂપ થયો છે. માટે તેના હૃદયમાં ભક્તિરસ અને શ્રીમદ્‌ભાગવત બન્ને રહેલાં છે. જ્યારે શુકદેવજીના મુખમાંથી ભાગવત નીકળે છે, ત્યારે ભક્તિરસને સાથે લઇને નીકળે છે–અર્થાત્ ભગવાન્ અને ભક્તિરસ એ બન્નેનો સારામાં સારો યોગ છે. તેનો એવો અભિપ્રાય છે કે શ્રીભાગવતનું ગમે તેવી રીતે શ્રવણ કરવાથી પણ અધિકારી ભક્તના હૃદયમાં ભક્તિનો આવેશ થઇ જાય છે.

વેદમાં "સ્વાધ્યાયનું અધ્યયન કરવું" તેવો ઉપદેશ છે. તેમ ભાગવતનું પાન કરો, એમ અમે ઉપદેશ આપેલો છે. બહાર રહેલા પદાર્થને ઇંદ્રિયો-દ્વારા અંતઃપ્રવેશ કરાવવો તેને 'પાન' કહેવાય છે. તેવું પાન પ્રવાહી દ્રવ્યનું હોઈ શકે છે; માટે અહીં ભાગવતને રસરૂપ કહેલું છે.

ભાગવત એ ગ્રંથનું નામ છે, અથવા ભગવાનની સાથે જોડાયેલું હોવાથી "ભાગવત" કહેવાય છે. જેમ દૂધ વગેરે પદાર્થ સીસકારાથી પીતાં જુદા રસનો અનુભવ થાય છે, તેમ શબ્દોના શ્રવણમાત્રથી અર્થનું જ્ઞાન થતાં જુદા પ્રકારના રસનો અનુભવ થાય છે; માટે અર્થનો બોધ થઈ શકે તે પ્રમાણે ભાગવતરૂપ રસનું પાન કરવું જોઇએ, કેવળ શ્રવણમાત્ર જ કરવાનું નથી. આ ફળમાં છાલ કે ગોઠલો તો નથી જ. દાડમના દાણાની પેઠે કેટલાંક રસાત્મક ફળો

પણ હોય છે. જેમ પૃથ્વી વગેરે રસરૂપ છે, તેમ રસાત્મક ભગવાનનો રસ આ શ્રીભાગવત છે. તે કેવળ સ્પર્શ કરવા યોગ્ય નથી, પણ પાન કરવા યોગ્ય છે. આ રસ સર્વના આધારભૂત છે. અથવા ચોતરફથી સર્વ પ્રપંચના લયના કારણરૂપ આ રસ છે. અથવા ભાગવત રસની પાસે મોક્ષ સુખ પણ તુચ્છ છે. તેથી મોક્ષની ઇચ્છાનો ત્યાગ કરીને પણ તેનું પાન કરવું.

વારંવાર પાન કરવાનું કહેવાથી વ્યાસજીનું પરાધીનપણું સિદ્ધ થાય છે, નહિ તો રસિક પુરુષો પોતાની મેળે જ ભાગવતનું પાન કરશે; માટે વારંવાર પાન કરવા વિષેનું વચન વ્યર્થ થઈ જાય. અથવા રસનું જ્ઞાન થવા માટે વારંવાર પાન કરવાનું કહેલું છે; કારણકે લૌકિક કર્ણ વડે તો ઉપર ઉપરથી સંભળાય, તેથી તેના રસનો સ્વાદ બરાબર ન થાય; તેથી વારંવાર પાન કરવાનું કહ્યું છે કે જેથી કાનનું લૌકિકપણું દૂર થાય. અને વિશેષ સ્વાદનો અનુભવ પણ થાય.

આગળ તૃતીય સ્કંધમાં કહેવાશે કે "આપના ભક્તો પરસ્પર આપનાં ગુણગાનરૂપી અમૃતથી જ દેહાદિકનાં ધર્મોને નિવૃત્ત કરે છે."

શ્લોકમાં **अहो रसिकाः** એમ આશ્ચર્ય સાથે સંબોધન કરવાનો આશય એવો છે કે તમારે માટે જ આ રસ લાવવામાં આવ્યો છે; કારણકે પૃથ્વીમાં પોતાનો જન્મ સફળ કરનારા તમે જ છો, અથવા ભાવના કરવામાં પણ ચતુર છો. કદાચ રસનું વિસ્મરણ થઇ જાય તો પણ તમે તો ભાવનાથી રસમાં અભિનિવેશ (ચોતરફથી પ્રવેશ કરવો) કરી શકો છો; એટલે વારંવાર પાન સંભવે છે.

તેમ પૃથ્વીમાં જે ભાગ્યવાન્ હોય તેમણે પણ વારંવાર પાન કરવું ઘટે છે. બહુવચનના પ્રયોગથી પાન કરનારા ઘણા બતાવ્યા છે; એકને રસનો અનુભવ કાંઈ થતો નથી, એમ સૂચવ્યું છે. (૩)

આવી રીતે બીજ, વૃક્ષ અને ફળપણું કહીને સર્વે શ્રોતાઓને સાવધાન કરીને હવે ભાગવતશાસ્ત્રનો આરંભ કરે છેઃ

नैमिशेऽनिमिषक्षेत्रे ऋषयः शौनकादयः ।
सत्रं स्वर्गाय लोकाय सहस्रसममासत ॥४॥

શબ્દાર્થ:—નૈમિશ નામના વિષ્ણુક્ષેત્રમાં શૌનકાદિક ઋષિઓ ભગવાનના આનંદના અંશરૂપ લોકાત્મક સ્વર્ગ માટે, હજાર વર્ષથી સિદ્ધ થઈ શકે તેવો યજ્ઞ કરતા હતા.

ભાવાર્થ:—આ ભાગવતના પરંપરાથી ચાલતા આવેલા સાત અર્થો છે અને તે કથાના અર્થથી જુદા થાય છે, તેથી બીજી ટીકાઓમાં તેનું નિરૂપણ નથી; પણ તત્ત્વાર્થદીપનિબંધમાં તે અર્થો બતાવ્યા છેઃ જેમકે ભાગવતનો "શાસ્ત્રમાં, સ્કંધમાં, પ્રકરણમાં, અધ્યાયમાં, વાક્યમાં, પદમાં, અને અક્ષરમાં, એમ સાત

પ્રકારે વિરોધ ન આવે તેવો અર્થ જે જાણે છે તે સંસારથી મુક્ત થઇ જાય છે,” એમ નિરૂપણ કર્યું છે. ત્યાં આનંદરૂપ શ્રીહરિની લીલા એ સમગ્ર ભાગવતનો અર્થ છે. આ ભાગવત સંહિતા ભક્તિને ઉત્પન્ન કરનારી છે. સૃષ્ટિ વગેરે ભગવાનની લીલા છે, તેનું જ્ઞાન થવાથી ભક્તિ ઉત્પન્ન થાય છે. પણ સૃષ્ટિ એ ભગવાનનું કાર્ય છે તે જાણવાથી ભક્તિ થાય નહિ; કારણકે રમણના નિયમ પ્રમાણે વગર મહેનતે જે કાર્ય થાય તેને લીલા કહેવાય છે. તેવી લીલાનું જ્ઞાન થાય ત્યારે પ્રભુની મોટાઇ અને નિર્દોષપણું સમજાય છે. તે લીલા મુખ્ય દશ પ્રકારની છે. અને **अत्र सर्गो विसर्गश्च** (ભા. ૨–૧૦–૧) એ શ્લોકમાં બતાવેલી છે. તે લીલાઓ તૃતીય સ્કંધથી લઇને દ્વાદશસ્કંધ સુધી દશસ્કંધોવડે નિરૂપણ કરાયેલી છે.

શ્રોતા અને વક્તાના લક્ષણનું નિરૂપણ પ્રથમ સ્કંધમાં છે અને અંગનું નિરૂપણ દ્વિતીય સ્કંધમાં છે. એમ બે ગૌણલીલા છે. કુલ મળીને બાર લીલા છે. તેમાં પ્રથમ સ્કંધમાં ભાગવતનો અર્થ સમજવામાં જુદા જુદા પ્રકાર છે, તેમ બતાવવા માટે **હીન, મધ્યમ** અને **ઉત્તમપણાથી અધિકાર–લીલાનું** નિરૂપણ કરેલું છે; કારણકે દરેક મનુષ્ય એક પ્રકારથી જ ભાગવતને જાણી શકતો નથી. સૂત અને શૌનકે એક પ્રકારે ભાગવતને જાણ્યું. તેમ વ્યાસ અને નારદજીએ જુદી રીતે જાણ્યું. તેમ જ શુકદેવજી અને પરીક્ષિતે ઉત્તમ રીતે જાણ્યું છે. એમ ત્રણ પ્રકારનું નિરૂપણ કરવાથી જેવો જેનો અધિકાર તે પ્રમાણે તેને તેવા અર્થનું જ્ઞાન થશે, એમ સિદ્ધ જ છે.

તેમાં પ્રથમ ત્રણ અધ્યાય વડે પ્રશ્ન અને ઉત્તર કરીને **હીન અધિકારનું** નિરૂપણ છે. તેમ પ્રશ્ન શ્રીકૃષ્ણ ભગવાન સંબંધી જ હોવાથી તેનો એક અધ્યાય છે. અને વેદના પૂર્વકાંડમાં અને ઉત્તરકાંડમાં નિરૂપણ કરેલા યજ્ઞસ્વરૂપે અને જ્ઞાનસ્વરૂપે શ્રીકૃષ્ણપ્રભુ હોવાથી ઉત્તરરૂપે બે અધ્યાયો છે. આમ ત્રણ અધ્યાયનું **હીન પ્રકરણ** છે. તેમાં પણ પ્રથમ બે શ્લોકથી સ્વરૂપ અને સંગતિના ભેદથી પ્રશ્નની સંગતિ કહે છે. ત્યાં પ્રશ્નનું સ્વરૂપ કહે છે કે પવિત્ર તીર્થ અને પવિત્ર ક્ષેત્રમાં યજ્ઞયાગાદિકથી શુદ્ધ થયેલાઓ જ યજ્ઞરૂપ ભગવાનના આવેશવાળા છે, અને ભગવાનના પ્રશ્નમાં પહેલા અધિકારી તેઓ જ સ્વરૂપથી અધિકારી છે.

ઋષિઓને તપનું સ્થાન બતાવવા માટે પ્રજાપતિએ સર્જેલા મનોમય ધર્મચક્રની ધરી જે સ્થળે શિથિલ થઈ ગઇ છે તેને “નિમિશારણ્ય” કહે છે અને ત્યાં અધિકપુણ્ય પણ કહેલું છે. કોઇ ગ્રંથમાં **नैमिषे** એવો પાઠ છે ત્યાં નિમિષ માત્રથી જ દાનવોની સેનાનો સંહાર કર્યો, તેથી તે “નૈમિષારણ્ય” કહેવાયું છે. અને તેથી જ તે સર્વ દોષોને નિવારણ કરનારું છે. તેમના દેવતા વિષ્ણુ ભગવાન છે, તે બતાવવા માટે તેને **અનિમિષક્ષેત્ર** પણ કહેલું છે. અર્થાત્ અનિમિષ એ વિષ્ણુનું નામ છે. તેના ક્ષેત્રમાં દોષોનો અભાવ છે અને

ગુણોનો ભાવ છે એમ બતાવ્યું છે. ત્યાં ઋષિઓની પરંપરામાં પ્રસિદ્ધ શૌનકાદિ ઋષિઓ મંત્રોને જોનારા હતા, અને તેઓ **સહસ્રસમ** નામનો યજ્ઞ કરતા હતા. તે યજ્ઞ હજાર વર્ષથી સાધ્ય થાય છે; તેથી તેમનું નામ "સહસ્ર સમ" છે. જેમાં સર્વ યજમાનો જ ઋત્વિજોનું કાર્ય કરે તે "સત્ર" કહેવાય છે. ત્યાં પહેલાં હજાર સંવત્સરથી સાધ્ય વિશ્વસૃજ વસુદેવોના સત્રમાં અલૌકિક ભગવાનનો આવિર્ભાવ સર્વે જોયેલો છે. વેદમાં પણ કહ્યું છે કે "પ્રથમ વિશ્વસૃજો સત્ર કરતા હતા." તેવી રીતે અહીં પણ "સહસ્ર સંવત્સર" નામનો સત્ર કરવાથી ભાગવતરૂપ શ્રીભગવાનનો આવિર્ભાવ થશે, એમ જાણીને ઋષિઓએ સત્રનો આરંભ કરેલો છે. ભગવદાનંદના અંશભૂત સ્વર્ગ છે, અને લોકાત્મક તો મોટો અંશ છે; તે અહીં શૌનકાદિક ઋષિઓને ફળરૂપ છે. અહીં સ્વર્ગમાં ગવાતા વિષ્ણુ, તેના લોકરૂપી ફળ છે, એ અર્થ સંભવતો નથી; કારણકે "સ્વર્ગલોક માટે આ દ્રવ્યો હોમાય છે" એ શ્રુતિનો વિરોધ આવે છે. તે સુખવિશેષ શરીરવાળો દેવવિશેષ લોકરૂપ છે; તેથી ગૃહવિમાન્ વગેરે વિદ્યમાન હોય તો પણ અભાવ થતાં ત્યાં જરા પણ સુખ થતું નથી; કારણ કે "દેવો માટે સ્વર્ગલોક તિરોહિત થયો," એમ વેદમાં તે પ્રમાણે નિર્ણય થયો છે. વેદમાં જ્યાં જ્યાં યજ્ઞ કરવો, એમ કહેવામાં આવે છે ત્યાં કૃ=કરવું એને બદલે **आस्** ધાતુનો પ્રયોગ થાય છે; એટલે **आस्** ધાતુનો અર્થ અહીં "કરવું" સમજવો. આમ શ્રોતા શૌનકાદિના સ્વરૂપની મહત્તા કરેલી છે. (૪)

त एकदा तु मुनयः प्रातर्हुतहुताग्नयः ।
सत्कृतं सूतमासीनं पप्रच्छुरिदमादरात् ॥ ૬ ॥

શબ્દાર્થ:—એક દિવસે પ્રાતઃકાળે હોમ કરેલા યજ્ઞમાં બીજી વખત હોમ કરીને તે મુનિઓ, સત્કાર પામીને બેઠેલા સૂત પૌરાણિકને આદરપૂર્વક આ રીતે પૂછવા લાગ્યા.

ભાવાર્થ:—હવે કથાની સંગતિ કહે છે કે ઉત્સર્ગનો અથવા દીક્ષાનો સમય છે, એટલે નિત્ય નૈમિત્તિક સર્વ હોમ કરીને ભગવાનની કથાના શ્રવણ માટે અવકાશવાળા થયા છે. **एकदा** એ અવ્યયથી હરિકથાગાનનો સમય બતાવ્યો છે, તે વખતે સૂતજી વગેરે આવેલા છે. શૌનકાદિ મુનિઓ છે, એટલે તેનું અલૌકિક જ્ઞાન કહ્યું છે, જે જ્ઞાનથી સૂતનું પણ જ્ઞાન થાય છે. તે પ્રસંગે કોઈ બીજાઓએ પ્રશ્ન કર્યો નથી, તે બતાવવા માટે તે "મુનિઓએ પ્રશ્ન કર્યો" એમ કહ્યું છે. એક વખત પ્રાતઃકાળમાં તો હોમ કરેલો છે, તે પાછો બીજી વાર હોમ કરીને મુનિઓ સાવકાશ થયા છે. બીજી વખત હોમ કરવાનો વેદમાં નિષેધ છે તેથી વેદનો વિરોધ થશે, એવી શંકા કરવાની નથી, કારણ કે તુ અવ્યયથી વૈષ્ણવ પક્ષનો સ્વીકાર કરેલો છે. અને તેમ કરવામાં મનન

થઇ શકે તે કારણ છે. હોમ કરવાની વ્યગ્રતા હોઈ શકે નહિ. તેમ જ શૌનકાદિમાં કાળના ગુણનું વિશેષ જ્ઞાન પણ છે અને તેથી "આ વિશ્વાસ વગરનું કર્મ છે" એમ આગળ કહેશે.

એમ સારી રીતે સંભાષણ કરીને અથવા બ્રહ્માસન આપીને સૂત પૌરાણિકનો સત્કાર કર્યો છે. સૂતજી પૌરાણિક છે. ઉગ્રશ્રવા તેનું નામ છે. બ્રાહ્મણોની સભામાં બીજાઓથી બેસાય નહિ, અને ઊભા રહે તો વ્યગ્રતા થવાથી હરિકથામાં ન્યૂનતા થાય; તેથી તેમ ન થવા માટે સૂત બેઠેલા છે. ભગવાનની કથાના રસનો અભિનિવેશ હોવાથી "હું પ્રથમ પૂછું તે ઠીક નહિ" એમ એક બીજાની સ્પર્ધાથી દરેક ઋષિએ પ્રશ્ન કરેલ છે. તે બતાવવા માટે બહુ-વચનનો પ્રયોગ કરેલો છે. આગળ જે કહે છે કે પ્રશ્ન છેઃ સૂતપૌરાણિકનો ભગવાનમાં આદર જોઇને અથવા પોતાને ભગવાનનું સ્વરૂપ જાણવામાં આદર છે; તે માટે ઋષિઓએ પ્રશ્ન કર્યો. સર્વ સ્થળે ભગવાનની કથામાં અંદરનો ભાવ જ મુખ્ય છે, કેવળ વાણીથી કાંઈ ફળ નથી, તે બતાવવા આદરથી પૂછ્યું છે. (૫)

ભાગવતના છ ગુણ હોવાથી અહીં ભગવદ્વિષયક છ પ્રશ્નો કરવાનો અભિપ્રાય છે તે માટે પ્રથમ વક્તાની પ્રશંશા ત્રણ શ્લોકથી કરે છેઃ

ऋषय ऊचुः ।

त्वया खलु पुराणानि सेतिहासानि चानघ ।
आख्यातान्यप्यधीतानि धर्मशास्त्राणि यान्युत ॥६॥

શબ્દાર્થ:—હે નિષ્પાપ સૂત, તમે નિશ્ચયપૂર્વક, ઇતિહાસ સહિત પુરાણો અને ધર્મશાસ્ત્ર વગેરે ભણ્યા છો. અને તે ભણીને ફરી તેનું વ્યાખ્યાન કરેલું છે.

ભાવાર્થ:—અહીં કેવળ સ્તુતિ માત્ર નથી એમ બતાવવા સારુ નિશ્ચયા-ત્મક **खलु** અવ્યયનો પ્રયોગ કર્યો છે. તમે શતકોટિ વિસ્તારમાં રહેલાં સમગ્ર પુરાણોને ભણેલા છો અથવા સાંખ્ય, યોગ, પાશુપત, અને વૈષ્ણવ રૂપ મૂળ ચાર સંહિતા પણ ભણેલા છો, ઇતિહાસરૂપ ભારત પણ તમે ભણેલા છો, અને **च**કારથી બીજી કથાઓ અને ગાથાઓ વગેરે પણ જાણો છો. હાલમાં વિદ્યાથી આજીવિકા નથી, એમ બતાવવા **अनघ**–નિષ્પાપ એવું સંબોધન આપ્યું છે. પુરાણા-દિકનું તમે વ્યાખ્યાન કરેલું છે અને ભણ્યા પણ છો, એટલે પ્રથમ અધ્યયન કર્યું, પછી વ્યાખ્યાન કરીને દૃઢ કરેલું છે. તેમ કરવામાં આવે ત્યારે જ સંદેહની નિવૃત્તિ થાય છે. તમે ધર્મશાસ્ત્રોનું પણ અધ્યયન કરેલું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર બુદ્ધિમાન પુરુષોના પુરુષાર્થો છે. તે જીવ અને ઇશ્વરના વિચાર વડે બે પ્રકારે નિરૂપણ કરેલા છે. તેમાં ઇશ્વરે વિચારેલા ચાર પુરુષાર્થો વેદમાં જ છે. અને જીવે વિચારેલા પુરુષાર્થોમાંથી સ્મૃતિમાં ધર્મનું નિરૂપણ કરેલું છે, નીતિશાસ્ત્રમાં અર્થનું નિરૂપણ છે, વાત્સ્યાયનાદિકમાં

કામ અને સાંખ્યયનાદિકમાં મોક્ષનું નિરૂપણ છે. તેમાં જ્યાંસુધી સર્વજ્ઞપણું ન થાય ત્યાંસુધી ભગવાનના શાસ્ત્રનું જ્ઞાન થતું નથી, તે માટે ધર્મશાસ્ત્રો કહેલાં છે અને બીજાં પણ જે પ્રસિદ્ધ અર્થ શાસ્ત્રાદિક છે, તથા લૌકિક કથાનકો છે, તે તમો સારી રીતે જાણો છો. (૬)

હવે સૂતની પરંપરાથી જે જાણેલાં છે તે જ જાણેલાં છે, પણ બ્રાહ્મણોએ જે જાણેલાં છે તે જાણેલાં નહિ હોય, એવી શંકાનું સમાધાન કરે છેઃ

यानि वेदविदां श्रेष्ठो भगवान्बादरायणः ।
अन्ये च मुनयः सूत परावरविदो विदुः ॥७॥

શબ્દાર્થ:—હે સૂત, જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ભગવાન્ બાદરાયણ વ્યાસજી જે જાણે છે, અને થઇ ગયેલા તેમ જ થવાના અર્થોને જાણનારા મુનિઓ જે જાણે છે, તે તમે પણ જાણો છો.

ભાવાર્થ:—ધર્મ, અર્થ અને કામ એ તો સૂત પૌરણિકની પરંપરાથી પણ જાણી શકાય છે, મોક્ષશાસ્ત્રો તો બ્રાહ્મણો વડે જ જાણી શકાય, તો ત્યાં સૂત પૌરાણિકનું અજ્ઞાન હોય, તેની નિવૃત્તિ માટે કહે છે કે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ભગવાન્ વ્યાસજી જે જાણે છે અને થઇ ગયેલા તથા થનારા મુનિઓ જે જાણે છે તે તમે જાણો છો. વ્યાસજી જાણે છે તેમાં દરેક મોક્ષશાસ્ત્ર આવી ગયાં છે. વ્યાસજી તે શાસ્ત્રો સૂતને શા માટે કહે, તે શંકાનું સમાધાન કરે છે કે વ્યાસજીને 'ભગવાન્' એવું વિશેષણ છે; તેથી ભગવાન્ને એ બધું સંભવે છે. તો પણ અધિકારી સૂતને વ્યાસ ભગવાન્ શા માટે તે કહે, તેવી શંકાનું સમાધાન કરે છે કે **बादरायणः** વ્યાસજી બાદરાયણ છે, એટલે અતિ તપ કરીને તેવો અધિકાર મેળવવાની તેમની શક્તિ છે.

એકાદશ સ્કંધમાં કહ્યું છે કે "એક ગુરુ પાસેથી શીખેલું જ્ઞાન સર્વત્ર પ્રવેશ કરનારું નથી" તેથી સૂતમાં સર્વજ્ઞપણું તો હશે જ નહિ, તેવી શંકાનું સમાધાન કરે છેઃ જેમ બીજા મુનિઓ મનન કરવાથી જાણે છે, તેમ તમે જાણો છો. અજ્ઞાનથી ઉપદેશ થયો છે એમ ન માનવું; કારણ કે સૂત પૌરાણિક તો પ્રસિદ્ધ છે; તે માટે ફરીવાર **सूत** એવું સંબોધન કરેલું છે. ત્યારે તે પ્રસિદ્ધ છે તો તેને ઉપદેશ શા માટે, એવી શંકાનું સમાધાન કરે છે કે પર બ્રહ્માદિક અને અવર આપણે સહુ, તેને જાણનાર જે જાણી શકે છે અથવા થઇ ગયેલા અને થવાના અર્થને તેમ જ કાળને જાણનારા જ્ઞાનીઓ જે જાણે છે, તે બધું તમો જાણો છો. એટલે ઈશ્વરેચ્છા તેમ જ છે અને કાળ પણ તેમ જ છે; તેનો બોધ કરવા માટે ઉપરનું વચન કહેલું છે. (૭)

હવે આગળના શ્લોકમાં જે શાસ્ત્રો વેદવ્યાસજી જાણે છે અને ભૂત

ભવિષ્ય અને વર્તમાનને જાણનારા બીજા મુનિઓ જાણે છે એમ કહ્યું છે, તેમાંથી જે સિદ્ધ થયું છે, તે જણાવે છેઃ

वेत्थ त्वं सौम्य तत्सर्वं तत्त्वतस्तदनुग्रहात् ।
ब्रूयुः स्निग्धस्य शिष्यस्य गुरवो गुह्यमप्युत ॥८॥

શબ્દાર્થ:—હે શાંત સૂતજી, તેઓના અનુગ્રહથી તે તમે ખરી રીતે જાણો છો; કારણ કે પ્રિય શિષ્ય હોય તેને ગુરુઓ ગૂઢ અભિપ્રાય પણ કહે છે.

ભાવાર્થ:—શિષ્યના ગુણ બતાવવા માટે "હે સૌમ્ય" એવું શાંત સંબોધન કરેલું છે. સેવા કરવી વગેરે સાધારણ ગુણો હોય તો પણ શૂદ્રજાતિનું અસુરપણું હોવાથી ક્રૂરતા, નિર્દયતા વગેરેનો સંભવ થાય. તે જો ન હોય તો બીજા સદ્‌ગુણો સિદ્ધ થઈ ગયા છે, એમ બતાવવા માટે "સૂત" એવું સંબોધન કરેલું છે. અને સૂતજાતિને વેદ ભણવાનો અધિકાર ન હોવાથી 'વેદ સિવાયનું તમે બધું જાણો છો,' એમ સૂચવ્યું છે. ઉપર ઉપરથી જાણતા હશો, તેવા સંદેહની નિવૃત્તિ માટે કહે છે કે તમે તત્ત્વથી અર્થાત્ ખરી રીતે જાણો છો. ઉપદેશ કરવામાં આવે તો પણ અધિકારીને જ્ઞાન શી રીતે હોઈ શકે, તેવી શંકાનું નિવારણ કરે છે કે તે જ્ઞાનીઓના અનુગ્રહથી તમે જાણો છો, એમ કહ્યું છે; એટલે ગુરુઓના અનુગ્રહથી સર્વ સિદ્ધ થઈ શકે છે એમ બતાવ્યું છે. (૮)

આમ સર્વજ્ઞપણું કહીને પહેલેથી ફળને પૂછે છેઃ

तत्र तत्राञ्जसायुष्मन् भवता यान्निनिश्चितम् ।
पुंसामेकान्ततः श्रेयस्तन्नः शंसितुमर्हसि ॥९॥

શબ્દાર્થ:—હે આયુષ્મન્, જે શાસ્ત્રો તમે જાણો છો, તેમાં તેમાંથી સરલપણે દરેક પુરુષને ખરું કલ્યાણરૂપ તમે જે નિશ્ચય કરેલું, હોય તે અમને કહેવાને યોગ્ય છો.

ભાવાર્થ:—ફળ માટે સાધનની શોધ થાય છે, તેથી શું ફળ છે અને શું અફળ છે, તેવો વિચાર થાય છે. ચોતરફથી ઉદય થાય અથવા કલ્યાણ થાય, તેને ફળ કહેવું કે બીજું કાંઈ ફળ હોઈ શકે? જો કે દરેક સ્થળે દૂષણ તો આવે છે તે આગળ કહેવાશે, તેથી સંદેહને લીધે પ્રશ્ન થાય છે. તો પણ શાસ્ત્રોના પ્રમાણનું બળ વિચારીને નિર્ણય કરવો જોઇએ. તે માટે ગ્રંથની સરલતાથી નિશ્ચય કર્યો હોય એમ કહે છે. તમે આયુષવાળા છો, એમ આશીર્વાદ આપ્યો છે, અથવા નિર્ભયપણું બતાવ્યું છે. ગુરુઓમાં પરસ્પર એક બીજાના અભિપ્રાયમાં મતભેદ થતો હોય તો પણ ઘણા ગુરુઓ કરવાથી બુદ્ધિ વિશદ થાય છે, એટલે પોતાથી નિશ્ચય થઈ શકે છે; તે માટે તમે નિશ્ચય કરેલો હોય તે કહો, એમ કહ્યું છે. સ્વતંત્ર પુરુષોને જે કલ્યાણ હોય તે કહો; એટલે

દરેકને સરખી રીતે કલ્યાણ થઇ શકતું હોય તે કહો; કારણ કે સ્વર્ગમાં રહેનારાઓને પુત્રાદિકમાં, યુક્ત પુરુષોને સ્વર્ગમાં, અને ભક્તોને મુક્તિમાં કલ્યાણ હોતું નથી. તેથી જે ખરેખરું કલ્યાણરૂપ હોય તે અમને કહો. (૯)

આ પ્રથમ પ્રશ્ન કરીને હવે સાધનવિષય બીજો પ્રશ્ન અઢી શ્લોકથી કરે છેઃ

प्रायेणाल्पायुषः सभ्य कलावस्मिन्युगे जनाः ।
मन्दाः सुमन्दमतयो मन्दभाग्या ह्युपद्रुताः ॥१०॥

શબ્દાર્થ:—હે સભ્ય, ઘણું કરીને આ કલિયુગમાં મનુષ્યો અલ્પ આયુષવાળાં, આળસુ, ઘણી જ મંદબુદ્ધિવાળાં, મંદભાગ્યવાળાં અને રોગાદિકથી પીડાયેલાં છે.

ભાવાર્થ:—પોતે ઋષિઓ હોવાથી ઘણા લાંબા વખત સુધી જીવવાવાળા છે; તે સારુ તે સિવાયનાને તે કહેવા માટે **प्रायेण** પદ મૂકયું છે, એટલે ઋષિ સિવાયના બીજાઓને સારુ આ ઉપાય છે, એમ સમજાય છે. તેમ જ હજાર સંવત્સરથી સાધ્ય યજ્ઞ અલ્પજીવી પુરુષો માટે યોગ્ય પણ નથી, અને તેઓ અલ્પાયુષી હોવાથી **सहस्रसमादिक** યજ્ઞો, તેઓને ઉપયોગી પણ નથી, એમ કહ્યું છે; ત્યારે ચાલતા પ્રસંગમાં તેનો ઉપયોગ ન હોવાથી તેનો ઉપાય નહિ કહેવાય? તેવી શંકાના સમાધાન માટે **સભ્ય** એવું સંબોધન આપ્યું છે.

સભામાં પ્રવેશ કરનારને સભ્યનો ધર્મ જાણવો જ જોઇએ. ભાગવત અને મનુસ્મૃતિમાં કહેલું છે કે બુદ્ધિમાન પુરુષ સભ્યના દોષોને યાદ કરીને સભામાં પ્રવેશ જ ન કરે; કારણ કે જે કહેવા યોગ્ય હોય તે કહી ન શકે. અને તેથી ઊલટું વિપરીત કહે તો તેને પાપ લાગે છે; માટે યોગ્ય સભ્ય હોય તેણે સત્ય હકીકત કહેવી જોઇએ; તે બતાવવા માટે **સભ્ય** એવું સંબોધન કર્યું છે.

ત્યારે બહુ જરૂરનું હોય, પરંતુ તે ઘણા લાંબા સમયથી સાધ્ય થઈ શકે તેવું હોય તો તે સાધન કહેવાશે નહિ, તેવી શંકાનું નિવારણ કરે છે કે કલિયુગના દોષને લીધે જ મનુષ્યો અલ્પાયુષવાળાં થયાં છે, કાંઈ સ્વભાવથી થયાં નથી, તેમ જ કલિયુગના દોષને દૂર કરનારાં તેવાં સાધનથી અલ્પઆયુષવાળો પણ ચિરંજીવી થઈ જશે, તેવા અભિપ્રાયથી કહે છે કે આ કલિયુગમાં તેવાં માણસો છે. કેવળ કલિયુગમાં તેવાં માણસો છે એમ કહેવાથી તો તે બીજા સમયની હકીકત માનીને હમણાં તેના ઉપાય કહેવાની જરૂર નથી, એવી શંકાનું નિવારણ કરે છે કે આ કલિયુગમાં તેવાં માણસો છે. બીજા યુગમાં થયેલાં માણસોમાં તે દોષ નહિ હોવાથી તેઓનું પૂજ્યપણું બતાવેલું છે. જીવોમાં સ્વાભાવિક સંસારિપણું નથી, તે **जन** પદથી બતાવ્યું છે. એટલે અગ્નિમાંથી જેમ તણખો નીકળે છે તેમ બ્રહ્મમાંથી અંશરૂપ જીવનો પ્રાદુર્ભાવ થાય છે. તેથી તેની ઉત્તમતા છે. એમ સહજ દોષ કહીને હવે બીજા આવેલા દોષ ચાર વિશેષણોથી બતાવે છે કે જીવો ચિત્તની જડતાને લીધે આળસુ

બની ગયા છે અને ઘણી જ મંદબુદ્ધિવાળા થયા છે તે જ્ઞાનેન્દ્રિયોનો ઘણો દોષ છે. મંદભાગ્યવાળા થયા છે એમ કહ્યું છે તે અદૃષ્ટ (ભાગ્ય) કર્મેન્દ્રિયથી સિદ્ધ થયેલું હોવાથી તે કર્મેન્દ્રિયનો દોષ છે, અને રોગાદિકથી પીડાયેલા છે, તે શરીરનો દોષ બતાવ્યો છે. આમ ચાર આગંતુક દોષો કહ્યા છે. (૧૦)

હવે તે જીવો બીજા કાર્યમાં જોડાયા છે તે બહારનો દોષ છે; કારણકે "ક્ષણ માત્ર પણ કોઈ કર્મ કર્યા વગરનું રહી શકતું નથી," એમ ભગવદ્ગીતાના વાકયથી તેઓ લૌકિક કર્મમાં આસક્ત થયા છે અને તેથી શાસ્ત્રમાં કહેલાં કર્મોમાં પણ આસક્ત થયા છે. જ્યારે પ્રમાણનો વિચાર થાય ત્યારે પ્રકરણસર ધર્માદિ શાસ્ત્રો જાણવાં જોઇએ. તેમ વિચાર કરવાથી તેમાં અનેક કરવાનાં કર્મો આવે છે. કેવળ તે કર્મોના સાંભળવાથી જ કૃતાર્થ-પણું થતું નથી; પણ તેમાં કહેલાં કર્મો કરવાં પણ જોઇએ. તેથી બહારનો દોષ મોટો છે. માટે આમ ત્રણ પ્રકારના દોષથી ગ્રસ્ત થયેલા માણસો માટે ઉપાય સમજાવવો એમ કહે છેઃ

भूरीणि भूरिकर्माणि श्रोतव्यानि विभागशः ।
अतः साधोऽत्र यत्सारं समुद्धृत्य मनीषया ।
ब्रूहि भद्रं हि भूतानां येनाऽऽत्मा सुप्रसीदति ॥११॥

શબ્દાર્થ:—જીવોને વિભાગ પુરઃસર સાંભળવા લાયક શાસ્ત્રો ઘણાં છે કે જેમાં અનેક પ્રકારનાં કર્મ કરવાનાં વિધાન છે. માટે તે તે શાસ્ત્રોમાં જે સારરૂપ હોય, તે તમારી બુદ્ધિથી જુદું તારવીને હે સત્પુરુષ, અમને કહો કે જેથી સર્વાત્મા ભગવાન સારી રીતે પ્રસન્ન થાય, અને જેનાથી દરેક ભૂતપ્રાણીનું કલ્યાણ પણ હોઇ શકે.

ભાવાર્થ:—અમે તમને આનો કોઈ પણ પ્રકારનો બદલો આપીએ તેવી ઇચ્છા તમને નથી, તે માટે **साधो** એવું સંબોધન કરેલું છે. તેમાં પારકાનાં દુઃખને દૂર કરવું એ તો સાધુ પુરુષનું જરૂરીનું કાર્ય છે, આવો ભાવ છે.

બીજાને માટે કહેલા અથવા અન્ય પ્રસંગે કહેલા સાધનની જરૂર નથી, તે બતાવવા કહે છે કે એવા દોષમાં અહીં પણ ઘણાં સાધનો હોય તો તેમાંથી જે સારરૂપ હોય તે સારી રીતે ગ્રહણ કરીને કહેવું. જ્યાં **यद्** શબ્દ આવે છે ત્યાં 'તે તે' શબ્દ આવે જ છે. આમ 'તે'નો નિત્ય સંબંધ હોવાથી મૂળમાં **तद्** શબ્દ મૂકેલ છે. તેથી **यद्** શબ્દનો અર્થ જે ઉપરથી મૂકયો છે, તેમાં દોષ નથી. માટે જે પ્રસિદ્ધ અને સારરૂપ હોય તે કહો કે જેમાં પરંપરાથી પ્રાપ્ત થતા ફળમાં ઊણપ ન આવે. 'સારરૂપ કહો' તેમાં એકવચનનો પ્રયોગ કરવાથી તેના જેવું બીજું કોઈ ન હોઈ શકે તેવું, અને સરલતાથી સમજી શકાય તેવું કહો, તેમ કહ્યું છે.

શાસ્ત્રોમાં જે કરવાનું હોય છે, તેનાં જુદાં જુદાં પ્રકરણો બાંધેલાં હોય

છે; તેથી જો કે બધી હકીકત પ્રકરણોમાં સારી રીતે લખેલી છે તો પણ તે તે સ્થળેથી જુદી કરીને કહો. તે બતાવવા સારુ **समुद्धृत्य**નો પ્રયોગ કર્યો છે. તેથી પ્રકરણોમાં તે તે ધર્મો રહેલા છે તે સિદ્ધ થાય છે.

બુદ્ધિથી જુદું કરીને કહેવાનો આશય એવો છે કે તે બુદ્ધિથી જ જુદું થઇ શકે તેમ છે, બીજી કોઈ કૃતિથી નહિ. તેમાં પણ **मनीषा** શબ્દ કહ્યો છે. મનની ચંચલતાને દૂર કરનારી બુદ્ધિને "મનીષા" કહેવાય છે. તેથી સ્થિર ચિત્તથી કહો, એવો અભિપ્રાય છે. **ब्रूहि** એ આજ્ઞાર્થનું રૂપ હોવાથી પ્રાર્થના કરે છે, અથવા તે કહેવાનો સમય પ્રાપ્ત થયો છે, એમ સૂચવે છે. કલ્યાણરૂપ કહો, એટલે ત્રણ પ્રકારનાં દુઃખને દૂર કરીને મહાસુખની પ્રાપ્તિ થાય તેવું કહો, એવો આશય છે.

તેવું મહાસુખ તો પ્રભુની કૃપાથી પ્રાપ્ત થઈ શકે; તો જેનાથી પ્રભુ પ્રસન્ન થાય તે જ કહો. **भूतानाम्** એ પદથી ભૂતપ્રેત પિશાચની માફક જીવો ભટકે છે. તેઓના ઉદ્ધાર માટે દયા બતાવી છે. (૧૧)

એવી રીતે ફળ અને સાધનના બે પ્રશ્નોનું નિરૂપણ કર્યું. ત્યાં ભૂતલ ઉપર પ્રકટ થયેલા ભગવાન જ ફળ અને સાધન છે, એવી શંકા કરીને ભગવાનનો અવતાર લોકોના માટે છે કે પોતાને માટે છે, એવો સંદેહ થતાં અવતારનું પ્રયોજન પૂછે છેઃ

सूत जानासि भद्रं ते भगवान्सात्वतांपतिः ।
देवक्यां वसुदेवस्य जातो यस्य चिकीर्षया ॥१२॥

શબ્દાર્થ:—હે સૂત, દેવતા અને મુક્ત પુરુષોના પતિ ભગવાન્, વસુદેવજીનાં સ્ત્રી દેવકીજીમાં જે કાર્ય કરવા સારુ પ્રકટ થયા છે તે તમે જાણો છો? (હા.) તમારું કલ્યાણ થાઓ.

ભાવાર્થ:—આ વાત તો ઘણી જ ગૂઢ છે તેથી કોણ જાણે ન જાણતા હોય, તેવા સંદેહથી સૂત પૌરાણિકને પૂછે છે કે તમે જાણો છો? ત્યારે સૂતજીનું પ્રસન્ન મુખકમળ જોઇને તે જાણે છે, એમ નિર્ધાર કરીને હર્ષથી આશીર્વાદ આપ્યો કે તમારું કલ્યાણ થાઓ. મોટો જ્ઞાનનો ઉપદેશ આપે ત્યારે તેને દક્ષિણા આપવી જોઇએ; તેથી અહીં આશીર્વાદરૂપ દક્ષિણા છે.

અમે સાંભળ્યું છે કે શ્રીદેવકીજીના ઉદરમાં શ્રીકૃષ્ણભગવાન પ્રકટ થયા છે. ત્યાં શંકા થાય છે કે છ ઐશ્વર્યથી યુક્ત ભગવાનને કેવળ બ્રહ્માજીનું કાર્ય જ સિદ્ધ કરવા માટે દેહના સંબંધની જરૂર નથી; તેમ જીવના ધર્મો (દેહસંબંધાદિ) તો ભગવાનમાં છે જ નહિ; તેમ પ્રભુના પ્રાદુર્ભાવનો પ્રકાર તો જીવોની માફક છે; એટલે સંદેહ થાય છે. પ્રભુ સાત્વતના પતિ છે. તેઓને છોડી સંસારી મનુષ્યોને ત્યાં પ્રભુ શી રીતે પ્રકટ થયા? તેમ તે દેવતા અને મુક્તા-

તમાના પતિ હોવાથી તેનો પરિત્યાગ કરવો અયોગ્ય છે. વળી દેવતા અને સનકાદિ મુક્ત પુરુષો પણ બ્રહ્માજીના દેહથી અથવા મનથી ઉત્પન્ન થાય છે, સ્ત્રીમાં ઉત્પન્ન થતા નથી. તેમાં પણ કોઈકની કન્યામાં ઉત્પન્ન થાય નહિ. શ્રીકૃષ્ણ તો દેવકની કન્યા દેવકીમાં ઉત્પન્ન થયા છે; એટલે જળમાં નારાયણ ભગવાનની માફક પ્રકટ થયા નથી. તેમાં પણ વિશેષ એ છે કે વસુદેવજીની સ્ત્રી દેવકી તો પરાધીન છે. ભગવાનના અવતારમાં સ્ત્રી વગેરેનો વિશેષ સંબંધ નથી, પણ કેવળ સંબંધ માત્ર છે, તે બતાવવા સારુ **वसुदेवस्य** એમ સંબંધના અર્થમાં છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ કર્યો છે. તેથી ઐશ્વર્યસંપન્ન ભગવાનને પરાધીન થયેલાં દેવકીજીને ત્યાં અવતાર લેવામાં શું પ્રયોજન છે?

ત્યારે ઉપર જણાવ્યા પ્રમાણે ભગવાન્ પ્રકટ થયા હશે નહિ? તેમ થયા પણ નથી; કારણકે પ્રકટ થયા છે એમ સહુ કોઇ જાણે છે. ત્યારે કંસાદિકના વધ કરવા માટે પ્રકટ થયા છે એમ પણ ન કહેવાય; કેમકે તે તો બીજા કોઇથી પણ થઈ શકે તેમ હતું; માટે જે કાર્ય કરવાની ઈચ્છાથી ભગવાન્ પ્રકટ થયા છે, તે અમને કહો. આ પ્રમાણે સંબંધ છે. આવી રીતે સાધારણ પ્રયોજન અને કાળાદિકથી ભગવાને શું અવતાર લીધો હશે, વગેરેનું નિરાકરણ કરેલું છે. (૧૨)

तन्नः शुश्रूषमाणानामर्हस्यङ्गानुवर्णितुम् ।
यस्यावतारो भूतानां क्षेमाय च भवाय च ॥१३॥

શબ્દાર્થ:—હે અંગ, અમે બધા સાંભળવાની ઇચ્છાવાળા છીએ. તેઓને તમે તે હકીકતનું વર્ણન કરવાને યોગ્ય છો; જે ભગવાનનો અવતાર પ્રાણીઓનાં ઐહિક સર્વ સુખ માટે અને મોક્ષ માટે છે.

ભાવાર્થ:—કેટલાક કારણથી પ્રભુના અવતારમાં પ્રયોજન છે જ; પરંતુ તે પ્રયોજન યોગબલથી જાણી શકાય, તેવી શંકાનું નિરાકરણ કરે છે કે અમો ઘણા છીએ. તેઓની સાંભળવાની ઈચ્છા પૂર્ણ કરવા માટે તમારે કહેવું જોઇએ. સાંભળવાની ઇચ્છા યોગ વડે નિવૃત્ત થઈ શકતી નથી. તેમ જ દરેકથી યોગ થઇ શકે પણ નહિ. અથવા સાક્ષાત્ શ્રીભગવાનના વાકય સિવાય ભગવદીય પદાર્થ સમજી શકાય નહિ. તેથી સાક્ષાત્ અથવા પરંપરાથી ભગવાનના શ્રીમુખથી કહેલું હોય અથવા ગુરુના મુખથી સાંભળેલું હોય, તે હવે પછીથી કહેવાને તમે યોગ્ય છો. જે કાંઈ ભણેલું હોય તે કોઇને પણ અવશ્ય કહેવું જોઇએ. એમ મંત્રાદિકમાં પણ વ્યવહાર છે; તોપણ અધિકારી હોય તેને કહેવું. તેથી સાંભળવાની પૂર્ણ ઈચ્છાવાળા હોય તે જ અધિકારી હોવાથી અવશ્ય કહેવું જોઇએ. તમે અમારું અંગ છો. અંગ સ્વાધીન હોય છે, તે બતાવવા સારુ કોમળ "અંગ" એવું સંબોધન કર્યું છે. ભગવાનના પ્રકટ થવામાં

જે અસાધારણ પ્રયોજન હોય, તે અમે પૂછીએ છીએ. અસાધારણ પ્રયોજન તો સમજી શકાય છે, તે બતાવવા માટે પ્રથમ અવતારદ્વારા રૂપનું પ્રયોજન કહે છે કે જે ભગવાનનો સામાન્યપણે થયેલો અવતાર પણ દેવતા, પશુઓ અને મનુષ્યાદિકમાં અલૌકિક તેજ લાવવા માટે છે, અને ઉત્પન્ન થયેલાં સ્થાવરજંગમ પ્રાણીઓના આ લોક સંબંધી દરેક સુખ માટે છે. અને મૂળમાં ચકાર અવ્યય હોવાથી દરેક દુઃખની નિવૃત્તિ અને મોક્ષ પણ ભગવાનના અવતારથી થાય છે. બીજા ચકારથી અવિદ્યાની નિવૃત્તિ બતાવી છે.

भवाय શબ્દમાં **भू** ધાતુ સત્તાવાચક હોવાથી સત્તામાત્રપણું સિદ્ધ કર્યું છે અથવા વ્યાસસૂત્રમાં કહ્યું છે કે "વેદમાં સૈંધવના દૃષ્ટાંતથી આત્માને જ્ઞાનઘન કહ્યો છે; માટે ચિદ્રૂપ બ્રહ્મમાં જીવ પણ ચિદ્રૂપ થઈને દરેક ભોગવે છે. તેથી ચૈતન્યમાં જીવનો અનુપ્રવેશ થાય છે એમ પણ ચકારનો અર્થ થાય છે. (૧૩)

આવી રીતે દરેકના ઉદયરૂપ કલ્યાણ માટે ભગવાનનો અવતાર છે, એમ કહ્યું. હવે ઉત્પન્ન થનારા જીવોને તો પ્રભુના નામ વડે જ સિદ્ધિ થાય છે, તેથી પ્રભુના નામનું માહાત્મ્ય કહે છેઃ

आपन्नः संसृतिं घोरां यन्नाम विवशो गृणन्।
ततः सद्यो विमुच्येत यद् बिभेति स्वयं भयम् ॥१४॥

શબ્દાર્થ:—ભયંકર યોનિને પ્રાપ્ત થયેલો, અથવા પરાધીન બનેલો જીવ પ્રભુના નામનું ઉચ્ચારણ કરે છે તો તેથી જલદી મુક્ત થઇ જાય છે; કેમકે પ્રભુના નામથી ખુદ ભય પણ ભય પામે છે.

ભાવાર્થ:—સર્પ વ્યાઘ્ર વગેરે યોનિમાં જન્મ લઇને અથવા મહારોગથી ગ્રસ્ત થયેલો જીવ પરવશ થઇને, તથા કાલને વશ થઇને જે પ્રભુના નામના ઉચ્ચાર થવાની સાથે જ તે યોનિથી જલદી મુક્ત થઇ જાય છે; ત્યાં અંતકાલ વખતે–કાલનો અધિકારી કોઈ એક ભય નામનો આવીને મૃત્યુના પાશથી દરેકને પકડી લે છે, જે પ્રસંગ ચતુર્થ સ્કંધમાં પુરંજનના આખ્યાનમાં આવશે, તેવા તે કાલના પાશથી, નામ લેનાર જીવ મુક્ત થાય છે. ભગવન્નામના કેવળ ઉચ્ચાર વડે જ પાશથી શી રીતે મુક્ત થવાય, તેવી શંકાનું સમાધાન કરે છેઃ ભય પોતે જ ભગવાનના નામથી ડરે છે, અર્થાત્ પોતાના સ્વરૂપનો નાશ થઈ જશે, તેવા ભયથી ડરે છે; કાંઈ બહારના પદાર્થનો નાશ થઈ જશે, તેથી ભય બીતો નથી.

આવી રીતે ભગવાનના નામનું માહાત્મ્ય જે સાંભળનારા છે તેને મુક્ત કરે છે. તેથી ભય પણ મુક્ત થઈ જાય છે, અથવા સ્વરૂપાત્મક ભય પણ મુક્ત થઇ જાય છે; એટલે દ્વૈતદૃષ્ટિ જતી રહે છે; કારણકે વેદમાં કહ્યું છે કે

"દ્વૈતભાવથી ભ્રમ થાય છે" માટે આગળ ઉત્પન્ન થનારા જીવોની ભગવાનના નામથી મુક્તિ થાય છે. (૧૪)

હવે નામોચ્ચાર કરવામાં અસમર્થ એવાં વૃક્ષ–પક્ષી–પશુ વગેરેની શી ગતિ થશે ? એવી શંકાનું નિવારણ કરે છેઃ

यत्पादसंश्रयाः सूत ऋषयः प्रशमायनाः ।

सद्यः पुनन्त्युपस्पृष्टाः स्वर्धुन्यापोऽनुसेवया ॥१५॥

શબ્દાર્થ:—હે સૂત, જે પ્રભુના ચરણનો આશ્રય કરનારા શાંતિવાળા ઋષિઓ સમીપમાં સ્પર્શ કરવાથી જલદી પવિત્ર કરે છે, જેમ ગંગાજીનું જળ સેવા કરનારાઓને પવિત્ર કરે છે.

ભાવાર્થ:—નામોચ્ચારણ કરવામાં જેનું સામર્થ્ય નથી, તેવાં પશુપક્ષ્યાદિક પણ ભક્તના સ્પર્શથી મુક્ત થઈ જાય છે; કારણકે ભક્તોને તો પ્રભુના ચરણકમળનો સારી રીતે આશ્રય હોય છે. ભગવાનનો આશ્રય જ્ઞાનમાર્ગમાં પણ થાય છે, તો પણ જ્ઞાનીઓને દેહાધ્યાસ ન હોવાથી, તેનો સ્પર્શ કરવાથી મુક્તિ થતી નથી, તેના તો ઉપદેશથી મુક્તિ થાય છે. તે માટે ભગવાનના ચરણનો આશ્રય કહેલો છે. ચરણનો આશ્રય ભક્તિમાર્ગમાં જ છે. પોતાની મોટાઇ છોડીને દૈન્યભાવથી આશ્રય કરવો તે બતાવવા માટે **संश्रय** પદનો પ્રયોગ કર્યો છે. **सूत** એવું સંબોધન પવિત્રતાનો અનુભવ કરવા માટે છે. એથી "સૂત" હોવા છતાં પણ મહાપુરુષોની કૃપાથી બ્રાહ્મણોની સાથે યજ્ઞયાગાદિકમાં પણ સારી રીતે વ્યવહાર કરે છે. મંત્રને જોનારા ઋષિઓ અને ઉત્તમ શાંતિનો આશ્રય કરનારા જ્ઞાનીઓ પણ ભગવાનના ચરણારવિંદમાં એક આશ્રયવાળા થઇને પવિત્ર કરે છે. અથવા ભગવાનના ચરણનો જ આશ્રય કરનારા ઋષિઓ જ્ઞાનયુક્ત થઇને તેમ જ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિને પ્રાપ્ત કરીને, દરેકને પવિત્ર કરવાના કારણરૂપ થાય છે; અર્થાત્ પોતે શુદ્ધ થઇને બીજાઓને પવિત્ર કરે છે. એટલા માટે પોતાની શુદ્ધિ સારુ જ્ઞાન અને કર્મ કહ્યાં છે, પણ બીજાને પવિત્ર કરવામાં જ્ઞાન અને કર્મનો સંબંધ નથી.

સમીપમાં દેહનો કેવળ સંબંધ થવાથી જ પવિત્ર કરે છે, આવો અભિપ્રાય છે. સમયના વ્યવધાનથી દરેક સ્થળે પવિત્રતા દેખાય છે. કહ્યું છે કે "ત્રણ વખત વેદનું અધ્યયન કરે અથવા ત્રણ વખત ગાયત્રીનું અધ્યયન કરે તો એક જ વર્ષમાં પોતાના આત્માને પવિત્ર બનાવે છે." તેમ કરતાં સમય લાગે છે. અને ભક્તો તો તરત તૂર્ત પવિત્ર કરે છે.

मुनयः એવા પાઠમાં મનન કરનારા અથવા કર્મયોગ કરનારા, એવો અર્થ થાય છે. ક્રૂરતા વગેરેથી સ્પર્શ ન કરવો જોઇએ તે માટે **उप** (સમીપમાં) ઉપસર્ગ મૂકયો છે, અથવા આગળ ઉપર સંબંધ થાય છે તેમ તે બતાવે છે. તેવા ભક્તોની દૃષ્ટિથી પવિત્રતા થાય છે. એટલે ભગવાનના આશ્રિતો તરત જ પવિત્ર

કરે છે. પણ સ્પર્શ કરાયેલ ગંગાજળ તો ભગવત્સેવા કરનાર સેવકને જ પવિત્ર કરે છે. અષ્ટમસ્કંધના પ્રથમાધ્યાયમાં કહ્યું છે કે "ગંગાદિક તીર્થો જેમ મદિરાના ઘડાને પવિત્ર કરી શકતાં નથી, તેમ પ્રભુથી વિમુખ થયેલાને અનેક પ્રાયશ્ચિત્તો મુક્ત કરી શકતાં નથી." જો કે ગંગાજીનું જળ શીઘ્ર પવિત્ર કરે છે; તે પણ પ્રભુને સન્મુખ કરીને પવિત્ર કરે છે. અથવા પ્રભુના સન્નિધાનમાં સ્પર્શ કરાયેલ ગંગાજી જલ્દી પવિત્ર કરે છે એમ દૃષ્ટાંત છે. તેમ તેનો અર્થ વિતર્ક કરવાનો થાય છે, એટલે ભગવાનના ભક્તો અને ગંગાજી પવિત્ર કરે છે. તે પ્રભુની સેવાથી પવિત્ર કરી શકે છે, બીજા કોઇપણ પ્રકારથી નહિ. ઉપર ઉપરથી પવિત્ર કરવાનો અભિપ્રાય અહીં નથી, પણ ખરેખરી પવિત્રતા તો માયાનો સ્પર્શ છૂટી જાય ત્યારે છે. તે ભગવત્સેવાથી જ થઈ શકે છે. (૧૫)

આવી રીતે અઢી શ્લોકથી ભગવાનના રૂપ અને નામના સંબંધનું માહાત્મ્ય કહેવાયું. ત્યાં શંકા થાય છે કે ભગવાનનું શાસ્ત્ર જાણ્યા વગર આ કેવી રીતે થયું? અને જાણતા હોય તો પછી પ્રશ્ન ન થઈ શકે? તેનું નિરાકરણ કરતાં કહે છેઃ

को वा भगवतस्तस्य पुण्यश्लोकेड्यकर्मणः ।
शुद्धिकामो न शृणुयाद् यशः कलिमलापहम् ॥१६॥

શબ્દાર્થ:—પુણ્ય યશસ્વી પુરુષો વડે સ્તુતિ કરવા યોગ્ય જેનાં કર્મ છે, તે ભગવાનનો યશ કલિયુગના પાપને નાશ કરનારો છે. તેવા યશને શુદ્ધિની ઇચ્છાવાળો કયો પુરુષ ન સાંભળે?

ભાવાર્થ:—ભગવાનના યશનું શ્રવણ કરવાથી નામરૂપનું માહાત્મ્ય અમારા હૃદયમાં પોતાની મેળે જ સ્ફુર્યું છે. એથી સામાન્યપણે તો તે જાણીએ છીએ, પણ વિશેષ જાણવા માટે આ પ્રશ્ન છે. જો કે ભક્તિ ન હોય તો કેવળ પોતાના પુરુષાર્થ વડે પ્રભુના યશનું શ્રવણ થતું નથી, તોપણ સન્માર્ગમાં રહેનારાઓને શુદ્ધિની જરૂર છે. તે માટે શ્રવણ કરવું જોઇએ. તેમાં યે કલિયુગ તો દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ એ છએને અશુદ્ધ કરનાર હોવાથી શ્રવણ કરવું જ જોઇએ. પરાધીન હોય તેનાથી શ્રવણ ન થઈ શકે. માટે પરતંત્રપણું દૂર કરવા કોણ ન સાંભળે? અર્થાત્ દરેક સાંભળે. **वा** અવ્યય અનાદર બતાવનાર છે. એટલે દૈત્યોના અંશો પ્રભુને સાંભળનાર નથી જ; તેથી તેની ગણના કરવાની નથી. પોતાની મેળે જ સર્વોત્તમ પ્રભુથી જ જીવોની શુદ્ધિ છે. તેથી ભગવાનનો યશ કહેલો છે. પ્રકટ થયેલાઓનો યશ સુલભ હોઇ શકે છે, તે માટે મૂળમાં **तस्य**નો પ્રયોગ કર્યો છે.

લૌકિક સ્વામીની સ્તુતિની માફક—અર્થાત્ જે જેનું અન્ન ખાતો હોય તે તેની સ્તુતિ કરે, તે પ્રમાણે અહીં નથી; કારણકે પુણ્ય કીર્તિવાળા ભક્તો જ

પ્રભુની સ્તુતિ કરે છે. અર્થાત્ કીર્તન કરનારાઓની કીર્તિ પણ જ્યાં સાંભળે પવિત્ર કરે છે, તો પછી ત્યાં કીર્તન દરેકને પવિત્ર કરે તેમાં શું કહેવું જોઇએ ?

અથવા સ્તુતિરૂપ કર્મ કરનારાઓને પવિત્ર કરે છે. અથવા તેઓને પછી પવિત્રપણાની જરૂર પણ રહેતી નથી. આમ કહેવાથી કીર્તિ કેવળ પવિત્ર પુરુષોમાં જ સ્થિર થઇને રહેલી છે, એમ સમજાવ્યું છે. સામાન્ય કર્મો લખ્યાં છે; તેથી તેની મહત્તા બતાવનાર કર્મ ન હોય, અને કેવળ સાધારણ કર્મ હોય તો તે પણ કરે છે.

પુણ્યશ્લોક શબ્દના પ્રયોગથી એમ સમજાય છે કે કીર્તિવાળાઓની સાથે સંબંધ ઘણે ભાગે દરેકને હોય છે. અને તેવા કીર્તિવાળા મહાનુભાવો ભગવાનનું જ કીર્તન કરે છે. આ જ કારણથી ભગવાનની કીર્તિનું શ્રવણ સુલભ થઈ શકે છે. જ્યાં પ્રભુના યશનું શ્રવણ કરવાથી ઉપર ઉપરથી શુદ્ધિ થાય છે તો પછી ખાસ શુદ્ધિની ઇચ્છાવાળો પુરુષ શા માટે શ્રવણ ન કરે ?

જેનું વર્ણન થાય તેની મોટાઇને બતાવનાર, અને સર્વ લોકોને આનંદ આપનાર, એવા જગતમાં ફેલાયેલા ગુણને કીર્તિ કહેવાય છે. અને તેનું નામ જ યશ છે. કલિયુગમાં સર્વે મનુષ્યો પાપરહિત નથી, માટે તેનાથી કલિયુગના દોષની નિવૃત્તિ થતી નથી. અને ભગવાન તો કાળથી પણ પર છે, તેમ તેમની કીર્તિ પણ તેવી છે. તેથી કલિયુગના દોષને નિવૃત્ત કરે છે. (૧૬)

આમ ભગવાન્ શા માટે પ્રકટ થયા, તેનું પ્રયોજન કહીને હવે તેમના કર્મનો પ્રશ્ન કરે છેઃ

तस्य कर्माण्युदाराणि परिगीतानि सूरिभिः ।
ब्रूहि नः श्रद्दधानानां लीलया दधतः कलाः ॥१७॥

શબ્દાર્થઃ—કવિઓએ ચોતરફ ગાયેલાં એવાં ભગવાનનાં ઉદાર કામો, સાંભળવા માટે શ્રદ્ધાવાળા એવા અમોને કહો; કારણકે તે પ્રભુ લીલા વડે બુદ્ધી બુદ્ધી કલાઓને ધારણ કરનારા છે.

ભાવાર્થઃ—પ્રભુને પ્રકટ થવાનું પ્રયોજન સાંભળેલું છે. તેને હૃદયમાં આવવા માટે ચરિત્રોને જ પૂછે છે. ચરિત્ર સાંભળવાથી જે ફળ થાય, તે ભગવાને દેવું જોઇએ, એમ પણ નથી. અને બીજું ફળેલ કર્મ છે. તે પાત્ર અપાત્રનો વિવેક કર્યા વગર જ અલ્પને પણ ઘણું આપે છે; તે બતાવવા માટે કર્મને ઉદાર કર્યા છે. અને 'ઉદાર' વગેરે 'કર્મ'નાં વિશેષણો છે, તે કર્મનું સ્વરૂપ બતાવવાનાં નથી, કર્મના ઉદ્દેશથી જ ઉદારતા વગેરે રહેલાં છે, તેનું વિધાન કરે છે; કારણકે **कर्माणि** એ વિશેષ્યપદ પ્રથમથી જ મૂકયું છે. બીજું અવાંતર ફલની પ્રાપ્તિ માટે કર્મનું ઉદારપણું બતાવ્યું છે. બાકી મુખ્ય ફળ તો ભગવાનથી જ મળી શકે છે. તે પ્રભુનાં ચરિત્ર અજાણ્યાં નથી. તે માટે "કવિઓએ ચોતરફથી

ગાયેલાં છે" એમ કહ્યું છે. તેથી દૂરથી પણ શ્રવણ થઈ શકે છે; કારણ કે મોટા પુરુષો કવિઓ બીજી રીતે કહે જ નહિ ! ત્યારે શૌનકાદિક ઋષિઓને પણ ભગવાનનાં ચરિત્રો સુલભપણે સંભળાય છે; તેથી સૂતને કહેવાની જરૂર નથી; એવી શંકાનું નિરાકરણ કરે છે કે અમે તો શ્રદ્ધાવાળા છીએ. શ્રદ્ધા વડે વારંવાર શ્રવણ કરવાની ઇચ્છા બતાવી છે. કયારે પણ પ્રભુચરિત્ર સાંભળતાં અરુચિ થશે નહિ, તેવા અભિપ્રાયથી કહે છેઃ "લીલા વડે જુદી જુદી કલાને ધારણ કરનાર પ્રભુનાં ચરિત્રો કહો." એટલે વગર મહેનતે આનંદથી જે ચેષ્ટા કરાય તેને લીલા કહે છે. તે લીલા વડે ભગવાન્ ક્ષણક્ષણમાં નવી નવી કલાને ધારણ કરે છે. તેમ ચંદ્રની માફક ભગવાનનાં ચરિત્રોને પણ નવી નવી કલા કરવાનો સંબંધ હોય છે; તેથી કયારે પણ અરુચિ થતી નથી. આ વિશેષણ પૂર્વમાં કહેલા ચરિત્રકથનને સિદ્ધ કરનારું છે. (૧૭)

આવી રીતે એક પ્રારંભથી ભગવાનને પ્રકટ થવાનું પ્રયોજન અને ચરિત્ર પૂછયું છે; હવે જુદા ક્રમથી અવતારની કથા પૂછે છેઃ

अथाऽऽख्याहि हरेर्धीमन्नवतारकथाः शुभाः ।
लीला विदधतः स्वैरमीश्वरस्याऽऽत्ममायया ॥१८॥

શબ્દાર્થ:—હે બુદ્ધિમાન સૂત, પોતાની માયા વડે લીલાઓને ધારણ કરનાર અને ભક્તોનાં દુઃખોને દૂર કરનારા ઇશ્વરની મંગળકારી અવતારકથાઓ હવે પછી કહો.

ભાવાર્થ:—જો કે પ્રભુના કેટલાક અવતારો તે તે આખ્યાનોમાં સાંભળેલા છે, તો પણ એક ક્રમથી દરેક અવતારો વિશેષે કરીને જાણવા જોઇએ;માટે ઉત્સાહથી જુદો પ્રશ્ન કર્યો છે. अथ અવ્યયથી જુદો ઉપક્રમ બતાવ્યો છે. ભગવાનના અવતારમાં સાધારણ રીતે પારકાના દુઃખને દૂર કરવાનું નિમિત્ત ખાસ કરીને હોય છે; તે બતાવા માટે **हरि** પદ મૂકેલું છે. અવતારનું સ્વરૂપ સમજી શકાય તેવું ન હોવાથી તેનું જ્ઞાન દરેકને હોતું નથી; તે સારુ વિશેષ સંબોધન આપ્યું છે કે 'તમે બુદ્ધિવાળા છો'.

અવતારોની કથા એટલે કેવી રીતે અવતાર ? કોનો અવતાર ? કયે સ્થળે અવતાર ? અને શા માટે અવતાર ? એવી રીતે ચાર પ્રકારની કથા, વક્તા, શ્રોતા, અને પ્રવૃત્તિ કરાવનારને શુભ ફળ આપનાર છે. લોકમાં પણ પુત્રજન્મ થયાની વાત જેમ શુભ છે, તેમ કથા પણ ખરેખર શુભ છે. તેમાં પણ અવતારોમાં જે પોતાની ઇચ્છાથી વિહાર કરેલા હોય, તે અવતારો કહેવા જોઇએ, અને જે અવતારોમાં મર્યાદાને છોડીને પણ લીલા કરેલી હોય, તે અવતારો કહેવાના છે. તેમ કરવામાં પોતાનું સર્વ સામર્થ્ય બતાવવા માટે 'ઇશ્વર' છે એમ બતાવ્યું છે.

સર્વ થઇ શકાય તેવા સામર્થ્યને માયા કહે છે. તે બીજી રીતે કરવામાં, અને દોષ ન થવામાં, કારણપણે બતાવેલી છે. પોતાની માયા હોવાથી, બીજાઓ તેને જાણી શકે નહિ અને તેનું ઉલ્લંઘન પણ કરી શકે નહિ. (૧૮)

આવી રીતે વિશેષે કરીને સર્વ અર્થ જાણનારાઓને ચરિત્રનું શ્રવણ કરવાથી શું થાય, એવી શંકાનું સમાધાન કરે છેઃ

वयं तु न वितृप्याम उत्तमश्लोकविक्रमे ।
यच्छृण्वतां रसज्ञानां स्वादु स्वादु पदे पदे ॥१९॥

શબ્દાર્થઃ—અમે તો ઉત્તમ પુરુષોએ જેનાં ગુણગાન કરેલાં છે, તેવા પ્રભુના પરાક્રમમાં તૃપ્ત થતા નથી; કેમકે જેનું શ્રવણ કરનારા તેનો રસ જાણતા હોય તો તેને પદ પદમાં અધિક રસાસ્વાદ મળે છે.

ભાવાર્થ:—જે ભગવાનની કથાના સ્વરૂપને ન જાણતા હોય તે થોડો સમય સાંભળીને પાછા ફરે છે; પરંતુ અહીં તો કથારસને જાણનાર કયારે પણ પાછો ફરતો નથી. માટે તૃપ્ત થઇને પાછા ફરતા હોય તે સુખેથી પાછા ફરો; પરંતુ અમો તો પ્રભુની કથામાંથી નિવૃત્ત થવાના નથી જ.

અમો શા માટે નિવૃત્ત થઇએ ? કારણકે આનાથી બીજો કોઇ ઉત્તમ રસ હોય અથવા આ રસ ન મળે, અથવા આ રસનું જ્ઞાન ન હોય એમ ત્રણ પ્રકારે નિવૃત્તિ થઈ શકે છે. તેમાં પહેલા બે પ્રકારનું નિરાકરણ કરે છેઃ

ઉત્તમશ્લોક પ્રભુના પરાક્રમમાં અમે નિવૃત્ત થતા નથી; કારણકે બ્રહ્માનંદના અનુભવવાળા, ઉત્તમ મુક્તપુરુષો પણ પ્રભુનું ગાન કરે છે. તે વૃત્તાંત પ્રથમસ્કંધના સપ્તમાધ્યાયમાં **इत्थंभूतगुणो हरिः** તે સ્થળે વિસ્તારથી કહેવાશે કે મુનિઓ આત્મારામ છે. તેને ગ્રંથ ભણવાની પણ જરૂર નથી; તો પણ તેઓ પ્રભુની નિષ્કામભક્તિ કરે છે. એવા પ્રભુના જ ગુણો છે. તેથી ભગવાનના કથારસથી બીજો કોઈ અધિક રસ નથી જ. બ્રહ્માનંદનો રસ પણ ન્યૂન છે. આથી દુર્લભપણું પણ નિવૃત્ત કરેલું છે. તે તો **विक्रम** એટલે વિશેષથી ચરણને પધરાવવાં, તે જ્યાં હોય તેને પરાક્રમ કહેવાય. તે પરાક્રમમાં ક્રિયાશક્તિનો વિશેષ આવિર્ભાવ છે. તે દરેક સ્થળે પૂર્ણ છે. તેથી તે દુર્લભ નથી; એટલે પ્રભુચરિત્રથી નિવૃત્ત થવામાં જે પ્રથમ બે કારણ બતાવ્યાં હતાં, તેમાંનું એક પણ અહીં નથી. હવે ત્રીજા કારણનું નિરાકરણ કરે છે કે "સાંભળનાર રસજ્ઞને પ્રત્યેક પદમાં અધિક આનંદ ઉપજે છે;" એટલે રસનું જ્ઞાન શ્રવણથીજ થાય છે. જેમ લોકમાં ક્ષુદ્ર વિદ્યાઓમાં ઇચ્છાની નિવૃત્તિ થતી નથી પણ તે અલ્પ હોવાથી ઉદરપૂરણ વડે નિવૃત્તિ થાય છે, તેમ શ્રવણમાં વિશેષપણું બતાવ્યું છે; કારણ કે શ્રવણ વડે ગ્રહણ કરાયેલા રસનું માપ થઈ શકતું નથી. તેથી રસના જાણકારો દરેક રીતે રસથી નિવૃત્ત થતા નથી; કારણ કે આ રસ ઉત્તમોત્તમ હોવાથી પોતે જ રસજ્ઞોને નિવૃત્ત થવા દેતો નથી. વળી

જેવો જેનો અધિકાર તે પ્રમાણે અહીં રસનો આવિર્ભાવ થાય છે. જેમ જેમ અજ્ઞાન નિવૃત્ત થાય છે, તેમ તેમ ભગવદ્રસનો સ્વાદ આવતો જાય છે; જેમ તાવવાળા પુરુષને તાવ ઊતર્યા પછી ધીરે ધીરે અન્નનો સ્વાદ આવે છે. જ્યારે ભગવાનની કથાનો રસ પ્રથમ પ્રાપ્ત થાય છે, ત્યારે તો શ્રોતામાં પૂર્ણ અવિદ્યા હોવાથી થોડો રસાસ્વાદ થાય છે. પછી પ્રથમ શ્રવણ કરવામાં કેટલીક અવિદ્યા નિવૃત્ત થઈ જાય તો બીજી વખતે અધિક રસ થાય છે. આમ ઉત્તરોત્તરે વિશેષ રસ પ્રાપ્ત થાય છે. અને જે દરેક રીતે મુક્ત હોય છે, તેને સર્વોત્તમ રસ પ્રાપ્ત થાય છે. તેમ જ પહેલાં પૂર્ણ વાક્યમાં ભગવાનની પ્રતીતિ થાય છે. પછી પ્રત્યેક વાક્યમાં અને પ્રત્યેક પદમાં પણ પ્રતીતિ થાય છે. એટલે પ્રકૃતિ અને પ્રત્યય સહિત દરેક શબ્દ ભગવાનનું જ વર્ણન કરે છે. તેથી અક્ષરના અર્થપણા વડે ભગવાનનું જ્ઞાન થાય ત્યારે અધિક રસ મળે છે. (૧૯)

હવે વિશેષપણાથી શ્રીકૃષ્ણાવતારની કથા સાંભળવી છે, એવા અભિપ્રાયથી કહે છેઃ

कृतवान्किल वीर्याणि सह रामेण केशवः ।
अतिमर्त्यानि भगवान् गूढः कपटमानुषः ॥२०॥

શબ્દાર્થ:—ગૂઢ કપટથી મનુષ્યાવતારને ધારણ કરનાર, એવા કેશવભગવાને, બલદેવજીની સાથે નિશ્ચયપણે પરાક્રમો કર્યા છે, જે સાંભળવાથી ફરીને મનુષ્યદેહનો સંબંધ રહેતો નથી.

ભાવાર્થ:—ભગવાનનાં પરાક્રમો પ્રસિદ્ધ છે, માટે **किल** અવ્યય આપેલ છે. અવસ્થા અને સાધનાદિક નહિ હોવા છતાં પણ પૂતનામારણાદિ પરાક્રમો કર્યા છે. તેથી આશ્ચર્યની સાથે પ્રસિદ્ધિ કહેલી છે. માટે શ્રીકૃષ્ણાવતારનાં પરાક્રમો ખરે અલૌકિક છે. વળી એક જ સ્થળે એક જ વખતે આવેશ અને અવતાર બન્ને સાથે મળીને પરાક્રમો કરાયાં નથી. અહીં તો બલદેવજીની સાથે હોવાથી, બન્ને સ્વરૂપોથી પરાક્રમો કર્યા છે.

વળી દરેક અવતારમાં બ્રહ્મા અને મહાદેવજી બન્ને દેવોને સુખ અપાયું નથી. તે બન્ને ગુણના અધિષ્ઠાતા દેવ હોવાથી તેઓને સ્પર્ધા (બરોબરી) વગેરે થવાનો સંભવ રહે છે. તેમ તેના માટે બીજા અવતારોમાં હિત કર્યું નથી. બાકી તેઓના ભક્તોનો વધ કર્યો છે, તેમાંનું અત્રે કાંઇપણ નથી, એ બતાવવા સારુ **केशव**પદનો પ્રયોગ કર્યો છે, એટલે બ્રહ્મા અને મહાદેવજી બન્નેને જેનાથી નિત્યસુખ થાય છે, અર્થાત્ તે બન્નેને પણ આનંદ આપનારા શ્રીકૃષ્ણ જ છે. પરાક્રમોની ઉત્તમતા કહે છે કે ભગવાનનાં પરાક્રમો સાંભળવાથી પાછો મનુષ્યના શરીરનો સંબંધ રહેતો નથી. અથવા મનુષ્યપણાને ઉલ્લંઘન

કરાવનારાં પરાક્રમો છે; કારણકે શ્રીકૃષ્ણ અવતાર નથી, તે તો સાક્ષાત્ ભગવાન્ હોવાથી કર ચરણ ઉદર વગેરે આનંદમય છે.

ત્યારે ભગવાનને શરીરનો સંબંધ શી રીતે હોઈ શકે ? તેનું નિરાકરણ કરે છે કે આ ભગવાન્ લોકમાં ગુપ્ત છે. પોતાના સચ્ચિદાનંદપણાનો પ્રકાશ કરતા નથી; કારણકે લોકોની બુદ્ધિમાં જેવી રીતે મોહ થાય, તેવા પ્રકારવાળા કપટથી મનુષ્યપણાને ગ્રહણ કર્યું છે. અને તેજ સ્વરૂપ મનુષ્યરૂપની માફક ભાસ કરાવે છે. માટે તમારે તે પ્રભુનાં ચરિત્રો કહેવાનાં છે; એમ સિદ્ધ કર્યું. (૨૦)

કથાશ્રવણ કરવામાં બે શ્લોક વડે પોતાના અધિકારનું નિરૂપણ કરે છેઃ

कलिमागतमाज्ञाय क्षेत्रेऽस्मिन् वैष्णवे वयम् ।
आसीना दीर्घसत्रेण कथायां सक्षणा हरेः ॥२१॥

શબ્દાર્થ:—કલિયુગ આવેલો જાણીને આ વૈષ્ણવ ક્ષેત્રમાં હરિભગવાનની કથા સાંભળવામાં સાવકાશ થયેલા અમો. ઘણા લાંબા સમયના યજ્ઞવડે બેઠેલા છીએ.

ભાવાર્થ:—કલિયુગમાં તો દરેક ધર્મની નિવૃત્તિ થયેલી હોવાથી જેમ સૂતકમાં મનુષ્યને અવકાશ છે, તેમ કલિયુગમાં અન્યધર્મનો અભાવ હોવાથી હમેશાં અવકાશ જ રહે છે. એટલે જ્યાંસુધી ધર્મ કરવાનો અધિકાર હોય છે, ત્યાંસુધી **ધર્મત્યાગ** થઈ જવાનો ભય હોવાથી, તે કર્મ કરવા માટે વ્યગ્રતા રહે છે. અથવા કર્મ કરવાં પડે છે. અને પોતાના અધિકારની મર્યાદાને ઉલ્લંઘન કરે તો ફરી ઘણું યે પાપ લાગવાથી ભગવાનની કથામાં રુચિ નિવૃત્ત થઇ જાય છે અને કથા ન જ સંભળાય. માટે તે દરેક દોષને દૂર કરનારો કલિયુગ છે. તે કલિયુગ આવતાં અમો પ્રભુની કથામાં સાવકાશ થયા છીએ. બીજા કોઈ સ્થળમાં કથા શ્રવણ કરવામાં તો દૈત્યોદ્વારા બુદ્ધિના નાશનો સંભવ રહે છે. અને તેમ બુદ્ધિનો નાશ થવાથી સાંભળેલું દરેક નષ્ટ થઈ જાય. તેમ ન થાય તે સારુ "આ વૈષ્ણવ ક્ષેત્રમાં આવ્યા છીએ," એમ કહ્યું છે. વળી અહીં યજ્ઞની વેદી હોવાથી પણ દૈત્યનો સંબંધ થઇ શકે તેમ નથી. તેથી પવિત્ર દેશનો નિર્દેશ કર્યો છે. ત્યારે કલિકાલાદિકનું સ્માર્તપણું હોવાથી તેનો વૈદિક વિચારથી શા માટે અધિકાર નથી ? તેવી શંકાનું સમાધાન કરે છે કે "અમો દીર્ઘ સત્રથી બેઠેલા છીએ." તેમ જ જેની યજ્ઞમાં દીક્ષા થઇ હોય છે, તેને બીજું કર્મો કરવાની નિવૃત્તિ વેદસિદ્ધ જ છે. અને તે દીક્ષા લીધેલા કર્મની સમાપ્તિ થાય ત્યારે પાછો તેને કર્મનો સંબંધ થાય છે. તે કારણ કે અમોએ દીર્ઘ (લાંબા) સત્રનો આરંભ કર્યો છે; માટે બીજા કર્મનો સંબંધ ન હોવાથી અમો દરેક રીતે અવકાશવાળા છીએ. જે કથાનો આરંભ થાય તો હજાર વર્ષનો સમય પણ ક્ષણની બરાબર થઇ જાય. તે બતાવવા માટે **ક્ષણ** પદનો પ્રયોગ કર્યો છે. એટલે દરેક સ્થળે સાવકાશ નથી, પરંતુ ભગવાનની કથા સાંભળવામાં જ સાવકાશ છીએ. (૨૧)

અહીં એક સામગ્રી ન્યૂન હતી તે પ્રભુએ મેળવી આપી છે. તે કહે છેઃ

त्वं नः संदर्शितो धात्रा दुस्तरं निस्तितीर्षताम् ।
कलिं सत्त्वहरं पुंसां कर्णधार इवार्णवम् ॥२२॥

શબ્દાર્થ:—દુઃખથી ન તરી શકાય એવા, અને મનુષ્યના ધૈર્યને હરણ કરનારા એવા કલિયુગને તરવાની ઇચ્છાવાળા અમોને, જેમ સમુદ્ર તરનારને કોઈ વહાણ ચલાવનાર નાવિક મેળવી આપે તેમ બ્રહ્માજીએ તમને મેળવી આપ્યા છે.

ભાવાર્થ:—સર્વને સર્જનાર ભગવાન્ અથવા કથારસને જાણનારા બ્રહ્માજીએ તમારો સમાગમ કરાવ્યો છે. તમે તો અમારા છો અને સ્વાધીન છો. કથા સિવાય કલિયુગ તરી શકાય તેવો નથી; દુઃખથી તરી શકાય તેવો છે. કથા વગરના પણ ઋષિઓ તો કલિયુગને તરી જશે, તેથી તમારામાં શો વિશેષ છે? ત્યાં ખુલાસો કરે છે કે કલિયુગ વિવેક, ધૈર્ય અને જ્ઞાનને હરનારો છે, એટલે સત્ત્વગુણ નિવૃત્ત થતાં, રજોગુણ અને તમોગુણથી લય અને વિક્ષેપ જ થાય. તેથી તેનું સર્વસ્વ નષ્ટ થઇ જતાં કળિયુગનું તરવું થશે નહિ, એવો અભિપ્રાય છે. ઇચ્છિત સમયમાં ઇચ્છિત દેશનો સંબંધ થતો નથી, જેમકે સમુદ્ર પાર કરવામાં નાવિક (પાર કરાવનાર) ન મળે, તેમ કલિયુગમાં ભગવાનની કથા કહેનાર ન હોય ત્યારે કલિયુગ તરી શકાય નહિ. (૨૨)

પહેલાં અમે ધર્મની સાથે રહેતા હતા. તે તો અમે અહીં આવ્યા અને કથામાં જોડાયા. હવે અહીં ધર્મની હકીકત કેવી છે, તે સમજાવો; એમ છઠ્ઠો પ્રશ્ન પૂછે છેઃ

ब्रूहि योगेश्वरे कृष्णे ब्रह्मण्ये धर्मवर्मणि ।
स्वां काष्ठामधुनोपेते धर्मः कं शरणं गतः ॥२३॥

શબ્દાર્થ:—યોગેશ્વર, બ્રાહ્મણોની રક્ષા કરનાર, અને ધર્મના કવચરૂપ શ્રીકૃષ્ણ ભગવાન્ વૈકુંઠમાં પધાર્યા, ત્યારે હાલમાં ધર્મ કોને શરણે ગયો છે?

ભાવાર્થ:—જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ધર્મની રક્ષા કરવા માટે તે ભગવાન અવતાર લે છે. ભગવદ્ગીતામાં પણ "**यदा यदा हि धर्मस्य**" એમ કહ્યું છે. તેમ જ "યોગવડે આત્માનું દર્શન કરવું. આ ઉત્તમોત્તમ લાભ છે," એ વાકયથી યોગ પણ ધર્મનો રક્ષક છે. તે યોગના ઈશ્વર પણ કૃષ્ણપ્રભુ છે. બ્રાહ્મણો પણ ધર્મનું પાલન કરે છે. એટલે તે યોગાવતાર અને બ્રાહ્મણરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ વૈકુંઠમાં પધાર્યા પછી ધર્મનું કોઇ સંભવિત સ્થાન રહ્યું નથી. તેમ જ ધર્મના કાર્યરૂપ ભગવાનના વિષયવાળી બુદ્ધિ વિદ્યમાન હોવાથી ધર્મ છે, એવી પ્રતીતિ જરૂર થાય છે. માટે ધર્મ કોને શરણે ગયો? એવો પ્રશ્ન થાય છે.૨૩

ઇતિ શ્રીભાગવત સુબોધિની-ભાવાર્થમાં પ્રથમ-સ્કંધમાં
હીનાધિકારપ્રકરણાંતર્ગત પ્રથમ અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૨ જો

દ્વિતીયાધ્યાયના પ્રારંભમાં બે કારિકા વડે સંગતિ અને અધ્યાયનો અભિપ્રાય દર્શાવે છેઃ

कथाश्रवणभावेन मनोरथमहार्णवे ।
निमग्नान् सूतदानेन ह्युज्जहार ऋषीन्हरिः ॥ १ ॥
फलसाधनरूपाणां निर्णयः कर्मणामपि ।
त्रयाणां वक्ष्यतेऽध्याये द्वितीयेऽन्यत्र शेषिणाम् ॥ २ ॥

ભગવત્કથા સાંભળવાના ભાવ વડે, મનોરથરૂપ મોટા સમુદ્રમાં મગ્ન થયેલા શૌનકાદિક ઋષિઓને ભગવાને સૂત પૌરાણિકનું દાન કરીને સમુદ્રમાંથી બહાર કાઢેલા છે. (૧) આ અધ્યાયમાં ફળ અને સાધનોના પ્રકારોનો તેમ જ કર્મનો પણ, આમ ત્રણેયનો નિર્ણય કરવામાં આવશે. બાકીના પ્રશ્નોનો નિર્ણય આ પછીના અધ્યાયમાં થશે. (૨)

હવે સૂત પૌરાણિક ઉત્તર આપવા માટે પ્રથમ દેવતા અને ગુરુનું નમસ્કારાત્મક મંગલાચરણ, તથા શૌનકે કરેલા પ્રશ્નોનું નિરાકરણ કરે છે—એમ વ્યાસજીએ કહ્યું.

व्यास उवाच ।

इति सम्प्रश्नसम्पृष्टः स विप्रै रौमहर्षणिः ।
प्रतिपूज्य वचस्तेषां प्रवक्तुमुपचक्रमे ॥१॥

શબ્દાર્થ:—આવી રીતે બ્રાહ્મણોએ પુરુષાર્થ બાબતના પ્રશ્નો વડે પૂછાયેલા, રોમહર્ષણના પુત્ર ઉગ્રશ્રવાએ તેઓનાં વચનની પ્રશંસા કરીને શ્રીભાગવતને કહેવા માટે ઉપક્રમ કર્યો.

ભાવાર્થ:—આવી રીતે પુરુષાર્થ બાબતના બ્રહ્મવિષયક પ્રશ્નો વડે, ઘણા જ આદરથી સૂત પૌરાણિકને પૂછવામાં આવ્યું છે. પૂછનારા વિપ્રો છે. **विप्र** શબ્દનો અર્થ એવો થાય છે કે **प्रा** ધાતુ પૂરણ કરવાના અર્થમાં છે, તેને **वि** ઉપસર્ગ લગાડીને **विप्र** શબ્દ બનેલો છે. એટલે વિશેષ કરીને વક્તાને અથવા પોતાને ભક્તિ વડે પૂર્ણ કરનારા શૌનકાદિક છે. તેથી તેના વચનનો અવશ્ય ઉત્તર દેવો જ જોઇએ. સૂત પૌરાણિક રોમહર્ષણના પુત્ર છે. રોમહર્ષણના રુવાડામાં જ હંમેશાં હર્ષ રહ્યા કરે છે. અને તેને હંમેશાં ભક્તિનો વધારો પણ છે. તેના પુત્ર ઉગ્રશ્રવા પણ તેવા જ છે,એમ બતાવવા માટે રોમહર્ષણના પુત્ર કહ્યા છે. તેઓના વચનનું અભિનંદન કર્યું; એટલે સામાન્યપણે તેઓના વચનની પ્રશંસા કરી. તે ગ્રંથની બહાર જ કરેલ છે; કારણ કે ચાલુ ક્રમને

અનુરોધ થાય. અને આગળ જે અભિનંદન કરે તે સામાન્ય રીતે ઉત્તર આપીને કરશે એમ સમજવાનું છે. પોતાની બુદ્ધિ વડે જ નિર્ધારિત કરેલો અર્થ અને ભાગવત કહેવા માટે **प्रवक्तुम्** (આનંદથી કહેવાને)નો પ્રયોગ કર્યો છે. (૧)

હવે શ્રીભાગવત કહેવા માટે દેવતા અને ગુરુને નમસ્કાર કર્યા છે. તેમાં વૈરાગ્ય અને જ્ઞાન વડે બે શ્લોકથી ગુરુને નમસ્કાર કરે છે. ત્યાં પણ પ્રથમ વૈરાગ્ય કહે છે:

यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो
विरहकातर आजुहाव ।
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदु-
स्तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ॥२॥

શબ્દાર્થ:—જેને જનોઈ આપેલું નથી તો પણ કર્મ માત્ર નિવૃત્ત થઇ ગયેલાં છે, અને તેથી જ ચાલી નીકળેલા શુકદેવજીને વિરહથી દીન થયેલા દ્વૈપાયન વ્યાસજીએ, હે પુત્ર, હે પુત્ર, એવી રીતે બોલાવ્યા. ત્યારે શુકદેવજી તો બ્રહ્મરૂપ છે, તેથી તેની તન્મયતાને લીધે વૃક્ષોએ વ્યાસજીને જવાબ આપ્યો, તે સર્વભૂત પ્રાણીઓના હૃદયરૂપ શ્રીશુકદેવજીને હું ચોતરફથી નમસ્કાર કરું છું.

ભાવાર્થ:—આ શ્રીભાગવતમાં જેમ જેમ વૈરાગ્યવાળો થાય તેમતેમ અધિકારી થાય છે. તેમાં શુકદેવજી તો પૂર્વ જન્મમાં જ જ્ઞાનસહિત હતા. અને તેથી યોગ્ય દેહ માટે વિષ્ણુરૂપ વ્યાસજીથી દેહને પ્રાપ્ત કરીને બન્ને પ્રકારની સંપત્તિ સિદ્ધ થતાં, હમણાં જનોઈ વગરના જ ચાલી નીકળ્યા છે; કારણ કે સંગથી જ્ઞાનનો નાશ થઈ જાય છે, તેવો ભય હતો; તેમ તેમને પૂર્વજન્મના સંસ્કાર પણ સુદૃઢ હતા. વ્યાસજી વેદનો વિસ્તાર કરી પુરાણ રચવાના અધિકારી હોવાથી દેહાદિક ધર્મો તેઓમાં રહ્યા છે. અને આ શુકદેવજીનું ચાલ્યા જવું તે કોઇ આશ્રમ નથી, પરંતુ સંગના ભયથી ગમન માત્ર છે. તે અયોગ્ય છે, એમ માનીને તેને પાછા વાળવા માટે વ્યાસજીનું તેની પાછળ જવું થાય છે. ભગવાનના ધર્મો જ્યારે હૃદયમાં પ્રવેશ કરે છે ત્યારે ખરેખર ભય પાછો ફરે છે; કારણ કે બળવાનને ભય હોતો નથી. તે બળ પણ ભગવાનનું જ હોય છે. તેથી શુકદેવજીના હૃદયમાં ભગવદ્ધર્મનો પ્રવેશ થવાથી લેશ માત્ર પણ ભય નથી. કાંઈ ક્રોધાદિકથી ચાલ્યા જતા નથી, તે માટે **प्र** ઉપસર્ગ મૂકેલો છે. ત્યારે તેને પાછા વાળવાનું કારણ કહે છે કે શુકદેવજીને જનોઇ આપ્યું નહતું, માટે વ્યાસજી પાછળ ગયા હતા, અને યજ્ઞોપવીત થયા સિવાય શુકદેવજીને જવાનું કારણ એટલું જ કે તેને કાંઈ કર્તવ્ય રહ્યું જ નથી. જો કાર્ય હોય તો જ ઉપનયન સંસ્કાર હોઇ શકે. તેમ વિષ્ણુરૂપી વ્યાસજીથી

ઉત્પન્ન થયેલા દેહને સંસ્કારની જરૂર હોતી નથી, વ્યાસજી મોહનું કારણ કહે છે કે બે તરફ જળનો પ્રવાહ છે, તેવા દ્વીપમાં તેનું જન્મસ્થાન છે. શ્રી યમુનાજીના જલમાં તેવી રીતે જ વ્યાસજીનું પ્રાકટ્ય થયું છે, તેમ જ પિતા પરાશરે ધ્યાન કરેલા ભગવાનના અવતારરૂપ હોવાથી બધું ઘટે છે. નારદજીના ઉપદેશ પહેલાં વ્યાસજી પોતાનું સ્વરૂપ ભૂલી ગયા હતા, તેથી પુત્રના વિરહથી દીન થઈને 'હે પુત્ર,' આ પ્રમાણે બોલાવવા લાગ્યા. વ્યાસજીનો કંઠ પ્રેમથી રૂંધાઇ ગયેલો હોવાથી બોલાવવામાં 'હે પુત્ર' એ સંબોધનને છેડે પ્લુત ઉચ્ચાર થતો નથી. જો પ્લુતનો ઉચ્ચાર થયો હોય તો **પુત્ર** અને **ઇતિ** એ સ્થળે વ્યાકરણના નિયમથી સંધિ ન થાય; પરંતુ અહીં પ્લુત ન હોવાથી **પુત્રેતિ** એવો સંધિ થયો છે. "તે બ્રહ્મસ્વરૂપ થયેલ છે" એ વાક્યથી બ્રહ્મજ્ઞાનમાં ફળ કહેલું છે; તેથી શુકદેવજીને સર્વભાવ સ્ફુર્યો છે. તેમ જ યોગથી પણ પ્રવેશ તો થઇ શકે છે. તેમ કર્તાનો પ્રધાનતામાં **યદ્** શબ્દથી કર્મનો સંબન્ધ હોવાથી **તદ્** શબ્દ વડે કર્મ જ કહેવાય છે. તેમ "વનસ્પતિ વૈષ્ણવ છે" એ શ્રુતિથી જેમ વિષ્ણુથી વૃક્ષો ઉત્પન્ન થયાં છે, તેમ શુકદેવજી પણ ઉત્પન્ન થાય છે; એટલે શુકદેવજી અને વૃક્ષોનું ઉપાદાન કારણ એ વિષ્ણુ જ હોવાથી વૃક્ષોએ શુકદેવજીની તન્મયતાને લીધે ઉત્તર આપ્યો. જેમ પડછંદો બોલે તેમ વૃક્ષોએ જવાબ આપ્યો. અથવા વેદમાં કહ્યું છે કે "યજ્ઞ માટે રહેલી વાણી દેવતાઓ સારુ પ્રકટ થઇ અને તેણે વનસ્પતિમાં પ્રવેશ કર્યો. તો આ વાણી વનસ્પતિમાં બોલે છે." આમ વૃક્ષોથી શબ્દોની ઉત્પત્તિ કહી છે. તેવાં વૃક્ષોને કહેવાતા કારણરૂપ બતાવવાથી શુકદેવજીનો બ્રહ્મભાવ કહે છે કે શુકદેવજી દરેકના હૃદયને પ્રેરણા કરવા માટે સર્વના હૃદયમાં જાય છે, પ્રેરણા કરે છે. અથવા તેમ જ સર્વભૂત પ્રાણીઓમાં પ્રેરણા કરવાના સામર્થ્યવાળા શ્રીકૃષ્ણ છે. શુકદેવજી બ્રહ્માત્મભાવનો વિચાર કરતા પધાર્યા છે; તેથી વ્યાસજીને ઉત્તર આપ્યો નથી. તેવા શુકદેવજી સર્વત્ર વિરાજમાન હોવાથી ચોતરફ નમન કર્યું છે. (૨)

આમ પ્રથમ જ્ઞાન અને વૈરાગ્ય કહ્યાં છે. પછી ભક્તિ વડે ભગવદ્જ્ઞાન થતાં વિશેષ બતાવે છે:

यः स्वानुभावमखिलश्रुतिसारमेक-
मध्यात्मदीपमतितितीर्षतान्तभोऽन्धम् ।
संसारिणां करुणयाऽऽह पुराणगुह्यं
तं व्याससूनुमुपयामि गुरुं मुनीनाम् ॥३॥

શબ્દાર્થ:—પોતાના ચિંતન કરનારને પોતાનો પ્રભાવ બતાવનાર સમગ્ર શ્રુતિઓના સારરૂપ, ઘોર અંધકારને તરવાની ઇચ્છા રાખનારાઓના અંતરાત્મામાં એક દીવારૂપ અને પુરાણોમાં ગુપ્તરૂપે રહેલા શ્રી ભાગવતને સંસારી જીવો ઉપર

દયા કરીને જેણે કહ્યું છે, તે વ્યાસજીના પુત્ર અને મુનિઓના ગુરુ શ્રીશુકદેવજીને હું શરણે જાઉં છું.

ભાવાર્થ:—શુકદેવજીને સંગનો ભય તો નિવૃત્ત થયો છે. ઘણો સમય ભજન કરવા વડે ભગવાનનો આવેશ થવાથી તે વ્યાસજીની સમીપ આવ્યા છે અને ભાગવતનું અધ્યયન પણ તે જ સમયે થયું છે એમ સમજાય છે. ત્યારપછી ભાગવત રસમાં શુકદેવજી દરેક સ્થળે મુનિઓને ઉપદેશ કરે છે, તે માટે મુનિઓના ગુરુ કહેલા છે. ભાગવતના સ્વરૂપનો ઉત્કર્ષ બતાવવા માટે ચાર વિશેષણો દ્વારા પ્રમેયરૂપતા, પ્રમાણરૂપતા, અસાધારણપણું અને સાધનોની ઉત્તમરૂપતાનું ક્રમશઃ પ્રતિપાદન કરે છે. ત્યાં પ્રથમ પ્રમેયરૂપપણું બતાવે છે કે ભાગવત ભગવાનનું રૂપ હોવાથી જેમ સર્વ ભક્તોમાં ભગવાનનો અસાધારણ પ્રભાવ છે તેમ ભાગવતનો પણ અસાધારણ પ્રભાવ તેના ચિંતન કરનારાઓમાં છે. વળી સર્વશ્રુતિના સારરૂપ છે; કારણ કે કર્મકાંડ અને જ્ઞાનકાંડાદિકમાં પણ જે પ્રતિપાદન કરેલ છે તે ભક્તિ થવા માટે છે, અને શ્રુતિઓના તાત્પર્યરૂપ ભગવાનનું પ્રતિપાદન આ ભાગવતમાં છે, તેથી સર્વ શ્રુતિના સારરૂપ કહ્યું છે. તે પ્રમાણરૂપતા કહેલી છે. સમગ્રશ્રુતિઓના સારરૂપ કહેવાથી દેવ અને દૈત્ય વગેરેમાં પ્રવૃત્ત થયેલી શ્રુતિ તે તે અભિપ્રાયથી અર્થ કહે છે; તેથી તેમાં સમગ્રપણું રહેતું નથી. તેનું નિવારણ કરે છે કે ભાષ્યાદિકમાં રહેલા સર્વ વેદાર્થના રસરૂપ આ ભાગવત છે. અને તે એક છે, એટલે અસાધારણ છે. જો આમ ન હોય તો એક એવા ભાગવતની બીજા રસ તરીકેની સંભાવના થાય; કારણકે તેવા અનેકનો નિર્દ્ધાર થાય છે. વળી ભાગવત આધ્યાત્મદીપ છે; એટલે બહારના પદાર્થનો બોધ કરાવનારા દીવાઓ અને પુરુષો હોય છે; પરંતુ આત્મામાં બતાવનાર થોડાક જ હોય છે. અને તે વાણી વડે જ બોધ કરનારા છે. માટે તેવો ઉપાય શ્રીભાગવતથી બીજો નથી કે જેથી ગુરુના કેવલ ઉપદેશમાં તપ વગેરે સાધન સિવાય દરેકને આત્મરૂપ પ્રભુનો સાક્ષાત્કાર થાય. જેમ ઘરમાં દીવો રાખવાથી ઘરની અંદર રહેલા ઘટપટાદિનો બોધ થાય છે, ત્યાં ગુરુ વગેરેની જરૂર રહેતી નથી, તેમ શ્રીભાગવત પ્રાપ્ત થયા પછી બીજા કોઇની જરૂર રહેતી નથી. માટે ઘોર અંધકારને તરવાની ઇચ્છા કરતા મનુષ્યોનો તો આ અંદરનો દીવો છે, એમ ઉત્તમસાધન બતાવ્યું છે; એટલે આત્માસંબન્ધી દરેક પદાર્થોનો બોધ કરવા માટે દીવારૂપ છે. આ કેવળ મુનિઓને જ કહેલ છે તેમ નથી, પરંતુ સંસારીઓને પણ કૃપા કરીને પરીક્ષિતની સભા વગેરેમાં કહેલ છે. જેમ મેલને દૂર કરવાથી વસ્ત્ર-પાત્ર વગેરેમાં મલની નિવૃત્તિ થઇને શુદ્ધિ થાય છે, વળી સ્વચ્છ વસ્ત્રાદિકની તો દરેક કાર્યમાં યોગ્યતા જ છે, તેમ સંસારીઓ માટે છે. અને

મુનિઓમાં વિશેષતા છે. અર્થાત્ મલિન વસ્ત્રને સ્થાને સંસારીઓ હોવાથી તેની શુદ્ધિ થયા પછી દરેક કર્મમાં યોગ્યતા છે અને શુદ્ધ વસ્ત્રની માફક મુનિઓને શુદ્ધિની જરૂર રહેતી નથી, આવો અભિપ્રાય છે. સૂત પૌરાણિક માયાના શુકદેવજીને નહિ, પણ વ્યાસજીના પુત્ર શુકદેવજીને શરણે જવાનું કહે છે; એટલે હમણાં જ સમીપમાં જઈને તે વ્યાસપુત્ર શુકદેવજીનું વાકય સાંભળીને કહીશ, એમ બતાવવા માટે **उप** ઉપસર્ગ મૂકેલો છે. (૩)

એવી રીતે અસાધારણ મંગલાચરણ કરીને સર્વને કરવા યોગ્ય મંગલ કહે છે:

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥४॥

શબ્દાર્થ:—નારાયણ ભગવાનને નમસ્કાર કરીને અને નરમાં ઉત્તમ એવા નરને, સરસ્વતી દેવીજીને તેમ જ વ્યાસજીને નમસ્કાર કરીને ત્યારપછી ગ્રંથનો ઉચ્ચાર કરવો જોઇએ.

(આ શ્લોકનું ભાષ્ય ફક્ત ચાર કારિકાઓથી જ કરવામાં આવ્યું છે.)

जयो नाम पुराणादिः कृष्णद्वैपायनेरितः ।
अष्टादशपुराणानि भारतं तत्प्रकीर्तिमम् ॥ १ ॥
नारायणो व्यास इति वाच्यवक्तृस्वरूपकः ।
एक एव परो ह्यात्मा आदावन्ते निवेशितः ॥ २ ॥
उपसाधको नरश्चोक्तश्चकाराद् गुरुताऽपि च ।
अवश्यमेवकारेण सूत्रात्मा च नरोत्तमः ॥ ३ ॥
देवी भाग्यात्मिका नृणां वाक्यरूपा सरस्वती ।
सर्वे ते भगवद्रूपास्तस्मान्नम्या हि ते सदा ॥ ४ ॥

ભાવાર્થ:—વેદવ્યાસજીએ કહેલા પુરાણાદિકનું નામ **જય** કહેવાય છે અને તે અઢાર પુરાણો અને મહાભારતને કહેવાય છે. (૧) કહેવા યોગ્ય શબ્દને કહેનાર એક જ પરમાત્મરૂપ, નારાયણ વ્યાસરૂપ છે. તેથી આ મંગલાચરણમાં આરંભમાં નારાયણ મૂકેલા છે અને અંતમાં વ્યાસજીને મૂકેલા છે. (૨) સમીપમાં સાધન કરનારા નર છે અને **च**કારથી મોટાઈ બતાવી છે. અને **व**કારથી સૂત્રરૂપ નર–ઉત્તમ નર તરીકે અવશ્ય બતાવેલા છે. (૩) વાણીરૂપ સરસ્વતી દેવી મનુષ્યોના ભાગ્યસ્વરૂપે રહેલાં છે. અને તે સર્વે ભગવદ્રૂપ છે: તેથી તેઓ દરેક હમેશાં નમન કરવા યોગ્ય છે. (૪)

વ્યાસજી વડે નમસ્કાર થતા હોય ત્યાં વ્યાસપદનો પ્રયોગ ન હોઈ શકે, અને **सरस्वती** શબ્દ પાસે રહેલો **च**કાર તે શ્લોકના વક્તાનો બોધ કરે,

તેથી व्यासं અને चैवએ બન્ને પાઠ લોકમાં વ્યવસ્થાથી સમજવાના છે. (૪)

શૌનકાદિકે કરેલા પ્રશ્નોનું અભિનંદન કરીને હવે સૂતજી તે પ્રશ્નનો નિર્ધારિત અર્થ કહે છેઃ

सूत उवाच ।

मुनयः साधुपृष्टोऽहं भवद्भिर्लोकमङ्गलम् ।
यत्कृतः कृष्णसम्प्रश्नो येनात्मा सुप्रसीदति ॥૬॥

શબ્દાર્થઃ—સૂતે કહ્યું કે હે મુનિઓ, તમોએ મને લોકના મંગળરૂપ બહુ સારું પૂછેલું છે, કારણ કે આનંદરૂપ શ્રીકૃષ્ણના વિષયનો જ તમે પ્રશ્ન કરેલો છે, જેનાથી આત્મા સારી રીતે પ્રસન્ન થાય છે.

ભાવાર્થઃ—ફળ તો શ્રીકૃષ્ણ જ છે. પ્રાણીઓને આ લોક અને પરલોકના ફળને આપનારા પણ તે જ છે. વળી ભક્તો-મુક્તિ-લીલાઓ અવતારો અને ધર્મના રક્ષક પણ તે જ છે. એથી પૂર્વોક્ત છ પ્રશ્નોનો અર્થ શ્રીકૃષ્ણ જ છે. બીજા પ્રશ્નમાં બીજું ફળ તેઓથી જ થાય છે. હે મુનિઓ, તમો તો મુનિ હોવાથી અર્થનો નિર્ધાર કરેલો છે. જો કે જે પુછાતું હોય તેમાં જ ઉત્તર દેવો જોઇએ, તોપણ તમે જે પૂછેલું છે તે જ શ્રેષ્ઠ છે, અને એ જ લોકના મંગળરૂપ છે કે જે શ્રીકૃષ્ણ સંબંધી પ્રશ્ન કરાય છે, જેનાથી આત્મરૂપ શ્રીકૃષ્ણ-પ્રભુ પ્રસન્ન થાય છે. ભગવાન્ અને ભગવાન્ના ધર્મોનો આવેશ થાય ત્યારે અંતઃકરણની પણ પ્રસન્નતા થાય છે. આ જો કે સામાન્ય રીતે શૌનકાદિના પ્રશ્નનો ઉત્તર છે. બીજાં શાસ્ત્રોનું શ્રવણ થયા પછી મનન અને નિદિધ્યાસન વડે કાર્યની સિદ્ધિ થાય છે અને અહીં શ્રીભાગવતમાં તો તે કાર્યસિદ્ધિ પ્રશ્નો વડે જ થઇ જાય છે; એથી પ્રશ્નમાં જ અન્ય શાસ્ત્રની સમાપ્તિ થાય છે. (૫)

હવે ફળ અને સાધનને એક કરીને પોતાના અધિકાર પ્રમાણે સત્તર શ્લોકોથી શાસ્ત્રના અર્થનું નિરૂપણ કરે છે. શ્રીભગવાન્નો સાક્ષાત્કાર થાય તે ફળ છે. તેની સાધનપરંપરામાં પ્રથમથી ધર્મ અને છેવટે ભગવાનનો અનુગ્રહ છે. અને તે અનુગ્રહ દરેક સાધનમાં જુદો જુદો કહેવો જોઇએ. તેમ થાય ત્યારે સાધનોની પરંપરાને છેડે, ભગવાનનો મહાન્ અનુગ્રહ થાય છે. ત્યારે ભગવાન્ પોતાના સ્વરૂપને પ્રકટ કરે છે. ત્યાં ભગવત્કથામાં રુચિ, શ્રવણાદિક અને પ્રેમ એમ ત્રણ પ્રકારની ભક્તિ છે. અને આત્મજ્ઞાન, તત્ત્વજ્ઞાન તેમ જ ભગવદ્જ્ઞાન એમ ત્રણ પ્રકારનું જ્ઞાન છે. ત્યાં ધર્મ અને વૈરાગ્ય સાધનરૂપ છે. હવે, તેની પરંપરામાં યોગ્યતા પ્રમાણે પ્રવેશનું નિરૂપણ થાય છે. તેમાં પહેલી એક શૃંખલા કહે છેઃ

स वै पुंसां परो धर्मो यतो भक्तिरधोक्षजे ।
अहैतुक्यप्रतिहता ययात्मा सुप्रसीदति ॥૭॥

શબ્દાર્થ:—ઇન્દ્રિયોથી ઉત્પન્ન થનારું જ્ઞાન જ્યાં થઈ શકતું નથી, એવા ભગવાનમાં જેના વડે સ્વાર્થ વગરની અને કયારે પણ નષ્ટ ન થાય તેવી ભક્તિ થાય તે ખરેખર ઉત્તમ પુરુષોનો શ્રેષ્ઠ ધર્મ છે. કે જે ભક્તિથી આત્મારૂપ ભગવાન્ પ્રસન્ન થાય છે.

ભાવાર્થ:—ધર્મ સાધન છે અને ભક્તિ ફળ છે. ત્યાં શાસ્ત્રોમાં જેનું વિધાન કરેલું છે, તેવાં શ્રવણાદિક ધર્મરૂપ છે. તેઓ જાણવામાં આવે તેવા પ્રકારથી જ ભક્તિને સિદ્ધ કરે છે અને સ્નાનાદિક ધર્મનું ફળ જાણવામાં ન આવે તે પ્રકારે ભક્તિને સિદ્ધ કરે છે. તેમાં બીજાં સાધનોનો પ્રવેશ થાય તો ફળમાં ફરક પડી જવાનો પણ સંભવ રહે છે; તેથી પ્રથમ સ્નાનાદિક ધર્મનો નિર્ધાર કરાય છે. જો કે પ્રમાણ સરખું હોય છે તોપણ ફળના બલથી વિશેષ થાય છે; માટે નિશ્ચયપૂર્વક પુરુષોનો ઉત્તમ ધર્મ તે છે કે જેનાથી શ્રદ્ધાના લક્ષણવાળી ભક્તિ ઉત્પન્ન થાય છે. સ્વર્ગાદિકને સિદ્ધ કરનારા યજ્ઞાદિમાં ધર્મપણું છે કે ઉત્તમપણું છે તે સંદેહ છે. તેનો વિચાર આગળ થશે. ધર્મમાં સ્વતંત્રપણું સહાયક છે, તેવું સ્વાતંત્ર્ય પુરુષોને હોવું જોઇએ એમ બતાવેલું છે. અને તે ઉત્તમપણાનું વિધાન પણ કરાય છે. અહીં કેટલાક "બીજા ધર્મોથી જુદો પાડવા માટે ઉત્તમપણું કહ્યું છે," એમ કહે છે. ઇન્દ્રિયોથી થતું જ્ઞાન જે પ્રભુથી નીચે રહે છે, એટલે ઇન્દ્રિયોનું જ્ઞાન ઈશ્વરને ગ્રહણ કરી શકતું નથી. માટે જ્યાં ઇન્દ્રિયો પહોંચી શકે નહિ ત્યાં ઇચ્છા વગેરેથી રુચિ ઉત્પન્ન થાય છે અને ઇન્દ્રિયો પહોંચી શકે છે ત્યાં ઇન્દ્રિયો વડે પ્રીતિ થાય છે. ત્યાં ધર્મ વડે શું થઈ શકે? કારણકે ધર્મ એક બલવાન્ પુરુષાર્થ છે. તે ધર્મ, પ્રતિબંધ કરનારાઓને દૂર કરીને અને જોઇએ તેવાં સાધનોનો સંગ્રહ કરીને છેવટના ફળને આપે છે. તેમાં જો ભગવાનમાં રુચિ સાધનરૂપ હોય તોપણ તેનું ધર્મપણું નથી, તેમ કદાચ દુઃસંગાદિકથી રુચિ નષ્ટ થઇ જાય તો પણ તેનું ધર્મપણું નથી, તે બતાવવા માટે કહે છે કે કોઈપણ ફળની આશા રાખ્યા વગર તેમ જ સંગાદિક પણ જેમાં પ્રતિબંધ કરી શકે નહિ, તેવી ભક્તિ જેનાથી થાય તે ઉત્તમ કહેવાય છે. તેનું ફળ કહે છે કે તેનાથી અંતઃકરણના સાક્ષી ભગવાન્ પ્રસન્ન થાય છે; એટલે છેવટમાં તે જીવનું પોતામાં પર્યવસાન થાય છે. (૬)

હવે ભક્તિ કોની કરવી? તેનું પ્રાયજન શું, તે કહે છે:

वासुदेवे भगवति भक्तियोगः प्रयोजितः ।
जनयत्याशु वैराग्यं ज्ञानं च यदहैतुकम् ॥७॥

શબ્દાર્થ:—વાસુદેવ ભગવાનમાં જોડેલો ભક્તિયોગ જલદી વિષયોમાં વૈરાગ્ય, અને અનુમાનથી ન સમજી શકાય તેવું આત્મામાં જ્ઞાન ઉત્પન્ન કરે છે.

ભાવાર્થ:—શુદ્ધસત્ત્વરૂપ અંતઃકરણમાં વાસુદેવ ભગવાન્ પ્રકટ થાય છે; કારણ કે **सत्त्वं विशुद्धं** એવું વાકય પણ છે. તે વાસુદેવ ભગવાન્ ધ્યાન વગેરેના ભેદરૂપ બીજા દેવતાના વિષયથી બીજા કોઈ વાસુદેવપણ થાય છે; તે અહીં થવાના નથી; એ બતાવવા માટે 'ભગવાન્' કહ્યા છે. કેવળ રુચિમાત્રના નિરાકરણ માટે અને પરંપરાની સિદ્ધિ માટે **યોગ** શબ્દ કહ્યો છે; એટલે ભક્તિ તે જ યોગ છે. તેવો ભક્તિયોગ ઘણા લાંબા સમયના આદરથી નિરંતર જોડાવો જોઇએ. તેવા યોગનું પરમફળ ભગવાનની કૃપા છે, એમ દરેક સ્થળે સમજવાનું છે. હવે ભગવત્પ્રસાદ સિવાય બીજું પણ કહે છે કે વિષયોમાં વૈરાગ્ય અને આત્મામાં જ્ઞાન પણ ઉત્પન્ન કરે છે. તે જ્ઞાન કારણ વગરનું છે, અર્થાત્—અનુમાનથી થઇ શકે તેવું નથી, પરંતુ પ્રભુનો સાક્ષાત્કાર કરાવનારું છે. (૭)

આમ ધર્મથી આરંભીને જ્ઞાન સુધીની એક પરંપરાનું નિરૂપણ કર્યું; હવે તે પરંપરાનો પણ નિર્ધાર કરનારી બીજી પરંપરા કહેવાને માટે જે ધર્મ ઉપર જણાવેલી પરંપરાને ઉત્પન્ન કરે નહિ તે ધર્મનું બાધકપણું કહે છે:

धर्मः स्वनुष्ठितः पुंसां विष्वक्सेनकथासु यः ।
नोत्पादयेद् यदि रतिं श्रम एव हि केवलम् ॥८॥

શબ્દાર્થ:—સારી રીતે અનુષ્ઠાન કરી સિદ્ધ કરેલો ધર્મ પુરુષોને વિશ્વક્સેન (ચોતરફ જેની આજ્ઞા તેવા) પ્રભુની કથામાં પ્રીતિ ઉત્પન્ન કરે નહિ તો તે કેવળ મહેનત જ જાણવી.

ભાવાર્થ:—ધર્મ સાધન છે, તેથી કથામાં રુચિ સિદ્ધ કરવાની છે. તેમાં સ્વરૂપનો ઉપકાર કરનારો ધર્મ આગળ કહેવાનો છે. ન દેખી શકાય તેવી રીતે ઉપકાર કરનારા ધર્મમાં તફાવત આવવાનો સંભવ હોવાથી તેવા ધર્મની નિંદા કરે છે કે સારી રીતે અનુષ્ઠાન દ્વારા સ્નાનાદિક ધર્મ સિદ્ધ કરેલો હોય તો પણ ચોતરફ જેની સેના અથવા આજ્ઞા વ્યાપ્ત રહેલી છે, તેવા પ્રભુની કથામાં રુચિ ઉત્પન્ન કરે નહિ, તો તે કેવળ શ્રમ જ છે. આથી ભગવાનમાં પ્રીતિ ન હોય તો બધું વિપરીત થાય છે, એમ બતાવવા **विश्वक्सेन** શબ્દને હેતુ તરીકે મૂકેલ છે. કોઇ પ્રસંગને લીધે કથામાં પ્રીતિ નષ્ટ ન થવી જોઇએ, તે માટે **कथासु** કથાઓમાં એમ સાતમી વિભક્તિ કહી છે. તે કથાઓ દરેક સ્થળે સર્વને સામાન્યપણે છે, તે બતાવવા સારુ બહુવચનનો પ્રયોગ કર્યો છે. પ્રભુનાં પરાક્રમો હોય તેમાં જ પ્રીતિ રાખવી એ નહિ, એ બતાવવા માટે **कथा** શબ્દ કહે છે. જે **धर्म** એમ કહ્યું છે, તેથી પહેલાં જણાવેલા ધર્મના બલની સૂચના કરી છે. રતિ એટલે પ્રીતિને ઉત્પન્ન ન કરે તેવા ધર્મનું સ્વરૂપ કહે છે કે જેમ મલ્લોને દંડ બેઠક વગેરે કસરત કરવાનો અભ્યાસ છે તેમ સ્નાનાદિક

ધર્મ પણ એક પ્રકારનો કેવળ અભ્યાસ છે. તેમાં બીજું ફળ નથી એ બતાવવા સારુ **वय** શબ્દ આપેલો છે; તેથી અદૃષ્ટ (ન દેખાય તેવું) ફળ પણ ઉત્પન્ન થતું નથી ! એટલે આ અર્થ યોગ્ય છે, કેમ કે ફળમાં–ભગવત્કથામાં પ્રીતિ ઉપજાવવાનો તફાવત આવે છે. અહીં શંકા કરે છે કે મલ્લો કસરત કરવાનો શ્રમ કરે તો તેના બલમાં વૃદ્ધિ થાય છે, તેમ ભગવત્કથામાં અરુચિ કરનારા ધર્મમાં પણ કાંઈક લૌકિક ફળ થતું હશે, તો તેનું સમાધાન કરે છે કે ત્યાં તો કેવળ શ્રમ થાય છે, બીજું કોઈપણ ફળ દેખાતું નથી. તેમ સત્પુરુષો તેવા ધર્મની પ્રતિષ્ઠાનું નિરૂપણ પણ કરતા નથી. સ્વર્ગાદિકનું ફળપણું નથી તેવું નિરૂપણ આગળ થશે. આમ સાધારણ ધર્મનું વ્યર્થપણું કહ્યું. પુત્રાદિકની ઈચ્છાથી કરેલો તે ધર્મ ધર્મ જ નથી, કારણ કે ત્યાં તો ફળરૂપ પુત્રાદિક છે અને તે અવિદ્યાનાં કાર્ય હોવાથી દુઃખરૂપ છે; જેમકે, રહેવા માટે મકાનની ભીંત વગેરેનું નિર્માણ કરવું એ કાર્ય નૈમિત્તિક છે, તેમાં **यजति** (યજ્ઞ કરે છે) **यजेत** (યજ્ઞ કરવો જોઈએ) વગેરે લખેલું છે, તે કેવળ અનુવાદરૂપે છે. (એક સ્થળે લખેલું હોય તેને કહેવું તે અનુવાદ કહેવાય છે. એટલે યજ્ઞ કરવાનો વિધિ છે તે પ્રમાણે કરતા નથી, પણ બીજાનું લખેલું જેમ વાંચવામાં આવે તેમ ક્રિયા કરવાપણું છે.) ચિત્ત શુદ્ધ થયા વગર ધર્મનો અધિકાર પ્રાપ્ત થતો નથી, તેમ વિપરીત કર્મ કરવાથી તેમાં દોવતા આવતી નથી; એટલે તે ક્રિયાને લૌકિક-પણું છે. સામાન્ય રીતે ફળ અને સાધનની પ્રતીતિ પ્રથમથી જ છે તેમ જ ઔષધાદિકની માફક **ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत** (સ્વર્ગની ઈચ્છાવાળો જ્યોતિષ્ટોમ નામના યજ્ઞ વડે યજન કરે) ઇત્યાદિ વાકયોમાં 'યજ્ઞ'વડે એમ તૃતીયા વિભક્તિથી કેવળ સાધનનો જ બોધ થાય છે. બાકી યજ્ઞ કરવાનો વિધિ તો નિરર્થક જ છે. તેથી પુત્રકામનાથી કરેલા યજ્ઞનું ધર્મપણું નથી જ.(૮)

ત્યાં શંકા થાય છે કે પુત્રાદિક જે ઇચ્છિત છે તે ફળ તો જોવામાં આવે તેવો પુરુષાર્થ છે, તો તેને સિદ્ધ કરનાર યજ્ઞાદિકને ધર્મપણ શા માટે નહિ ? તેવી શંકાનું સમાધાન કરે છે:

धर्मस्य ह्यापवर्गस्य नार्थोऽर्थायोपकल्पते ।
नार्थस्य धर्मैकान्तस्य कामो लाभाय हि स्मृतः ॥૯॥
कामस्य नेन्द्रियप्रीतिर्लाभो जीवेत यावता ।
जीवस्य तत्त्वजिज्ञासा नार्थो यश्चेह कर्मभिः ॥૧૦॥

શબ્દાર્થ:—મોક્ષપર્યંત કરાતા ધર્મનું પ્રયોજન, અર્થ સિદ્ધ કરવા માટે કલ્પાતું નથી, તેમ ધર્માચરણરૂપ ફળ સિદ્ધ કરનાર અર્થથી કામનો ઉપભોગ

કરવો, તે લાભ મેળવવા માટે નથી. તેમ જ કામનો લાભ ઇન્દ્રિયોની પ્રીતિરૂપ નથી, પરંતુ જેટલા કામ વડે જીવી શકાય તેટલો કામ પ્રાપ્ત કરવો એ લાભ છે. તેવી જ રીતે જીવવાનો લાભ પણ કર્મો દ્વારા બીજા પુરુષાર્થો સિદ્ધ કરવા માટે નથી, પરંતુ તત્ત્વ જાણવાની ઇચ્છા રાખવા માટે છે.

ભાવાર્થ:—અર્થશબ્દના-કહેવાનો પદાર્થ, ધન, વસ્તુ, પ્રયોજન અને નિવૃત્તિ એમ પાંચ પ્રકારના અર્થો કોશમાં લખેલા છે. તેમાં અહીં શબ્દનું પ્રકરણ છે માટે અભિધેયત્વ (કહેવા યોગ્ય પદાર્થપણું) નથી. અને અહીં સમીપમાં અભિપ્રાય સૂચકપદ ન હોવાથી નિવૃત્તિપણું પણ નથી, કારણ કે આગળ વ્યાખ્યાન લખીને **इत्यर्थः** લખેલ છે એમ અભિપ્રાયની નિવૃત્તિ કરે છે. તેથી હવે ધન, વસ્તુ, અને પ્રયોજન એ ત્રણ અર્થ બાકી રહ્યા. તેમાં ધન પશુ અને પુત્રાદિક એ બધાં ધનરૂપ છે. તે ધર્મનું કાર્ય થાય નહિ, કેમકે વેદમાં જે કાર્ય કરવાની પ્રેરણા કરી છે, તેને ધર્મ કહેવાય છે; તેથી ધનપુત્રાદિકને લૌકિકપણું હોવાથી વેદાદિકમાં પણ બતાવેલા વિધિવાક્યનો તેમાં અભાવ છે, તેથી ધર્મપણું નથી; જો લૌકિકમાં પણ ધર્મપણું થતું હોય તો ઔષધપાન કરવું વગેરેને પણ ધર્મપણું થાય, તેમ જ ધન, પશુ અને પુત્રાદિક જે પ્રતિગ્રહરૂપે પ્રાપ્ત થાય છે તેમાં ધર્મથી જે ન દેખાય તેવું અપૂર્વ ફળ પ્રાપ્ત થાય છે. તેનો અંશ તો નથી જ. વળી આ ધન પુત્ર વગેરે અર્થરૂપ નથી, પણ અનર્થરૂપ છે; કારણકે પોતાને તેમાં મમતાબુદ્ધિ થવાથી આત્માનો નાશ કરનારાં ધનપુત્રાદિ છે. તેમ જ કોઇના ઉપર મારણાદિક અભિચાર પ્રયોગ કરવા માટે **श्येनयाग-** આદિનો યજ્ઞ કરે છે, તે ધર્મરૂપ નથી. તેમ પુત્ર વગેરેને સિદ્ધ કરનાર યજ્ઞાદિ પણ ધર્મ નથી, અને જે ધર્મ છે તે ધનાદિકને સિદ્ધ કરનાર નથી; તેથી તે પશુ પુત્રાદિક પરમાર્થરૂપ નથી, તેમ જ પ્રયોજનરૂપ પણ નથી. વળી કયારેક કર્મને ધર્મપણું કહેલ છે, તેથી તેને ગૌણધર્મ માનવો હોય તો સુખેથી તેમ માનો; પરંતુ દ્રવ્યાદિક અર્થ પુરુષાર્થથી નિવૃત્ત થયેલ, ધર્માચરણ કરનારા મુમુક્ષુ પુરુષ (સંસારમાંથી મુક્ત થવાની ઇચ્છાવાળા)નો ધર્મ શી રીતે અર્થને માટે થાય? તે માટે કહે છે કે મોક્ષ સંબન્ધી અથવા મોક્ષપર્યંત કરાતા ધર્મનું ફળ અર્થ કેવી રીતે હોય? ત્યાં શંકા કરે છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોમાં પૂર્વના પુરુષાર્થ, પછીના પુરુષાર્થના સાધનરૂપ છે; એટલે ધર્મથી અર્થ સિદ્ધ થાય છે; અર્થથી કામ, અને કામથી મોક્ષ સિદ્ધ થાય છે; માટે ધર્મથી અર્થ કેમ સિદ્ધ ન થાય? ત્યાં સામાધાન કરે છે કે ન દેખાય તે કરતાં દેખાય તે બલવાન છે; તેથી દ્રવ્યાદિક અર્થ વડે ધર્મ થાય છે તે દેખાય છે; પણ ધર્મ વડે અર્થ થાય છે તે દેખાતું નથી; તેથી ધર્મ જ એક અંતે છે છેલ્લું કાર્ય જેનું એવો અર્થ છે, અર્થાત્ અર્થથી જ

ધર્મ સિદ્ધ થાય છે. તેથી ગમે તેવા ઉપાય વડે પણ અર્થને મેળવીને ધર્મ કરવો જોઇએ; પરંતુ ધર્મથી અર્થ મેળવવો નહિ. ત્યારે તો અર્થથી જ બધું સિદ્ધ થાય છે, કામ પણ અર્થથી જ સિદ્ધ થાય છે એમ જે કહેલું જોઇએ, તો એવી શંકાનું સમાધાન કરે છે કે અર્થથી કામ સિદ્ધ થાય તેમ નથી. કારણ કે વિષયોના સુખને કામ કહે છે, અને તે વિષયસુખ ઇન્દ્રિયોનો વિષયોને અધીન રહેલું છે. તેમાં વિષયના કોઇપણ અંશ વડે ધનાદિક અર્થનો ઉપયોગ થાય છે; કેમકે રૂપ રસ વગેરેને જ વિષયપણું છે. તેમ જ અર્થ, રૂપાદિકનું સંપાદન કરનાર નથી. એકમાં રૂપ સિદ્ધ થયેલું હોય તે જો બીજાનું થઇ જાય તો ઊંધું થઈ પડે છે; કેમકે અર્થ પ્રાપ્ત થાય ત્યારે રૂપાદિ જતું રહે છે; અને અર્થ જતો રહે છે ત્યારે રૂપાદિકની પ્રાપ્તિ થાય છે. કદાચિત્ ભોગવનારમાં રહેલો અર્થ ભોગવવાની ચીજને અધીન થઇ જાય છે, એટલે ભોગવવાની ચીજ સ્ત્રી વગેરે છે, તે અર્થને પોતાના કબજામાં લઈ લે છે; તેથી સ્ત્રી વગેરેથી ઉત્તમ વિષયસુખની સિદ્ધિ થાય છે; માટે અર્થ કામને ઉત્પન્ન કરે છે તે સિદ્ધ જ છે એમ કહેશો તો એક અર્થ બીજા અર્થને સિદ્ધ કરે છે એમ થયું, ત્યારે સ્ત્રી રૂપ અર્થથી પુત્રરૂપ અર્થની પ્રાપ્તિ થઈ, ત્યાં સ્ત્રીરૂપમાં રહેલ રૂપાદિકનો નાશ થવાનું દેખાય છે; એટલે વિષયનો નાશ કરીને કામને નાશ કરવાપણું અર્થમાં સિદ્ધ થયું; તેથી પહેલાંની માફક વિપરીતપણું આવ્યું. માટે ચીજની અદલાબદલીની પેઠે અર્થ વડે અર્થ સિદ્ધ થાય છે, કામ સિદ્ધ થતો નથી અને રૂપાદિક વિષયો જે અર્થરૂપ છે તે કામને સિદ્ધ કરે છે, એમ કહેવું યોગ્ય નથી; કારણ કે તે અર્થોની પ્રસિદ્ધિ નથી. તેમ ધર્મથી અર્થ અને અર્થથી કામ સિદ્ધ થાય છે, એમ માનવામાં ધનાદિકને સિદ્ધ કરતી ચોરીને પણ ધર્મપણું સિદ્ધ થશે; માટે અર્થ કામને સિદ્ધ કરતો નથી, પણ રૂપાદિક વિષયોને ઉપયોગી અન્ય અર્થ તે સિદ્ધ કરે છે. એટલે તે અર્થમાં વિષયો સાથે હોવાથી અર્થથી કામની સિદ્ધિ થાય છે એમ લોકમાં પ્રતીતિ છે; કારણ દ્રવ્યવાળા લોભીને કામનો અભાવ હોય છે અને અર્થ વગરના પશુ વગેરેને કામ દેખાય છે; તેવી રીતે સંન્યાસી અને આત્મજ્ઞાનીને પણ સર્વ કામ સિદ્ધ હોય છે. એવી રીતે વેદમાં "**आत्मकाम· ऽऽप्तकाम**" લખેલું છે, તેને અર્થથી કામ સિદ્ધ કરવાપણું રહેતું નથી; માટે દેહ જ આત્મા છે એવી લોકમાં પ્રતીતિ છે, તે જેમ મિથ્યા છે, તેમ અર્થથી કામ થવાની પ્રતીતિ પણ ખોટી છે; માટે અર્થથી કામ સિદ્ધ થાય છે એમ જે દેખાય છે, તે તો કેવળ અર્થમાં રૂપાદિક વિષયો સાથે હોવાથી કોઈ સ્થળે દેખાય છે. તે બતાવવા સારુ હિ અવ્યય મૂકેલો છે. માટે અર્થથી કામ સિદ્ધ થતો જ નથી. વળી સત્પુરુષો સાથે દુર્જનો હઠાગ્રહ કરે ત્યારે દુર્જનની પ્રસન્નતા માટે તેની

વાત ખરી ઠરાવીને અર્થ વડે કામ સિદ્ધ થતો હોય તો ભલે થાઓ; પરંતુ તે કામ કેટલો અને કેવો એ વિચારવું જોઇએ. જો જીવમાત્રમાં તે કામ રહેલો હોય તો તે બ્રહ્માથી લઇને તૃણપર્યંત ઈશ્વરે નિર્માણ કરેલો છે, તેથી તે કામ અર્થથી સાધ્ય નથી. અને જો ઇન્દ્રિયની પ્રીતિરૂપ તે કામ અર્થથી સિદ્ધ થાય છે, તેમ કહીએ તો "કામના ભોગથી કામ કયારે પણ શાંત થતો નથી, જેમ ઘી વડે અગ્નિની વૃદ્ધિ જ થાય છે, તેમ વધારે વધે છે," એવું વાકય છે; તેથી ઇન્દ્રિયની પ્રીતિરૂપ કામને અગ્નિપણું છે, તેથી તે પૂર્ણ થતો જ નથી. તેમ તેવા પ્રકારનો અનુભવ થાય છે, જો કે તેમાં પ્રવૃત્તિ થાય છે તે તો કેવળ ભ્રમથી જ થાય છે. તેમ જ વિષયના ભોગરૂપ કામ ઇન્દ્રિયોની પ્રીતિના કારણરૂપ થતો નથી. શ્લોકમાં **लाभ** પદ મૂકેલું છે, તે જેમ ઊંબરામાં મૂકેલો દીવો અંદર અને બહાર પ્રકાશ કરે છે તેવી રીતે પૂર્વાર્ધમાં અને ઉત્તરાર્ધમાં બન્નેમાં લઈ શકાય છે; માટે ચાર પુરુષાર્થ સિદ્ધ થવાનો ક્રમ સાધનની પરંપરા પ્રમાણે છે; એટલે કામ વડે અર્થરૂપ જીવન થાય છે, અને જીવનથી ધર્મ અને જ્ઞાન સિદ્ધ થાય છે અને તેનાથી મોક્ષ સિદ્ધ થાય છે; એટલે કામ અર્થ ધર્મ અને મોક્ષ એવી રીતે પુરુષાર્થનો ક્રમ સમજવાનો છે. એવા અભિપ્રાયથી કહે છે કે "જીવનનો લાભ તત્ત્વનો વિચાર કરવા માટેનો છે." તે તત્ત્વવિચાર ઈચ્છાને પૂર્ણ કરનાર અને જ્ઞાનનો સાધક છે; માટે જીવવાનો લાભ તત્ત્વ જાણવાનો ઈચ્છા રાખવી એમ સમજવાનો છે. કેવળ કર્મથી સાધ્ય કામ અર્થ અને ધર્મ એ જીવવાનો લાભ નથી. ધર્મ પણ કેવળ કર્મથી સાધ્ય નહિ, પરંતુ વેદમાં કહેલાં કર્મો વડે સાધ્ય છે. તેમાં પણ અહીં કર્મો વડે સિદ્ધ થનાર સંસારવિષયક પુરુષાર્થ જીવનના લાભ માટે નથી; અથવા દૈવગતિથી પ્રાપ્ત થયેલ અર્થ પણ જીવનના લાભ માટે નથી; એમ **च** કારનો અર્થ છે. ૯–૧૦

હવે તત્ત્વને જાણવાની ઈચ્છામાં સંદેહ છે કે ઘણાં તત્ત્વો જાણવાની ઇચ્છા કે એક તત્ત્વ જાણવાની ઇચ્છા? તેવી જ રીતે "તત્ત્વ"પદમાં પણ સંદેહ છે કે તે એકનું સ્વરૂપતત્ત્વ કે જેનો આરોપ ન થયેલો હોય તે તત્ત્વ? તેમાં જો એકનું સ્વરૂપ તે જ તત્ત્વ, એમ હોય તો ત્યાં પૂર્વમાં કહેલ સમગ્ર જીવનના લાભરૂપ ફળ ન હોવાથી કાંઇપણ તત્ત્વપણું રહે નહિ, ત્યારે ઘણાનું સ્વરૂપ, એ તત્ત્વ એવો સમુદાયપક્ષ માનીએ તો ભ્રાંતિ વગરના પુરુષોના જ્ઞાનનો વિષય થાય છે; તેથી બધુંય તત્ત્વ થાય. અને સાંખ્યશાસ્ત્રમાં કહેલાં ઘણાં તત્ત્વો જાણવાની ઇચ્છા હોય તો તેમાંથી એક તત્ત્વ જાણવાની ઇચ્છા પણ કઠણ છે. ત્યારે જીવનના ફળરૂપ એક તત્ત્વ જાણવાની ઈચ્છા કહીએ તો, અનેક શાસ્ત્રોમાં પરસ્પર વિરોધ આવવાથી સર્વેનું એક તત્ત્વ થતું નથી; તેથી શી રીતે તત્ત્વ જાણવાની ઈચ્છા? એવી શંકા કરીને કહે છેઃ

वदन्ति तत्तत्त्वविदस्तत्त्वं यज्ज्ञानमद्वयम् ।
ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते ॥११॥

શબ્દાર્થ:—બ્રહ્મ, પરમાત્મા, અને ભગવાન, એવી રીતે શબ્દના ભેદથી જુદું જુદું બોલાતું જે એક જ્ઞાન છે, તેને તત્ત્વને જાણનારા તત્ત્વ કહે છે.

ભાવાર્થ:—જો કે બધાઓ પોતપોતાના શાસ્ત્રમાં તત્ત્વવેત્તા તરીકે પ્રસિદ્ધ છે, તોપણ પ્રમાણબલના વિચારથી, વેદ દરેકને આશ્રય કરવા યોગ્ય છે; તેથી વેદના અર્થને જાણનારાઓ જ તત્ત્વને જાણનાર છે, એમ માનવું જોઇએ. ત્યારે તો દરેક ઋષિઓ હોવાથી વેદાર્થ જાણનારા હશે, એમ કોઇ કહે તો તે સત્ય છે, તો પણ પરસ્પર વિરોધ હોવાથી, થોડા જ ઋષિઓ તત્ત્વને જાણનારા છે, એમ કહેવું જોઇએ. ત્યાં ઋષિઓમાં જે એક અક્ષરનો પણ વેદમાં વિરોધ ન આવે, અર્થાત્ આદિથી અંત સુધી તમામ વેદની શ્રુતિઓમાં કોઈ પણ જાતનો વિરોધ ન આવે તેવી રીતે અર્થ કરે, તે જ તત્ત્વને જાણનારા છે, એમ માનવું. તેવા અર્થને જાણનારા હશે નહિ, એમ ન માનવું; કારણ કે એ પ્રમાણરૂપ વેદ વિદ્યમાન છે ત્યારે તે તત્ત્વવેત્તાઓ શું કહે છે ? એ બતાવે છે કેઃ નામ અને રૂપ, કારણ અને કાર્ય, ઈશ્વર અને જીવ, એમ જુદા પ્રકારનું જ્ઞાન તે દ્વૈતભાવ કહેવાય. તેવા દ્વૈત-ભાવને દૂર કરનાર જે જ્ઞાન છે તે તત્ત્વ કહેવાય છે. તેવા તત્ત્વજ્ઞાનથી મોક્ષ થાય છે, એમ દરેક સ્થળે પ્રસિદ્ધિ છે; તેથી શ્રુતિ, સ્મૃતિ, અને પુરાણોમાં, તે તત્ત્વનો જ નામભેદ છે, તે ક્રમથી કહે છે કે વેદમાં તે તત્ત્વને બ્રહ્મ કહે છે, ભગવદ્ ગીતા વગેરે સ્મૃતિમાં તેને પરમાત્મા કહે છે અને પુરાણ શ્રી-ભાગવતમાં તે તત્ત્વને ભગવાન કહે છે. તે કેવળ શબ્દમાત્રનો ભેદ છે; પરંતુ અર્થનો ભેદ નથી. (૧૧)

આવી રીતે તત્ત્વ સુધી પદાર્થોનું સ્વરૂપ અને તેના ક્રમને કહીને, તેમાંથી જે સિદ્ધ થયું તે કહે છેઃ

तच्छ्रद्दधाना मुनयो ज्ञानवैराग्ययुक्तया ।
पश्यन्त्यात्मनि चात्मानं भक्त्या श्रुतिगृहीतया ॥१२॥

શબ્દાર્થ:—તે તત્ત્વમાં શ્રદ્ધા રાખનારા મુનિઓ, જ્ઞાન વૈરાગ્યથી યુક્ત, અને શ્રુતિ વડે ગ્રહણ કરાયેલી ભક્તિથી, પોતામાં આત્મરૂપ ભગવાનનાં દર્શન કરે છે.

ભાવાર્થ:—તે હેતુથી, અથવા બ્રહ્મમાં શ્રદ્ધા રાખનાર, એમ કહ્યું, ત્યાં આવી રીતનો ક્રમ છે કે જીવવાનું ફળ તત્ત્વજિજ્ઞાસા છે; એટલે તત્ત્વનો સાક્ષાત્કાર થાય, તેવો અર્થ થાય છે. ત્યાં વિચારપૂર્વક પ્રમાણથી જો કે સંશય વગરનું

શબ્દ સંબન્ધી જ્ઞાન થાય છે, તો પણ અંતઃકરણના દોષથી સાક્ષાત્કાર સિદ્ધ થતો નથી. તે માટે પહેલાં ધર્માચરણ કરવું, ત્યારબાદ વેદાદિમાં અર્થનું મનન કરે, તે પછી, તે વેદાર્થના નિદિધ્યાસનથી (હૃદયમાં સ્થિર રાખવાથી) સાક્ષાત્કારની માફક જ્ઞાન થાય, પછી વિષયોમાં વૈરાગ્ય, પછી શ્રવણ–કીર્તન વગેરે સાધન ભક્તિ થાય, તે પછી પરમ સાધ્ય ભક્તિ સિદ્ધ થાય. પછી હૃદયમાં અને બહાર પણ દરેક સ્થળે ભગવાનનો સાક્ષાત્કાર થાય, તે પ્રભુ આત્મારૂપ છે, તેમાં ઉપર જણાવેલા ક્રમાનુસાર જેવું સાધન હોય તેવો પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. ત્યાં જ્ઞાન અને વૈરાગ્યનું સાથે નિરૂપણ કરવાથી ભક્તિ મુખ્ય છે એમ સમજવું. ભક્તિની સ્થિતિનું કારણ કહે છે કે તે ભક્તિ પ્રભુચરિત્ર સાંભળવાથી ગ્રહણ કરાયેલી છે; એટલે જેમ જેમ કથાનું શ્રવણ થાય તેમ તેમ ભક્તિ થાય છે. ત્યારપછી સર્વ થાય. (૧૨)

આમ બીજા પ્રકારથી જ્ઞાન કહ્યું. હવે ત્યાં બીજા પ્રકારમાં ધર્મનો સંબન્ધ કહે છેઃ

अतः पुम्भिर्द्विजश्रेष्ठा वर्णाश्रमविभागशः ।
स्वनुष्ठितस्य धर्मस्य संसिद्धिर्हरितोषणम् ॥१३॥

શબ્દાર્થ:—હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ શૌનકાદિક ! આથી ભગવાન પ્રસન્ન થાય. એજ વર્ણાશ્રમના વિભાગથી સારી રીતે અનુષ્ઠાન કરાયેલા ધર્મનું ફળ છે.

ભાવાર્થ:—પહેલા ઉત્તરમાં સાધારણ ધર્મનું સાધનપણું કહ્યું અને વિશેષ ધર્મનું સાધનપણું બીજા ઉત્તરમાં કહ્યું; જેનાથી ભગવાનની પ્રસન્નતા સિવાય અંતઃકરણની શુદ્ધિ થતી નથી અને ભગવત્કથામાં રુચિ પણ થતી નથી; એટલે ધર્મનું મુખ્ય ફળ પ્રભુની પ્રસન્નતા છે. જેઓ ગર્ભસંસ્કારથી સંસ્કારવાળા છે, અર્થાત્ વેદમાં બતાવેલી પંચાગ્નિ વિદ્યાના પ્રકાર વડે જેનું શરીર સિદ્ધ થયું છે તેઓ તેવો ધર્મ કરે છે. અને તેવા શરીર સિવાય પણ કેટલાક ધર્મ કરે છે. તેઓ ધર્મનું પોષણ કરનાર, ભગવાનની ઇચ્છા વડે, ધર્મ કરે છે.

ષષ્ઠ સ્કંધમાં પ્રચેતાના પુત્ર પ્રત્યે ભગવાને કહ્યું છે કે "તને હું પ્રસન્ન થયો છું, અને જે ભૂત પ્રાણીઓને સારી વિભૂતિ પ્રાપ્ત થાય છે, તે મારી જ ઇચ્છા છે." એ વાક્યથી ભગવાનની ઇચ્છા વડે થાય છે. પુરુષોએ કરેલો ધર્મ એ કર્મણિ પ્રયોગથી એમ સમજવું છે કે અનુષ્ઠાનમાં કર્મ જ વિકૃત થાય છે, કર્તા નહિ; એટલે "દેવદત્ત વડે ચોખા રંધાય છે" ઇત્યાદિ કર્મણિ પ્રયોગમાં પાકવાની ક્રિયાથી વિકૃતરૂપ થયેલું ફળ ચોખામાં જ થાય છે, પણ કર્મકર્તા દેવદત્તમાં નહિ. તેવી રીતે અહીં ધર્મના અનુષ્ઠાનમાં સારાપણાથી ધર્મ જ્યારે વ્યાપ્ત થાય છે ત્યારે ભગવત્પ્રસાદ થાય છે. તેમ ન હોય તો કેવળ કર્મથી જ ફળ મળી શકે.

તમે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ છો, એમ કહેવાથી જન્મ અને ઉપનયન સંસ્કાર, એમ બ્રાહ્મણના બે જન્મ કહ્યા છે. તેવા દ્વિજોથી તમે તો ત્રણ જન્મવાળા શ્રેષ્ઠ છો; એટલે યજ્ઞમાં દીક્ષારૂપ તમારો ત્રીજો જન્મ થયો છે, તેથી તમારાં કરાયેલાં કર્મથી ભગવાન્ પ્રસન્ન થાય છે, એમ સૂચવ્યું છે. વર્ણ, ધર્મ (આશ્રમના ધર્મ), શમદમાદિ, અગ્નિહોત્રાદિક, કાલયજ્ઞ, દ્રવ્યયજ્ઞ અને ગુરુની શુશ્રૂષા વગેરે આશ્રમોના ધર્મ, એ દરેકના અનુષ્ઠાનનું ફળ ભગવત્પ્રસાદ છે. **विभागशः**માં **शस्** પ્રત્યયથી પરધર્મનું નિવારણ કર્યું છે. સપ્તમસ્કંધમાં વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા, અને છલ, એ અધર્મની પાંચ શાખાનો દોષ નિવૃત્ત કર્યો છે. સારી રીતે અનુષ્ઠાન કરવું એટલે દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ એ છએની શુદ્ધિ કરી, તેને સમજીને અનુષ્ઠાન કરવું. અથવા તેવી રીતે અનુષ્ઠાન થાય તે ધર્મ કહેવાય, "નહિ તો અધર્મ થાય" તેવું વાકય છે. તેથી સારી રીતે અનુષ્ઠાનની સિદ્ધિ તે ફળરૂપ છે. જો કે "ધર્મ સમગ્ર જગતની પ્રતિષ્ઠારૂપ છે," ઇત્યાદિ શ્રુતિ વડે ધર્મનાં ફળ ઘણાં છે, તો પણ તે ધર્મથી ભગવાન્ પ્રસન્ન થાય તો ધર્મ સફળ છે, નહિતર તે ધર્મ વ્યર્થ જ સમજવો. બધું આત્મા માટે છે અને દરેકના આત્મા ભગવાન્ છે, તેથી "જેઓને ભગવાન્ પ્રસન્ન થયા નથી તેનું બધું વ્યર્થ છે" તે વાકયનો અર્થ અહીં **हि** અવ્યયથી સૂચવ્યો છે. (૧૩)

ઉપર નિરૂપણ કર્યું ત્યાં સન્દેહ થાય છે કે ઘણાઓ વર્ણ અને આશ્રમના વિભાગ વડે ધર્મોને કરે છે, તેઓમાં ભગવાનના શાસ્ત્રને અનુસરનારી ભક્તિ જોવામાં આવતી નથી; એથી સમજાય છે કે તેઓને ભગવાન્ પ્રસન્ન થયા નથી; તેમ જ કર્મ કરવાની દશામાં તફાવત દેખાય છે, તેથી સંશય વગરની તેઓની પ્રવૃત્તિ શી રીતે હોય ? માટે જે ધર્મોમાં ફેરફાર ન હોય, તેવા ધર્મો વિશેષે કરીને કરવા લાયક છે, એમ કહે છેઃ

तस्मादेकेन मनसा भगवान्सात्वतांपतिः ।
श्रोतव्यः कीर्तितव्यश्च ध्येयः पूज्यश्च नित्यदा ॥१४॥

શબ્દાર્થ:—તેથી એક મન વડે, સાત્વતોના પતિ ભગવાન્, હમેશાં શ્રવણ કરવા યોગ્ય, કીર્તન કરવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય અને પૂજન કરવા યોગ્ય છે.

ભાવાર્થ:—બીજા ધર્મમાં વ્યભિચાર (ફળમાં તફાવત) પણ સંભવે, એથી શ્રવણાદિક જ કરવું યોગ્ય છે, અને "સાંભળે સંભળાવે", એવું વિધિવાકય હોવાથી ભગવાનની કથાનું શ્રવણ કરવું વગેરે ધર્મ પણ છે. એક મનથી શ્રવણ કરવું એટલે ચિત્તમાં વ્યગ્રતા ન હોવી જોઇએ. જેવી રીતે શ્રવણ કરવામાં તફાવત ન થાય તે પ્રકાર આગળ કહેવાશે. અથવા એક મનથી શ્રવણ કરવું, તેથી બીજા ધર્મોનો પરિત્યાગ કરવો, એમ સૂચવાય છે. ભગવા-

નું શ્રવણાદિક કરવું તે જીવના અગ્રેસરપણાથી નહિ, પરંતુ સાક્ષાત્ બ્રહ્મના અગ્રેસરપણાથી કરવું. તેમાં પણ વૈષ્ણવ શાસ્ત્રના અનુસાર જ શ્રવણ કરવું, એ બતાવવા માટે ભગવાનને "સાત્વતોના પતિ" કહ્યા છે; એટલે શુદ્ધ સત્વમાં પ્રકટ થયેલા ભગવાનને "સાત્વ" કહેવાય છે. તે ભગવાન્ જેની પાસે હોય તે **સાત્વત્** સાત્વત્ કહેવાય (સાત્વવાળા). તેવા અર્થમાં **સાત્વવતાં** એમ થવું જોઇએ, તેને બદલે **સાત્વતાં** લખ્યું છે તે ભક્તોનું અલૌકિકપણું બતાવવા માટે અલૌકિક પ્રયોગ કરી વકારનો લોપ કર્યો છે. તેવા અલૌકિક ભક્તોના પતિ દરેક રીતે નિભાવનાર છે. માટે પોતાને પણ ભક્તપણું હોય તો કોઇપણ ચિંતા નથી, એવો અભિપ્રાય છે. અથવા તેવા ભક્તોમાં ભગવાન્ બિરાજે છે, તેથી તેને શ્રવણાદિક ધર્મ સુલભ છે, કારણ કે પોતાના પતિની કથા સર્વ કોઈ સાંભળે છે અને તેનું કીર્તન પણ કરે છે. આ શ્રવણાદિક ધર્મરૂપ છે, ભક્તિ-રૂપ નથી, એમ પ્રકરણથી સિદ્ધ થાય છે. ભક્તિરૂપ શ્રવણાદિક દ્વિતીય સ્કંધમાં કહેવાશે. ભગવાનને કહેનારાં પદો અને વાકયો વડે, ભગવાનમાં તેની શક્તિ અને તાત્પર્યનો નિર્ધાર કરવો, તે શ્રવણ કહેવાય છે; એટલે પદ, વાકયોની શક્તિ, અને તાત્પર્યના નિશ્ચય ભગવાનમાં થાય, તે શ્રવણ કહેવાય છે અને વાકયોની શક્તિ અને તાત્પર્યના નિર્ધારનો બીજાને બોધ કરવો તે કીર્તન કહેવાય છે અથવા તેવી રીતે જાણેલાં વાકયાદિકનો પોતાની મેળે ઉચ્ચાર કરવો તેને પણ કીર્તન કહે છે. એમ શ્લોકમાં મૂકેલા ચકારથી બન્ને પ્રકારનું કીર્તન થાય છે. હવે તે શ્રવણ કીર્તન બીજી ભક્તિને સહાયતા કરશે તે આગળ કહેવાશે. એ બન્ને બહારની ઇન્દ્રિયોથી સિદ્ધ થઇ શકે તેમ છે. હવે અંદરની ઇન્દ્રિયોથી સિદ્ધ કરવાનું કહે છે કે તે પ્રભુ ધ્યાન કરવા યોગ્ય અને પૂજન કરવા યોગ્ય છે. ભગવાનમાં ચિત્તને સ્થિર કરવું, અથવા પ્રભુના સ્વરૂપનું અનુસંધાન કરવું, તે ધ્યાન કહેવાય છે. પૂજા **બાહ્ય** અને **આંતર** એવા ભેદથી બે પ્રકારની છે. તે શ્લોકમાં બતાવેલા ચકારથી બતાવી છે. પૂજા વખતે બીજા કાર્યનો વ્યાસંગ ન રાખવા માટે, **નિત્યદા**—હમેશાં એમ કહ્યું છે; તેથી આવી રીતે શ્રવણાદિક કરવું, એ જ મુખ્ય ધર્મ હમેશાં કરવા લાયક છે. (૧૪)

વાદી શંકા કરે છે કે ત્યાં પણ રુચિ ન હોવાથી તે શ્રવણાદિક શી રીતે સિદ્ધ થશે ? તેનું સમાધાન કરે છે:

यदनुध्यासिना युक्ताः कर्म-ग्रन्थिनिबन्धनम् ।
छिन्दन्ति कोविदास्तस्य को न कुर्यात्कथारतिम् ॥१६॥

શબ્દાર્થ:—જે ભગવાન તલવારથી યુક્ત થયેલા, ચતુર પુરુષો, કર્મ અને કર્મની ગાંઠના બંધનને કાપે છે, તે ભગવાનની કથામાં પ્રીતિ કોણ ન કરે ?

ભાવાર્થ:—તમામ અલૌકિક પદાર્થોમાં, તેના માહાત્મ્યને સાંભળવાથી રુચિ ઉત્પન્ન થાય છે. તેમાં ભગવત્સ્વરૂપની પ્રસિદ્ધિ નથી, તો પણ યોગાદિક પ્રસિદ્ધ હોવાથી ભગવાનનું ધ્યાન પ્રસિદ્ધ છે. તે અંગભૂત ધ્યાનનું પણ માહાત્મ્ય છે, એમ બતાવવા માટે **ધ્યાનરૂપ તલવાર** એમ કહ્યું છે. એટલે તે પ્રભુનું ધ્યાન કરવું તે જ ખડ્ગ છે. તે ધ્યાનરૂપ ખડ્ગથી ભગવત્પ્રસાદ થાય તેમ માનવું નહિ, પરંતુ તેવા ધ્યાનરૂપ તલવારવાળા પુરુષો કર્મને કાપી નાખે છે. જ્યાંસુધી કર્મ રહેલાં હોય ત્યાંસુધી જન્મમરણ મટતાં નથી. અને કર્મો જ્યાંસુધી ભોગવાય નહિ ત્યાંસુધી તેનો ક્ષય થતો નથી. ત્યારે કર્મ ભોગવીને તેનો ક્ષય કરે તો તે ભોગવતાં પાછાં બીજાં એકઠાં થાય છે. તેથી કર્મને કાપવું ઘણું જ કઠણ કામ છે. તે પણ ધ્યાનથી થાય છે. તે માટે **છિન્દન્તિ** કાપે છે એમ કહ્યું છે.

જ્યાંસુધી જીવભાવ રહેલો હોય ત્યાંસુધી કર્મને કાપી નાખવાથી શું થાય? તેવી શંકાનું સમાધાન કરે છે કે ભગવાનથી અવિદ્યા નામની શક્તિ વડે ચૈતન્ય, અચૈતન્ય અને મોહથી ગાંઠ બંધાય છે. તે ગાંઠને હમેશાં વિવિધ પ્રકારની વાસનારૂપ કર્મ હોવાથી વધારે મજબૂત બનાવે છે. માટે તે વાસના નિવૃત્ત થશે ત્યારે અવિદ્યાની ગાંઠ પણ જતી રહેશે, એવો અભિપ્રાય બતાવ્યો છે. લાકડાને અંદર કોતરનારો એક ઘુણ નામનો કીડો થાય છે. તે કોતરતાં કોતરતાં દૈવયોગથી એકાદ અક્ષર જેવો આકાર થઈ જાય છે. તેવી રીતે કોઇ એકાદ કર્મને કાપી શકતો હશે. તેવી શંકાના સમાધાન માટે અહીં બહુવચન મૂકેલું છે કે જેઓ ભગવાનના ધ્યાનરૂપ તલવારવાળા છે, તેઓ દરેક કર્મની ગાંઠને કાપે છે. અહીં કર્મ કાપવામાં ચતુરાઈની જરૂર છે; કેમકે ચતુરાઇ ન હોય તો ધ્યાનનો ઉપયોગ ભગવાનમાં ન થતાં, બીજામાં ધ્યાન જોડાઇ જાય. માટે યોગની અણિમાદિક સિદ્ધિની પરવા કર્યા વગર, જ્ઞાનથી અવિદ્યાને જ જેઓ દૂર કરે છે તે ચતુર પુરુષો સમજવા. તેમાં ધ્યાન પોતે જ પોતાની મોટાઈ ઉત્પન્ન કરતું નથી; કેમકે અનેક વિષયોનું ધ્યાન તો હમેશાં બંધનનું કારણ થાય છે, તેથી ભગવાનના માહાત્મ્યથી જ ધ્યાનનું માહાત્મ્ય છે, એમ બતાવવા માટે શ્લોકમાં **તસ્ય** તે ભગવાનની કથામાં પ્રીતિ કોણ ન કરે, એમ કહ્યું છે. એટલે ભગવાનના ધર્મરૂપ ધ્યાન વડે કાર્યની સિદ્ધિ થાય છે. ત્યાં કથા વડે ભગવાન્ હૃદયમાં પધારે ત્યારે સિદ્ધિ થાય તેમાં શું આશ્ચર્ય, એમ બતાવવા સારુ કહે છે કે તેવા ભગવાનની કથામાં પ્રીતિ કોણ ન કરે? જેઓ પ્રભુની કથામાં પ્રીતિ કરતા નથી તેઓને પ્રભુના માહાત્મ્યની ખબર જ નથી, એમ સમજવું. (૧૫)

આમ બીજી ભક્તિનું નિરૂપણ કર્યું. એવી રીતે મધ્યમ જ્ઞાન ભક્તિનું નિરૂપણ કરીને હવે ઉત્તમનું નિરૂપણ કરે છેઃ

शुश्रूषोः श्रद्दधानस्य वासुदेवकथारुचिः ।
स्यान्महत्सेवया विप्राः पुण्यतीर्थनिषेवणात् ॥१६॥

શબ્દાર્થ:—હે બ્રાહ્મણો ! શ્રવણ કરવાની ઇચ્છાવાળા અને શ્રદ્ધા રાખનાર પુરુષને મોટા પુરુષની સેવા વડે અને પવિત્ર તીર્થોનું સેવન કરવાથી, વાસુદેવ ભગવાનની કથામાં પ્રીતિ થાય છે.

ભાવાર્થ:—અહીં ફળ ઉપજાવનારાં સાધનોનું નિરૂપણ થાય છે. જે સાધનોમાં ફેરફાર થવાની જરાપણ શંકા નથી, તેમાં વૈરાગ્ય કારણ છે. તેનો આવી રીતે ક્રમ છેઃ પ્રથમ તો ઘરનો ત્યાગ કરીને તીર્થોમાં ફરવું; નહિતર મોટા પુરુષોની સેવા કરવામાં ઘર સાંભરવાથી ઉદ્વેગ થાય. આમ તીર્થાટન કરવાથી મોટા પુરુષોનો સંગ થાય; પછી તેઓની સેવા મળે. પછી તે તે મોટા પુરુષો પાસેથી ભગવાનની કથાનું શ્રવણ થાય, એટલે કથામાં રુચિ થાય. પછી કથામાં અને મોટા પુરુષોમાં શ્રદ્ધા થાય છે. પછી તેની સેવા કરવાની ઇચ્છા થાય. આમ કયારે પણ ફેરફાર ન થાય, તેવા પોતાના સ્વરૂપથી જ ઉપકાર કરનારા ધર્મથી, સેવા કરવાની ઇચ્છા થાય છે. અહીં પહેલાંનાં સાધનો દૃઢ હોવાથી પછી સાધનોની નિવૃત્તિ થતી નથી. તેવો અધિકાર દુર્લભ છે એમ સૂચવ્યું છે. શુદ્ધ સત્ત્વમાં પ્રકટ થયેલા ભગવાનની કથાનું શ્રવણ કરે તો જલદી ચિત્ત પ્રસન્ન થાય છે. તે માટે **वासुदेव** શબ્દનો પ્રયોગ કરેલ છે. આમ ઉપર કહ્યા પ્રમાણે ગૃહત્યાગથી આરંભીને શુશ્રૂષા સુધીનાં સાધન કરનારા જીવનો અંગીકાર થવા માટે મોટા પુરુષોની સેવા બતાવી છે. પુણ્યરૂપ તીર્થ કુરુક્ષેત્ર અને ગંગાજી છે. તેનું હમેશાં સેવન કરવું. એટલે દેવની પેઠે તે તીર્થના જળનું સેવન કરવું; કોઈ વખતે પણ તેનો અનાદર કરવો નહિ. (૧૬)

આમ કરવાથી શું થાય, તે કહે છેઃ

शृण्वतां स्वकथाः कृष्णः पुण्यश्रवणकीर्तनः ।
हृद्यन्तःस्थो ह्यभद्राणि विधुनोति सुहृत्सताम् ॥१७॥

શબ્દાર્થ:—જેના પુણ્યરૂપ શ્રવણ અને કીર્તન છે, એવા સત્પુરુષોના મિત્ર શ્રીકૃષ્ણ પ્રભુ પોતાની કથાનું શ્રવણ કરનારા પુરુષોના હૃદયમાં અંદર રહીને, તે ભક્તોના પાપને ધોઇ નાખે છે.

ભાવાર્થ:—ઉપર જણાવેલાં સાધનોથી શુશ્રૂષા ઉત્પન્ન થયા પછી કયારે પણ શ્રવણાદિકની નિવૃત્તિ થતી નથી, એમ બતાવવા માટે 'કથાને શ્રવણ કરનાર છે,' એમ કહ્યું છે. કથાઓ સ્વરૂપાત્મક છે, તેનો અભિપ્રાય એવો છે

કે જો પોતાની કથા એવો અર્થ કરે તો ભગવાનનું સ્વાતંત્ર્ય થાય છે. તેથી સ્વતંત્ર ભગવાન્ હૃદયમાં આવે અથવા વખતે ન પણ આવે; એટલે પાપ ધોવાનો પણ સંદેહ રહે. તે માટે પોતાની કથા ન કહેતાં સ્વરૂપાત્મક કથા કહી છે, અને કથાને સ્વરૂપાત્મક કહેવાથી કથાનું માહાત્મ્ય સિદ્ધ થાય છે; એટલે તેને વશ થયેલા ભગવાન બધું કરે. માટે પાપ ધોવામાં સંદેહ રહેતો નથી. એવી ઘણી કથાઓ કૃષ્ણાવતારમાં છે; માટે **कृष्णः** એમ કહ્યું છે.

ભક્તિયોગનું વિધાન કરવા માટે કૃષ્ણ ભગવાનનો અવતાર છે. હમેશાં ઉત્પન્ન થયેલાં પાપોની નિવૃત્તિ કરવામાં બીજા સાધનની જરૂર રહેતી નથી; પરંતુ શ્રવણ અને કીર્તન વડે હૃદય શુદ્ધ થતાં, તેમાં ભગવાન પધારે છે; એવા અભિપ્રાયથી કહે છે કે પ્રભુનાં શ્રવણ અને કીર્તન બન્ને પુણ્યરૂપ છે. તેથી સાંભળનાર અને કહેનાર પુરુષમાં દોષ હોય તો શ્રવણ અને કીર્તનનો સંબંધ થતો નથી, અર્થાત્ દોષવાળાથી શ્રવણ કીર્તન થઈ શકે નહિ, કારણ કે શ્રવણ અને કીર્તન પોતે પાપરહિત છે. તેથી પાપવાળા પુરુષમાં શ્રવણ કીર્તન ઉત્પન્ન થયા પછી પણ પાપની સાથે તેઓ રહી શકે નહિ, તેથી જેમ સૂર્યોદય થવાની સંભાવનામાં અંધકારની નિવૃત્તિ થઇ જાય છે, તેમ શ્રવણ કીર્તનની સંભાવના થાય ત્યાં જ પાપની નિવૃત્તિ થઇ જાય છે, એમ બતાવ્યું છે.

બહાર રહેલાથી અંદરનું કાર્ય થઇ શકે નહિ. પ્રભુ કેવળ બહાર જ રહે તો ભક્તોના હૃદયની અંદરનું કાર્ય કરે નહિ. અને જો પ્રભુ કેવળ ઇચ્છાથી જ તે કાર્ય કરે તો લોકોને તેની પ્રતીતિ ન થવાથી, કોઈ પણ ભગવાનનું ભજન ન કરે; માટે જ્યાંસુધી દેખીતી બાબત બનતી હોય ત્યાંસુધી ન જોયેલી બાબતની કલ્પના કરવી યોગ્ય નથી; તેમ જ સર્વ સ્થળે રહેલાને કલેશ ન હોઇ શકે; તેથી હૃદયની અંદર રહેલા પ્રભુ જ ભક્તોનાં પાપ ધુએ છે. હૃદયમાં કેટલાક પદાર્થો બહાર પણ હોય છે અને કેટલાક અંદર હોય છે. તેમાં જે પદાર્થને ભૂલી જવાનો સંભવ હોય તે બહારના પદાર્થો સમજવા. અહીં તો ભગવાનને વિસ્મરણ થવાનો સંભવ જ નથી. તે માટે 'હૃદયની અંદર રહેલા પ્રભુ' એમ કહ્યું છે. તેવી રીતે હૃદયની અદર વિરાજેલા પ્રભુ પાપનો નાશ કરે છે તે યોગ્ય જ છે. અહીં **अभद्र** શબ્દથી કામક્રોધાદિક સમજવા; કારણ કે પાપ તો પ્રથમથી જ નિવૃત્ત થઈ જાય છે ત્યારે શ્રવણાદિક થાય છે.

વિશેષે કરીને કામાદિકને ધુએ છે; એટલે જેમ જલમાં મેલ મળી જાય છે તેમ ફરીથી મળતાં નથી; એટલે કામાદિકને શિથિલ કરે છે. માટે આ પક્ષમાં સોળમા શ્લોકમાં બતાવ્યા પ્રમાણે ગૃહત્યાગથી લઈને શુશ્રૂષા સુધીની પ્રથમ શૃંખલા પોતાથી થઇ શકે છે. અને આ શ્લોકમાં બતાવ્યા પ્રમાણે પ્રભુ કામાદિકને ધુએ છે, તે બીજી શૃંખલા ભગવાનથી સાધ્ય થઈ શકે છે.

ત્યારે જ અઢારમા શ્લોકમાં બતાવશે તે પ્રમાણે ભગવાન્‌માં નષ્ઠિકી ભક્તિ થવી, તે ત્રીજી શૃંખલા ક્રમવાર પોતાનામાં થાય છે, એમ બતાવે છે. અર્થાત્ કામાદિક શિથિલ થયા નહિ હોય તો ભક્તિ ઉત્પન્ન થશે નહિ. ત્યાં શંકા થાય છે કે ભગવાન્‌ને તેમ કરવાનું શું કારણ હશે ? તેનું સમાધાન કરે છે કે પ્રભુ સત્પુરુષોના સુહૃદ્ છે; એટલે સાથે રહીને કામ કરનારા મિત્ર છે. માટે મિત્રરૂપ ભક્તોએ, શ્રવણાદિક વડે પહેલાં બનાવેલી સાધનની પરંપરા કરી, એટલે બીજી કામાદિકને ધોવાની પરંપરા પ્રભુ પોતે જ ન કરે તો મિત્રપણું ભાંગી જાય, અર્થાત્ ધર્મનું પાલન ન થાય; તેથી પ્રભુએ તેમ કરવું જોઇએ, એમ બતાવ્યું છે. (૧૭)

કામાદિક ધોવાઈ ગયા પછી જે થાય તે બતાવે છેઃ

नष्टप्रायेष्वभद्रेषु नित्यं भागवतसेवया ।
भगवत्युत्तमश्लोके भक्तिर्भवति नैष्ठिकी ॥१८॥

શબ્દાર્થ:—ઘણે ભાગે કામાદિક નાશ પામે, ત્યારે નિત્ય ભાગવતની સેવા વડે ઉત્તમશ્લોક ભગવાન્‌માં નિષ્ઠાવાળી ભક્તિ થાય છે.

ભાવાર્થ:—કામાદિક ધોવાયેલા છે પણ તેનો નાશ થયો નથી, તેથી કોઈ કોઈ સ્થળે તે કામાદિકની સત્તાની પ્રતીતિ થાય છે; એટલે શ્રવણમાં આગ્રહની માફક, પ્રતિબંધમાં ક્રોધની માફક, અને સત્સંગમાં લોભની માફક કામાદિક રહ્યા છે એમ બતાવવા માટે શ્લોકમાં **प्राय** પદ મૂકેલું છે. માટે તે કામાદિક પ્રતિબંધ કરનારા ન હોવાથી ભગવત્કથાનું હમેશાં શ્રવણ થાય છે અને ભગવાનના ભક્તોનું સેવન પણ નિરંતર થાય છે, તે બતાવવા માટે **नित्यं** શબ્દ મૂકેલો છે. એટલે પહેલાં કથાનું શ્રવણ જ હતું અને હાલમાં દેવની માફક તેનું સન્માન થાય છે, એમ બતાવવા માટે કથાની સેવા લખી છે. એવી રીતે કથા કરવામાં આવે ત્યારે ભગવાન્‌માં પરમ પ્રેમ ઉત્પન્ન થાય છે. તે માટે કહે છે કે ભગવાનમાં નૈષ્ઠિકી ભક્તિ થાય. અહીં દરેક સ્થળે "ભગવાન્" શબ્દથી શુદ્ધ પરબ્રહ્મ કહેવાય છે. તે ઉત્તમશ્લોક છે, એટલે ઉત્તમ પુરુષો જેનાં વખાણ કરે છે, અથવા ઉત્તમ જેની કીર્તિ છે એવા ભગવાન્ છે. એમ કહેવાથી સત્પુરુષો અને કથાસહિત, ભગવાનમાં ભક્તિ થાય છે, કેવળ ભગવાનમાં નહિ, એવો અભિપ્રાય છે. તેથી ભક્તિ ઉત્પન્ન થયા પછી સત્પુરુષો કથાનો ત્યાગ કયારે પણ કરતા નથી. મોટું બાધક આવે તો પણ ચલિત ન થાય તેને નિષ્ઠા કહે છે. તેવી નિષ્ઠાને પ્રાપ્ત થયેલી ભક્તિ જ્યારે થાય છે ત્યારે કાલાદિક ઉપદ્રવોની સ્ફૂર્તિ જરા પણ થશે નહિ, એવો આશય છે. (૧૮)

અહીં સુધી પુરુષનો પ્રયત્ન છે; એટલે પુરુષે મોટો પરિશ્રમ કરીને પણ આ શ્લોકમાં બતાવ્યા પ્રમાણે કરવું જ જોઇએ. આગળનું પોતાની મેળે જ સિદ્ધ થશે; તે ત્રણ શ્લોકથી નિરૂપણ કરે છેઃ

यदा रजस्तमोभावाः कामलोभादयश्च ये ।
चेत एतैरनाविद्धं स्थितं सत्त्वे प्रसीदति ॥१९॥

શબ્દાર્થ:—ત્યારે રજોગુણ અને તમોગુણના ભાવરૂપ, કામ લોભાદિક, ચિત્તમાં રહ્યા છે, તેનાથી નહિ વીંધાઇને રહેલું ચિત્ત, સત્ત્વગુણમાં સ્થિત થઇને પ્રસન્ન થાય છે.

ભાવાર્થ:—ત્યારે તો ચિત્તના સ્વરૂપનો નાશ થાય છે; કેમકે ચિત્ત ત્રિગુણાત્મક છે. તેમ જ ગુણો તો પોતપોતાનું કાર્ય કરે છે જ; માટે તે હૃદય કયારે પણ ભગવાનનું આસન થતું નથી; કેમકે ચિત્ત ત્રણગુણવાળું હોય ત્યાંસુધી તેમાં ગુણાતીત નિર્ગુણ પ્રભુ શી રીતે પધારે ? જયારે કામલોભાદિકના કારણરૂપ રજોગુણ અને તમોગુણનું સત્ત્વપાયું થાય, એટલે જેમ સ્પર્શમણિના સ્પર્શથી ત્રાંબું અને લોઢું સુવર્ણમય બની જાય છે, તેમ જ ત્રાંબું, લોઢું અને સોનાથી બનાવેલ પાત્રને પણ સ્પર્શમણિનો સ્પર્શ થવાથી સુવર્ણપણું થાય છે, તેવી રીતે ભક્તિનો સ્પર્શ ચિત્તને થાય, એટલે ગુણાત્મક ચિત્ત સત્ત્વગુણવાળું થાય છે. રજોગુણ અને તમોગુણના ભાવો કામ ક્રોધાદિક અને કામલોભાદિક છે તે મિશ્રણ પામેલા સત્ત્વગુણના પણ ભાવ છે અને મૂલમાં चકાર હોવાથી બીજા પણ મિશ્રભાવો છે, તે તટસ્થપણાથી એટલે અલ્પેકથી જુદાપણાથી બતાવેલા છે. અને જે મોહાદિક પ્રસિદ્ધ ભાવો છે તે બધા જેમ ઘર વગરના થઇ ગયા હોય તેમ સ્થાન વગરના થયા છે, એમ બતાવે છે; માટે જ તેનો શ્લોકના પૂર્વાર્ધમાં ક્રિયાસંબન્ધ નથી.

વાદી શંકા કરે છે કે તે કામલોભાદિક તો આગંતુક ભાવને પ્રાપ્ત થયા છે, તોપણ પૂર્વની વાસના વડે તેનો ચિત્તની સાથે સંબંધ શા માટે ન થાય ? ત્યાં કહે છે કે એ ભાવો સૂત્ર (દોરા) રૂપ છે. તે મૂળ ગુણરૂપ સોઈ વિના વીંધવાને સમર્થ થઇ શકતા નથી. માટે તે ભાવોથી ન વીંધાયેલું ચિત્ત રહે છે, ત્યારે લયની અવસ્થાને પ્રાપ્ત થતું પણ ચિત્ત, નિરંતર ઉત્પન્ન થતી ભક્તિને અનુસરીને ભક્તિના સ્થાનભૂત, સત્ત્વગુણના નિમિત્તવાળું થઇને ભગવાનના આવેશથી પ્રસન્ન થાય છે. અને જે ચિત્તની પ્રશંસા છે, તે ચિત્ત વડે, કાર્ય કરનારને દરેક કાર્યની સિદ્ધિ થવામાં, કારણરૂપ કોઇ જાતનો પ્રકાશ છે. (૧૯)

હવે તેનાથી જે થયું તે કહે છે:

एवं प्रसन्नमनसो भगवद्भक्तियोगतः ।
भगवत्तत्त्वविज्ञानं मुक्तसङ्गस्य जायते ॥२०॥

શબ્દાર્થ:—એવી રીતે જેનું મન પ્રસન્ન થયેલું છે એવા, ભગવાનની ભક્તિના યોગથી મુક્તસંગ બનેલા પુરુષને, ભગવત્તત્ત્વનું વિશેષે કરીને જ્ઞાન થાય છે,

ભાવાર્થ:—એમ આગળ કહેલા પ્રકાર વડે, સ્થિર બનેલાં સાધનોની પરંપરાથી જેનું મન પ્રસન્ન થયું છે, એટલે મન સત્ત્વાત્મક થાય ત્યારે "સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે" એમ શ્રીભગવદ્ગીતામાં લખેલું છે; તેથી દરેક વસ્તુઓનું તત્ત્વજ્ઞાન થાય છે, પણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થતું નથી; કેમકે ભગવાન ગુણાતીત હોવાથી ગુણનું કાર્ય ભગવાન પાસે પહોંચી શકતું નથી. તે માટે કહે છે કે "ભગવદ્ભક્તિનો યોગ થાય છે" અને અંતઃકરણની પ્રસન્નતા પણ ભક્તિ માટે છે. અને ભક્તિ વડે ભગવાનનું જ્ઞાન થાય છે; કેમકે ભક્તિથી મને દરેક રીતે જાણે છે, એવું ભગવદ્ગીતાનું વાકય પણ છે. ભગવાનના તત્ત્વનું જ્ઞાન થાય એમ શ્લોકમાં કહ્યું છે. તેથી ગીતાજીમાં શ્રીભગવાને આજ્ઞા કરી છે કે "હું જેવો પ્રસિદ્ધ છું તેવા મારા સ્વરૂપનું જ્ઞાન ભક્તિ વડે થાય છે, એ અર્થને અહીં ગ્રહણ કરેલો છે. જ્ઞાન શબ્દની આગળ **વિ** મૂકેલો છે; તેથી હથેલીમાં રહેલાં આમળાંનું જેમ બરાબર જ્ઞાન થાય છે, તેમ જ્ઞાનની વિશેષતા કહેવાનો અહીં અભિપ્રાય છે. અહીં અંગપણાને લીધે સંન્યાસની પણ જરૂર છે. તે માટે કહે છે કે "મુક્તસંગવાળાને તે જ્ઞાન થાય છે." એટલે અંદર અને બહાર કોઈપણ જાતનો સંગ ન હોવો જોઈએ; કેમકે "વિષયના આવેશવાળું જેનું ચિત્ત હોય છે, તેને વિષ્ણુભગવાનનો આવેશ ઘણો દૂર રહે છે," એ ન્યાયથી ચોતરફના ત્યાગ સિવાય ભગવાનનો આવેશ થતો નથી. અને તેથી પ્રભુનો સાક્ષાત્કાર પણ નથી. માટે સંન્યાસને કારણપણું છે.(૨૭)

એમ વિશેષ જ્ઞાન થાય ત્યારે જે ફળ થાય તે કહે છે:

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि दृष्ट एवात्मनीश्वरे ॥२१॥

શબ્દાર્થ:—આત્મરૂપ ઈશ્વરનું દર્શન થાય ત્યારે હૃદયની ગાંઠ ભેદાઈ જાય છે, દરેક સંશયો છેદાઈ જાય છે અને આનાં કર્મોનો પણ ક્ષય થાય છે.

ભાવાર્થ:—ચૈતન્ય અને અચૈતન્યની ગાંઠ થાય, તે અવિદ્યાનું કાર્ય છે. તે જ્ઞાન વડે નિવૃત્ત થાય છે. વેદમાં લખ્યું છે કે "જે જાણવાથી આ બધું વિશેષ જણાઇ જાય છે;" તેથી દરેક વસ્તુનું યથાર્થ જ્ઞાન થવાથી સર્વે સંદેહો નિવૃત્ત થાય છે. એટલે મિથ્યાજ્ઞાનરૂપ જલનું જેમાં સિંચન થઈ રહ્યું છે, તેવી આત્મારૂપ પૃથ્વીમાં કર્મનું બીજ ઊગે છે. પણ તત્ત્વજ્ઞાનરૂપ ઉષ્ણકાળના તાપ વડે જળ જેમાંથી સુકાઈ ગયું છે એવી આત્મારૂપ ઊષરભૂમિમાં (જેમાં બીજ વાવવાથી પણ ઊગે નહિ તેવી ભૂમિ) કર્મનું બીજ ઊગતું નથી. તેથી સમગ્ર કર્મોનો પણ ક્ષય થાય છે. આ બધું થવું તે, ગમે તેવા પ્રકારથી ઉત્પન્ન થયેલા જ્ઞાનનું કાર્ય નથી, પણ બ્રહ્મની સાથે આત્માની એકતાના અનુભવનું કાર્ય છે. તે કહે છે: આત્મપણાથી જ્યારે ભગવાનનો અનુભવ

થાય ત્યારે તે ફળ થાય છે, તે સિવાય નહિજ. તે માટે શ્લોકમાં નિશ્ચયાત્મક **વ**કારનો પ્રયોગ કર્યો છે. આત્માના અનીશ્વરપણાથી ઉત્પન્ન થયેલા પદાર્થો, ઈશ્વરપણામાં નિવૃત્ત થતા નથી, તેમ જ બીજાનું ઈશ્વરપણું સમજવામાં આવે ત્યારે પણ તે નિવૃત્ત થતા નથી; કેમકે બીજાના ઈશ્વરપણાનું અજ્ઞાન, પોતાના સંસારનું કારણ નથી. (૨૧)

આમ સર્વ પ્રકરણના અર્થનું નિરૂપણ કરીને પુરુષનો પ્રયત્ન ક્યાંસુધી રહેલો છે, તેવો સંદેહ થતાં પ્રયત્નનો વિષય કહે છેઃ

अतो वै कवयो नित्यं भक्तिं परमया मुदा ।
वासुदेवे भगवति कुर्वन्त्यात्मप्रसादनीम् ॥२२॥

શબ્દાર્થઃ—માટે નિશ્ચયે કરીને ડાહ્યા પુરુષો, પરમ હર્ષ વડે વાસુદેવ ભગવાનમાં હમેશાં આત્માને પ્રસન્ન કરનારી ભક્તિ કરે છે.

ભાવાર્થઃ—શુદ્ધ સત્ત્વાત્મક અંતઃકરણમાં પ્રકટ થયેલા ભગવાનમાં ઉત્તમોત્તમ પ્રેમ કરવો, એ પ્રયત્નનો નિચોડ છે. તેનાથી ભગવાનની કૃપા થાય, અથવા અંતઃકરણમાં ભગવાનનો સાક્ષાત્કાર થાય તે ફળ છે. **વૈ** નિશ્ચયથી પોતાનો એવો નિશ્ચય બતાવે છે. "કવિઓ ભક્તિ કરે છે," એમ કહ્યું છે; તેથી શબ્દના તાત્પર્યને જાણનાર હોય તેને શબ્દબલના વિવેકથી એવા અર્થનો નિશ્ચય થાય છે એમ બતાવ્યું છે. સાધનનું પણ સુખરૂપપણું છે; તેથી હમેશાં ભક્તિ કરે છે; એટલે ક્ષણે ક્ષણે ભક્તિ કરે છે. આમ પ્રતિક્ષણે ભગવાનનો આવિર્ભાવ થવાથી અત્યંત હર્ષ ઉત્પન્ન થાય છે. આ ભક્તિ થવાનો વિષય સત્ત્વગુણમાં પ્રકટ થયેલા ભગવાન્ છે. ભક્તિ જ્ઞાનને ઉત્પન્ન કરનારી છે અને ભક્તિમાં પ્રયત્ન સાધનપણાથી કરવો જોઈએ અને શબ્દબલનો વિવેક રાખવો જોઇએ, આવો અભિપ્રાય છે. તેથી સૂત પૌરાણિક વગેરેનો પ્રથમાધિકાર (હીનાધિકાર) સિદ્ધ થયો છે. (૨૨)

ઉપર ભક્તિના વિષયરૂપ વાસુદેવ ભગવાન્ કહ્યા છે, તેમાં સંદેહ થાય છે કે એવો નિયમ શો કે સત્યમૂર્તિમાં જ ભક્તિ કરવી; કેમકે રજોગુણ અને તમોગુણની મૂર્તિમાં ભક્તિ કરવાથી પણ તેને બ્રહ્મપણું હોવાથી જ્ઞાન સિદ્ધ થાય જ, તેમ જ વિષ્ણુભક્તિની પેઠે શિવાદિકની ભક્તિ પણ જ્ઞાન સિદ્ધ કરનારી છે; કારણ કે બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી, એ ત્રણેમાં બ્રહ્મનું તુલ્યપણું છે. તે શંકાનું સમાધાન પાંચ શ્લોકો વડે કરે છેઃ

सत्त्वं रजस्तम इति प्रकृतेर्गुणास्तै-
र्युक्तः परः पुरुष एक इहास्य धत्ते ।
स्थित्यादये हरिविरञ्चिहरेतिसंज्ञाः
श्रेयांसि तत्र खलु सत्त्वतनोर्नृणां स्युः ॥२३॥

શબ્દાર્થ:—સત્ત્વગુણ, રજોગુણ, અને તમોગુણ એ માયાના ગુણ છે, તે ગુણોથી યુક્ત, એક પરપુરુષ, અહીં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાં હરિ, બ્રહ્મા, અને હર એવી સંજ્ઞાને ધારણ કરે છે. તેમાં સત્ત્વગુણવાળા વિષ્ણુથી મનુષ્યોને નિશ્ચયાત્મક શુભ ફળો થાય છે.

ભાવાર્થ:—બ્રહ્મને ગુણશેષપણું નથી તો પણ ગુણરૂપઉપાધિના વિશેષપણાથી ફળમાં વિશેષપણું રહેલું છે. બાકી માધ્યમિક વૈષ્ણવોના મતની માફક ચૈતન્યના સ્વરૂપમાં ભેદ નથી; એટલે માધ્વ વૈષ્ણવો જેમ જીવપણું માને છે તેમ અહીં બ્રહ્મા અને શિવનું જીવપણું માનેલું નથી.

તે ગુણો પણ બ્રહ્મના નથી. જો બ્રહ્મના હોય તો ઉચ્ચ અને નીચ ગુણને ઉત્પન્ન કરવાપણાથી સ્વરૂપ પણ જુદું થાય; પરંતુ કાર્યવશથી તે ગુણોને ગ્રહણ કરવામાં દોષ નથી; કેમકે એક જ પુરુષ સ્નાન, ભોજન, અને અંદરનું કાર્ય કરે છે.

અહીં ચૈતન્યમાં ભેદ માનનારાઓ શંકા કરે છે કે પુરુષ ત્રણગુણવાળો છે, તેથી તે ગુણોની પ્રેરણા પ્રમાણે તે તે કાર્ય કરવાનો સંભવ થાય તેમ અહીં પણ હોય તો બીજા ગુણો કાર્ય કરવા માટે ગ્રહણ કરાય અને તેની પરંપરાનો વિચાર કરીએ તો કયાંય વિશ્રામ આવે નહિ. ભેદો ઘણા થઇ જાય છે; તેથી કોઇ સ્થળે સહજગુણનો સંબંધ કહેવો જોઇએ. અને તેમ થવાથી (ગુણનો સંબંધ થવાથી) સ્વરૂપ પણ જુદું થઈ જાય. એવી કોઈ શંકા કરે તો તેનો ખુલાસો કરે છે અહીં ઘણા વાદીઓ જુદું જુદું નિરૂપણ કરે છે. સાંખ્યમતના અનુયાયીઓ, પ્રકૃતિનો નિત્ય સંબંધ માને છે; એટલે તેઓ કર્મેશ્વરવાદી હોવાથી પ્રકૃતિ વડે નિત્ય બંધાયેલું ચૈતન્ય જ ઈશ્વર છે એવો તેનો સિદ્ધાંત છે. અને બીજા પાતંજલો અને માયાવાદીઓ પ્રકૃતિનો સંબંધ જ નથી પણ ભ્રમથી જ દેખાય છે, એમ કહે છે. અને શ્રી ભાગવતના સિદ્ધાંતમાં તો ભગવાનમાં સહજ કર્તાપણું છે. ત્યાં [1]કાઇક રૂપ, પ્રકૃતિ અને પુરુષના ભેદ વડે બેરૂપપણાને પ્રાપ્ત થાય છે. [2]જેમ પંચમહાભૂતના પદાર્થો

---

૧ અક્ષરાત્મા કૂટસ્થ ચૈતન્યનો એક ભાગ છે.

૨ ત્યાં શંકા કરે છે કે પ્રકૃતિ પુરુષ વગરનું કોઇ કાર્ય દેખાતું નથી. તેથી સાધનરૂપ તે પ્રકૃતિપુરુષ સિવાય તેઓનું નિર્માણ ન થઈ શકે. તેથી તે બન્ને નિત્ય છે એમ માનવું એટલે સાંખ્યમતની માફક ત્યાં પણ વિશ્રામ થયો. તેથી સાંખ્યોથી આમાં શું વિશેષ છે? ભ્રમથી સંબંધ માનીએ તો માયાવાદીથી શું વિશેષ છે? એવી આકાંક્ષાની નિવૃત્તિ માટે પ્રકૃતિ પુરુષ વગર પણ તેઓની ઉત્પત્તિ થાય છે તે દૃષ્ટાંતથી કહે છે.

ઉત્પન્ન કરવા માટે પંચમહાભૂતોની જરૂર છે; પરંતુ પંચમહાભૂતોને ઉત્પન્ન કરવામાં પંચમહાભૂતોની જરૂર નથી. તેમ પ્રકૃતિના પદાર્થોને ઉત્પન્ન કરવામાં કારણરૂપે પ્રકૃતિની જરૂર છે પણ પ્રકૃતિ પુરુષને ઉત્પન્ન કરવામાં તેની જરૂર નથી. અને પ્રાકૃત પદાર્થનું નિર્માણ કરવામાં તેની જરૂર હોય તેથી કાંઇ સ્વરૂપમાં ભેદ કે દોષ આવવાનો સંભવ નથી. એક જ પુરુષ આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય માટે ત્રણ ગુણને ધારણ કરે છે. તે બ્રહ્મભૂત પરપુરુષ હરિ, બ્રહ્મા અને મહાદેવ એવાં નામ ધારણ કરે છે. વ્યાકરણના નિયમથી અહીં **हरिविरञ्चिहर** એ સ્થળે દ્વન્દ્વ સમાસ કર્યો છે, તેથી ત્યાં નિયમ પ્રમાણે ત્રણ નામને ધારણ કરાય છે. અથવા **इति** શબ્દને દ્વન્દ્વ સમાસને અંતે રાખવામાં આવે તો દરેક સ્થળે સંબંધથી જોડાય છે. સંજ્ઞા કેવળ સ્વરૂપ માત્ર જ હોવાથી ત્યાં વ્યાકરણનિયમથી પ્રત્યય મૂકવામાં આવ્યો નથી, જેવી રીતે **देवदत्तेतिसंज्ञा** થાય છે. તેમ જ **इति** શબ્દનો અર્થ પ્રકારમાં થાય છે તેથી એકની બીજી ઘણી સંજ્ઞાઓ થાય છે એમ પણ બતાવ્યું છે. તેથી આ સત્ત્વાદિક ગુણો કાર્ય કરવા માટે કરણપણાથી (સાધનપણાથી) લીધેલા છે; પણ નિરંતર તેનું ગ્રહણ હોવાથી ઉપાધિરૂપ થઈ ગયા છે. તેથી જેનું ભજન કરવામાં આવે તે ઉપાધિમાં જ જાય છે; તે માટે સત્ત્વગુણની ઉપાધિવાળા વિષ્ણુ જ સેવન કરવા યોગ્ય છે એમ કહે છે. તેમાં આવી રીતે નિર્ણય સમજવાનો છે કે સેવક જેવા સેવારૂપને જુએ છે, તેવું પોતાનું પણ રૂપ સંપાદન કરે છે. એટલે વિષ્ણુની ભક્તિ કરનારનું રૂપ વિષ્ણુના ગુણને મળતું થાય છે. શિવજીની ભક્તિ કરનારનું રૂપ શિવજીના ગુણને મળતું થાય છે. તે સાધનો જો કે પાપરહિત ભગવાનને અન્યથા કરવાને એટલે જુદી રીતે કરવાને સમર્થ નથી જ, તો પણ જીવને જુદી રીતે કરે છે. માટે જેવા રૂપ વડે કે સાધન વડે અન્યથાભાવ ન થાય, તેવા રૂપવાળા ઈશ્વરની સેવા કરવી યોગ્ય છે; કેમકે તેમાં નાશ થવાની શંકા રહેતી નથી. જો કદાચિત્ સેવાની બુદ્ધિ ગુણરૂપ ઉપાધિમાં પ્રવેશ ન કરે તો ગમે ત્યાં સેવા કરવાથી કોઈ પણ પ્રકારની ચિંતા રહેતી નથી; જેમ બ્રહ્મભાવવાળાને કોઇ પણ સ્થળે હરકત રહેતી નથી. અને " તેને જેવી રીતે ઉપાસે છે " એ વાક્યસ્થળમાં પણ તેવો જ નિર્ણય આપ્યો છે. કલ્યાણકારી શુભફળ સત્ત્વતનુમાં થાય છે, એમ કહ્યું. ત્યાં ભજન કરવા યોગ્ય સ્વરૂપોમાં **खलु** અવ્યયથી સંમતિ આપે છે, તે યુક્તિપૂર્વક છે. **सत्त्वतनु** એટલે સત્ત્વગુણી શરીરવાળા ભગવાન કહ્યા છે. તેમાં **तनु** શબ્દથી દૃઢ ઉપાધિપણું બતાવ્યું છે. **नृणां** કહેવાથી સાધારણ જીવો કહેલા છે. બાકી તે તે નિયતગુણવાળાને તો તેની સાથે ઉપાધિ છે; એટલે જેવા સ્વરૂપની ભક્તિ કરે છે તે સ્વરૂપ સાથે તેઓને પણ તેવી ઉપાધિ

થાય છે. તેથી તેના સેવ્યસ્વરૂપની ઉપાધિ નિવૃત્ત થાય ત્યારે તેમાં સાયુજ્ય ભાવે રહેલા તેના ભક્તોની ઉપાધિ પણ નિવૃત્ત થાય છે. તેથી સર્વ ઘટે છે.(૨૩)

આ અર્થ ગૂઢ છે માટે દૃષ્ટાંત કહે છે કે:

पार्थिवाद्दारुणो धूमस्तस्मादग्निस्त्रयीमयः ।
तमसस्तु रजस्तस्मात्सत्त्वं यद् ब्रह्मदर्शनम् ॥२४॥

શબ્દાર્થ:—પૃથ્વીથી ઉત્પન્ન થયેલા કાષ્ઠથી ધુમાડો ઉત્પન્ન થાય છે. તેથી વેદમય અગ્નિ ઉત્પન્ન થાય છે. તેવી રીતે તમોગુણ બ્રહ્મથી રજોગુણરૂપ બ્રહ્મ થાય છે અને રજોગુણરૂપ બ્રહ્મથી સત્ત્વગુણરૂપ બ્રહ્મ થાય છે. અને તે અનુભવરૂપ છે.

ભાવાર્થ:—પ્રકાશની જરૂરતવાળાઓ તેજને શોધે છે. તેમાં પણ જે પ્રકાશો અગ્નિથી સિદ્ધ થાય છે, તેવા પદાર્થોમાં અગ્નિને શોધે છે. તે અગ્નિ લોકમાં કાષ્ઠો (લાકડાં)માં રહેલો છે. તે લાકડાં પૃથ્વીની પ્રકૃતિવાળાં છે. અને લાકડાંનું પહેલું રૂપ પૃથ્વીનો સંબંધ છે, એટલે વૃક્ષરૂપ છે. અર્થાત્ પૃથ્વીમાં વૃક્ષો ઊગે પછી તેને કાપવામાં આવે અને પછી તે સુકાઈ જાય ત્યારે તે કાષ્ઠ કહેવાય છે. પાણીના ભાગથી ધુમાડાને ઉત્પન્ન કરી શકાય છે. તેજના અંશથી અગ્નિને ઉત્પન્ન કરવાપણું થાય છે. અગ્નિમાં પણ અલૌકિક અગ્નિ ઉત્પન્ન થાય છે, જે અગ્નિહોત્રાદિક વૈદિકકર્મમાં ઉપયોગમાં આવે છે, તેમાં દેવતાનો સંબંધ હોવાથી તેનું પ્રતિપાદન વેદ કરે છે. તેમાં પણ લોકમાં જ્યારે બીજા સમયમાં અગ્નિની ઇચ્છા થાય ત્યારે જલના ભાગવાળી પૃથ્વીમાં લાગેલાં કાષ્ઠનો સંગ્રહ કરે છે. તે મૂળશ્લોકમાં **पार्थिव** શબ્દથી કહેલ છે. તેથી ધુમાડો ન થાય તેવાં સૂકાં લાકડાંનો સંગ્રહ થાય; તેથી બળતા અગ્નિનો સંગ્રહ થાય, તેથી પરલોકમાં પ્રકાશ કરનાર વૈદિક અગ્નિ થાય છે. તેથી અગ્નિનું પહેલું રૂપ માટીના પિંડ જેવા કાષ્ઠરૂપ છે અને છેલ્લું સ્વરૂપ વૈદિક અગ્નિપણે છે.

અથવા જળમાં અગ્નિના કેવળ આધારપણાને કાષ્ઠ સંપાદન કરે છે, તેને ધુમાડો સૂકવે છે અને અગ્નિ તેને પરિપકવ કરે છે. એટલે જળ થોડાક અગ્નિને મટાડે છે, તોપણ માટીનો ઘડો કાચો હોય છે ત્યારે તે જલના સંબંધથી ભીનો હોય છે. તે ભીના ઘડાને પકવવા માટે કુંભાર નીંભાડામાં નાખે છે, ત્યારે તેમાં ખડકેલાં કાષ્ઠ વગેરે સળગવાથી તે ઘડામાં અગ્નિ આવે છે. તેથી ધુમાડો થઈને તે પ્રથમ ઘડાને સૂકવે છે અને પછી અગ્નિ તેને પરિપકવ બનાવે છે. એવી રીતે તેજની પણ જુદી જુદી ઉપાધિથી ઘડાનો જુદો જુદો ઉપકાર થાય છે. તેમ બ્રહ્મની પણ તમોગુણરૂપ ઉપાધિથી લૌકિક ભોગ સંપાદન કરવાપણું થાય છે,

રજોગુણ ઉપાધિથી કર્મ સંપાદન કરવાપણું છે અને સત્ત્વ ગુણરૂપ ઉપાધિથી જ્ઞાન સંપાદન કરવાપણું છે. દઢ ઉપાધિરૂપ તે બ્રહ્મ છે. એટલે જે તમોગુણરૂપ બ્રહ્મ છે તેથી રજોગુણ યુક્ત બ્રહ્મ ઉત્તમ છે; કારણ કે તે સત્ત્વ ગુણરૂપ બ્રહ્મ જ્ઞાનરૂપ જ છે. તે માટે મૂળમાં **દર્શન** શબ્દ લખેલો છે. એટલે દર્શન તે અનુભવરૂપ છે. એમ "દૂર નહિ અને દૂર છે" એવા પ્રકારે અહીં પણ કહ્યું છે; તેથી ઉપાધિયુકત બ્રહ્મ પોતાના સેવકનું કાર્ય પણ વિલક્ષણ કરે છે એમ કહ્યું છે. આનાથી પૂર્વના શ્લોકમાં તે તે ઉપાધિવાળા બ્રહ્મના ભજનને કરનાર જીવને અનુસરીને સત્ત્વ, રજ અને તમ એમ ત્રણ પ્રકારનું નિરૂપણ કર્યું છે, અને આ શ્લોકમાં તો તે તે ઉપાધિવાળા બ્રહ્મને જ લઈને ત્રણ પ્રકારનું નિરૂપણ કર્યું છે. આટલો પહેલા શ્લોકથી આ શ્લોકમાં તફાવત છે. (૨૪)

અહીં સદાચારનું પ્રમાણ આપે છેઃ

भेजिरे मुनयोऽथाग्रे भगवन्तमधोक्षजम् ।
सत्त्वं विशुद्धं क्षेमाय कल्पन्ते येऽनु तानिह ॥२५॥

શબ્દાર્થ:—આગળ છ ગુણોવાળા, ઇન્દ્રિયાતીત, વિશુદ્ધ સત્ત્વરૂપ ભગવાનનું ભજન મુનિઓ કરતા હતા. તેને અનુસરનાર, કલ્યાણને માટે અહીં થાય છે.

ભાવાર્થ:—આત્માને માટે ભજન કરવામાં ભગવાનને જ ભજતા હતા, એમ બતાવવા સારુ આત્મનેપદનો પ્રયોગ કર્યો છે. ઘણા મુનિઓ હોવાથી બહુવચન કહ્યું છે. તેથી ભક્તિ કરવાનો સદાચાર દૃઢ કર્યો છે. ભજન કરનાર નિર્દોષ હતા, તે બતાવવા માટે **मुनयः** પદનો પ્રયોગ કર્યો છે; એટલે મનન સુધી એ પદાર્થના અનુષ્ઠાનથી સત્ત્વપણું બતાવ્યું છે. **अथ** અવ્યય અધિકાર દર્શાવે છે. તેથી અજ્ઞાન દશામાં ભજન કરતા ન હતા; એટલે મુનિઓ થઈને પછી ભજન કરતા થયા છે, એમ બતાવ્યું છે. "આગળ સત્યયુગમાં ભજન કરનારા હતા," એવું વાકય હોવાથી તેથી સત્યયુગમાં ભજન કરતા હતા એમ લખ્યું છે. બ્રહ્મરૂપતા અને અલૌકિકતા બતાવવા માટે 'ભગવાન્' અને 'અધોક્ષજ' એવાં બે નામ આપ્યાં છે. એટલે પ્રભુ છ ઐશ્વર્યયુક્ત છે અને જેનામાં ઇન્દ્રિયજન્ય જ્ઞાન નીચે રહે છે તેવા છે. ઉપાધિની મુખ્યતા બતાવવા માટે **सत्त्व** (સત્ત્વરૂપ) કહેલ છે. તે સત્ત્વ તો બ્રહ્માદિકમાં પણ રહેલ છે માટે તેને ભજતા હશે? એવા સંદેહની નિવૃત્તિ કરવા માટે અહીં "विशुद्ध" કહેલ છે. ત્યારે ભજન કરનારને શું ફળ થયું, એમ જાણવાની ઇચ્છા થાય ત્યાં કહે છે કે તેના ફળની શી વાત કરવી? તે ભક્તોની પાછળ રહેનારા તેના સેવકો પણ મુક્ત થઈ જાય છે. અથવા તે માર્ગમાં વર્તનારા બીજા પણ જે હોય છે તે પણ કલ્યાણ માટે કલ્પાય છે; એટલે તેને જીવ-

સ્વરૂપનો આનંદ પ્રાપ્ત થાય છે; તે પણ આ જન્મમાં અહીં જ આનંદ મળે છે, બીજા જન્મમાં નહિ. તેથી જલદી શુભ ફળને સિદ્ધ કરનાર હોવાથી સત્ત્વગુણરૂપ બ્રહ્મનું જ સેવન કરવું જોઇએ, એમ બતાવ્યું છે. (૨૫)

હવે રજોગુણરૂપ અને તમોગુણરૂપ બ્રહ્મના સેવક ભજન અને ફળનું સ્વરૂપ કહેવા માટે સત્ત્વરૂપ બ્રહ્મનું સ્વરૂપ પુનઃ બતાવે છે. અથવા કાલની મુખ્યતા હોવાથી સત્યયુગમાં સત્ત્વગુણરૂપ બ્રહ્મનું ભજન ભલે થતું હોય, પરંતુ ત્રેતાયુગ વગેરેમાં શી રીતે તેનું ભજન થાય, તેવી શંકાનું સમાધાન કરે છે કેઃ

मुमुक्षवो घोररूपान् हित्वा भूतपतीनथ ।
नारायणकलाः शान्ता भजन्ति ह्यनसूयवः ॥२६॥

શબ્દાર્થ:—ઘોરરૂપવાળા ભૂતપતિઓને છોડી દઇને, કોઇની પણ નિંદા નહિ કરનારા, અને મોક્ષની ઇચ્છાવાળા, શાંત પુરુષો નારાયણ ભગવાનની કળાને ભજે છે.

ભાવાર્થ:—સત્ત્વગુણનું ફળ મોક્ષ છે અને તે જ્ઞાનથી સિદ્ધ થાય છે અને તે જ્ઞાન શાંત અંતઃકરણથી સિદ્ધ થઇ શકે તેવું છે. તેમ જેનું ભજન કરવું તેનું જ ધ્યાન કરવું જોઇએ. તેથી ઘોરરૂપનું ધ્યાન કરવાથી ચિત્ત પણ ઘોરરૂપવાળું થાય છે, માટે સ્વરૂપમાં ભેદ નથી, તો પણ સત્ત્વમૂર્તિનાં પણ ઘોરરૂપોને અને ઘોરદેવોને પણ છોડીને પહેલાં મોક્ષના સાધનપણાથી, કુલાચારથી અને શ્રદ્ધા વડે રાજસ વગેરેનું ભજન પ્રાપ્ત થયું હોય તે ગુણોનું સ્વરૂપ જાણ્યા પછી તેનો પરિત્યાગ કરીને પ્રાપ્ત થાય છે. હવે બીજો ક્રમ કહે છે કે બ્રહ્માંડની અંદર રહેનારા નારાયણ ભગવાનની કલાઓ એટલે ધર્માવતારો છે. તે જ્ઞાનશક્તિરૂપ છે. તેઓનું ભજન કરે છે, એટલે બીજાં રૂપોમાં દુષ્ટબુદ્ધિ રહિત થઇને મત્સ્યાદિ રૂપનું અથવા રામચંદ્રાદિક રૂપનું ભજન કરે છે. આ ભજન કાંઈ ભક્તિમાર્ગનું નથી; પરંતુ જીવોને કોઈપણ પુરુષાર્થની સિદ્ધિ થાય, તે માટે ધર્મમાર્ગની રીતે ભજન છે; તેથી હમેશાં ધર્મમાર્ગમાં સંદેહ રહિતનું જ ભજન કરે છે, પરંતુ ઇચ્છિત ફળ આપનાર છતાં પણ નૃસિંહાદિકનું ભજન કરતા નથી. ભક્તિમાર્ગમાં તો પ્રભુની મુખ્યતા હોવાથી તેના પ્રયોજનરૂપ શાંત ઘોરાદિકપણાનું દુર્બલપણું છે, તેથી પ્રભુનાં દરેક રૂપો (એક સ્વરૂપે જ) ભજન કરવા યોગ્ય છે. (૨૬)

હવે રજોગુણ અને તમોગુણરૂપ સામગ્રીનું ફળ કહે છેઃ

रजस्तमःप्रकृतयः समशीलान्भजन्ति वै ।
पितृभूतप्रजेशादीन् श्रिछ्रयैश्वर्यप्रजेप्सवः ॥२७॥

શબ્દાર્થ:—લક્ષ્મી, ઐશ્વર્ય, અને પ્રજાની ઇચ્છાવાળાઓ, અને રજોગુણ તેમ તમોગુણની પ્રકૃતિવાળા પુરુષો, પોતાના સરખા સ્વભાવવાળા પિતૃ ભૂત અને પ્રજેશોને ભજે છે.

ભાવાર્થ:—શરીર, ગુણ અને સ્વભાવના ભેદથી ત્રણ પ્રકારના ગુણો છે. તેમાં સ્વાભાવિક ગુણોનું ઉલ્લંઘન થઈ શકતું નથી. વળી શરીરરૂપ ગુણો જીવની મૂઢ દશામાં જ બલવાન્ દેખાય છે, અને ધર્મરૂપ ગુણો સત્સંગ અને શાસ્ત્રના શ્રવણ વગેરે કરવાથી વધે છે. સત્સંગાદિક ન હોય તો ઘટે છે. તેમાં જે વિવેકી હોય છે તે સત્શાસ્ત્ર અને સત્સંગને સમજે છે, તો પણ સ્વભાવથી પોતે રાજસ અથવા તામસ હોવાથી તેવા ગુણવાળાને ભજે છે. ભજન પણ સખ્યની હદ સુધી થાય છે. તે સખ્ય પોતાના જેવામાં થાય છે. તેથી પોતાના સ્વભાવથી મળતા સ્વભાવવાળા દેવોનું જ તેઓ ભજન કરે છે, એમ બતાવવા માટે નિસ્વાર્થવાળા વૈ નો પ્રયોગ કર્યો છે. રજોગુણી તમોગુણી દેવોનો ચાકર વર્ગ પણ તેવો જ હોય છે, તે બતાવવા માટે પિતૃ–ભૂત અને પ્રજાના અધિપતિ કહેલા છે. એટલે તેઓના અધિપતિ કાલ શિવ અને બ્રહ્મારૂપ છે. તે ત્રણ દેવતાઓ જેના આદિભૂત થયેલા છે તેવા ક્ષુદ્ર દેવતાઓને રજોગુણી અને તમોગુણી ભજે છે. તેમાં શ્રાદ્ધ વગેરે કરવાથી, પિતૃઓના ભજનમાં અને શક્તિના ભજનમાં ધનની પ્રાપ્તિ થાય છે તે ફળરૂપ છે. પ્રજાના ઈશ બ્રહ્માજીનું ભજન કરવાથી પ્રજાની પ્રાપ્તિરૂપ ફળ છે. તેમાં પણ તેની ઇચ્છા થાય છે કે અમને અમુક ફળ મળશે. બાકી તે ફળની પ્રાપ્તિ થવી તો અત્યંત દુર્લભ છે; કારણ કે જેનું ભજન કરે છે તે ફળ આપનાર તામસ છે. (૨૭)

આમ સત્ત્વગુણવાળી મૂર્તિમાં યુક્તિપૂર્વક ભક્તિનું પ્રતિપાદન કરીને દરેક પ્રમાણો અને સાધનોની સમાપ્તિ ત્યાં જ થાય છે, એમ બે શ્લોકોથી કહે છેઃ

वासुदेवपरा वेदा वासुदेवपरा मखाः ।
वासुदेवपरा योगा वासुदेवपराः क्रियाः ॥२८॥
वासुदेवपरं ज्ञानं वासुदेवपरं तपः ।
वासुदेवपरो धर्मो वासुदेवपरा गतिः ॥२९॥

શબ્દાર્થ:—સમસ્ત વેદ વાસુદેવનું જ પ્રતિપાદન કરે છે; યજ્ઞ વાસુદેવમાં પરાયણ છે; યોગ વાસુદેવપર છે; તમામ ક્રિયાઓ વાસુદેવ ભગવાનમાં જ પરાયણ છે, જ્ઞાન વાસુદેવપર છે; તપ વાસુદેવપર છે; ધર્મ વાસુદેવપર છે અને ગતિ વાસુદેવપર છે. ૨૮–૨૯

ભાવાર્થ:—પ્રથમ અધિકારમાં સર્વગુણમય છે, એટલે એકમાં પણ દોષ

ન હોવાથી જ્ઞાનની મુખ્યતા છે. અને યુક્તિની મુખ્યતા હોવાથી સર્વેમાં સત્ત્વગુણપણું પણ છે. તેમાં વેદ સાત્ત્વિક પ્રમાણ છે, યજ્ઞ પણ સાત્ત્વિક છે, યોગ સ્નાદિક ક્રિયાઓ, જ્ઞાન, તપ, શિષ્ટાચાર અને સ્વર્ગ એ તમામ સાત્ત્વિક છે, માટે સત્ત્વગુણ સિવાય પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો પ્રમાણભૂત નથી; પરંતુ તે રાજસ અને તામસ છે. એવી રીતે સાધનોમાં પણ રાજસ અને તામસનો પરિત્યાગ કરી સાત્ત્વિક સાધનો કરવાં જોઇએ, એમ દરેક સ્થળે સાત્ત્વિક ભાવ કરવો જોઇએ. એ પ્રથમાધિકાર છે. અને આ બધાં વેદાદિક કહ્યાં છે તે મધ્યમાધિકારમાં અને ઉત્તમાધિકારમાં જુદી રીતે કહેવાનાં છે. આ બધાં અંતઃકરણને શુદ્ધ કરી સુખરૂપ ફળ આપનારાં હોવાથી તેઓને સત્ત્વગુણપણું છે; કારણ કે સુખને સાત્ત્વિકપણું છે અને શુદ્ધ થયેલા અંતઃકરણમાં સ્ફુરાયમાન થતા આનંદને પણ સત્ત્વગુણપણું છે. શ્રુતિ, સાંખ્ય, યોગ, પાશુપત અને વૈષ્ણવ એ પાંચ[1] શાસ્ત્રો મુખ્ય છે. સર્વનું અંગભૂત ધર્મશાસ્ત્ર છે. તેમાં આ શ્રીભાગવત વૈષ્ણવ શાસ્ત્ર છે. પાશુપત શાસ્ત્ર તો, પારકો મત બતાવવા[2] પૂરતું છે; તેથી જેટલો ભાગ ગ્રહણ કરવા યોગ્ય છે, તેટલા જ ભાગમાં તે પ્રમાણ છે, પણ સમગ્ર પ્રમાણ નથી. તેમાં વેદ, સાંખ્ય અને યોગ, તેમ જ ધર્મશાસ્ત્રની જ્યાંસુધી એકવાક્યતા ન થાય ત્યાંસુધી વૈષ્ણવ શાસ્ત્રની દૃઢતા થાય નહિ; તેથી તેઓની એકવાક્યતાનું નિરૂપણ કરે છે. તેમાં પ્રથમ વેદ, વેદના અર્થરૂપ યજ્ઞ, યોગશાસ્ત્ર, યોગશાસ્ત્રમાં કહેલા યમનિયમાદિક, સાંખ્યશાસ્ત્ર, અને સાંખ્યમાં કહેલું પરમ સાધનરૂપ તપ, ધર્મશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રમાં બતાવેલી ઉત્તમ ગતિ, તે બધું વાસુદેવ ભગવાનમાં જ પરાયણ છે. એવી રીતે યુક્તિપૂર્વક ફળ અને સાધનના સ્વરૂપનો નિર્ણય કર્યો. (૨૮–૨૯)

શૌનકે પ્રથમાધ્યાયમાં છ પ્રશ્નો પૂછ્યા છે. તેમાં તૃતીય પ્રશ્નમાં શ્રીકૃષ્ણના અવતારનું પ્રયોજન પૂછેલું છે. પરંતુ સૂતપૌરાણિક અને શૌનકાદિકનો પહેલો અધિકાર હોવાથી, બીજા અવતારની સમાન શ્રીકૃષ્ણાવતાર છે, એવું તેઓને જ્ઞાન છે; તેથી અહીં તે અવતારની હકીકત નહિ કહેતાં ત્રીજા અધ્યાયમાં અવતારોની કથા કહેશે, અને અવતારનું પ્રયોજન પણ કહેશેઃ તેથી ચોથા પ્રશ્નમાં " શ્રીકૃષ્ણનાં ઉદારચરિત્રો કહો " એમ પૂછ્યું છે તેનો ઉત્તર પાંચ શ્લોક વડે આપે છેઃ

---

૧. साख्यं योगः पाञ्चरात्रं वेदाः पाशुपतं तथा । એમ મહાભારતના મોક્ષ ધર્મમાં સાંખ્ય યોગ પાંચરાત્ર વેદ અને પાશુપત એમ પાંચની ગણના કરી છે.

૨. एकं साङ्ख्यं च योगं च वेदारण्यकमेव वा परस्पराङ्गान्येतानि पञ्चरात्रं च कथ्यते । એમ સાંખ્ય યોગ વેદ ઉપનિષત્ અને પંચરાત્ર એને અંગરૂપ કહેલાં છે, તેમાં પાશુપતને ગણ્યું નથી.

स एवेदं ससर्जाग्रे भगवानात्ममायया ।
सदसद्रूपया चासौ गुणमय्याऽगुणो विभुः ॥३०॥

શબ્દાર્થ:—તે જ પ્રભુએ પોતે નિર્ગુણ હોવા છતાં સર્વ કરવાને સમર્થ હોવાથી, ઉચ્ચ અને નીચરૂપવાળી, ગુણમયી, પોતાની માયાથી આ જગતને સર્જેલું છે.

ભાવાર્થ:—જગતને સૃષ્ટિ, જગતમાં પ્રવેશ, જગતનું વિવિધપણું, ભોગ અને રક્ષા એ પાંચ લીલા ક્રમવાર સગુણ નિર્ગુણનો અભેદ બતાવવા માટે પાંચ શ્લોકથી પ્રતિપાદન કરવા લાયક છે. હવે સૃષ્ટિ તો નિર્ગુણથી જ થાય છે; કેમકે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ નિર્ગુણ ત્રણે માયાથી ગ્રહણ કરેલા છે, એમ આગળ નિરૂપણ થશે. અને ત્રણે ગુણ રજોગુણથી મિશ્રિત થાય ત્યારે સૃષ્ટિ થાય છે, તમોગુણથી મિશ્રિત ત્રણે ગુણો થવાથી સંહાર થાય છે અને સત્ત્વ ગુણથી મિશ્રિત ત્રણે ગુણો થાય ત્યારે પાલન[1] થાય છે.

શુદ્ધ ત્રણે ગુણો તો તે ગુણોના અધિષ્ઠાતા દેવતાના શરીરરૂપ છે. આ જગતને સર્જ્યું એમ કહેલું છે; તેથી દેખાતું સમગ્ર જગત કાર્યરૂપ છે. આકાશ વગેરેની પણ નિત્યતા નથી. આગળ જગત સર્જ્યું છે એમ કહેવાથી પ્રથમ સૃષ્ટિનો બોધ થાય છે. વેદમાં કહ્યું છે કે "એ બ્રહ્મથી પ્રાણ, મન, સર્વ ઇંદ્રિયો, આકાશ, વાયુ, તેજ, જળ અને સમગ્રને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થયેલ છે" એ શ્રુતિથી સાક્ષાત્ બ્રહ્મે આ બધું કર્યું. એ પહેલી સૃષ્ટિ છે.

વૈદિક પક્ષમાં પોતાનો ધર્મ, પોતાની શક્તિ, કાલ, કર્મ અને સ્વભાવની સૃષ્ટિ પહેલી છે અને અનંત ગુણવાળા અને પૂર્ણ ભગવાને જ દરેક થવાના સામર્થ્યવાળી પોતાની માયા શક્તિ વડે પોતારૂપ આ જગત સર્જેલું છે. તે માયાનું સ્વરૂપ કહે છે કે ઉચ્ચ અને નીચ સર્વનું સ્વરૂપ બતાવી તદ્રૂપ થવાવાળી તે માયા છે. તેમાં પોતાના આત્માને પધરાવીને પ્રકટ થતા ભગવાન જગદ્રૂપે ઉત્પન્ન થાય છે. એમ કરવામાં સુવર્ણકાર (સોની) મૂર્તિ જેમ કરે છે તેમ સહેલાઇથી સૃષ્ટિ થાય છે. તે માયા ભગવાનની નજદીક રહે છે; નિદ્રા પણ ભગવાનની શક્તિ છે. તે જીવને ભગવાનની સમીપ લઇ

---

૧. બ્રહ્મા શિવ અને વિષ્ણુ એ મહાદેવો રજોગુણ તમોગુણ અને સત્ત્વગુણરૂપ અનુક્રમે છે. તેમાં રજોગુણમિશ્રિતથી સૃષ્ટિ, તમોમિશ્રથી સંહાર, અને સત્ત્વમિશ્રથી જગતનું પાલન થાય છે. તેમ વાયુસંહિતામાં સ્પષ્ટ કહ્યું છે કે પુરુષ કાલ અને વિરાટ્ સ્વરૂપથી બ્રહ્મા સૃષ્ટિ પાલન અને સંહાર કરે છે. અનિરુદ્ધ પ્રદ્યુમ્ન અને સંકર્ષણ રૂપથી વિષ્ણુ સૃષ્ટિપાલન અને સંહાર કરે છે તેમજ ભવ મૃડ અને હર એ ત્રણ સ્વરૂપથી શિવજી સૃષ્ટ્યાદિ કરે તેમ કર્મ પુરાણમાં કહ્યું છે કે ભગવાનની જ્ઞાનરૂપ એક મૂર્તિ વાસુદેવ છે તે ગુણાતીત છે. રુદ્ર નામની શેષરૂપ તામસ મૂર્તિ છે, તે સંહાર કરે છે. સત્ત્વગુણયુક્ત પ્રદ્યુમ્ન મૂર્તિ પાલન કરે છે. અને અનિરુદ્ધ નામની ચોથી રાજસ મૂર્તિ સૃષ્ટિ કરે છે. તેથી સગુણ અગુણ અભેદ સિદ્ધ થાય છે.

જાય છે. તેમાં માયા સુધી જીવ જાય ત્યારે જીવને સુષુપ્તિ થાય છે. અર્થાત્ જીવને કોઇ પણ જાતનું જ્ઞાન રહેતું નથી. એવી રીતે નિદ્રા શક્તિ જીવને પોતાના સ્થાનમાં લાવે છે. પણ વિદ્યારૂપ ભગવાનની શક્તિ તો જીવને ભગવાનની પાસે જ લઇ જાય છે, પરંતુ પાછી લાવતી નથી. આવી રીતે ભગવાનની અનંત શક્તિઓ છે. વેદમાં તો માયાશક્તિ કોઇ પણ જાતના સાધન વગર જ પોતાથી જ પોતારૂપ જગતને ઉત્પન્ન કરે છે એમ કહેવાય છે. તેથી ઓછા અને પૂર્ણ પાત્રના ભેદની માફક વૈદિક જગત અને પૌરાણિક જગતનો ભેદ છે; એટલે વેદમાં બતાવેલું જગત ઓછું છે અને પુરાણમાં બતાવેલું જગત્ પૂર્ણ છે.

જગત ખોટું છે એ પક્ષ મુદ્દાસર નથી. મૂળમાં चકાર લખેલો છે; તેથી સૃષ્ટિના બીજા પણ પ્રકારોની સૂચના કરી છે. असौ આ ભગવાન્, એમ કહેવાથી ભગવાનના ધર્મનું નિરૂપણ કરવાથી હૃદયમાં બિરાજેલા ભગવાન્ને બહાર જોતા હોય તેવી રીતે આંગળીથી નિર્દેશ કરે છે. અનંતગુણવાળા ભગવાનના સ્પર્શથી માયા પણ તેવી આકૃતિવાળી અને ગુણવાળી થાય છેઃ અને ગુણોના ઉત્તમ મધ્યમ અને હીન એવા ભેદ વડે સત્ત્વગુણી રજોગુણી અને તમોગુણી એવા નામથી ઓળખાય છે. આ માયાનો ભગવાન્ને સ્પર્શ થવાથી ભગવાન્માં સગુણપણું કે ગુણની આકૃતિ થતી નથી; એથી ભગવાન્ તો નિર્ગુણ અને પ્રકૃતિના ગુણોથી રહિત છે. ત્યારે શંકા થાય છે કે નિર્ગુણ ભગવાનના સંબંધથી માયામાં સ્તુતિપણું શી રીતે સંભવે? અને માયામાં પ્રવિષ્ટ થયેલા તેમ જ જગદ્રૂપે પ્રકટ થયેલા છતાં પણ ભગવાન્ અગુણ શા માટે? તેનું સમાધાન કરે છે કે ભગવાન વિભુ છે; અર્થાત્ દરેક રીતે કરવામાં સમર્થ છે. (૩૦)

આમ સદ્રૂપ વડે જડની સૃષ્ટિ કહીને આનંદરૂપ વડે અંતર્યામીની સૃષ્ટિ કહે છેઃ

तया विलसितेष्वेषु गुणेषु गुणवानिव ।
अन्तःप्रविष्ट आभाति विज्ञानेन विजृम्भितः ॥३१॥

શબ્દાર્થ:—તે માયા વડે પ્રકાશિત થયેલા, આ ગુણોમાં, અંદર પેઠેલા વિજ્ઞાન વડે પ્રકાશિત પ્રભુ ગુણવાળાની માફક દેખાય છે,

ભાવાર્થ:—તે માયા વડે આકાર આપવાથી, વિવિધ પ્રકારે પ્રકાશમાન થયેલા, દેવાદિકના દેહમાં, પંચમહાભૂતોમાં, અને આ દેખાતા ગુણોમાં, અંદર અંતર્યામી ભગવાને પ્રવેશ કરેલો છે; તેથી તે ગુણોને ભગવાન ત્યાં ત્યાં પ્રવર્તાવે છે; માટે ગુણવાળાની માફક જણાય છે. ખેરનાં અંગારાની

લાલાશની માફક અંદર રહેલા અંતર્યામી જ શોભે છે. લોઢાના ગોળામાં રહેલ અગ્નિની માફક બહાર પણ ભગવાન્ સ્ફુરાયમાન છે, એટલે ખેસના અંગારામાં થોડો અગ્નિ દેખાય છે અને લોઢાના તપાવેલા ગોળામાં વધારે અગ્નિ દેખાય છે. તેથી અંતર્યામી કોઈ સ્થળે ન્યૂન અને કોઇ સ્થળે સહેજ વધારે દેખાય છે. ચૈતન્ય અંશ જીવ અને સદંશ જડમાં જ્ઞાનશક્તિનો તિરોભાવ છે તેવી રીતે આનંદાંશ અંતર્યામીમાં પણ જ્ઞાનશક્તિનો તિરોભાવ થશે ? તેવી શંકાનું નિવારણ કરે છે કે અંતર્યામી વિજ્ઞાનથી પ્રકાશિત છે. અહીં જીવને દરેક સ્થળે પ્રેરણા કરનાર, અને જીવના વિવિધ પ્રકારના જ્ઞાનવાળા સર્વજ્ઞ અંતર્યામીનું કાર્યના આવેશની જેમ સ્ફુરણ થાય છે.

એવી રીતે અંતર્યામીના ભાવનું નિરૂપણ કરીને જીવભાવનું નિરૂપણ કરતાં વિવિધરૂપ લીલાને કહે છેઃ

यथा ह्यवहितोवह्निर्दा रुष्वेकः स्वयोनिषु ।
नानेव भाति विश्वात्मा भूतेषु च तथा पुमान् ॥३२॥

શબ્દાર્થ:—પોતાને ઉત્પન્ન કરનાર, કાષ્ઠોમાં રહેલો એક અગ્નિ, કાષ્ઠોના ભેદથી જેમ જુદો જુદો દેખાય છે, તેમ જગતના આત્મારૂપ ભગવાન્ ભૂત પ્રાણીઓમાં જુદા જુદા પ્રકાશી રહ્યા છે.

ભાવાર્થ:—વ્યાસસૂત્રના પ્રથમાધ્યાયના ચતુર્થપાદમાં બત્રીસમા સૂત્રમાં જીવની સ્થિતિ બતાવી છે. તેવી રીતે કોઇ રૂપથી રહેલા ભગવાન્ જ જીવ કહેવાય છે; તેથી જીવ ભગવાનનું રૂપ છે. જેમ લાકડામાં અગ્નિ વ્યાપી રહેલો છે તેવી રીતે પંચમહાભૂત અને તેના પદાર્થોમાં જીવ રહેલો છે. અને ઉપાધિ સિવાય પોતાથી તેમાં જુદાપણું ન હોવાથી તે જીવ એક છે. જેમ લાકડાનો અગ્નિ મથન કર્યા વગર દેખાતો નથી. તેમ અંતઃકરણમાં રહેલો જીવ ચિત્તની એકાગ્રતાવાળા યોગ વગર દેખાતો નથી, જેમ હાથ, પગ, વગેરે અવયવો શરીરથી જુદાં પડી શકતાં નથી, તેમ મોટા લાકડામાં રહેલો અગ્નિ દરેક સ્થળે એક જ રહેલો છે; તેમાં લાકડાના જે ભાગનું મથન થાય છે તે ભાગમાં અગ્નિ ઉત્પન્ન થાય છે. એમ એક કાષ્ઠના જુદા જુદા ભાગમાં મથન કરાય તો જુદો જુદો અગ્નિ દેખાય છે. ખરી રીતે તે જુદો નથી તોપણ જુદો દેખાય છે તે પ્રામાણિક નથી; કેમકે મોટા લાકડામાં એક જ અગ્નિ સિદ્ધ છે. તેમ ઘણાં લાકડાનું મથન કરે તો જુદો જુદો અગ્નિ નીકળે છે, તથાપિ અગ્નિ એક જ છે. એવી રીતે સર્વ દેહોમાં અને સર્વ

ભૂતપ્રાણીઓમાં ગુપ્ત રીતે જીવ રહેલો છે, એમ હિ અવ્યયથી બતાવ્યું છે. વળી કાષ્ઠના દૃષ્ટાંતથી એમ પણ સિદ્ધ થાય છે કે જે કાષ્ઠમાં અગ્નિ પ્રકટ થાય છે તે જ કાષ્ઠમાં પ્રકાશમાન રહે છે. એવી રીતે જીવ પણ જ્યાં પ્રકટ થયેલો હોય ત્યાં જ પ્રકાશમાન રહે છે. જડમાં ચિદંશનો તિરોભાવ હોવાથી ત્યાં જીવનો પ્રકાશ નથી. આ જીવ યોગ અને જ્ઞાન વડે દરેક સ્થળે પ્રકટ થાય છે; તેથી જેમ અગ્નિને ઉત્પન્ન થવાનું સ્થાન કાષ્ઠ છે, તેવી રીતે જીવને પ્રકટ થવાનું સ્થાનક સમગ્ર પંચમહાભૂતો છે. તેમાં કાષ્ઠમાં અગ્નિની માફક એક જ જીવ જુદો જુદો દેખાય છે. વળી આ જીવ વિશ્વાત્મા છે, એટલે સમગ્ર જગતનું આ એક જ સ્વરૂપ છે; તેથી શ્લોકમાં પણ **વિશ્વાત્મા** એમ એકવચનનો પ્રયોગ કર્યો છે; કેમકે એક જગતનો આત્મા પણ અનેક શી રીતે હોઇ શકે? પણ ઉપાધિના ભેદથી જુદો જુદો હોય તેમ દેખાય છે. મૂળમાં **વ**કાર બતાવ્યો છે, તેથી પંચમહાભૂતના દરેક પદાર્થમાં જુદો દેખાય છે. તેમ વળી આ જીવ **પુમાન્** છે એટલે આખા બ્રહ્માંડના શરીરરૂપ, વિરાટ્ પુરુષ, આખા બ્રહ્માંડમાં દરેક સ્થળે એક જ છે. તે બ્રહ્માંડમાં રહેલાં પંચ-મહાભૂતો, અને તેથી ઉત્પન્ન થયેલા તમામ પદાર્થો, તેના અવયવરૂપે છે. તે પદાર્થો જુદા જુદા દેખાય છે, તોપણ બ્રહ્માંડ શરીરરૂપ પુરુષ જુદો પડતો નથી. જેમ હાથ, પગ વગેરેમાં વિવિધ પ્રકારનો ભેદ દેખાય છે તોપણ શરીરમાં રહેનારા જીવનો ભેદ નથી, તેવી રીતે સર્વત્ર બ્રહ્માંડમાં વિરાટ્પુરુષનો ભેદ નથી. એક જ વિરાટ્ પુરુષ દરેક સ્થળે ગુપ્ત રહીને જ્યારે જુદો જુદો દેખાય છે, ત્યારે તે જીવ કહેવાય છે. (૩૨)

હવે તે જીવસ્વરૂપે જ ભોગલીલાને કહે છે:

असौ गुणमयैर्भावैर्भूतसूक्ष्मेन्द्रियात्मभिः ।
स्वनिर्मितेषु निर्विष्टो भुङ्क्ते भूतेषु तद्गुणान् ॥३३॥

શબ્દાર્થ:—ગુણમય પંચમહાભૂત, તન્માત્રાઓ, અને ઇન્દ્રિયરૂપ ભાવ વડે, પોતે બનાવેલા પ્રાણીઓમાં, નિરંતર રહેલો આ જીવ, તેના ગુણોને ભોગવે છે.

ભાવાર્થ:—અંતઃકરણ, ઇન્દ્રિયો, શબ્દાદિક વિષયો અને પંચમહાભૂત, એમ ચાર પ્રકારની સત્ અંશની સૃષ્ટિ છે. અંતઃકરણ વગેરેને ગુણમય કહેલાં છે, તેથી તેઓ ત્રિગુણાત્મક છે, અને બ્રહ્મના સત્ ચિત્ અને આનંદ એ ત્રણ અંશોમાંના સદંશરૂપ છે. તેઓએ બનાવેલા દેવતાઓ, પશુઓ અને મનુષ્યાદિક પ્રાણીઓમાં, નિરંતર પ્રવેશ કરીને જીવ રહેલ છે, એટલે અધ્યાસ (ભ્રમ)થી રહેલો તે વિષયોને ભોગવે છે, એટલે વિષયોને પોતાના સ્વાધીન કરે

છે. તેનો ભોગ કેવી રીતે થાય છે તેનું વિવેચન આગળ થશે. એટલું નિરૂપણ કરવાથી ભોગસૃષ્ટિનો ભેદ કહેલો છે. સાક્ષાત્ સૃષ્ટિના ભેદનું નિરૂપણ આગળ થઈ ગયું છે; તેમ માયાના કરણપણાનું પણ નિરૂપણ કરેલું છે; અર્થાત્ માયાને સાધનરૂપે ગ્રહણ કરેલી છે એમ બતાવ્યું છે. અહીં પંચમહાભૂતોને સાધનપણું અથવા કર્તાપણું છે. દેવાદિક પ્રાણીઓને પોતામાં બનાવેલાં છે, અથવા પોતાના માટે બનાવેલાં છે, અથવા પોતે બનાવ્યાં છે; એમ ત્રણ પ્રકારે અર્થ થાય છે. ત્યાં અધ્યાસથી જીવ અને સાત્ત્વિકાદિક ત્રણ ગુણો રહેલા છે. તેમાં અંતઃકરણ સાત્ત્વિક છે, ઇન્દ્રિયો સાત્ત્વિક અને રાજસ છે, શબ્દાદિક તન્માત્રાઓ રાજસ અને તામસ છે, અને પંચમહાભૂતો તામસ છે. ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એમ ચાર પ્રકારના પુરુષાર્થની સિદ્ધિ માટે ચાર પ્રકારનો ભેદ છે. દેહ વડે ધર્મ, તન્માત્રાઓથી અર્થ, ઇન્દ્રિયોથી કામ, અને અંતઃકરણથી મોક્ષ સિદ્ધ થાય છે. તેમાં જીવની સ્થિતિ મુખ્યપણે એક સ્થળે થાય ત્યારે તેમાં તેનો દૃઢ અધ્યાસ (ભ્રમ) થઈ જવાથી બીજું અંગભાવને પ્રાપ્ત થાય છે; એટલે જ્યારે દેહમાં દૃઢ અધ્યાસ હોય ત્યારે બીજા સ્થળમાં અધ્યાસ ન હોવાથી તે અંગભાવને પ્રાપ્ત થાય છે. અને જ્યારે ઇંદ્રિયોમાં અધ્યાસ હોય ત્યારે દેહાદિક અંગભાવને પ્રાપ્ત થાય છે. એમ દેહ, તન્માત્રા, ઇન્દ્રિયો અને અંતઃકરણમાંના કોઈ એકમાં અધ્યાસ હોય ત્યારે બીજું અંગભાવને પ્રાપ્ત થાય છે; એવો અભિપ્રાય છે, તેથી ચાર પ્રકારના પુરુષાર્થરૂપ તેના ગુણોને ભોગવે છે એમ કહ્યું છે. (૩૩)

આમ ભોગના લક્ષણવાળી લીલાનું પ્રતિપાદન કરીને તે ભોગની સિદ્ધિ માટે પાલનના લક્ષણવાળી લીલાને કહે છેઃ

भावयत्येष सत्त्वेन लोकान्वै लोकभावनः ।
लीलावतारानुरतो देवतिर्यङ्नरादिषु ॥३४॥

શબ્દાર્થઃ—દેવતાઓ, પશુઓ, અને મનુષ્યાદિકમાં લીલાવતારોથી પ્રીતિવાળા, અને સત્ત્વગુણ વડે લોકોને ઉત્પન્ન કરનારા છે; આ ભગવાન્ સર્વ લોકોનું પાલન કરે છે.

ભાવાર્થઃ—આ ભગવાન જ જીવરૂપથી અભિન્ન રહીને લોકોનું પાલન કરે છે. પાલન કરવામાં સત્ત્વગુણ જ સાધનરૂપ છે. લોકો એટલે બધાં ભુવનો અને મનુષ્યો સમજવાનાં છે. અથવા દરેકને સત્ત્વયુક્ત કરે છે. લોકોનું પાલન કરવામાં અને સત્ત્વયુક્ત બનાવવામાં કારણ એટલું જ છે કે પોતે લીલાવતારની પાછળ પ્રીતિ રાખનારા છે, એટલે અવતારોથી દૈત્યાદિકનો વધ કરીને દરેક લોકોની રક્ષા કરે છે; તેમજ અવતારો વડે ચરિત્ર કરીને દરેક લોકોની મુક્તિ માટે તેને સત્ત્વગુણવાળાં બનાવે છે.

અહીં શંકા થાય છે કે સત્ત્વગુણમાત્રથી મુક્તિ કેમ થાય? અને અવતારોથી પાલન શી રીતે થાય? ત્યાં સમાધાન કરે છે કે સર્વલોકો વડે એની ભાવના છે, અને તે ભાવના મુક્તિના પ્રકારરૂપ છે. અને જ્યારે અવતારો ન હોય ત્યારે પણ ભાવના વડે જ દરેક અનિષ્ટની નિવૃત્તિ થાય છે. તેથી પાલનં પણ થાય છે. અથવા લોકોની ભાવના કરે છે, એટલે હમેશાં લોકોની ચિંતા કરે છે; તેથી તે લોકોના જ દુઃખનું નિવારણ કરવા માટે અવતારો ધારણ કરીને તેનું પાલન કરે છે.

ત્યાં શંકા થાય છે કે તામસ પ્રકૃતિવાળાં મનુષ્યોમાં પ્રભુની લીલા શી રીતે થાય? ત્યાં કહે છે કે જેમ જીવો ભગવાનમાં પ્રીતિવાળા છે તેમ ભગવાન્ પણ તેની પાછળ પ્રીતિવાળા થયા છે; કારણ કે પ્રીતિ સિવાય તેનું શરીર જ ન હોઇ શકે. તેથી તે તે શરીરમાં જીવ પ્રીતિયુક્ત રહે છે. તેની પાછળ ભગવાન્ પ્રીતિવાળા બને છે. દેવાદિક છે તે સત્ત્વગુણાદિકના ભેદરૂપે છે. **આદિ** શબ્દ મૂકેલો હોવાથી મિશ્રણ થયેલા ભેદ પણ સમજવાના છે. આથી જેનું નિરૂપણ થયું નથી તેવાં પ્રાણીઓમાં પણ ભગવાનના અવતારો જાણી લેવાના છે. આગળ ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે "પ્રભુના અસંખ્ય અવતારો છે;" દેવોમાં વામનજી, પશુઓમાં મત્સ્ય કચ્છપ વગેરે, મનુષ્યોમાં શ્રીરામચંદ્રજી વગેરે, અને મિશ્રિતમાં નૃસિંહ વગેરે અવતારો સમજવાના છે. (૩૪)

ઇતિ શ્રીભાગવત સુબોધિની—ભાવાર્થમાં પ્રથમ-સ્કંધમાં હીનાધિકાર પ્રકરણાંતર્ગત દ્વિતીય અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૩ જો

निरूपिताः पञ्च लीलाः फलसाधननिर्णये ।
तृतीये त्ववशिष्टानामवतारार्थ धर्मिणाम् ॥ १ ॥
कृष्णावतार कार्यं हि न सूतो ज्ञातवान् स्फुटम् ।
अतः साधारणं प्रोक्तं निर्णयश्च तथाधिकः ।
षट्प्रश्नपूरणं तेन; वस्तुतः पञ्चपूरणम् ॥ २ ॥

કારિકાર્થ:—આગળના અધ્યાયમાં ફળ અને સાધનના નિર્ણયમાં પાંચ પ્રકારની લીલાનું નિરૂપણ કર્યું. આ ત્રીજા અધ્યાયમાં બાકી રહેલા અવતારો, પુરુષાર્થો અને ધર્મીનો નિર્ણય કરવામાં આવશે. (૧) સૂતપૌરાણિક શ્રીકૃષ્ણાવતારનું સ્ફુટ કાર્ય જાણતા નથી; તેથી આ અધ્યાયમાં તેનું સાધારણ નિરૂપણ કરેલું છે; અને નિર્ણય અધિક બતાવેલો છે. આમ છ પ્રશ્નોના ઉત્તરો પૂર્ણ થાય છે. પરંતુ ખરી રીતે તો પાંચ પ્રશ્નોના ઉત્તર પૂર્ણ થાય છે; કેમકે આગળ કુંતીજીની સ્તુતિમાં શ્રીકૃષ્ણાવતારનું નિરૂપણ બરાબર થયું નથી. (૨)

"હવે ભગવાનના અવતારોની કથા કહો" આવી રીતે જુદો અવતારનો પ્રશ્ન કર્યો છે, તેનો ઉત્તર આપવા માટે આ અધ્યાયના ૨૬ શ્લોકોથી અવતારોનું વર્ણન કરે છે. ઊતરવું તે અવતાર કહેવાય છે; એટલે વ્યાપી વૈકુંઠમાંથી આ જગત્માં ભગવાનનું પધારવું. તેમાં જો કે અક્ષર, કાલ, કર્મ, ભાવ અને તત્ત્વોમાં ભગવાનનો અવતાર છે, તોપણ તેમાં દ્વૈતપણું રહેલું છે; તેને અવતાર[1] ન કહી શકાય. અથવા "ઇચ્છાનુસાર લીલા કરનાર હરિની અવતારકથા કહો" એ પ્રશ્નમાં વિશેષપણું પૂછેલું છે. અક્ષરાદિકમાં તેમ ન હોવાથી તેમાં પોતાની ઇચ્છા પ્રમાણે સ્વતંત્રલીલા નથી; તે તો નિયત કામ કરનાર છે. હવે સાક્ષાત્ અને પરંપરા એમ બે પ્રકારના ભેદથી ભૂતલીલા[2] બે પ્રકારની છે. તેમ

---

૧. ગીતાજીમાં વ્યાપી વૈકુંઠાત્મક અક્ષરબ્રહ્મને પરમ કહેલું છે. તેનું આધિદૈવિક સ્વરૂપ પ્રકૃતિ અને પુરુષના કારણરૂપ છે. તે અક્ષરના અંશાત્મક કાલ, કર્મ અને સ્વભાવાદિક તત્ત્વરૂપ છે. તેમ જ અક્ષરબ્રહ્મનાં હું ગર્ભને ધારણ: કરું છું, તેવા પ્રભુના વાકયથી તેને કારણપણું હોય છે. તેમજ કાલરૂપ હું અવતરેલ છું, એ વાકયથી તેમાં ભગવાનનો અવતાર છે, તો પણ તે જગતનું એક જુદું કારણ છે. તેથી તેમાં દ્વૈતપણું છે. માટે અક્ષરબ્રહ્મને અવતારમાં ગણેલ નથી.

૨. ભગવાનનાં પણ પ્રાણ, મન, ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે, એમ વેદમાં લખ્યું છે. તે સાક્ષાત્સૃષ્ટિ છે અને ભગવાનથી અથવા માયાથી આકાશાદિ ઉત્પન્ન થાય છે તે પરંપરાથી સૃષ્ટિ છે.

બ્રહ્માંડને ઉત્પન્ન કરીને અને ઉત્પન્ન કર્યા વગર, એમ ભૌતિકલીલા પણ બે પ્રકારની છે. તેમાં બ્રહ્માંડને ઉત્પન્ન કરીને ભૌતિકલીલા થાય છે ત્યાં નિર્માણ-પક્ષમાં પણ જેમ દશરથના[1] પુત્રોમાં કોઇક અવતારરૂપે છે અને કોઇક નથી પણ, તેવી રીતે વિશ્વને સર્જનારાઓના ગર્ભરૂપ વિરાટ્ પુરુષ કયારેક બ્રહ્મ-શરીર હોય છે અને કયારેક જીવ શરીર પણ હોય છે.

તેમાં જ્યારે વિરાટ્ બ્રહ્મશરીર હોય છે, ત્યારે તેમાં રહેલાઓની મુક્તિ સહેલાઇથી થાય છે. તેથી પ્રથમ પુરુષાવતારનું નિરૂપણ પાંચ: શ્લોકોથી કરે છે:

सूत उवाच ।

जगृहे पौरुषं रूपं भगवान्महदादिभिः ।
सम्भूतं षोडशकलमादौ लोकसिसृक्षया ॥१॥

શબ્દાર્થ:—લોકોની સૃષ્ટિ કરવાની ઇચ્છાથી, મહદાદિક ત્રેવીસ તત્ત્વોથી ઉત્પન્ન થયેલું, સોળકલારૂપ, વિરાટ્ પુરુષના રૂપને ભગવાને ગ્રહણ કર્યું.

ભાવાર્થ:—અહીં તેવો અધિકારી જીવ ન હોવાથી પોતે જ પુરુષ થયેલા છે. " પુરુષ નામનાં ત્રણરૂપ વિષ્ણુનાં છે " એમ જે લખ્યું છે તે પણ ત્રણ રૂપના વિષયરૂપે છે. પુરુષ શબ્દનો ત્રણ પ્રકારે અર્થ થાય છે: એક તો 'પુરમાં વસે છે માટે પુરુષ' થાય છે. બીજો અર્થ 'પુરમાં રહેતાં સર્વ પાપને દાહ કરનાર' થાય છે. ત્રીજો અર્થ 'પુરમાં રહેનાર' થાય છે. તેમાં પહેલા બે અર્થ બૃહદારણ્યકોપનિષદ્માં પુરુષવિધ બ્રાહ્મણમાં છે અને ત્રીજો અર્થ મધુબ્રાહ્મણમાં છે. તેમાં પહેલા અર્થમાં વ્યાકરણના નિયમ પ્રમાણે સંપ્રસારણ થઇને ष થાય છે. અને ત્રીજા અર્થમાં ष્કારનો ઉકાર વૈદિક રીતે થાય છે. ત્રીજા અર્થમાં શરીરનો સંબંધ નથી અને પહેલા બે અર્થમાં શરીરનો સંબંધ રહે છે. તેમાં પુરીમાં રહેનાર જીવ પણ થાય છે. અને બીજો અર્થ તેમ જ ત્રીજો અર્થ ભગવાનમાં જ ઘટે છે. તેમાં બીજા અર્થના અભિપ્રાયથી અહીં 'પુરુષ' શબ્દ થયેલ છે. તપાવેલા લોઢાના પીંડામાં રહેલા અગ્નિની માફક શરીરમાં રહીને પોતારૂપ બનાવી દે છે. બ્રહ્માંડમાંથી થયેલ છે તેથી બ્રહ્માંડની અંદર જ દરેકને મુક્તિ આપવા સર્વ બનાવે છે. આ બ્રહ્માંડને પુરુષની આકૃતિરૂપપણું છે પણ પુરુષપણું નથી. કેમકે મૂળમાં पौरुषं એટલે 'પુરુષ સંબંધી' એમ લખ્યું છે. તેથી જ " મારું રહેવાનું ઉત્તમ સ્થાન છે " એમ પણ લખ્યું છે. શુદ્ધ સત્ત્વ-ગુણી શરીરની માફક તત્ત્વોએ બનાવેલા પુરુષરૂપને પોતે ગ્રહણ કરે છે. કોઈ અધિકારીએ ગ્રહણ કરેલું નથી, એમ બતાવવા **भगवान्** કહેલ છે. જળમાં

---

૧. મહાભારતના સભાપર્વમાં યમસભામાં દશરથના પુત્ર રામ બનેલા છે, તેથી કોઈ કલ્પમાં રામ અવતાર નથી પણ એમ સિદ્ધ થાય છે.

બીજથી થયેલા બ્રહ્માંડથી જુદાઈ બતાવવા માટે કહે છે કે મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રા, આમ સાતથી ઉત્પન્ન થયેલું છે. અને અગિયાર ઇન્દ્રિયો તથા પાંચ મહાભૂત મળી સોળ કલાવાળું, પુરુષ સંબંધી શરીર ગ્રહણ કરેલું છે. એમ પહેલાં બતાવેલ સાત અને સોળ કળા મળી ત્રેવીસ પ્રાકૃતિક ગણ થાય છે. આ સૃષ્ટિમાં પ્રકૃતિ અને પુરુષો પોતે જ ભગવાન થયા છે; તેથી કાંઈ બાકી રહેતું નથી. આ પ્રથમ સૃષ્ટિ છે. તે પછીની બીજી સૃષ્ટિઓમાં અધિકારી પુરુષો સુલભ છે, પણ આ પહેલી સૃષ્ટિમાં નહિ હોવાથી પોતે જ અધિકારી-રૂપ થાય છે. આ અવતાર ગ્રહણ કરવાનું પ્રયોજન કહે છે કે પોતાના ઉદરમાં લોક રહેલા છે. તેઓની સૃષ્ટિ અને ઉદરમાં સ્થિતિ, બન્ને જેવી રીતે થાય, તેમ કરવાને માટે બ્રહ્માંડદેહ ગ્રહણ કર્યો છે. (૧)

બ્રહ્માંડદેહ ગ્રહણ કર્યા વગર શું અનુપપત્તિ હતી અને કયા સ્વરૂપને કર્તાપણું છે, તે બતાવવા માટે કહે છે કે:

यस्याम्भसि शयानस्य योगनिद्रां वितन्वतः ।
नाभिह्रदाम्बुजादासीद् ब्रह्मा विश्वसृजां पतिः ॥२॥

શબ્દાર્થ:—જળમાં સૂતેલા અને યોગનિદ્રાનો વિસ્તાર કરનારા, ભગવાનના નાભિહ્રદમાં થયેલા કમળથી, જગતને સર્જનારાઓના પતિ બ્રહ્મા થયા.

ભાવાર્થ:—બ્રહ્માનો દિવસ પૂરો થાય ત્યારે પ્રલય થાય છે; ત્યારે શયન કરાય છે. તે શયન આ નથી, પણ વૈષ્ણવતંત્રમાં કહેલ ચતુર્મૂર્તિના કારણભૂત નારાયણનું આ શયન છે. તે કહેલ છે કે "ઉદારગુણના સમુદ્રરૂપ હતા" તે નારાયણ પોતાના ઉદરમાં રહેલા જીવનું નિર્માણ કરે છે. તેમાં ઉદરમાંથી બિલકુલ બહાર નીકળવામાં સાયુજ્ય થયેલાની સૃષ્ટિની માફક અયુક્ત થાય, તે માટે બ્રહ્માંડરૂપ બીજો કોશ ઉત્પન્ન કરે છે. ત્યાં શંકા કરે છે કે સૂતેલા હોય તેને શયનનો ત્યાગ કરી સૃષ્ટિ કરવામાં મોટો કલેશ થાય! તેનું સમાધાન કરે છે કે સૂતેલાથી જ બધું થયું છે, એમ બતાવવા માટે કહે છે કે 'જલને વિષે પોઢેલા ભગવાનના નાભિકમળથી બ્રહ્મા થયા;' એટલે ભગવાન્ પોઢેલા જ રહ્યા છે. જલમાં પોઢેલા છે એમ કહેવાથી પ્રભુની શય્યા શીતળ અને કોમલ છે. ત્યાં શંકા કરે છે કે પોતાના સ્વરૂપને ભૂલી જઈને ભગવાન અથવા માયાની સમીપમાં જેવું તે શયન કહેવાય છે, તેવું શયન ભગવાનમાં કેવી રીતે હોઈ શકે? તેની શંકાનું નિરાકરણ કરે છે કે 'ભગવાન યોગનિદ્રાનો વિસ્તાર કરે છે.' ખરી રીતે ભગવાન્ પોઢતા નથી, પણ ભગવાનની નિદ્રા નામની યોગભૂત કોઈ શક્તિ છે, તે જીવોના કલેશોનો નાશ કરનારી છે અને જીવોને પોતાના તરફ આણે છે, એટલે જીવોને તે ભગવાન્ની સમીપમાં મૂકે છે અને

શુદ્ધ રહેલા આનંદને પ્રકટ કરે છે. તે નિદ્રા નાનકડી છે, તેથી તેને પોતાના સ્વરૂપમાં વિસ્તારીને કાર્ય કરવા યોગ્ય મોટી કરી છે; એટલે સૃષ્ટિના ઉપયોગ માટે કાર્ય કરી શકે તેવી કરી છે. તે આનંદને માટે પ્રયત્ન કરનારાઓ વડે જ સૃષ્ટિ થાય છે, તેવી રીતે ભગવાનમાં પણ થયું, એમ બતાવવા માટે 'નાભિ-હ્રદરૂપ કમળમાંથી બ્રહ્મા થયા' એમ કહ્યું છે. પોતાના ઉદરમાં જગત છે તે જણાવવા માટે **नाभि** પદનો પ્રયોગ કર્યો છે. કમળ સુકાઇ ન જાય તે માટે **હ્રદ** પદનો પ્રયોગ કર્યો છે. કમળ ત્રૈલોકયાત્મક છે. તેવું કમળ નાભિમાં રહેલું છે, એમ કહેવાથી ભગવાનના માહાત્મ્યની સૂચના કરી છે. એ નાભિ-માંથી આ પહેલું જ કાર્ય ઉત્પન્ન થયુ છે; તેથી તેનું નામ પણ 'બ્રહ્મ' રાખેલું છે, તેમ જ કર્તાપણું હોવાથી તે સ્વતંત્ર છે તે બતાવવા માટે **ब्रह्मा** એમ પુલ્લિંગ-નો નિર્દેશ કર્યો છે. તે બ્રહ્મથી મરીચિ વગેરે પણ ઉત્પન્ન થયા છે, તેઓને હુકમ કરનાર આ બ્રહ્મા છે, તે બતાવવા માટે સૃષ્ટિ કરનારાઓના પતિ તરીકે કહેલા છે. પતિ કહેવાથી તેની આજ્ઞાને ઓળંગી શકાય નહિ, તેમ સૂચવ્યું છે. (૨)

આથી સૂતેલા ભગવાનથી જ દરેક લોકો ઉત્પન્ન થયા છે આમ કહ્યું. હવે તેઓનું સ્થાન કહેવાને માટે, 'લોક' શબ્દનો અર્થ 'ભુવન' કહેવાય છે. અને તે લોકને જડપણું છે, તેથી પોતાની મેળે ઉત્પન્ન થવું ઘટતું નથી, અને પોઢેલાને ઉત્પન્ન કરવું તે પણ શકય નથી, એવી શંકાનું સમાધાન કરે છે. પુરુષ શરીરનાં મોટાં અવયવો જ લોકરૂપ થયાં એમ નિરૂપણ કરે છેઃ

यस्यावयवसंस्थानैः कल्पितो लोकविस्तरः ।
तद्वै भगवतो रूपं विशुद्धं सत्त्वमूर्जितम् ॥३॥

શબ્દાર્થ:—જેના અવયવનાં સારાં સ્થાનો વડે લોકનો વિસ્તાર કલ્પાયેલો છે, તે વિશુદ્ધ, વૃદ્ધિ પામેલું, સત્ત્વાત્મક, ખરેખર ભગવાનનું સ્વરૂપ છે.

ભાવાર્થ:—તે ભગવાન યુક્તિ વડે વૃક્ષની માફક મધ્ય ભાગમાં રહે છે એમ જણાય છે, ખરી રીતે તો બીજાત્મક પ્રભુની સર્વ સ્થળે ગતિ છે અને તેથી તે દરેક કાર્યમાં નિવેશ કરીને રહેલા છે. આ દેહ ઊર્ધ્વગોળાકાર છે. જે જે અવયવો જેવી જેવી રીતે રહેલાં છે અને તેથી જે જે લોકોની કલ્પના થાય છે, તેનું આગળ દ્વિતીય સ્કંધમાં નિરૂપણ થશે કે "પાતાલ છે તે ભગવાનનું પાદમૂલ છે" વગેરે વગેરે.

ત્યારે તો પોતાના શરીરમાં લોકોનું નિર્માણ કરવાથી લોક નાનકડા બની જશે; તેવી શંકાનું સમાધાન કરે છે કે 'તે લોકનો વિસ્તાર કલ્પાયેલો છે.' એવી રીતે લોક અને મનુષ્યોનું નિર્માણ કરવાથી અવતારનું પ્રયોજન

કહીને, બીજાં બ્રહ્માંડોની માફક આ પણ કેવળ જડ હશે, એવી શંકા કરીને, પહેલાં કહેલા અવતાર રૂપનો ઉપસંહાર કરવા માટે તેનો અનુવાદ કરે છે કે "તે પહેલાં કહેલું બ્રહ્માંડરૂપ ભગવાનનું જ છે, બીજું કાંઇ પણ નથી." તેમજ બે અવ્યયથી ભગવાનના બ્રહ્માંડરૂપમાં ઉપપત્તિ (પ્રમાણરૂપ પ્રાપ્તિ) થાય છે; આવો અભિપ્રાય છે.

ભગવાનનું તો પ્રાકૃતરૂપ જ નથી; ભગવાન્ તો શુદ્ધ સત્ત્વાત્મક છે, ત્યારે બ્રહ્માંડને દેહપણું શી રીતે સંભવે? એમ શંકા કરીને કહે છે કે 'આ શરીર શુદ્ધ સત્ત્વાત્મક છે.' અને તે શાંત નથી પણ સર્વ કાર્ય કરવાને તે તૈયાર છે. રજોગુણનો સંબન્ધ નથી તો પણ કાર્ય કરવામાં ઉન્મુખ છે એમ બતાવવા માટે ઊર્જિત કહેલ છે; એટલે હર્ષથી જે પ્રફુલ્લિત થાય તે ઊર્જ્જ કહેવાય. તે રજોગુણ વગર પણ ભગવાનના આવેશથી થાય છે. (૩)

શંકા કરે છે કે બ્રહ્માંડનો પરિગ્રહ તો કારણપણાથી પણ સંભવે છે, ત્યારે નિશ્ચયરૂપ તેને દેહપણું શા માટે? તેનું સમાધાન કરે છે કે:

पश्यन्त्यदो रूपमदभ्रचक्षुषा
सहस्रपादोरुभुजाननाद्भुतम् ।
सहस्रमूर्धश्रवणाक्षिनासिकं
सहस्रमौल्यम्बरकुण्डलोल्लसत् ॥४॥

શબ્દાર્થ:—યોગીઓ જ્ઞાનદૃષ્ટિથી આ રૂપને દેખે છે. તે રૂપમાં હજારો ચરણ, હજારો સાથળ, હજારો હાથ, હજારો મુખ અને હજારો મસ્તક છે, તેમજ હજારો મસ્તકમાં હજારો કર્ણ, નેત્ર, નાસિકા છે; તેથી તે અદ્ભુત દેખાય છે, અને હજારો મુકુટ, વસ્ત્ર તેમજ કુંડલોથી શોભાયમાન છે.

ભાવાર્થ:—યોગીઓને યોગથી ઉત્પન્ન થયેલા ધર્મ વડે સાક્ષાત્કાર થાય છે. તેજ ભગવાનના અવતારમાં પ્રમાણરૂપ છે. આ જગત્ પ્રાકૃત નેત્રથી દેખાય છે, પરંતુ પરોક્ષપણાથી પ્રસિદ્ધ આ ભગવાનનું રૂપ પ્રાકૃત નથી. તે રૂપ પૃથિવી વગેરેની માફક કેવળ જડ નથી, તેમ યોગીઓને પણ તેનાં હમેશાં દર્શન થતાં નથી, પરંતુ મોટી જ્ઞાનમય દૃષ્ટિથી દર્શન થાય છે. તે ભગવાનની મૂર્તિરૂપ છે; તેથી તેનું પ્રતિપાદન વેદ કરે છે. તેવી મૂર્તિમાં સંબંધ થતાં તે શરીર પણ, "ચોતરફ જેનાં નેત્ર, મુખ વગેરે છે" એમ વેદે પ્રતિપાદન કરેલા રૂપની માફક ધ્યાન કરવા યોગ્ય થયું છે. અહીં **सहस्र** શબ્દનો અર્થ 'અસંખ્ય' તરીકે કરવાનો છે. ગીતાજીમાં "અનેક મુખ અને અનેક નેત્રવાળા સ્વરૂપ"નું પ્રતિપાદન કર્યું છે, તે પ્રમાણે આ સ્વરૂપ પણ હજારો ચરણ, સાથળ, ભુજા અને મુખકમળથી ઘણું જ અદ્ભુત છે. અહીં

ક્રિયાશક્તિ જેમાં પ્રધાન છે તેવાં ચાર અંગોનું નિરૂપણ કર્યું છે, તે બતાવે છે કે ગતિ, સૃષ્ટિ કરવી, ક્રિયા કરવી અને ભાષણ કરવું, એમ ચાર પ્રકારની ક્રિયા કહેલી છે. હવે જ્ઞાનની મુખ્યતાવાળાં અંગો કહે છે કે "ભગવાનનાં હજારો મસ્તકોમાં અસંખ્ય કર્ણ, નેત્ર અને નાસિકાઓ છે. તે ત્રણ જ જ્ઞાનેંદ્રિયો બે દેવતાવાળાં તરીકે પ્રસિદ્ધ છે. જિહ્વા ઇન્દ્રિય તો મુખની અંદર છે; તેથી તે તો મુખના નિરૂપણમાં જ આવી ગઇ છે. ત્વચા ઇન્દ્રિય (ચામડી) ને નાનાપણું નથી તેથી અહીં લખી નથી. હવે તેનો પરિકર બતાવે છે કે હજારો મુકુટ, વસ્ત્ર અને કુંડલોથી તે મૂર્તિ અત્યંત શોભાવાળી છે." તેમાં પ્રથમ મુકુટનાં દર્શન થાય, પછી વસ્ત્રોનાં દર્શન થાય અને પછી કુંડલોનાં દર્શન થાય છે તે માટે ક્રમ બતાવ્યો છે. (૪)

શંકા કરે છે કે "વાણીરૂપ ગાયની ઉપાસના કરે" એ વાક્યની માફક ઉપાસનાના પ્રકાર વડે, જગત્ને ભગવદ્રૂપપણું હોવાથી તેના ધ્યાન કરવાનો સંભવ છે; માટે નિશ્ચયપણાથી અવતારપણું શી રીતે થાય ? તેના સમાધાન માટે કહે છેઃ

एतन्नानावताराणां निधानं बीजमव्ययम् ।
यस्यांशांशेन सृज्यन्ते देवतिर्यङ्नरादयः ॥ ५ ॥

શબ્દાર્થઃ—આ સ્વરૂપ, નાના પ્રકારના અવતારોને રહેવાનું સ્થાનક છે અને તેનું બીજ છે. તે અવ્યય છે, જેના અંશથી, અને અંશના અંશોથી દેવ પશુઓ અને મનુષ્યાદિક સર્જાય છે.

ભાવાર્થઃ—અવતારોનું મૂળ ભગવાન્ છે. અથવા મૂળનું અવતરણ તે અવતારનું મૂળ છે. તેમાં તત્ત્વોથી બનાવેલ હોવાથી ભગવાન્ નથી. તે પુરુષ જો અવતારરૂપ ન થાય તો બીજા અવતારોનું મૂળ પણ ન થઈ શકે, અને અવતારોનો ઉત્કર્ષ એટલે મોટાઇ પણ ન થાય. માટે પુરુષના અવતારપણામાં સંદેહ નથી. તે પુરુષરૂપ મત્સ્યાદિક નાના પ્રકારના અવતારોનું સ્થાનક છે અને અવતારો નીકળવાનું પણ કારણ છે; તેમ તે નાશ વગરનું છે. કંદની માફક અંકુરની ઉત્પત્તિ થવાથી નાશ થતો નથી. અવતારોનું પ્રયોજન તો પહેલાં કહેલું છે. તે હવે વિસ્તારથી કહે છે કે જેનો અંશ બ્રહ્મા થયા છે, તે બ્રહ્માનો અંશ મરીચિ વગેરે ઋષિઓ થયા છે, અથવા જઘન ચરણ વગેરે થયાં છે, તેઓથી સત્ત્વગુણ જેમાં પ્રધાન છે તેવા દેવાદિક થયા છે. (૫)

આમ પુરુષોનો અવતાર કહીને, તેની અંશસૃષ્ટિમાં તેના જેવી જ પ્રકૃતિવાળા અવતારોને એકવીશ શ્લોકોથી કહે છેઃ

स एव प्रथमं देवः कौमारं सर्गमाश्रितः ।
चचार दुश्चरं ब्रह्मा ब्रह्मचर्यमखण्डितम् ॥ ६॥

શબ્દાર્થ:—તેજ નારાયણ પ્રભુ, સનત્કુમારરૂપે પ્રથમની સૃષ્ટિમાં થયા અને બ્રાહ્મણ સ્વરૂપે લોકમાં કોઇથી પણ ન થઇ શકે તેવું અખંડ બ્રહ્મચર્ય પાળ્યું.

ભાવાર્થ:—દરેક સ્થળે અવતારનું નામ અને પ્રયોજન કહેવાય છે. વૈકુંઠમાંથી પૃથ્વી ઉપર આવવું તેને અવતાર કહે છે. તે અવતારો સમાન હોવાથી આવેશ અને અવતારમાં તફાવતથી એમ નિરૂપણ કર્યું છે, ત્યાં નીચે પ્રમાણે કારિકાઓ છે:

सत्त्वरूपशरीरेषु ब्रह्मणः संक्रमः स्मृतः ।
अशुद्धशुद्धभेदेन शरीराणामतो द्विधा ।
कार्यकाले संक्रमणमावेशः सर्वदा परम् ॥१॥

સત્ત્વરૂપ શરીરોમાં બ્રહ્મનું આવવું થાય છે, તે "અવતાર" કહેવાય છે. તે આવવું અશુદ્ધ અને શુદ્ધ એમ બે પ્રકારથી થાય છે. કાર્યના સમયમાં આવવું તે 'આવેશ' કહેવાય છે અને અવતારનું રૂપ હમેશાંનું છે. (૧)

તેમાં વૈષ્ણવ તંત્રમાં તેનો નિર્ણય કહેલો છે તે અવતાર અને આવેશના ભેદનો નિશ્ચય કરવા માટે છે.

क्रियाशक्त्या ज्ञानशक्त्या चावतारं करोत्यजः ।
वाराहादिस्वरूपेषु बलकार्यं जनार्दनः ॥२॥
दत्तव्यासादिरूपेषु ज्ञानकार्यं तथा प्रभुः ।
मत्स्यकूर्मवराहाश्च सिंहवामनभार्गवाः ॥३॥
राघवः कृष्णबुद्धौ च कृष्णद्वैपायनस्तथा ।
कपिलो दत्त ऋषभः शिशुमारो रुचेः सुतः ॥४॥
नारायणो हरिः कृष्णस्तापसो मनुरेव च ।
महिदासस्तथा हंसः स्त्रीरूपो हयशीर्षवान् ॥५॥
तथैव वडवावक्त्रः कल्की धन्वन्तरिः प्रभुः ।
इत्याद्याः केवलो विष्णुर्न विशेषोऽत्र कश्चन ॥६॥

ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ વડે અજન્મા ભગવાન્ અવતાર ધારણ કરે છે. તેમાં માયાને નિવૃત્ત કરનારા ભગવાને, વારાહાદિ સ્વરૂપોમાં ક્રિયાશક્તિથી બલનું કાર્ય કરેલું છે. (૨) દત્તાત્રેય વ્યાસજી વગેરે સ્વરૂપોમાં પ્રભુએ જ્ઞાન-કાર્ય કરેલું છે. મત્સ્યાવતાર, કૂર્માવતાર અને વારાહવતાર, શ્રીનૃસિંહજી, વામનજી, પરશુરામ, શ્રીરામચંદ્રજી, શ્રીકૃષ્ણ ભગવાન્, બુદ્ધ ભગવાન્ કૃષ્ણદ્વૈપાયન વ્યાસજી, કપિલ ભગવાન્, દત્તાત્રેય, ઋષભદેવજી, ઋચિના પુત્ર શિશુમાર, ધર્મના પુત્ર નારાયણ, હરિ, તપશ્ચર્યા કરનારા કૃષ્ણ, (સાંબને ઉત્પન્ન કરવા માટે કૃષ્ણે

તપ કર્યું હતું એમ કૂર્મપુરાણાદિકમાં છે તે બીજા કલ્પના કૃષ્ણ છે), સ્વાયંભુવ મનુ, મહિદાસ, હંસ, મોહિની, હયગ્રીવ ભગવાન્ વડવાવક્ત્ર, કલ્કી ભગવાન્, ધન્વંતરિ વૈદ્ય, ઇત્યાદિ કેવળ વિષ્ણુ ભગવાન જ છે; તેમાં કોઈપણ પ્રકારનો વિશેષ નથી. (૩-૪-૫-૬)

હવે આવેશાવતારનું નિરૂપણ કરે છે:

श्रीब्रह्मरुद्रशेषाश्च वीन्द्रेन्द्रः काम एव च ।
काम पुत्रोऽनिरुद्धश्च सूर्यश्चन्द्रो बृहस्पतिः ॥७॥
धर्म एषां तथा भार्या दक्षाद्या मनवस्तथा ।
मनुपुत्राश्च ऋषयो नारदः पर्वतस्तथा ॥८॥
कश्यपः सनकाद्याश्च ब्रह्माद्याश्चैव देवताः ।
भरतः कार्त्तवीर्यश्च वैन्याद्याश्चक्रवर्तिनः ॥९॥
गयश्च लक्ष्मणाद्याश्च त्रयो रोहिणिनन्दनः ।
प्रद्युम्नो रौक्मिणेयश्च तत्पुत्राश्चानिरुद्धतः ॥१०॥
नरः फाल्गुन इत्याद्या विशेषावेशिनो हरेः ।
इहोक्तिरविशेषेण सामान्यत इति स्फुटम् ॥११॥

લક્ષ્મીજી, બ્રહ્માજી, રુદ્ર, શેષ, ગરુડજી, ઇન્દ્ર, કામ, કામના પુત્ર અનિરુદ્ધ, સૂર્ય, ચન્દ્ર, બૃહસ્પતિ, ધર્મ, ધર્મની સ્ત્રીઓ, દક્ષ વગેરે પ્રજાપતિઓ, મનુઓ, મનુના પુત્રો, ઋષિઓ, નારદજી, પર્વતઋષિ, સનકાદિ ચાર કુમારો, બ્રહ્માદિ-દેવતાઓ, ભરતરાજા, સહસ્રાર્જુન, પૃથુરાજ વગેરે ચક્રવર્તીઓ, ગય, લક્ષ્મણ ભરત શત્રુઘ્ન, રોહિણીજીના પુત્ર બલરામ, રુકિમણીના પુત્ર પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, અનિરુદ્ધના પુત્રો, નરરૂપે રહેલા અર્જુન, આ બધા હરિભગવાનના વિશેષ આવેશવાળા છે. અહીં કોઇની પણ વિશેષતા બતાવ્યા વગર સ્ફુટ રીતે સમજી શકાય તે પ્રમાણે સામાન્યપણાથી નિરૂપણ કરેલું છે. (૭ થી ૧૧)

તેમાં પ્રથમ બ્રહ્માથી સનકાદિ ઉત્પન્ન થયા છે. તેઓમાં ભગવાનનો આવેશ છે. તેનું પ્રયોજન બ્રહ્મચર્ય પાળવાનું છે. જીવને તો ઇન્દ્રિયો હોવાથી બ્રહ્મચર્ય હોઈ શકે નહિ. જ્યારે ભૂખ લગાડનાર અગ્નિ થયો, એટલે તેનું સહન કરવું અશકય છે. ભૂખને શાંત કરવા માટે ઉપાય કરવો જ જોઇએ. તેમ બીજના આધારભૂત કામ માટે પણ સમજવાનું છે. ભૂખને શાંત કરવા માટે જેટલે અંશે જલપાન છે તેવી રીતે કામને શાંત કરવા સ્ત્રીઓનું જોવું, સ્ત્રીઓ સાથે વાર્તાલાપ કરવો, વગેરે છે. ત્યાં પણ અન્ન વડે ક્ષુધાની શાંતિ થઇને તૃપ્તિ થાય છે તેમ સ્ત્રી વડે, બીજના આધારભૂત કામાગ્નિને શાંત કરી તૃપ્તિ થાય છે; તેથી ઇન્દ્રિયોવાળા જીવને બ્રહ્મચર્ય સંભવે નહિ. તેમાં પણ સ્ત્રીઓનું

સ્મરણ કર્યા વગર મનથી જ વીર્યને ધારણ કરી રાખેલું તે બ્રહ્મચર્ય કહેવાય છે. તેવું બ્રહ્મચર્ય ભગવાનના આવેશથી જ થાય, તે સારુ પ્રથમ સનત્કુમારનો અવતાર છે. તેજ નારાયણ દેવ. પ્રભુએ, બ્રહ્મચર્યનું સ્વરૂપ બતાવવા માટે પ્રથમ સનત્કુમારનું રૂપ ધારણ કર્યું. જેમ બીજ ઉપર જલનો સંબન્ધ થવાથી તેની વૃદ્ધિ થઈ વૃક્ષ થાય છે, તેમ સ્ત્રી વડે શરીરના બીજની વૃદ્ધિ થઇને યૌવન થાય છે. ત્યાં જલ ન હોય તો જેમ હમેશાં કેવળ બીજભાવ રહે છે, તેમ સ્ત્રીના સંબન્ધનો અભાવ હોવાથી તેઓ હમેશાં કુમારાવસ્થામાં જ રહે છે. "કુમાર" શબ્દનો અર્થ એવો થાય છે કે જેનાથી કામદેવ તુચ્છ થાય છે; એટલે કામદેવની શક્તિ તેના ઉપર ચાલી શકતી નથી. સનત્કુમાર ભગવાને લોકમાં પ્રસિદ્ધ પામેલું અને કોઈથી પણ ન થઈ શકે તેવું, અખંડિત બ્રહ્મચર્ય પાળ્યું છે. એટલે તેનું બ્રહ્મચર્ય કયારે પણ ખંડિત થયું નથી, જે બ્રહ્મચર્યનો દરેક વખતે નાશ થવાનો સંભવ રહે છે.

द्वितीयं तु भवायास्य रसातलगतां महीम् ।
उद्धरिष्यन्नुपादत्त यज्ञेशः सौकरं वपुः ॥ ७ ॥

શબ્દાર્થ:—આ જગતનું નિર્માણ કરવા માટે રસાતાલમાં રહેલી પૃથ્વીનો ઉદ્ધાર કરશે, એવી ઇચ્છાવાળા યજ્ઞાત્મક પ્રભુએ બીજું વરાહનું સ્વરૂપ ધારણ કર્યું.

ભાવાર્થ:—સ્વર્ગાદિકમાં આ જગતનું નિર્માણ કરે તો આ જગત્નો બહોળો વિસ્તાર ન થઇ શકે, કારણ કે સ્વર્ગાદિક કર્મભૂમિ નથી. ખેતરમાં બીજ વાવવાથી ફળ થાય છે, તેમ જેમાં કર્મ કરે તેનું ફળ થાય છે તે "કર્મભૂમિ" કહેવાય છે. તેથી સ્વર્ગાદિક કર્મભૂમિ ન હોવાથી ત્યાં જગત્નો વધારો ન થાય; તે માટે ભગવાને વરાહનો અવતાર ધારણ કરી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. એ બીજો અવતાર છે. આ અવતારનો વિશેષ વિચાર દ્વિતીય સ્કંધમાં થશે. અહીં તો કેવળ નામનિર્દેશ કર્યો છે. આદિ વારાહકલ્પમાં પૃથ્વીનો ઉદ્ધાર કર્યો છે, એમ બતાવવા માટે અહીં બન્ને વરાહનું સ્વરૂપ બતાવેલું નથી. અને આદિ વરાહમાં થયેલી પૃથ્વી રસાતલમાં છે વગેરેનો વિરોધ આવે છે તેનું સમાધાન આગળ તૃતીયસ્કંધના તેરમા અધ્યાયમાં કહેલું છે. એ પૃથ્વીનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી ભગવાને વરાહનું સ્વરૂપ ધારણ કર્યું. આ પુરુષનો અવતાર નથી. પણ યજ્ઞના અધિષ્ઠાતા, ધર્મરૂપ ભગવાનનો અવતાર છે, કારણ કે આ અવતાર ક્રિયાશક્તિનો છે, અને યજ્ઞ ક્રિયારૂપ જ છે, તેથી યજ્ઞાવતારપણું છે. વેદમાં કહેલું છે કે "પશુઓમાં વરાહ મનુષ્યરૂપ છે" તેથી તે અશ્વમેધાદિકરૂપથી ક્ષત્રિયોમાં રહેલ છે, તેથી પ્રથમ સનકાદિ બ્રાહ્મણનો અવતાર થયા પછી આ અવતાર થયો છે, તેથી આ અવતારને ક્ષત્રિયપણું પ્રાપ્ત થાય છે. (૭)

तृतीयमृषिसर्गं च देवर्षित्वमुपेत्य सः ।
तन्त्रं सात्वतमाचष्ट नैष्कर्म्यं कर्मणां यतः ॥ ८ ॥

શબ્દાર્થ:—તે પુરુષે, ઋષિઓની સૃષ્ટિને પામીને, અને ત્રીજા અવતારરૂપે દેવર્ષિપણાનું ગ્રહણ કરીને, વૈષ્ણવ તંત્રરૂપ પંચરાત્રશાસ્ત્ર કર્યું, જેનાથી દરેક કર્મનું નિષ્કર્મપણું થઈ જાય છે.

ભાવાર્થ:—નારદજીમાં ભગવાનનો આવેશ છે. ઋષિઓ વેદમંત્રોને જોનારા હોય છે, અને તે કર્મના અંગભૂત છે. તેથી તેને ત્રીજાપણું છે. અથવા દ્રવ્ય દેવતા અને મંત્રના ભેદમાં મંત્રને ત્રીજું સ્થાન હોવાથી મંત્રના દ્રષ્ટા ઋષિઓને ત્રીજાપણું છે. પ્રથમ જે પુરુષરૂપ ગ્રહણ કરેલું છે, તેજ પુરુષે, પ્રથમની ઋષિથી સૃષ્ટિને પ્રાપ્ત થઈને પણ તેમાં અવતારનું કાર્ય જોયું નહિ, તેથી દેવર્ષિપણાને પ્રાપ્ત થઈને, નારદમાં આવેશ કરીને, સાત્વતતંત્ર એટલે વૈષ્ણવ પંચરાત્રરૂપ શાસ્ત્ર કહ્યું. તેમાં ભગવાનની પરિચર્યાનું નિરૂપણ છે. તે નિરૂપણ ભગવાન્ સિવાય બીજાથી થઈ શકે નહિ. તેથી નારદજીમાં ભગવાને આવેશ કરીનેતે શાસ્ત્ર કર્યું છે. તે શાસ્ત્રમાં લખેલી પરિચર્યા વડે કર્મની ઉત્પત્તિ જ થતી નથી, કારણ કે પ્રભુની પરિચર્યામાં દરેક કર્મ અંગભાવને ભજે છે. એટલે ભગવાન સિવાય કાંઈ કર્મ જ થતાં નથી, અને પરિચર્યાને ભગવાનનું ભક્તિપણું હોવાથી તેના અંગરૂપ સર્વ કર્મોને પણ ભગવદીયપણું થાય છે; તેથી સર્વ કર્મોનું નિષ્કર્મપણું થઈ જાય છે. (૮)

तुर्ये धर्मकलासर्गे नरनारायणावृषी ।
भूत्वात्मोपशमोपेतंमकरोदुश्चरं तपः ॥ ९ ॥

શબ્દાર્થ:—ચોથા અવતારમાં, ધર્મ અને કલાની સૃષ્ટિમાં નર અને નારાયણ એમ બન્ને ઋષિ થઇને, કોઇથી ન થાય તેવું અને આત્માની શાંતિ કરવાવાળું તપ કર્યું.

ભાવાર્થ:—નર અને નારાયણ ભગવાન્ ચતુર્થાશ્રમના ધર્મને પ્રતિપાદન કરનારા છે, તેથી તેને ચતુર્થપણું છે. અથવા બ્રહ્મચારીના આશ્રમનો બ્રહ્મચર્યરૂપ ધર્મ, ગૃહસ્થાશ્રમનો યજ્ઞરૂપધર્મ, વાનપ્રસ્થાશ્રમીઓનો ભગવત્પરિચર્યારૂપ ધર્મ, અને સંન્યાસીનો ઉપશમરૂપધર્મ. એમ ચારેય આશ્રમધર્મોમાં ઉપશમરૂપધર્મ સંન્યાસીઓનો (ચતુર્થાશ્રમનો) હોવાથી આ અવતારને ચતુર્થપણું છે. અથવા ધર્મની કલા દક્ષની પુત્રીઓ શ્રદ્ધા વગેરે હતી. તેઓની સૃષ્ટિ થઇ ત્યારે મૂર્તિભૂત ધર્મરૂપ મૂર્તિ ધર્મની સ્ત્રી હતી. તે ધર્મ વેદમૂલ છે; તેથી મૂર્તિમાં ઋષિરૂપે નર અને નારાયણ બન્ને પ્રકટ થયા. તેઓનો ધર્મ એક ભક્તિયુક્ત અને બીજો વૈરાગ્યયુક્ત હોવાથી ધર્મના બે પુત્રો થયા. તેનો ધર્મ પણ બે બે પ્રકારનો થયો; એટલે

ધર્મના ચાર વિભાગ થયા, તેથી પણ આ અવતારને ચતુર્થપણું કહેલું છે. સહસ્રકવચ દૈત્યને મારવા સારુ નરનારાયણનો અવતાર છે. તે હકીકત બીજા[1] કલ્પની છે. નારાયણ અવતાર છે અને નરમાં આવેશ છે. તે બન્નેનું તપ જ્ઞાન સાથેનું છે; તે બતાવવા માટે જેમાં આત્માની શાંતિ રહી છે, એમ કહ્યું છે; એટલે દરેક સ્થળે તપ ક્રોધવાળું જોવામાં આવે છે. શાંતિ સહિત તપ લોકમાં દુર્લભ છે તેથી દુશ્ચર તપ, એટલે અન્ય કોઈથી ન થઇ શકે તેવું તપ કર્યું છે, એમ લખ્યું છે. (૯)

पञ्चमः कपिलो नाम सिद्धेशः कालविप्लुतम् ।
प्रोवाचासुरये साङ्ख्यं तत्त्वग्रामविनिर्णयम् ॥ १० ॥

શબ્દાર્થ:—પાંચમા સિદ્ધના ઈશ કપિલ ભગવાન પ્રકટ થયા. તેણે ઘણા કાળથી નષ્ટ થયેલું, સાંખ્યશાસ્ત્ર, કે જેમાં તત્ત્વના સમૂહનો નિર્ણય કરેલો છે, તે આસુરિ નામના ઋષિને જણાવ્યું.

ભાવાર્થ:—સાંખ્યશાસ્ત્ર વેદ પછી થયેલું હોવાથી ચતુર્થાશ્રમના અવતાર નારાયણ પછી સાંખ્યશાસ્ત્રને પ્રવર્તાવનાર કપિલદેવજી પાંચમા થયા છે. પહેલાં પુરાણોમાં સાંખ્ય સિદ્ધ હતું.કાળક્રમે તે પુરાણોનો પ્રચાર નષ્ટ થવાથી અને યોગાદિકની સાથે સાંખ્ય મળી જવાથી, તેના અંગભૂત સંન્યાસનો અભાવ થતાં, સાંખ્યશાસ્ત્ર ડૂબી ગયેલું હતું. તેનો ઉદ્ધાર કરવા માટે આ અવતાર છે. વળી પાછું કાલે કરીને ડૂબી જશે ? તો તેવી શંકાનું સમાધાન કરે છે કે કપિલદેવજી સિદ્ધ પુરુષોના ઈશ છે. સિદ્ધિઓથી જે યુક્ત હોય તે સિદ્ધપુરુષો કહેવાય છે. તેવા સિદ્ધોનાં મન સિદ્ધિ વડે ડૂબતાં નથી, તેથી કાળે કરીને ડૂબવાની શંકા રહેતી નથી. આસુરિ નામના ઋષિને તે શાસ્ત્ર ભણાવેલ છે. આ સાંખ્યનું જ્ઞાન સ્ત્રી શૂદ્રોને સાધારણ છે. તેથી તેના પ્રવર્તાવનાર [2]કપિલદેવજીએ સાંખ્યશાસ્ત્રમાં તત્ત્વોનો ભેળસેળ ન થાય તે માટે તેઓની જુદી જુદી સંખ્યા બતાવેલી છે. તેમાં કેટલાંક તત્ત્વો સમાનધર્મવાળાં

---

૧ હજાર વર્ષ તપ કરી હજાર વર્ષ યુદ્ધ કરે ત્યારે એક કવચ કપાય. એવાં હજાર કવચવાળો દૈત્ય હતો. તેથી તેની સાથે હમેશાં યુદ્ધ ચાલુ રાખવા, નર અને નારાયણ વારા ફરતી તપ અને યુદ્ધ કરતા, રાક્ષસ યુદ્ધ વિનાનો રહે તો લોકોના ઉપદ્રવ કરે માટે તેમ ન ન થાય તે સારુ એક તપ કરે અને બીજા યુદ્ધ કરે છે હજાર વર્ષ પૂરાં થાય, ત્યારે તપ કરનાર યુદ્ધ કરે એમ નર નારાયણ બન્નેએ તપ અને યુદ્ધ કરીને તે રાક્ષસને માર્યો હતો.

૨ સ્ત્રી અને શૂદ્ર પાપયોનિ છે, તેથી તે વિષયાત્મક છે. તેનું હિત કરવા માટે આ કપિલ અવતાર છે. કપિ એટલે વિષયાત્મક જીવ અને તેને બ એટલે ગ્રહણ કરનાર થાય છે; એટલે વિષયાત્મક ઉપર અનુગ્રહ કરનારા કપિલદેવજી છે.

છે અને કેટલાંક વિરુદ્ધ ધર્મવાળાં છે. તે સંખ્યા બતાવવાનું ફળ એટલું જ છે કે તત્ત્વોના સમૂહનો વિશેષે કરીને નિર્ણય થાય છે. (૧૦)

યોગને છઠ્ઠાપણું હોવાથી તેના પ્રવર્તકનો છઠ્ઠો અવતાર કહે છેઃ

षष्ठमत्रेरपत्यत्वं वृतः प्राप्तोऽनसूयया ।
आन्वीक्षिकीमलर्काय प्रह्लादादिभ्य ऊचिवान् ॥ ११ ॥

શબ્દાર્થ:—છઠ્ઠા અવતારમાં અત્રિની પત્ની અનસૂયાએ પુત્રરૂપે માગેલા દત્તાત્રેય ભગવાન પ્રકટ થઈને અલર્ક રાજા અને પ્રહ્લાદાદિકને આન્વીક્ષિકી વિદ્યાનો ઉપદેશ કર્યો છે.

ભાવાર્થ:—અનસૂયાએ 'મને ભગવાનના જેવો પુત્ર થાય' એવાં બહાનાથી ભગવાનને જમાડયા હતા; તેથી ભગવાન ત્યાં દત્તાત્રેયરૂપે પ્રકટ થયા હતા. અથવા ઇર્ષ્યાના અભાવથી યોગમાર્ગ ગ્રહણ કર્યો છે.

યોગમાર્ગ જેમાં રહેલો છે. તેવી આત્મવિદ્યાનું નામ આન્વીક્ષિકી છે. દત્તાત્રેય ભગવાને તે આલર્ક રાજાને બતાવી છે. પરંતુ તે રાજા રાજોગુણી હતો. તેથી રજોગુણી રાજામાં શાસ્ત્રોની નિષ્ઠા હશે કે નહિ, એવો સંદેહ થવાથી પ્રહ્લાદાદિકને તે વિદ્યા બતાવી છે. તે પ્રહ્લાદજી તો પ્રસિદ્ધ છે. (૧૧)

આમ બ્રાહ્મણોનાં છ કર્મો પ્રસિદ્ધ છે; તેથી બ્રાહ્મણોના છ પ્રકાર બતાવવા માટે છ અવતારોનું નિરૂપણ કર્યું. હવે ક્ષત્રિયોમાં શત્રુનો જય, ધર્મમાં નિષ્ઠા અને પ્રજાનું પાલન કરવું, એમ ત્રણ કર્મો પ્રસિદ્ધ છે તે સારુ યજ્ઞ, ઋષભ અને પૃથુ એ ત્રણ અવતારોનું નિરૂપણ અનુક્રમે કરે છે. તેથી જુદો ક્રમ બતાવવા સારુ ततः એમ આરંભ કરીને અવતારોનું નિરૂપણ કરે છે.

ततः सप्तम आकूत्यां रुचेर्यज्ञोऽभ्यजायत ।
स यामाद्यैः सुरगणैरपात्स्वायम्भुवान्तरम् ॥ १२ ॥

શબ્દાર્થ:—તે પછી સાતમા અવતારમાં ઋષિની આકૂતિ નામની સ્ત્રીમાં યજ્ઞ ભગવાન્ થયા. તેણે યામ વગેરે દેવતાઓના ગણ સહિત, સ્વાયંભુવ મનુની રક્ષા કરી.

ભાવાર્થ:—આકૂતિ નામની સ્વાયુંભવ મનુની કન્યા હતી; તેમાં યજ્ઞ ભગવાન રુચિ નામના ઋષિથી થયા છે; તોપણ તે[1] પુત્રિકાપુત્ર છે, તેથી

---

૧. अत्रातृकां प्रयच्छामि कन्यां तुभ्यं मनोरमाम् । अस्यां यो जायते पुत्र :मम पुत्रो भविष्यति "ભાઈ વગરની આ સુંદર કન્યા હું તમને આપું છું. તેનામાં જે પુત્ર થાય તે મારો પુત્ર થશે" આવી શરતથી આપેલી કન્યાને જે પુત્ર થાય તે પુત્રિકાસુત કહેવાય છે. જો કે સ્વાયંભુવ મનુને પ્રિયવ્રત અને ઉત્તમ બે પુત્રો હતા, તો પણ ત્રીજા પુત્રની ઇચ્છા હોવાથી ઉપરનો કરાર કરી રુચિને પોતાની પુત્રી પરણાવી હતી; તેમાં યજ્ઞ ભગવાન પ્રકટ થયા તેને સ્વાયંભુવ મનુએ રાખેલા છે, તેથી તેને પુત્રિકાસુત કહેલ છે.

સ્વાયંભુવ મનુને ત્યાં યજ્ઞ ભગવાન પુત્રરૂપે થઈને રહેલ છે. બ્રાહ્મણોએ કરેલા યજ્ઞનું ફળ ક્ષત્રિયોને થાય. તેવી રીતે આ યજ્ઞાવતાર 'રુચિ' નામના બ્રાહ્મણથી થયો. તેનું ફળ સ્વાયંભુવ મનુને મળ્યું છે. પહેલા મન્વંતરના યામ વગેરે ચાર પ્રકારના દેવતાઓ સાથે તપ કરીને, તે પછી મન્વંતરનું પાલન કર્યું, એ આ અવતારનું પ્રયોજન છે. પ્રિયવ્રતાદિક તો બીજા કલ્પમાં રાજાઓ હતા. તે પ્રથમ કલ્પમાં અસમર્થ હતા. એ વૃત્તાંત આગળ કહેવાશે. (૧૨)

अष्टमे मेरुदेव्यां तु नाभेर्जात उरुक्रमः ।
दर्शयन्वर्त्म धीराणां सर्वाश्रमनमस्कृतम् ॥ १३ ॥

શબ્દાર્થ:—આઠમા અવતારમાં કરેક આશ્રમો વડે નમસ્કાર કરાયેલા અને વીર પુરુષોના માર્ગને બતાવનારા, ભગવાન્, નાભિરાજાની મેરુદેવી સ્ત્રીમાં થયા.

ભાવાર્થ:—જ્યારે દેશ અને કાલ સ્વસ્થ હોય ત્યારે સર્વ આશ્રમોના ધર્મ પ્રવૃત્ત થાય છે; તે માટે યજ્ઞ પછી ઋષભદેવજીની કથા છે. પહેલાં જણાવેલા ક્રમની જરૂર આગળ પણ છે, તેથી 'આઠમા' વગેરે સંખ્યાનો પ્રયોગ કર્યો છે. મેરુદેવી મેરુની પુત્રી હતી. તેમાં ઋષભદેવજી થયા છે તો તેનામાં માતાના ગુણો હશે ? તે શંકા દૂર કરવા માટે મૂળમાં तु શબ્દ મૂકયો છે. અથવા બુદ્ધાવતારની માફક આ અવતાર પણ વેદવિરુદ્ધ થશે, તેવી શંકાનું સમાધાન કરવા માટે तु શબ્દ છે. આ ઋષભદેવજી ગુણાવતાર વિષ્ણુનો અવતાર છે, તે કહેવા માટે ઘણા પરાક્રમવાળા જણાવેલ છે. ઋષભદેવ ભગવાને નિરૂપણ કરેલા સંન્યાસધર્મમાં મુખ્ય ધૈર્ય સાધન છે; એટલે ધૈર્ય સિવાય સંન્યાસ રહી શકે નહિ જ. સંન્યાસ છેવટનો આશ્રમ હોવાથી દરેક પુરુષે તેને નમસ્કાર કર્યા છે. નિવૃત્તિમાર્ગમાં આ છેલ્લામાં છેલ્લી દશા છે, પરંતુ છેવટનો આશ્રમ હોવાને લીધે ત્યાં કોઈ પણ બંધન હોતું નથી, તેથી પાખંડપણાની સંભાવના થશે ! તો તેની નિવૃત્તિ સારુ કહે છે કે તે ભગવાનને દરેક આશ્રમવાળા નમસ્કાર કરે છે. (૧૩)

ऋषिभिर्याचितो भेजे नवमं पार्थिवं वपुः ।
दुग्धेमामोषधीर्विप्रास्तेनायं स उशत्तमः ॥ १४ ॥

શબ્દાર્થ:—ઋષિઓએ પ્રાર્થના કરેલા ભગવાને નવમું પૃથુરાજાનું શરીર ગ્રહણ કર્યું. અને હે બ્રાહ્મણો. આ પૃથ્વીમાંથી ઓષધિઓનું દોહન કર્યું; તેથી તે આ ભગવાન ઘણા જ મનોહર છે.

ભાવાર્થ:—પૃથુનો અવતાર આવેશી છે; કારણ કે પૃથુના સબન્ધવાળું શરીર ગ્રહણ કર્યું, તેમ મૂલમાં જ વાકય છે. અને પ્રથમ નિરૂપણ કરેલા છે તે પુરુષ જ આ છે; તેથી મૂળમાં सः (તે) લખેલ છે. "રાજાઓનું કલ્યાણ, પ્રજાનું પાલન કરવામાં જ છે" એમ કહેલું છે, તેથી અને ભગવાન સર્વના

આત્મા છે, તેથી સર્વનું હિત કરનારા ધર્મ પૃથુરાજામાં છે. ઋષભદેવ ભગવાનના ધર્મ કરતાં પણ ઉત્તમ છે, તેથી પૃથુ ભગવાનનો નવમો અવતાર છે. ત્યાં શંકા કરે છે કે તેનો પિતા વેન દુષ્ટ હતો, તેનાથી અવતાર કેમ થયો ? ત્યાં કહે છે કે ઋષિઓએ પ્રાર્થના કરવાથી તે અવતાર થયો છે, જો કે તે સાક્ષાત્ નથી તો પણ પૃથુના શરીરમાં આવેશ છે. તેણે ગાયરૂપ પૃથ્વી બનાવીને તેમાંથી ઓષધિનું દોહન કર્યું છે. ત્યાં દોહન કરવાનો અર્થ બતાવનાર ક્રિયાપદ **અદુગ્ધને** બદલે **દુગ્ધ** એમ ભૂતકાળ બતાવેલ છે. અથવા **દોગ્ધા** (દોહનારા એવું પદ પણ નીકળે છે. પૃથ્વી દોહવી તે અલૌકિક કામ છે, તે માટે અહીં અલૌકિક પ્રયોગ કરેલો છે. તેમ **इमां** (આ પૃથ્વીને) અને **ओषधीः** (ઓષધિઓને) આવી રીતે દોહન કાર્યમાં બે કર્મ કહેલાં છે. પૃથ્વીને દોહવી તે અભીષ્ટ છે. તે પૃથ્વીમાંથી ઓષધિ દોહી લેવી તે પણ અભીષ્ટ છે; તેથી બે કર્મ આવ્યાં છે. એમ જ્યાં બે કર્મો હોય ત્યાં આવું સમજવાનું છે. **विप्राः** (હે બ્રાહ્મણો) સંબોધનનો એવો અર્થ થાય છે કે તમે વિશેષ પૂરનારા છો, એટલે તમે જ દોહીને આ અપૂર્ણ જગતને પૂર્ણ કર્યું છે, એમ બતાવ્યું છે. પૃથ્વીના દોહન માટે જ આ અવતાર છે. તે કાર્ય જીવથી થઈ શકે તેવું નથી. તેથી તે પૃથુ નારાયણ છે. તેમાં વળી ઉપકાર કરનાર પૃથુ ભગવાન છે, તે વધારે છે. તેવો ઉપકાર કરવો બીજા અવતારોમાં પણ દુર્લભ છે; તેથી પૃથુ ભગવાન અત્યંત મનોહર છે. (૧૪)

એમ ક્ષત્રિયભાવ વડે ત્રણ અવતારોનું નિરૂપણ કરીને હવે વૈશ્યભાવે ત્રણ શ્લોકોથી ચાર અવતારોનું નિરૂપણ કરે છે:

रूपं स जगृहे मात्स्यं चाक्षुषान्तरसम्प्लवे ।
नाव्यारोप्य महीमय्यामपाद्वैवस्वतं मनुम् ॥ १५ ॥

શબ્દાર્થ:—ચાક્ષુષ મન્વંતરમાં જ્યારે પ્રલય થયો ત્યારે ભગવાને મત્સ્યનું રૂપ ગ્રહણ કર્યું હતું, અને પૃથ્વીરૂપ નાવમાં બેસાડીને વૈવસ્વત મનુની રક્ષા કરી.

ભાવાર્થ:—છેતરીને કાર્ય સિદ્ધ કરવું તે વૈશ્યનું લક્ષણ છે; કારણ કે "જેમાં સાચું અને જૂઠું આવે તે વણિકપણું કહેવાય છે," એવું વાકય છે. એથી એક છેતરનાર છે અને બીજું નથી. એટલે અહીં અવતારમાં રૂપ છેતરનાર છે અને વચન છેતરનાર નથી. વૈશ્યમાં તેથી ઊલટું હોય છે; તેથી વૈશ્યનું રૂપ છેતરનાર નથી, પણ વચન છે. ચાક્ષુષમનુનો મન્વંતર થયા પછી પ્રલય બાધિત છે; એટલે કલ્પની સમાપ્તિ થાય ત્યારે બ્રહ્માનો દિવસ પણ પૂર્ણ થાય છે ત્યારે પ્રલય થાય છે. તે એક કલ્પમાં ચૌદ મન્વંતરો થાય છે, તેથી કલ્પની સમાપ્તિ ચૌદમા મન્વતર પછી થાય છે; અને ચાક્ષુષમનુ છઠ્ઠા છે, તેથી તેના મન્વંતર પછી પ્રલય ઘટતો નથી, તેથી તેને બાધિત કહ્યો છે;

માટે આ પ્રલયને કેટલાક માયિક માને છે. પરંતુ ખરી રીતે તો સ્વાયંભુવ વગેરેના ક્રમ પ્રમાણે દરેક કલ્પમાં ચૌદ[1] મનુઓ થતા નથી; કેમકે અધિકારીઓને [2]મુક્તિ થવાનો સંભવ છે; માટે કોઈ કલ્પમાં ચાક્ષુષમનુ પણ ચૌદમા મનુ તરીકે થઈ શકે છે. દરેક કલ્પમાં સાત્ત્વિક, રાજસ અને તામસ ભેદથી તે તે મનુ પ્રથમ થાય છે; એટલે સાત્ત્વિક કલ્પમાં સાત્ત્વિક મનુ પ્રથમ થાય; રાજસ કલ્પમાં રાજસ મનુ અને તામસ કલ્પમાં તામસ મનુ પહેલાં થાય છે, તેથી કયારેક ચાક્ષુષમનુ ચૌદમા થાય તો તે વિરુદ્ધ નથી. ચાર સાત્ત્વિક, પાંચ રાજસ અને પાંચ તામસ, એમ ચૌદ મન્વંતર છે; માટે ઘણાં વાકયોના અનુસારે જણાવેલો પ્રલય થયો યોગ્ય છે. તેથી પ્રલયને માયિક કહેવો યોગ્ય નથી. માર્કંડેયઋષિએ જોયેલા પ્રલયનું માયિકપણું છે તે તો ત્યાંજ સ્ફુટ કહેલું છે; તેથી તેને માયિક કહેવામાં દોષ નથી; પરંતુ આ પ્રલયને કયાંય માયિકપણું[3] કહેલું નથી. પૃથ્વી દેવતારૂપ છે. તેથી તેને નૌકારૂપપણું સંભવે છે. વળી તે બીજા મન્વંતરમાં વિવસ્વાન્થી ઉત્પન્ન થયેલ છે અને આ મન્વંતરમાં અધિકારી થાય છે, તેથી પણ તેને માયિકપણું ઘટતું નથી. ભક્તની રક્ષા કરવી તે અવતારનો ધર્મ છે. તેથી વૈવસ્વત મનુની રક્ષા કરી છે. વૈવસ્વત મનુ નામ આપેલ છે તે ભવિષ્યમાં થનારું નામ છે; કારણ કે રક્ષા કરી તે વખતનું નામ સત્યવ્રત[4] હતું. (૧૫)

---

૧ મત્સ્યપુરાણમાં વૈવસ્વત મનુ પછી સાવર્ણિ, રૌચ્ય, ભૌત્ય, મેરુસાવર્ણિ, ઋતુ, ઋતુધાર્ય, અને વિષ્વક્સેન, એમ સાત મનુઓ કહેલા છે અને માર્કંડેયપુરાણમાં પાંચમા સાવર્ણિ, છઠ્ઠા રૌચ્ય અને સાતમા ભૌત્ય, એમ સાત લખેલા છે. આમ તે બન્ને પુરાણોમાં એક ક્રમ નથી. તેથી દરેક કલ્પમાં જુદા જુદા ક્રમથી મનુઓ થાય છે.

૨ "તે ભક્ત હોવાથી મુક્ત થાય છે" એમ મત્સ્યપુરાણમાં કહ્યું છે. તેમ જ પોતાની કીર્તિ માટે ચરાચર આ જગત્ને ઉત્પન્ન કરીને કલ્પનો દિવસ જાય ત્યારે તે ભક્ત બ્રહ્માજી સાથે મુક્ત થાય છે.

૩ અષ્ટમ સ્કંધના ચોવીસમા અધ્યાયમાં સાતમા આઠમા શ્લોકમાં કહ્યું છે કે કલ્પને અંતે બ્રહ્માનો નૈમિત્તિક પ્રલય હતો, ત્યારે ભૂલોક વગેરે ત્રણ લોકો સમુદ્રમાં ડૂબેલા હતા. અને બ્રહ્માજીને નિદ્રા આવી ગઈ, ત્યારે તેના મુખમાંથી નીકળેલા વેદને હયગ્રીવ નામનો દૈત્ય લઈ ગયો. પછી ૩૨મા શ્લોકમાં ભગવાને સત્યવ્રત રાજાને કહ્યું કે આજથી સાતમે દિવસે પ્રલય થશે. તે પછી ૩૭મા શ્લોકમાં કહ્યું છે કે જ્યાંસુધી બ્રહ્માની રાત્રિ રહેશે ત્યાંસુધી હું નાવ લઇને ફરીશ. તેવી જ રીતે નવમસ્કંધના પ્રથમાધ્યાયના બીજા શ્લોકમાં પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો છે, ત્યાં કહ્યું છે કે સત્યવ્રત રાજાએ ગયા કલ્પમાં ભગવાનની સેવાથી જ્ઞાન મેળવ્યું છે; તેથી ચૌદમા ચાક્ષુષ મન્વંતરને અંતે પ્રલય થવો સિદ્ધ જ છે.

૪ જેમ કન્યાનો વિવાહ ન કર્યો હોય પણ સગપણ કર્યા પછી પુત્રની વહુ કહેવાય છે, તેવી રીતે મનુ થવાનું વરદાન ભગવાને આપેલું હોવાથી **વૈવસ્વત મનુ** તરીકેનું નામ ભવિષ્યમાં થનારું છે.

सुरासुराणामुदधिं मथ्नतां मन्दराचलम् ।
दध्रे कमठरूपेण पृष्ठ एकादशे विभुः ॥ १६ ॥

શબ્દાર્થ:—દેવતાઓ અને અસુરો સમુદ્રનું મંથન કરતા હતા, ત્યારે સમર્થ ભગવાને અગિયારમા અવતારમાં કાચબાના રૂપથી પીઠ ઉપર મંદરાચલ પર્વતને ધારણ કર્યો.

ભાવાર્થ:–[1]કપટથી અમૃતમંથન કરવા માટે પ્રવૃત્તિ છે, તેથી કૂર્માવતાર પણ દૈત્યોને છેતરનાર છે અને દેવોનું હિત કરનાર છે, તેથી આ અવતારને વૈશ્યમાં ગણ્યો છે. મત્સ્યાવતાર ચાક્ષુષ મન્વંતર પછી પ્રલયમાં કહેલો છે અને પછી અગિયારમો અવતાર કૂર્મ છે; તેથી તેના પહેલાના મત્સ્યાવતારને દશમ અવતાર તરીકે કહેવો જોઇએ. તેમ નવમા અવતારના પૃથુ લક્ષ્યા પછી અને અગિયારમા કૂર્મની પહેલાં મત્સ્યાવતાર છે, તેથી પણ મત્સ્યાવતાર દશમો થાય છે. ત્યારે મન્વંતરનાં કર્મનો વિચાર કરતાં કૂર્માવતાર ચાક્ષુષ મન્વંતરમાં છે. તે પહેલાંનો મત્સ્યાવતાર હોવાથી પ્રલયને માયિકપણું સિદ્ધ થશે, એવી શંકા ન થાય તે માટે કહે છે કે મત્સ્યાવતાર પૂર્વ કલ્પમાં રહેલો છે, તેથી ક્રમનો બાધ આવશે નહિ. તેમ અહીં વંચનનું આધિપત્ય હોવાથી કૂર્માવતાર અગિયારમો છે, એમ પછી પણ સમજવાનું છે. વળી સમુદ્રમંથન વખતે પહેલાં દેવોએ વાસુકિ નાગનું મુખ પકડ્યું, તેનું કારણ એટલું જ કે મુખ તો દૈત્યોને પકડાવવાનું હતું, પરંતુ તેમ કહેવાથી દૈત્યો કબૂલ થાય નહિ, તેથી પ્રથમ પોતે નાગનું મુખ પકડ્યું, એટલે દૈત્યો મુખ પકડવા તૈયાર થયા–ઇત્યાદિ કાર્ય કરવાથી છેતરવાપણું સિદ્ધ થાય છે, તેથી વૈશ્યપણું છે. તેમ મત્સ્યાવવાર કરતાં આમાં કાપટ્ય ઘણું છે, તેથી આ અવતારને અગિયારમો કહ્યો છે. સમુદ્રમંથન વખતે જ્યારે મંથનના સાધનરૂપ રવૈયાના સ્થાનકે મંદરાચલ હતો, તેને કચ્છપાવતાર ધારણ કરી પીઠ ઉપર ધારણ કર્યો હતો; એમ જલમાં આધાર વગર પર્વતને ધારણ કરીને રહેવું, એ જીવથી થઇ શકે નહિ; તે અવતારનું કાર્ય છે. ત્યાં શંકા કરે છે કે કાચબાની પીઠ તો ઘણી જ ચીકણી હોવાથી પર્વતનું ધારણ કેવી રીતે સંભવે ? તે માટે કહે છે કે તે "વિભુ" છે; એટલે સર્વ કરવાને સમર્થ છે. (૧૬)

---

૧ ભગવાને પહેલાં જ દેવતાઓને સમુદ્રમંથન કરવાની સલાહ આપી ત્યારે કહ્યું હતું કે જેમ સર્પ કરંડિયામાં પુરાયેલ હોય ત્યારે તે બહાર ફરનારા ઉંદરની સાથે મિત્રતા કરે છે અને કરંડિયાની અંદર દાણાનો લોભ આપી તેની પાસે કરંડિયો તોડાવે છે, અને જ્યારે ઉંદર તે પ્રમાણે છિદ્ર કરી કરંડિયામાં પ્રવેશ કરે છે ત્યારે સર્પ તેનું ભક્ષણ કરી જાય છે, તેમ તમે દેવતાઓ પણ દૈત્યો સાથે મિત્રતા કરી સમુદ્રમંથનદ્વારા અમૃત ઉત્પન્ન કરો; પછી દૈત્યોને કેવળ કલેશ જ થશે, ફળરૂપ અમૃત તમને પ્રાપ્ત થશે, એમ સમજાવીને સમુદ્રમંથન કર્યું, ત્યારે તેમાં મંદરાચલ પર્વત ધારણ કરવા ભગવાન કાચબો થયા છે, તે કપટપણું બતાવ્યું છે.

એક અવતારમાં બે અવતારપણું થયું તે કહે છેઃ

धान्वंतरं द्वादशमं त्रयोदशममेव च ।
अपाययत्सुरानन्यान्मोहिन्याऽमोहयत्स्त्रिया ॥१७॥

શબ્દાર્થ:—ધન્વંતરિનો અવતર બારમો અને તેરમો છે; તે અવતારથી મોહિની સ્ત્રી વડે, અસુરોને મોહ કરનાર ભગવાને દેવતાઓને અમૃતપાન કરાવ્યું.

ભાવાર્થ:—અહીં द्वादशमम् એ શબ્દમાં મકાર છે તે વૈદિક પ્રયોગનો છે. અથવા "દ્વાદશમાં માન કરનારા છે" એવો અર્થ થાય છે. "ધન્વંતરિ" પદ આવવાથી આયુર્વેદનો પ્રચાર કરવાનું સૂચવ્યું છે તે સ્પષ્ટ છે. તે તો ધન્વંતરિ નામથી જ સમજાય છે, માટે શ્લોકમાં લખેલ નથી. અને અહીં તો અમૃતનો કલશ ધન્વંતરિ લાવ્યા એટલી જ હકીકત આપી છે, પણ અવતારનું પ્રયોજન કહ્યું નથી. તેમાં એક જ અવતાર બારમો અને તેરમો કેમ થઈ શકે ? તેવા સંદેહની નિવૃત્તિ માટે મૂળમાં **च**કાર મૂકયો છે; અને ધન્વંતરિનો પુરુષ અવતાર છે તેમ જ મોહિનીનો સ્ત્રી અવતાર છે, તેથી પણ પરસ્પર વિરોધ આવે છે, તેની નિવૃત્તિ માટે **च**કાર છે. ધન્વતરિનું રૂપ જ ધન્વંતરિનો સંબન્ધ બતાવે છે. અમૃતનું પાન દેવતાઓએ કરેલ છે; તેથી તેનું પાન કરવું એ ભગવાનનું કાર્ય નથી; માટે પ્રયોજનના કર્ત્તામાં દેવતાઓને જ કર્મપણાથી લખેલા છે અને અમૃતનું પાન ભગવાને કરાવ્યું. આ શ્લોકમાં અમૃતપાન કરાવવાનું જે ચરિત્ર લખ્યું છે, તે તેરમા અવતારનું કાર્ય છે અને અસુરોને સ્ત્રીરૂપથી મોહ કર્યો. અહીં એવો અભિપ્રાય છે કે સર્વને ભગવાનના સ્ત્રીસ્વરૂપનું દર્શન થતું નથી. દેવતાઓ તો ભગવદ્રૂપથી જ દર્શન કરે છે; કેમકે સૂર્ય અને ચંદ્રમાની વચ્ચે રાહુદૈત્ય દેવતાનું રૂપ ધરીને અમૃતપાન કરવા બેઠો હતો તેના અસુરપણાનું સૂચન ભગવાને તે વખતે જ કરી નાખ્યું હતું. તે વખતે જો ભગવદ્રૂપે દર્શન ન હોય તો આ રાહુને ભગવાન્ દંડ દેશે, એમ શી રીતે જાણી શકે ? માટે ખરી રીતે તો દેવોને "ધન્વંતરિ" રૂપનું જ દર્શન થયું હતું; તેથી મૂળમાં સ્ત્રીરૂપ વડે અન્યને મોહ કર્યો છે, એમ લખ્યું છે. તેથી દેવતાઓને મોહ થયો નહતો એ સિદ્ધ જ છે. અને અસુરોને સ્ત્રીરૂપ આકૃતિનો બોધ થયો, તે કેવળ પ્રભુના સામર્થ્યથી જ થયું છે.

અહીં શંકા થાય છે કે એક જ અવતાર છે ત્યારે મૂળમાં સંખ્યા બે શા માટે કહી ? તેનું સમાધાન કરે છે કે હાથમાં અમૃતનો કલશ લઇને ધન્વંતરિ ભગવાન્ પ્રકટયા હતા; પરંતુ અસુરો તે કળશ લઇ ગયા. પછી અસુરોએ ભગવાનને સ્ત્રીરૂપે જોયા; તેથી તેની તેરમી સંખ્યા જુદી બતાવી છે.(૧૭)

આવી રીતે વૈશ્યભાવથી ચાર અવતારોનું નિરૂપણ કરીને ફરીથી ઉત્તમ

પ્રકારે પરંપરાનું નિરૂપણ કરવા માટે નારાયણની માફક નૃસિંહજી, સાક્ષાત્ ભગવાનનો અવતાર છે, એમ નિરૂપણ કરે છેઃ

चतुर्दशं नारसिंहं विभ्रद्दैत्येन्द्रमूर्जितम् ।
ददार करजैर्वक्षस्येरकां कटकृद्यथा ॥१८॥

શબ્દાર્થ:—ચૌદમું નૃસિંહ સ્વરૂપ ધારણ કરીને, ચટાઈ બનાવનાર કારુક નદીકિનારે થતી પાનને જેવી રીતે ચીરી નાખે, તેવી રીતે પ્રભુએ વૃદ્ધિ પામેલા દૈત્યેન્દ્ર હિરણ્યકશિપુની છાતી ચીરી નાખી.

ભાવાર્થ:—આ પુષ્ટિમાર્ગનો અવતાર છે; તેથી પૂર્વના અવતારથી વિશેષ છે. પહેલાનો ક્રમ કહેવો ઇચ્છિત હોવાથી ચૌદમા અવતાર તરીકે નૃસિંહ ભગવાન્ છે. નૃસિંહના સંબન્ધવાળું સ્વરૂપ તે "નારસિંહ" કહેવાય છે; એટલે મનુષ્ય અને સિંહ એમ બે રૂપ હોવાથી અલૌકિકપણું છે; તેથી પુષ્ટિપણું પણ છે. આ અવતારમાં ભક્તિ જ મુખ્ય છે; તેથી પોતાના દ્વારપાલને પણ મારીને તેના પુત્ર પ્રહ્લાદ કે જે એક અનન્ય ભક્ત છે, તેની રક્ષા કરી. પોતાનો દ્વારપાલ પણ સર્વ દૈત્યોનો ઇન્દ્ર હતો, તેને મારીને પણ તેના પુત્ર દૈત્યની રક્ષા કરી. ઇન્દ્રપદથી મારવા યોગ્ય નહિ હતો, તથાપિ માર્યો છે, એમ બતાવ્યું છે. બ્રહ્માની સૃષ્ટિમાં તેને કોઇપણ મારી શકે તેમ ન હતું, એવું તેને વરદાન હોવાથી તે હિરણ્યકશિપુ એવો સમૃદ્ધ થયો હતો કે મદથી તેણે મર્યાદાને તોડી નાખી હતી; તેથી તેને માર્યો છે. તેને બ્રહ્માનું વરદાન હતું કે તે કોઇ શસ્ત્રથી, પ્રાણુવાળાથી કે પ્રાણ વગરનાથી યે મરે નહિ. તે બ્રહ્માનું વાકય સત્ય કરવા માટે ભગવાને તેને નખથી ચીરી નાખ્યો. તેમ જ પૃથ્વીમાં કે અંતરિક્ષમાં પણ મરે નહિ, તેવું વરદાન હોવાથી તેને ખોળામાં લઇને ચીર્યો. ચટાઈ બનાવનાર કારુક એરકા (પાન્ય) નામના ઘાસને ચીરે, તેમ તેને નખ વડે ચીર્યો છે. ચટાઈ બનાવનારનું દૃષ્ટાંત આપવાથી સર્વ લોકોના હિત માટે આને માર્યો છે, એમ બતાવ્યું છે. (૧૮)

पञ्चदशं वामनकं कृत्वाऽगादध्वरं बलेः ।
पदत्रयं याचमानः प्रत्यादित्सुस्त्रिविष्टपम् ॥१९॥

શબ્દાર્થ:—પંદરમું વામનજીનું સ્વરૂપ ધારણ કરીને સ્વર્ગને પાછું લેવાની ઇચ્છા કરનાર, અને ત્રણ પગલાં પૃથ્વીની યાચના કરનારા ભગવાન્ બલિરાજાના યજ્ઞમાં પધાર્યા.

ભાવાર્થ:—આમ ભક્તિમાર્ગમાં નવ અવતારનું નિરૂપણ છે. તેમાં પ્રથમ પ્રહ્લાદજીની રક્ષા કરનાર નૃસિંહ ભગવાન્ મુખ્ય છે; તેથી મૂલરૂપે તેનું નિરૂપણ છે. તે પછી ત્રણ અવતારો બ્રહ્મભાવ વડે છે, ત્રણ અવતારો ક્ષત્રિયભાવ વડે છે, એક વૈશ્યભાવ વડે છે, અને પાછા એક મૂલરૂપ વડે છે; આમ નવ પ્રકારે

નિરૂપણ છે. તે મૂળરૂપમાં થયેલી નવપ્રકારની ભક્તિ, કેવળ અંશના જ પર્યવસાનથી નિવૃત્ત થતી નથી, એ બતાવવા માટે છે. ભગવાનના સ્વરૂપમાં સહયોગ પ્રાપ્ત થતાં, સેવ્ય સેવકભાવની નિવૃત્તિ થયા પછી પણ, પ્રભુના સામર્થ્યથી ફરીથી જેમ સેવા કરવાનો આરંભ થાય છે, તેવી રીતે કલિયુગમાં સર્વ સાધનોની નિવૃત્તિ થયા પછી પણ ભગવાનના અંગરાગના સુગંધનો સંબન્ધ થતાં જ ફરીથી સત્યયુગનો આરંભ થયો. એ સામર્થ્ય મૂલરૂપનું છે; તેથી કલ્કી અવતારને મૂલરૂપપણું છે. એમ શ્રીનૃસિંહજીથી લઇને કલ્કી અવતાર સુધી નવ અવતારો ભક્તિમાર્ગમાં છે.

હવે કશ્યપથી અદિતિમાં વામનરૂપે બ્રહ્મચારી પ્રકટ થતાં તે પંદરમો અવતાર છે. પોતે વામન નથી, તોપણ વામનરૂપ કરીને બલિરાજાના યજ્ઞમાં પધાર્યા. ભક્તનું ભલું કરવા માટે પોતાના ઐશ્વર્યરૂપ ધર્મને પણ એક બાજુ મૂકીને યાચના કરવા પધાર્યા, તેથી પહેલાંના અવતાર કરતાં આમાં વિશેષપણું બતાવ્યું છે. આપેલી ચીજને પાછી લેવી તેને પ્રત્યાદાન કહેવાય છે. તેવી રીતે સ્વર્ગનું પ્રત્યાદાન કરવા માટે બલિના યજ્ઞમાં પધાર્યા. આ લોક અને પરલોકના દેહ ત્રણ પગલામાં આવેલા છે. બલિના યજ્ઞમાં પધારવામાં ઇચ્છિત અર્થ હતો, તે શ્લોકના ઉત્તરાર્ધમાં ત્રણ પગલાંની યાચના કરવારૂપ બતાવ્યો છે, અને ચરિત્ર તો કશ્યપ ઋષિને ત્યાં પ્રકટ થઇને યજ્ઞમાં પધાર્યા તે જ છે. (૧૯)

अवतारे षोडशमे पश्यन्ब्रह्मद्रुहो नृपान् ।
त्रिः ससकृत्वः कुपितो निःक्षत्रामकरोन्महीम् ॥२०॥

શબ્દાર્થ:—સોળમા અવતારમાં, બ્રાહ્મણોનો દ્રોહ કરનારા રાજાઓને જોઇને, ક્રોધયુક્ત થયેલા ભગવાને એકવીશ વખત ક્ષત્રિય વગરની પૃથ્વી કરી.

ભાવાર્થ:—ક્ષત્રિય કન્યામાં ઉત્પન્ન થયેલા પરશુરામ ભગવાનનું રૂપ સોળમું છે. તેણે એકવીશ વખત નિઃક્ષત્રિય પૃથ્વી કરી. સાત વખત મારવાથી ક્ષત્રિયોનું બીજ નષ્ટ થઇ ગયું. તે પછી ક્ષત્રિયો ફરીવાર બ્રાહ્મણથી ઉત્પન્ન થયા અને વૃદ્ધિ પામ્યા, એટલે ફરી પરશુરામ ભગવાને સાત વખત માર્યા. ફરી ઉત્પન્ન થયા અને ફરી સાતવાર માર્યા; એવી રીતે એકવીશ વખત ક્ષત્રિય વગરની પૃથ્વી કરી. પોતાના પિતા જમદગ્નિ ઋષિને સહસ્રાર્જુન રાજાએ માર્યા હતા, તે નિમિત્તથી પરશુરામજીએ નિઃક્ષત્રિય પૃથ્વી કરી, એમ છે, તોપણ મુખ્ય કારણ તો બ્રાહ્મણોની રક્ષા કરવાનું હતું. (૨૦)

ततः सप्तदशे जातः सत्यवत्यां पराशरात् ।
चक्रे वेदतरोः शाखा दृष्ट्वा पुंसोऽल्पमेधसः ॥२१॥

શબ્દાર્થ:—તે પછી સત્તરમા અવતારમાં પરાશરથી સત્યવતીમાં વેદવ્યાસજી થયા. તેણે અલ્પબુદ્ધિવાળા પુરુષોને જોઇને વેદરૂપી વૃક્ષની શાખાઓ કરી.

ભાવાર્થ:—તે પછી ઉપર ફરનારા વસુથી મત્સ્યગર્ભમાં એક સત્યવતી કન્યા થઈ હતી; તે સત્યવતીનું પાલન એક ઢીમરે કરેલું હતું; તેથી તે દાશ-કન્યા કહેવાઈ છે. તે દાશકન્યામાં પરાશર ઋષિથી વેદવ્યાસજી સત્તરમા અવતાર તરીકે થયા છે. ભક્તિમાર્ગની ગણનામાં તે ત્રીજા છે. વેદને કલ્પવૃક્ષપણું પહેલા અધ્યાયમાં કહેવાયું છે. યજ્ઞની અનંત મૂર્તિઓ છે. તેમાંથી જેટલા વેદના ભાગ વડે એક મૂર્તિનું પ્રતિપાદન થાય તે એક શાખા કહેવાય છે. એવી રીતે બીજી ઘણી શાખાઓ છે. જો કે બ્રાહ્મણોએ તો સમગ્ર વેદ ભણવો જોઇએ તો પણ પ્રમેયરૂપ બળનું અવલંબન કરીને એટલે ભોગ અને મોક્ષને આપનારા રૂપનો વિચાર કરીને, એક જ મૂર્તિ સર્વમૂર્તિઓ છે, એવા અભિપ્રાયથી શાખાઓ કરેલી છે; તેથી થોડી બુદ્ધિવાળાને પણ વેદનું અધ્યયન સહેલાઈથી થઈ શકે અને ભક્તિ પણ થાય; તેથી શાખા વિભાગ કરેલ છે. એટલે તે શાખા ભણતાં બાકીનો સમય રહે તે ભક્તિના ઉપયોગમાં આવે, તે માટે વેદોના જુદા જુદા વિભાગ શાખારૂપે કર્યા છે. (૨૧)

नरदेवत्वमापन्नः सुरकार्यचिकीर्षया ।
समुद्रनिग्रहादीनि चक्रे वीर्याण्यतः परम् ॥२२॥

શબ્દાર્થ:—આ પછી દેવતાઓનું કાર્ય કરવાની ઈચ્છાથી રાજાપણાને પ્રાપ્ત થયેલા શ્રીરામચંદ્રજીએ સમુદ્રનો નિગ્રહ કર્યો વગેરે પરાક્રમો કર્યાં.

ભાવાર્થ:—ઉપરના અવતારોથી જુદો ક્રમ બતાવવા માટે શ્રીરામચંદ્રજી વગેરે ત્રણ સ્વરૂપોનું નિરૂપણ કરવાને મૂળમાં **अतः परम्** એમ કહ્યું છે. પહેલાં બ્રાહ્મણભાવનો ક્રમ કહ્યો છે અને હવે અહીં ક્ષત્રિયભાવ કહેવાની ઈચ્છા છે. જો કે સૂર્ય અને ચંદ્ર એમ બે પ્રકાર જ જોઇએ, પરંતુ ચદ્ર શુકલપક્ષમાં વૃદ્ધિ પામે છે અને કૃષ્ણપક્ષમાં ક્ષય પામે છે, તેથી તેના વૃદ્ધિરૂપથી અને ક્ષયરૂપથી નિરૂપણ કર્યું છે; માટે ચંદ્રનાં બે રૂપ અને સૂર્યનું એક રૂપ, એમ ત્રણ ત્રણ પ્રકારથી નિરૂપણ છે. નરદેવ એટલે રામચંદ્રજી રાજા છે અને દેવતાનું કાર્ય કરવા માટે રાવણનો વધ કર્યો, તેમાં અવતારનું ચરિત્ર તો સમુદ્રનો નિગ્રહ કરવારૂપ છે. અથવા સમુદ્ર ઉપર સેતુ બાંધી તેને સ્વાધીન કર્યો તેમ જ ભારતવર્ષના એક ભાગમાં મરુસ્થળ (મારવાડ) બનાવ્યો, પરશુરામ-જીને જીત્યા, અને વાલી નામના વાનરનો વધ કર્યો વગેરે ચરિત્રો કર્યાં, તે **आदि** શબ્દનો અર્થ છે. (૨૨)

एकोनविंशे विंशतिमे वृष्णिषु प्राप्य जन्मनी ।
रामकृष्णाविति भुवो भगवानहरद् भरम् ॥२३॥

શબ્દાર્થ:—ઓગણીશ અને વીશમા અવતારમાં વૃષ્ણિકુળમાં રામ અને કૃષ્ણ ભગવાને જન્મ લઇને, પૃથ્વીકુળનો ભાર ઉતાર્યો.

ભાવાર્થ:—બલદેવજીમાં આવેશ છે અને શ્રીકૃષ્ણ અવતાર છે. મૂળમાં **વિંશતિતમે** એમ વ્યાકરણના નિયમથી લખવું જોઇએ, તેને બદલે **વિંશતિમે** એમ જે લખ્યું છે, તેમાં તકારનો લોપ કર્યો છે. એ વૈદિક પ્રયોગ કર્યો છે. બરી રીતે તો ચંદ્રમાનું એકપણું છે તેથી એક શ્લોકથી બન્ને અવતારોનું નિરૂપણ કરેલું છે. **વાર્ષ્ણેય** એમ કહેવું જોઇએ: પણ ત્યાં વ્યાકરણના નિયમથી રાજાના નામમાં પ્રત્યયનો લોપ થાય છે; તેથી **વૃષ્ણિષુ** એમ કહ્યું છે. અહીં ચારેય અવતારોનું સ્થાન શ્રીકૃષ્ણ છે. નારાયણના અંશ, કેશ, સુતપા, અને વૃષ્ણિએ તપ કરવાથી ભગવાન્ પ્રસન્ન થયા હતા. તે ચારેયનું સ્વરૂપ અહીં એક જ સ્થાનમાં છે. તેમાં એક રૂપને ઘણારૂપે કહેવાની ઇચ્છા છે. તે રૂપ શ્રીકૃષ્ણનું છે. શ્રીબલદેવજી તો એક જ છે. એમ પાંચ અવતારો છે. અને જન્મ બે સ્વરૂપનાં છે, તે સારુ **જન્મની** એમ દ્વિવચન મૂકેલું છે. અને બે જ સ્વરૂપનો જન્મ લોકમાં પણ પ્રસિદ્ધ છે; તેથી લોકમાં બે નામ પ્રસિદ્ધ છે, એમ બતાવવા માટે "રામ અને કૃષ્ણ બન્નેએ જન્મ લીધો" એમ કહ્યું છે. પણ અવતારનું કાર્ય તો ભગવાને જ કરેલું છે, તે માટે ભગવાને પૃથ્વીનો ભાર ઉતાર્યો એમ લખ્યું છે. પૃથ્વીનો ભાર ઉતારવો એ સામાન્ય રીતે લોકમાં પ્રસિદ્ધ પણ છે; તેથી તે કાર્ય અહીં લખેલું છે. (૨૩)

ततः कलौ सम्प्रवृत्ते सम्मोहाय सुरद्विषाम् ।
बुद्धो नाम्ना जिनसुतः कीकटेषु भविष्यति ॥२४॥

શબ્દાર્થ:—ત્યારપછી સારી રીતે કલિયુગ પ્રવૃત્ત થશે ત્યારે દૈત્યોને મોહ કરવા માટે, કીકટ દેશમાં જિનનો પુત્ર અથવા અજિનનો પુત્ર બુદ્ધ નામથી થશે.

ભાવાર્થ:—જુદો ક્રમ બતાવવા માટે શ્લોકના આરંભમાં **ततः** એમ લખ્યું છે. કલિયુગ સારી રીતે ફેલાય, ત્યારે તેના ધર્મનો પ્રચાર પણ થશે, ત્યારે દેવતાઓનો દ્વેષ કરનારા દૈત્યો અને રાક્ષસો, કે જે વૈદિક કાર્ય કરવા યોગ્ય દેશોમાં ઉત્પન્ન થયા છે, તેઓનાં વૈદિકકાર્ય છોડાવવા માટે, જિનના પુત્ર અથવા અજિનના પુત્ર બુદ્ધ ભગવાન્ થશે. સૂત પૌરાણિકના સમયમાં તે બુદ્ધ થયા ન હતા, તેથી 'થશે' એમ લખ્યું છે. (૨૪)

अथासौ युगसन्ध्यायां दस्युप्रायेषु राजसु ।
जनिता विष्णुयशसो नाम्ना कल्किर्जगत्पतिः ॥२५॥

શબ્દાર્થ:—હવે પછી કલિયુગ અને સત્યયુગની સંધિમાં, રાજાઓ ઘણું કરીને ચોર જેવા થઈ જશે, ત્યારે વિષ્ણુયશા બ્રાહ્મણને ઘેર કલ્કિ નામના જગત્ના પતિ તરીકે પ્રભુ પ્રકટ થશે.

ભાવાર્થ:—અહીં ઘણો મોટો અને જુદો ક્રમ બતાવવા માટે **अथ**નો

પ્રયોગ કરેલો છે. કૂર્મ અવતારથી લઇને બુદ્ધાવતાર સુધી કોઇપણ પુરુષને અવતાર નથી, અને કલ્કિ ભગવાન તો પુરુષનો અવતાર છે; એમ બતાવવા ખાતર **અસૌ** (આ પુરુષ) એમ કહ્યું છે. અહીં જે કૂર્માવતાર છે તે સમુદ્રમથનના સમયના કૂર્મ નથી, પણ બ્રહ્માંડને પોતાની પીઠ પર ધારણ કરીને રહેલા કૂર્મ ભગવાન્ છે. ધન્વંતરિ વિષ્ણુનો અવતાર છે. નૃસિંહજી કાલનો અવતાર છે. વામન વિષ્ણુનો અવતાર છે. પરશુરામ વૈશ્વાનર (અગ્નિ)નો અવતાર છે, વ્યાસજી વિષ્ણુના જ્ઞાનનો અવતાર છે. શ્રીરામચંદ્રજી વાસુદેવનો અવતાર છે. બલદેવજી સંકર્ષણનો અવતાર છે. શ્રીકૃષ્ણ વાસુદેવાદિક ચારે વ્યૂહનો અવતાર છે. અને બુદ્ધ વાસુદેવનો અવતાર છે. કલિયુગની સંધ્યા સમાપ્ત થઇ ત્યારે કોઈ રાજાઓ રહ્યા નથી અને પૃથ્વી શૂન્યરૂપ થઇ છે, તો પણ જે કેં બચેલા રાજાઓ છે તેચોર જેવા થઈ ગયા છે, એટલે ગમે તેમ કરીને કલિયુગના રાજાઓ પ્રજાને લૂંટવાનો જ પ્રયત્ન કરે છે. શ્લોકમાં **દસ્યુ** શબ્દની આગળ **પ્રાય** શબ્દનો પ્રયોગ કર્યો છે; તેથી વિષ્ણુની ભક્તિનું પ્રતિપાદન કરનારા બ્રાહ્મણોના સત્સંગથી પવિત્ર બનેલા, કેટલાક રાજાઓ ચોર અને લુંટારા નથી એમ સૂચવે છે. તેથી જ શંભલ ગ્રામમાં વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ઘેર તેની સ્ત્રીમાં કલ્કિપ્રભુ પ્રકટ થશે અને તે જગતના પતિ થશે; એમ અવતારનું પ્રયોજન કહ્યું છે. તેથી કલિયુગને લીધે જગત્ ઘસાઇ ગયું હશે તેને ફરીથી ઉત્પન્ન કરશે. (૨૫)

અવતારો આટલા જ હશે? એવી શંકાનું નિવારણ કરે છે કે:

अवतारा ह्यसङ्ख्येया हरेः सत्त्वनिधेर्द्विजाः ।
यथाऽविदासिनः कुल्याः सरसः स्युः सहस्रशः ॥२६॥

શબ્દાર્થ:—હે બ્રાહ્મણો, સત્ત્વના નિધિરૂપ, હરિભગવાન્ના, નિશ્ચયે કરીને અવતારો અસંખ્ય છે, જેમ અખૂટ જળવાળા તળાવમાંથી હજારો નાના નાના પ્રવાહવાળી તુચ્છ નદીઓ નીકળે છે.

ભાવાર્થ:—ભગવાન્ સત્યના સ્થાનકરૂપ છે, એમ કહેવાથી અસંખ્ય અવતારો થવાનું કારણ બતાવ્યું છે; કેમકે જગત્નું પાલન કરવું અને ઉત્પત્તિ કરવી તેમાં સત્ત્વગુણની જરૂર છે. **द्विजाः** એ સંબોધન આપવાથી "તમો ઘણા સમયથી જુઓ છો તેથી દરેક હકીકત જાણો છો" તેમ કહી સંમતિ લેવા માટે કહ્યું છે. હવે અવતારોનું સ્વરૂપ કહે છે કે "અક્ષયજળવાળા તળાવમાંથી જેમ હજારો નાની નહેરો નીકળે છે." અને તેવી નહેરો દક્ષિણ દેશમાં વધારે પ્રસિદ્ધ છે, તેવી રીતે હરિભગવાન્માંથી અસંખ્ય અવતારો થયા છે. (૨૬)

દરેકનું સામાન્યથી સ્વરૂપ, પ્રકૃતિ, અને ફળ, એમ બે શ્લોકથી કહે છે:

ऋषयो मनवो देवा मनुपुत्रा महौजस. ।
कलाः सर्वे हरेरेव सप्रजातपयः स्मृताः ॥२७॥
एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान्स्वयम् ।
इन्द्रारिव्याकुलं लोकं मृडयन्ति युगे युगे ॥२८॥

શબ્દાર્થ:—ઋષિઓ, મનુઓ, દેવતાઓ, મનુના પુત્રો, અનેક અત્યંત પરાક્રમવાળા પ્રજાપતિ વગેરે સર્વે હરિભગવાનની જ કલા છે. તેમાં કોઈ અંશ છે અને કોઈ કલારૂપે છે, પણ શ્રીકૃષ્ણપ્રભુ તો સાક્ષાત્ ભગવાન્ છે. પ્રભુ, દૈત્ય લોકોથી વ્યાકુલ બનેલા લોકને પ્રત્યેક યુગમાં સુખ આપે છે.

ભાવાર્થ:—અર્યમા વગેરે ઋષિઓ છે, સ્વાયંભુવ વગેરે મનુઓ છે, વસુ વગેરે દેવો છે, પ્રિયવ્રત વગેરે મનુના પુત્રો છે, મરીચિ વગેરે પ્રજાપતિઓ છે અને બીજાઓ પણ અતિપરાક્રમવાળા છે; તે સર્વે હરિભગવાનની કલારૂપ છે. એટલે જગતની રક્ષા કરવાની ઇચ્છાવાળા, સત્ત્વમૂર્તિ ભગવાન્ વિષ્ણુના ધર્મનો ઉપર જણાવેલા દરેકમાં આવેશ થયેલો છે. મૂળમાં **एव**કારથી ત્યાં બીજાનો સંબંધ નથી એમ બતાવે છે. **स्मृताः** પદથી પ્રમાણ બતાવે છે, પૂર્વે જણાવેલા સનત્કુમારાદિક અવતારો છે. તેમાં કેટલાક અંશો છે અને કેટલાક કળાઓ છે. તેનું નિરૂપણ અવતાર અને આવેશના ભેદથી કર્યું છે. મૂળમાં **च**કાર છે તેથી પુરુષ જે નારાયણ અને બ્રહ્માંડની મૂર્તિરૂપ છે, તેનાં અંશ કલાદિક ન કહેલાં હોય તે પણ અહીં સમજવાનાં છે. ત્યારે તો શ્રીકૃષ્ણમાં પણ અંશ કે કલારૂપપણું સામાન્ય રીતે હશે ! તેનું નિવારણ **तु** શબ્દથી કરે છે; એટલે જેના અંશરૂપ પુરુષાદિ છે, એવા શ્રીકૃષ્ણ ભગવાન્ છે, એમ કહેલું છે. તેથી પ્રથમ તો પુરુષરૂપ ગ્રહણ કર્યું છે અને ત્યાંથી આરંભીને દરેક અવતાર વગેરે પ્રભુના અંશરૂપ છે. તે અવતારો ગ્રહણ કરવાનું સામાન્ય રીતે પ્રયોજન કહે છે કે "ઇન્દ્રના શત્રુ દૈત્યોએ, અસાધારણ ઉપદ્રવો કરીને જગતને વ્યાકુલ બનાવી મૂકયું છે", તેવા દુઃખી જગતને સુખ આપવા પ્રત્યેક યુગમાં અવતારો થાય છે. જેમ દરેક કલ્પમાં ચૌદ મન્વંતરો થાય જ છે, તેવી રીતે પ્રત્યેક યુગમાં અવતારો થાય છે. તેથી જેવું પ્રયોજન હોય છે તે પ્રમાણે સર્વ સ્થળે અવતાર થાય છે, એમ સમજવાનું છે. (૨૭-૨૮)

શ્રીકૃષ્ણાવતારનું પ્રયોજન બરાબર કહ્યું નથી તેથી સૂત પૌરાણિકને તેનું અજ્ઞાન હશે ! તે શંકાનું નિવારણ કરવા માટે અવતારોનું સ્વરૂપ સમજી શકાય તેવું નથી, તે બતાવે છેઃ

जन्म गुह्यं भगवतो य एतत् प्रयतः शुचिः ।
सायं प्रातर्गृणन् भक्त्या दुःखग्रामाद्विमुच्यते ॥२९॥

શબ્દાર્થ:—ભગવાન્નો જન્મ ગુહ્ય છે, માટે આ અવતારચરિત્રનો નિયમપૂર્વક પવિત્ર થયેલો પુરુષ સવાર સાંજ પાઠ કરે તો તે ભક્તિને લીધે દુઃખોના સમૂહથી મુક્ત થઈ જાય છે.

ભાવાર્થ:—ભગવાન્ શ્રીકૃષ્ણનો જન્મ ગુહ્ય છે એટલે ગુપ્ત રાખવા યોગ્ય છે, પ્રકટ રીતે કહેવા જેવો નથી. ત્યાં શંકા કરે છે કે ત્યારે ભગવાન્ના જન્મનું જ્ઞાન હોવાથી મનુષ્યનો સંસારથી નિસ્તાર કેમ થાય? ત્યાં સમાધાન કરે છે કે સામાન્ય રીતે અમે અવતારોનું રૂપ કહ્યું છે. તે સાવધાન થઈને, શુદ્ધ થઈને, સાયંકાળે અથવા પ્રાતઃકાળે ભક્તિપૂર્વક સ્તોત્રોનો પાઠ કરે તો દરેક દુઃખોના સમૂહથી તે પુરુષ છૂટી જાય છે; એટલે જન્મના રહસ્યનું જ્ઞાન ન હોય તો પણ, કેવળ જન્મના કીર્તનમાત્રથી પણ તે જીવનાં સર્વ દુઃખોની નિવૃત્તિ થાય છે. માટે શ્રદ્ધાથી ભગવાન્ને બોલનારો મુક્ત જ થાય છે. (૨૯)

એવી રીતે પોતાના અંશાવતારો વડે, પરિકરસહિત પુરુષાવતારનું નિરૂપણ કરીને પાંચ શ્લોકોથી તેનો વિચાર કહે છેઃ

एतद्रूपं भगवतो ह्यरूपस्य चिदात्मनः ।
मायागुणैर्विरचितं महदादिभिरात्मनि ॥३०॥

શબ્દાર્થ:—લૌકિક રૂપ વગરના, અને ચૈતન્યમાત્ર રૂપવાળા ભગવાનનું, આ બ્રહ્માંડાત્મક રૂપ, માયાના મહદાદિક ગુણો વડે પોતાનામાં જ રચાયેલું છે.

ભાવાર્થ:—આ બ્રહ્માંડાત્મક ભગવાનનું રૂપ, સત્ત્વગુણવાળા પૂર્ણબ્રહ્મનું રૂપ છે, કારણકે શરીર વગર બીજે સ્થળે આત્મા રહી શકતો નથી. વ્યાસસૂત્રના સાધનાધ્યાયના દ્વિતીયપાદમાં "ઉભયલિંગ" નામનું અધિકરણ છે તેમાં કહ્યું છે કે "જગત્ને ઉત્પન્ન કરનાર બ્રહ્મ વિલક્ષણ રૂપવાળું છે;" કારણકે મુખ્ય રીતે તો તે પ્રકરણમાં બ્રહ્મનું પ્રતિપાદન કરેલું છે. એ ન્યાયથી બ્રહ્મમાં પોતાથી જગત્ના જેવું રૂપ નથી. તેમાં કારણ બતાવે છે કે "તે ચૈતન્યરૂપ છે." એટલે જડપદાર્થ જ રૂપવાળો હોય છે, પણ મૂર્તિ વગરના કેવળ ચૈતન્યને રૂપપણું હોતું નથી; એમ હિ શબ્દ વડે બતાવ્યું છે. ત્યારે બ્રહ્માંડરૂપી શરીર શી રીતે સંભવે? તે જાણવા માટે કહે છે કે વૈષ્ણવતંત્રમાં લખ્યું છે કે "જગત્ના આધિદૈવિક ભગવાનની માયા નામની શક્તિ છે;" તેનાથી સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ થાય છે. તે ગુણોથી મહત્તત્વ વગેરે થાય છે. તે મહદાદિકોએ પોતાના શરીરમાં જ ભગવાનનું શરીર બનાવ્યું છે; એટલે આ ભગવાનનું શરીર છે. અહીં ભગવાન્ સારી રીતે રહેલા હોવાથી ભજન કરવા લાયક થશે એમ ધારીને તે બતાવ્યું છે. તેથી મહદાદિકની કૃપા વડે ભગવાન્ અહીં પ્રકટ થયા છે. એટલે તપાવેલા લોઢાના ગોળામાં અગ્નિની માફક રહે છે એમ સમજવાનું છે. (૩૦)

ત્યાં શંકા થાય છે કે જડરૂપમાં બ્રહ્મની પ્રતીતિ કેમ થાય ? જો લોઢાના ગોળામાં અગ્નિની પ્રતીતિ થાય છે તો જડમાં ચૈતન્યની પણ પ્રતીતિ થવી જોઇએ; પણ તેમ નથીઃ તે દેખાતું નથી અને આ જગત્ તો દેખાય છે; તેમ જડ છે, તેથી તેમાં ભગવાનનો આવેશ નથી; એમ માનવું જોઇએ; માટે આ બ્રહ્માંડ ભગવાનનું શરીર કેમ થાય ? તેવી શકાનું નિરૂપણ કરે છેઃ

यथा नभसि मेघौघो रेणुर्वा पार्थिवेऽनिले ।
एवं द्रष्टरि दृश्यत्वमारोपितमबुद्धिभिः ॥३१॥

શબ્દાર્થ:—આકાશમાં વાદળાંનો સમૂહ હોય છે અને વાયુમાં પૃથ્વીના સંબંધવાળી રજ છે એવી રીતે બુદ્ધિ વગરના માણસો જેમ માને છે, તે જ રીતે બુદ્ધિ વગરના માણસો દ્રષ્ટામાં દૃશ્યપણું માને છે.

ભાવાર્થ:—આ બ્રહ્માંડાત્મક શરીરવાળા ભગવાન્ દ્રષ્ટા છે. તે દેવદત્તની માફક બધું જુએ છે. જોકે શરીર પણ દેખી શકાય તેવું છે તોપણ તે દ્રષ્ટાથી વ્યાપ્ત થયેલું છે; તેથી જ્યાં દ્રષ્ટા ન હોય તેવો પદાર્થ જ લોકમાં જોઈ શકાય છે. તેમાં જે મહાપુરુષો છે તે સમગ્ર બ્રહ્માંડમાં લોઢાના ગોળામાં અગ્નિની માફક ભગવાનનાં દર્શન કરે છે. અને જે મૂઢ પુરુષો છે તે દ્રષ્ટારૂપ ભગવાનમાં દૃશ્યપણાનો આરોપ કરે છે. એટલે જે ભગવાન્ દરેકને જોનારા છે; તેને "ભગવાન્ દેખાય છે;" એવો દૃશ્યપણાનો આરોપ કરે છે.

ત્યાં શંકા કરે છેઃ બીજામાં બીજાના ધર્મનો આરોપ શા માટે કરે છે ? તેનું સમાધાન કરે છેઃ જેમ આકાશમાં વાદળાંના સમૂહનો આરોપ કરે છે; એટલે ખરી રીતે તો આકાશ જ [1]અદૃશ્ય છે. તેથી તેના આધારપણાથી વાદળાં શી રીતે દેખાય ? તેમ જેના મતમાં પણ આકાશ અદૃશ્ય છે, તેના મતમાં પણ આકાશમાં વાદળાં મનાતાં નથી, પણ વાયુમાં વાદળાં છે એમ મનાય છે. તેમાં જેમ બીજે સ્થળે રહેલાં વાદળાંને બીજે સ્થળે રહેલાં માને છે, તેમ બ્રહ્માંડરૂપ અને ભગવદ્રૂપ દ્રષ્ટા છે તેમાં દૃશ્ય(દેખી શકાય)પણાની પ્રતીતિ થાય છે. આકાશ અદૃશ્ય છે. તેના ધર્મો દૃશ્ય મેઘમાં મુકાય છે. અને સિદ્ધાંતમાં ભગવાન્ અદૃશ્ય છે; તેમાં બ્રહ્માંડ દેખાય છે અને તેના ધર્મનો આરોપ થાય છે એમ નિરૂપણ કર્યું છે; તેથી દૃષ્ટાંત વિષમ થાય છે. તે માટે

---

૧ અદૃશ્ય આકાશમાં જેમ વાદળાનો આરોપ કર્યો છે. તેમ બ્રહ્મના શરીરરૂપ બ્રહ્માંડમાં પણ દૃશ્યપણાનો આરોપ કરેલો છે. જેમ મેળને જોનારને આકાશના ધર્મનો અવકાશ સમજાતો નથી. તેમ પ્રાકૃતપણાથી બ્રહ્માંડને જોનારાને ચેતનપણાની પ્રતીતિ થતી નથી માટે પ્રાકૃત જોનારને પ્રતીતિ ન થાય તે માટે બ્રહ્માંડમાં ભગવાનનો આવેશ નથી એમ કહી શકાતું નથી.

બીજું દૃષ્ટાંત આપે છે કે પૃથ્વીના સંબંધવાળી રજનો આરોપ વાયુમાં કરેલો છે, એટલે જેમ વંટોળિયા વગેરે વાયુમાં વાયુવાળી રજની પ્રતીતિ થાય છે, તેથી ભ્રમવાળા પુરુષો વાયુની રજ આવે છે એમ માને છે, પણ ખરી રીતે તો રજ પૃથ્વીના સંબંધવાળી છે; તેવી રીતે જ ભ્રાંત પુરુષો, આ બ્રહ્માંડમાં જે જડાદ્વિધર્મ દેખાય છે તે માયાના છે, પણ બ્રહ્મના નથી; એમ માને છે, અને દૃશ્ય છે, પરંતુ દ્રષ્ટા નથી એમ માને છે; તેથી દ્રષ્ટામાં દૃશ્યપણાનો આરોપ બુદ્ધિવગરના કરે છે. (૩૧)

આમ નિરૂપણ કરવાથી પ્રપંચમાં જડની બુદ્ધિ છે તે ભ્રાંતિવાળી છે અને પ્રપંચમાં ભગવાનની બુદ્ધિ છે તે મુખ્ય છે એમ સિદ્ધ કરીને જીવમાં પણ ભગવદ્બુદ્ધિ જ મુખ્ય છે, જીવબુદ્ધિ મુખ્ય નથી એમ નિરૂપણ કરે છેઃ

अतःपरं यदव्यक्तमव्यूढगुणबृंहितम् ।
अदृष्टाश्रुतवस्तुत्वात्स जीवो यत्पुनर्भवः ॥३२॥

શબ્દાર્થ:—આ બ્રહ્માંડ શરીરથી બીજું જે, સૂક્ષ્મ અને પરિણામ પામેલા ગુણોથી વ્યાપ્ત છે, તે અદૃષ્ટ (ન દેખાય તેવું) અને અશ્રુત વસ્તુ (ન સાંભળી શકાય તેવું) હોવાથી જીવરૂપે છે કે જેથી વારંવાર જન્મમરણ થયા કરે છે.

ભાવાર્થ:—ઉપરના શ્લોકમાં બ્રહ્માંડ શરીરનું નિરૂપણ કર્યું છે, હવે તેનાથી સૂક્ષ્મ, સર્વ ઇન્દ્રિયોથી જાણી ન શકાય તેવું, અને અવ્યક્ત જેનું બીજું નામ છે, તેવું જીવ તત્ત્વ છે અને તે હાથપગ વગેરે આકારરૂપે પરિણામ પામેલા, સ્વાભાવિક ગુણોથી વ્યાપ્ત છે; કેમકે જીવ જડ અને ભગવાન સિવાયનો ચોથો કોઇ પદાર્થ જ નથી.

ત્યાં શંકા કરે છે કે જે ઇન્દ્રિયોથી અગોચર છે, તેને જીવભાવ શી રીતે હોય? તેનું સમાધાન કરે છે કે એ ન દેખાયેલું અને ન સંભળાયેલું છે; એટલે જો જડ હોય તો તે દેખાય અને જો ભગવદ્સ્વરૂપ હોય તો તે વેદાદિ શાસ્ત્રમાં સંભળાવું જોઇએ. પણ તે તો દેખાતું કે સંભળાતું નથી; તેથી જીવ છે એમ નિશ્ચય થાય છે. તેમ જ સસલાને જેમ શિંગડું હોતું જ નથી તેમ જીવને કોઈ સ્વરૂપ જ નથી, તેમ પણ કહી શકાતું નથી; કેમકે ચેષ્ટા વગેરેથી તે જીવ અનુમાનમાં આવી શકે છે. માટે જડ જીવ અને ભગવાન એ ત્રણમાંથી જડ અને ભગવાનપણાનો નિષેધ કર્યો, એટલે પછી બાકી જીવ સ્વરૂપજ રહેલું છે. અહીં કેટલાક શ્રીધર વગેરે જીવને ઉપાધિરૂપ લિંગ શરીર માને છે, તે યોગ્ય નથી; કારણ કે પ્રાપ્ત અને અપ્રાપ્તના વિવેક વડે ભગવાન્ સિવાય જીવનો અભાવ હોવાથી કોને ઉપાધિ થાય? અર્થાત્ ભગવાન્ સિવાય જીવ પદાર્થ જ ન હોવાથી લિંગ શરીર કોની ઉપાધિ થાય? માટે

તે જીવ જ છે; કારણ કે તેનો પુનર્જન્મ થાય છે. એટલે પુરાણ અને લોકમાં એવી પ્રતીતિ થાય છે કે પહેલાં આ જીવ દેવ હતો, હમણાં મનુષ્યપણાને પામ્યો છે; તેથી પુનર્જન્મ થાય છે, એવો નિશ્ચય છે; માટે જો જીવ ન હોય તો પુનર્જન્મ ન જ થાય; તેથી ભગવાનનો ઉપાધિરૂપ સૂક્ષ્મ જીવ કોઈ છે, એમ માનવાનું છે. (૩૨)

એવી રીતે જીવ પણ ભગવાનનું રૂપ છે એમ સિદ્ધ કર્યું, તેથી શું થયું? એવી શંકાનું સમાધાન કરે છે:

यत्रेमे सदसद्रूपे प्रतिषिद्धे स्वसंविदा ।
अविद्ययाऽऽत्मनि कृते इति तद् ब्रह्मदर्शनम् ॥३३॥

શબ્દાર્થ:—જ્યારે આ સ્થૂલ અને સૂક્ષ્મરૂપ બ્રહ્મના અનુભવથી નિવૃત્ત થઇ જાય છે અને આ તો અવિદ્યાએ પોતાના રૂપમાં કરેલાં છે એમ સમજાય ત્યારે જ તે બ્રહ્મનું દર્શન થાય છે.

ભાવાર્થ:—ખરી રીતે તો જીવ કે જડ કાંઈ પણ છે જ નહિ, સર્વ ભગવાનજ છે, તો પણ જીવની અને જડની પ્રતીતિ થાય છે તે કેવળ અવિદ્યાને લીધે થાય છે. ત્યારે ફરીને પોતાના જ અધિષ્ઠાનમાં, આ સ્થૂળ અને સૂક્ષ્મરૂપ, બ્રહ્મના અનુભવથી પ્રતિષેધને પામે છે, એટલે જીવભાવ કે જડભાવ નિવૃત્ત થઈ ને સર્વ સ્થળે બ્રહ્મ જ રહે છે જીવ અને જડનો પ્રતિષેધ કરવામાં કારણ કહે છે કે "તેને અવિદ્યાએ પોતામાં કરેલા છે, તેથી આત્માને ઠેકાણે તેની પ્રતીતિ થાય છે." મૂળમાં इति શબ્દ છે તે હેતુમાં લખેલ છે, એટલે અવિદ્યાયે આત્મામાં કરેલ છે. તે કારણથી જ તેનો નિષેધ કરવો જોઇએ. તેવી રીતે જ્યારે પ્રતિષેધ થાય ત્યારે જ બ્રહ્મનો અનુભવ થાય છે. એટલે દર્શન થાય છે. અર્થાત્ દરેક સ્થળે જડ અને જીવની પ્રતીતિ નીકળી જાય છે અને બ્રહ્મની પ્રતીતિ થાય છે, એવો અભિપ્રાય છે (૩૩)

એમ બ્રહ્મની પ્રતીતિ થવાથી શું ? અને જડજીવની પ્રતીતિ કયારે જાય ? તે બન્નેનું નિરૂપણ કરે છે:

यद्येषोपरता देवी माया वैशारदी मतिः ।
सम्पन्न एवेति विदुर्महिम्नि स्वे महीयते ॥३४॥

શબ્દાર્થ:—જ્યારે ભગવાનના સંબંધવાળી, દેવતારૂપ આ માયા નિવૃત્ત થાય છે ત્યારે આ જીવ પોતાના મહિમામાં પૂર્ણ થયેલો છે એમ તત્ત્વજ્ઞો જાણે છે, ત્યારે સ્વરાજ્ય કરે છે.

ભાવાર્થ:—જો કે આ માયા ચતુરશિરોમણિ એવા ભગવાનના સંબંધવાળી હોઇને દેવતારૂપ છે, તેથી તે પૂર્વની અવસ્થાથી શાંત થતી નથી,

તોપણ તે સ્વભાવ રહિત પણ થતી નથી; પરંતુ તે સત્ય હોવાથી મતિરૂપ થાય છે. જ્યારે પ્રવૃત્તિરૂપ થાય છે ત્યારે માયા કહેવાય છે અને નિવૃત્તિ-રૂપ થાય છે ત્યારે મતિરૂપ કહેવાય છે. ત્યારે આ જીવ પોતાના મહિમામાં સંપન્ન થાય છે; પછી સ્વરૂપને પ્રાપ્ત કરીને સ્વરાજ્ય કરે છે, એમ તત્ત્વને જાણનારાઓ જાણે છે. એવી રીતે જડ જીવ સહ વર્તમાન હરિ ભગવાન્ છે, એમ બતાવવા માટે પરિકર સહિત પુરુષાવતારનું નિરૂપણ કર્યું છે. (૩૪)

એવી રીતે બીજા અવતારમાં પણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાનમાં જ જન્મ અને કર્મનું નિરૂપણ કરેલું છે, તે તે અવતારનું ભગવત્પણું જાણવા માટે છે એમ કહ્યું છે:

एवं जन्मानि कर्माणि ह्यकर्तुरजनस्य च ।
वर्णयन्ति स्म कवयो वेदगुह्यानि हृत्पतेः ॥३५॥

શબ્દાર્થ:—એવી રીતે હૃદયના પતિ અજન્મા અને અકર્માનાં જન્મો અને કર્મો વેદમાં પણ ગુહ્ય છે. કવિઓએ તેનું એવી રીતે વર્ણન કર્યું છે.

ભાવાર્થ:—પુરુષાવતારના જન્માદિકનું પહેલાં નિરૂપણ કર્યું, તેનો અહીં અતિદેશ[1] કરે છે. ત્યાં શંકા થાય છે કે પ્રથમ નિરૂપણ કરવું અને પછી અતિદેશ કરવો એમાં વિશેષ શું? ત્યાં કહે છે કે **અજન**ના જન્મો અને **અકર્મા**નાં કર્મો ઉપર બતાવ્યા પ્રમાણે છે; તેથી વિરુદ્ધધર્માશ્રયપણું (જન્મ-રહિતના જન્મો અને કર્મરહિતનાં કર્મો એ બન્ને પરસ્પર વિરુદ્ધ છે તેનો આશ્રય કરવો તે) બતાવવાથી ભગવાનનું માહાત્મ્ય સિદ્ધ થાય છે, એ વિશેષ છે. વળી વેદના પુરુષસૂક્તમાં કહ્યું છે: " આટલો આ ભગવાનનો મહિમા છે." એવી રીતે કવિઓ પણ વિરુદ્ધધર્માશ્રયપણાથી પ્રભુનું વર્ણન કરે છે. ત્યાં શંકા કરે છે કે વિરુદ્ધ ધર્મની અવિરોધથી પ્રતીતિ કેમ થાય? ત્યાં કહે છે કે એ જન્મ અને કર્મ વેદમાં ગુપ્ત રીતે વર્ણવ્યાં છે, એટલે ભ્રાંતિવાળા પુરુષને વિરુદ્ધની માફક દેખાય છે. બાકી ખરી રીતે તો સર્વ પ્રકારે થવામાં બ્રહ્મ સમર્થ છે; તેથી કોઇ પણ વિરોધ નથી. વળી તે હૃદયના પતિ છે, એટલે દરેકના હૃદયને પ્રેરણા કરનારા છે. ત્યાં જેમ અનેક પ્રકારે પ્રેરણા કરે છે તેવી રીતે અનેક પ્રકારના ભગવાન્ થાય છે. (તેથી માયિકરૂપ અને માયાવાદનો પણ એકદેશપણાથી સંગ્રહ થાય છે; કારણ બ્રહ્મ સર્વ પ્રકારે થાય છે. તેમાં જે પ્રકારે જેને ભાસે છે તે પ્રમાણે તેણે વર્ણન કર્યું છે, એવો અભિપ્રાય નીકળે છે.) (૩૫)

ઉપર કવિઓ વર્ણન કરે છે એમ લખ્યું છે, ત્યાં જાણવાની ઇચ્છા થાય

---

૧ એક ઠેકાણે જે ધર્મ પ્રસિદ્ધ હોય તે કોઇ કારણને લીધે બીજે સ્થળે બતાવવામાં આવે તેનું નામ અતિદેશ કહેવાય છે.

કે કેવી રીતે વર્ણન કરે છે, અને કઈ લીલા છે ? શું સ્વરૂપ છે ? અને કેવી રીતે જાણી શકાય ? તે સ્થળે ત્રણ શ્લોકથી કહે છે. અથવા પહેલા અધ્યાયમાં શૌનકે પૂછેલ છે કે "હે સૂત, ભગવાન્ જે માટે પ્રકટ થયા છે તે તમે જાણો છો ? તો તેનું કારણ કહો." એ પ્રશ્નના ઉત્તરમાં આ શ્લોકનું નિરૂપણ છે:

स वा इदं विश्वममोघलीलः
सृजत्यवत्यत्ति न सज्जतेऽस्मिन् ।
भूतेषु चान्तर्हित आत्मतन्त्रः
षाड्वर्गिकं जिघ्रति षड्गुणेशः ॥ ३६ ॥

શબ્દાર્થ:—જેની લીલા સફળ છે તેવા શ્રીપુરુષોત્તમ, આ જગતને ઉત્પન્ન કરે છે, રક્ષા કરે છે અને સંહાર પણ કરે છે, પણ આ જગત્માં પોતે આસક્ત થતા નથી અને ભૂતપ્રાણીઓમાં અંદર ગુપ્તરૂપે રહેલા, સ્વતંત્ર શ્રીપુરુષોત્તમ છ ગુણોના ઈશ્વર છે, નિયંતા છે; તેથી મનસહિત છ ઇન્દ્રિયોના સુખનો સુગંધ લે છે.

ભાવાર્થ:—પુરુષોત્તમ પ્રભુ નક્કી કરીને આ જગત્ની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરે છે; કારણકે કાલાદિક પણ પ્રભુથી જ પ્રેરાય છે. જેમ પ્રત્યક્ષ વસ્તુને આંગળીથી નજરે બતાવાય છે તેમ કહે છે કે "આ જગત્"ની ઉત્પત્ત્યાદિ થાય છે, તેથી પ્રપંચમાં કોઇ જાતનો ભેદ નથી. અક્ષર, કાલ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ, અને પુરુષ વડે આ જગત્ કરાય છે એમ જે ઘણી વખત નિરૂપણ કરેલું છે, તે ખરી રીતે તો તે જગત્ને ભગવાન જ કરે છે; કારણકે ભગવાનની લીલા સફળ છે. જો કેવળ અક્ષર અને કાલકર્માદિક જ જગત્ને કરનારાં હોય અને સ્વતંત્ર ભગવાનની ઇચ્છા ન હોય તો ફળ સિદ્ધ ન થાય. તેથી ક્રિયા નિરર્થક થઇ જાય; અને તે અક્ષરાદિક જગત્ના કાર્યમાં રોકાઈ જાય, એટલે તેને બરાબર સ્ફુરણ પણ રહે નહિ. અને ભગવાનને જગત્ કરવું તે લીલા છે; એટલે વગર મહેનતે ખુશીથી કામ કરવું તેને લીલા કહેવાય છે; એટલે મહેનત પડતી નથી અને સારી રીતે સ્ફુરણ રહે છે. તેમ જગત્ ભોગવવાનો પદાર્થ છે અને ભગવાન્ ભોક્તા છે; તેથી પણ પ્રભુને તો બરાબર સ્ફૂર્તિ રહે છે. જેમ કોઇ માણસ પોતાને માટે કમોદ વગેરે અન્નને ઉત્પન્ન કરીને રક્ષણાદિ કરે છે, તેવી રીતે ભગવાન્ આ જગત્ને કરે છે. અને અક્ષર કાલ–કર્મ–સ્વભાવ વગેરે તો કામ કરનારાં હોવાથી તેઓ પ્રયોજક છે; મુખ્ય કર્તા ભગવાન્ છે એમ સિદ્ધ થાય છે. જીવોને પણ ભોક્તાપણું હોવાથી જીવોમાં અને ભગવાન્માં શો તફાવત, તેવી શંકાનું સમાધાન કરે છે કે જીવોથી ભગવાન્ વિલક્ષણ છે, તેમ ભગવાન્ તેમાં બંધાતા નથી, એટલે જગતે કરેલા મોહ હર્ષ વગેરે ગુણદોષ, ભગવાન્માં નથી. ત્યાં

પ્રમાણ બતાવતા હોય તેમ કહે છે કે 'अस्मिन् આ જગત્માં બંધાતા નથી,' એમ જગત્ને બતાવીને કહે છે. પોતાના અંશરૂપ ભૂત અને જીવોમાં ભગવાનનો સંગ નથી; એટલે જીવ અને જડમાં ભગવાનની આસક્તિ નથી, એમ કહ્યું છે.

ત્યાં શંકા કરે છે કે દરેક સ્થળે કાર્ય કારણ દેખાય છે; જેમકે ઘટરૂપ કાર્યનું મૃત્તિકા કારણ દેખાય છે, કડાં વીંટી હાર વગેરેનું કારણ સુવર્ણ દેખાય છે, તેવી રીતે જગત્ કાર્યના કારણરૂપ ભગવાનનું દર્શન કયાંય થતું નથી, ત્યારે ભગવાન્ આ જગત્ને કરે છે એમ શી રીતે મનાય? જયાંસુધી દેખીતી બાબતનો સંભવ હોય ત્યાંસુધી દેખાય નહિ એવી કલ્પના કરવી તે તો અન્યાયની વાત છે! એવી શંકાનું સમાધાન કરે છેઃ ભગવાન્ ગુપ્તરૂપે રહેલા છે, અને સ્વતંત્ર છે, એટલે ગુપ્ત રહેલા હોય તેનું દર્શન ન થાય. અને (आत्मतन्त्र) સ્વતંત્ર હોવાથી દેખીતી બાબતમાં અદૃષ્ટની કલ્પના ન કરવી એવો તર્ક પણ કરવાનો નથી; કારણ કે જેટલા દેખાતા પદાર્થ છે; તે બધા પરાધીન છે અને ભગવાન્ સ્વાધીન છે.

શંકા કરે છે કે ભગવાન્ દરેકમાં અંતર્હિત રહેલા છે અને જીવની પાછળ પ્રવેશ કરીને ભોગ કરે છે, ત્યારે તેવા ભોગમાં દોષ આવે છે; કારણકે જીવની સાથે ભોગ કરેલો છે. જો પ્રથમથી જ ભગવાન ભોગ કરે છે એમ કહીએ તો ભગવાને ભોગ કરેલા પદાર્થનો સાર ભગવાન જ ગ્રહણ કરી લે; તેથી તે ભુક્ત પદાર્થનો નાશ જ થઈ જવાનો સંભવ રહે છે! તેવી શંકાનું સમાધાન કરે છે કે છ ઇંદ્રિયોના વિષયોનો સુગંધ ભગવાન લે છે. એટલે જીવ ભોગ કરે છે તે ભોગ ઇન્દ્રિયોથી થાય છે. અને ઇન્દ્રિયો તે તે પદાર્થમાં રહેલા ધર્મોનું જ ગ્રહણ કરે છે, કાંઈ ધર્મિરૂપ પદાર્થનું ગ્રહણ કરતી નથી. તેથી જીવે કરેલા ભોગમાં કેવળ પદાર્થનું ગ્રહણ કરવું અશકય છે; એટલે ધર્મ વગર કેવળ પદાર્થનું ગ્રહણ કરવું (ભોગ કરવો) જીવથી થઈ શકતું નથી. અને ભગવાન કેવળ ધર્મનો અને કેવળ પદાર્થનો એમ જુદો જુદો તેમ જ બન્ને સાથેનો પણ ભોગ કરી શકે છે; તેથી જીવે કરેલા ભોગમાં અને ભગવાને કરેલા ભોગમાં મોટો તફાવત છે. અને જીવ ઇન્દ્રિયો વડે ભોગ કરે છે તે ઇન્દ્રિયો ક્ષણમાત્ર છે, એટલે તે તે વિષયોના એક ભાગમાં સંબંધ કરાવે છે, પણ દરેક અંશોમાં જીવોની ઇન્દ્રિયોથી ભોગ થઈ શકતો નથી. તેમ જ શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ એ પાંચે વિષયોનો સર્વાંશમાં ભોગ તો ભગવાનથી જ થઈ શકે છે. તે બતાવવા માટે મૂળમાં **जिघ्रति**–સુગંધ લે છે. તેમ ધર્મનું ગ્રહણ કર્યું છે. લોકમાં પણ કેવળ પદાર્થને છોડીને ધર્મનું ગ્રહણ કરવું એ તો સુગંધમાં જ આવે છે. તે નાસિકા ઇન્દ્રિયથી થાય છે. મન સાથે

છ ઇન્દ્રિયો (કાન નાક જીભ નેત્ર ચામડી અને મન) પાંચ[1] પર્વવાળી અવિદ્યાથી વ્યાપ્ત છે; તેથી એક એક ઇન્દ્રિયના પાંચપાંચ ભેદ થાય છે; એટલે છ ઇન્દ્રિયોના ત્રીસ ભેદ થાય છે. તેનો અભિપ્રાય એવો છે કે અઠ્ઠાવીસ તત્ત્વો, જીવ અને ભક્તિ એમ ત્રીશ ભેદ બતાવવા માટે છે. તે ત્રીશ ભેદોમા રસનો અનુભવ ભગવાન પોતે જ કરે છે. જ્ઞાનસહિત રૂપ રસ ગંધ વગેરે પાંચ વિષયો સર્વ ભાગથી જીવમાં પ્રાપ્ત થતા નથી, પણ તેનો કોઈ કોઈ ભાગ પ્રાપ્ત થાય છે. તેમ ભગવાનમાં નથી એમ સૂચવવા માટે **षड्गुणेशः** (છ ગુણોના નિયંતા) એ વિશેષણ આપ્યું છે; એટલે નિયામક હોવાથી છએ ગુણો ભગવાનને તાબે રહે છે. (૩૬)

આમ અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિથી પદાર્થનું નિરૂપણ કર્યું. ખરી રીતે તો આ ભગવાનની લીલા બરાબર સમજાતી જ નથી, એવું નિરૂપણ કરે છે:

न चास्य कश्चिन्निपुणेन धातु-
रवैति जन्तुः कुमनीष ऊतीः ।
नामानि रूपाणि मनोवचोभिः
सन्तन्वतो नटचर्यामिवाज्ञः ॥३७॥

શબ્દાર્થ:—સર્વને ઉત્પન્ન કરનારા આ ભગવાન્, મન અને વચન વડે નામ અને રૂપનો વિસ્તાર કરે છે. આની લીલાને જેમ અજાણ્યો માણસ નટની ક્રિયાને ન જાણે, તેમ તુચ્છબુદ્ધિવાળો કોઇપણ જંતુ (જીવ) બરાબર પ્રમાણથી જાણી શકતો નથી.

ભાવાર્થ:—અહીં આ અભિપ્રાય છે, કે રસનું આસ્વાદન તો ભગવાન જ કરે છે, એમ પહેલાના શ્લોકમાં કહેવાયું છે. તે રસો પોતાથી અને આધારથી અધિકારીના ભેદ વડે ઉત્તમ અને હીન છે; જેમકે જળ મિષ્ટ હોવા છતાં ખારી જમીનમાં હોય તો ખારું થઇ જાય છે. જેમ આધારના ભેદથી રસમાં ભેદ પડે છે તેમ કેટલાક રસો પોતાથી જ મનુષ્યને પ્રિય અને અપ્રિય લાગે છે. એમ પોતાથી અને આધારથી રસનો ભેદ થાય છે, તે દરેક રસનો અનુભવ ભગવાન્ કરે છે કે નહિ, તેવો સંશય થાય છે. તેમ દરેક વસ્તુમાં રસરૂપે ભગવાને જ પ્રવેશ કર્યો છે તેથી પોતાને પોતાના સ્વરૂપમાં ઉત્તમપણું કે હીનપણું નથી જ; વળી ભગવાન્ સર્વરૂપ હોવાથી તેથી પણ ઉત્તમપણું કે હીનપણું હોતું નથી. માટે સર્વપદાર્થોમાં રસરૂપ ભગવાને જ પ્રવેશ કરેલો છે, એ કોટીજ (પક્ષ) બરાબર લાગે છે. શ્લોકમાં **च**કાર છે તેથી બીજા પ્રમાણની નિવૃત્તિ કરી છે.

---

૧ સ્વરૂપનું અજ્ઞાન, દેહમાં અધ્યાસ (મિથ્યાજ્ઞાન), ઇન્દ્રિયોમાં અધ્યાસ, પ્રાણોમાં અધ્યાસ અને અંતઃકરણમાં અધ્યાસ એ અવિદ્યાનાં પાંચ પર્વો છે.

સૂતપૌરાણિકે નિરૂપણ કર્યું ત્યારે ભક્તિ વડે ભગવાનનો આવિર્ભાવ થવાથી દર્શન કરતા હોય તેમ કહે છે કે **अस्य** આ ભગવાનની લીલાને કોઈ જાણી શકતું નથી, એટલે બ્રહ્મા સુદ્ધાં પણ તેની લીલાને જાણતા નથી. અર્થાત્ અનુભવ થવા જેટલાં સાધનો છે તેમાંના એકે સાધનથી પણ જાણી શકાતા નથી. ત્યાં કારણ કહે છેઃ તે પ્રભુ સર્વને ઉત્પન્ન કરનાર છે. માટે "શું કરવા ઉત્પન્ન કરેલ છે? કેવી રીતે ઉત્પન્ન કરેલ છે? એ બીજો કેવી રીતે જાણી શકે? તેમાં પણ વળી જીવ તો તુચ્છ છે અને કૃમિ (ક્રીડા) બરાબર છે; તેથી જીવમાં તર્ક કરવાની શક્તિ પણ નથી, તે બતાવવા માટે મૂળમાં **कीट** (ક્રીડા) શબ્દ મૂકેલો છે. તે ભગવાનની પણ સ્વાભાવિક ક્રિયા નથી, પણ ઊર્તિ લીલા છે, (કર્મ વડે જણાતાં અદૃષ્ટરૂપ). ત્યાં વ્યાકરણના નિયમથી નિપાતનો પ્રયોગ કર્યો છે, તેથી ભગવાનની ઊતિ લીલાના બીજા ભેદો જાણી શકાય તેવા નથી એમ દેખાય છે. કોઇપણ રીતે જાણવામાં કારણ કહે છે કે મન અને વચનોની સાથે ભગવાન વેદ અને વિષયોનો વિસ્તાર કરે છે. તેમ જ ચાર મહા[1]રોગોથી વ્યાપ્ત થયેલા જીવો ભગવાનની ઊતિ લીલાને જાણતા નથી. જેમ ભગવાન્ નટની માફક લીલા કરે છે, તેમ નટલીલા ભગવાન્ ન કરે તો માણસોને જ્ઞાન થઈ જાય, માટે તેવું બતાવવા માટે ભગવાન્ લીલા કરે છે. તેથી પ્રમાણબલ વડે લીલાનું જ્ઞાન છે. તે પ્રમાણને મોહ કરવા માટે ભગવાને નટની લીલા કરી છે. નાટક કરનાર પણ મોહ કરવા માટે પ્રવૃત્તિ કરે છે, તેથી નટનું દૃષ્ટાંત આપ્યું છે. તેમાં પણ બિલકુલ અજાણ્યો માણસ તો જાણે જ નહિ તેમ પુષ્ટિમાર્ગને ન જાણનારો મનુષ્ય ભગવાનની લીલાને ન જ જાણી શકે. (૩૧)

ત્યારે ભગવાનની લીલા ન સમજવાથી જીવનો ઉદ્ધાર કેમ થાય? તેનો ખુલાસો કરે છેઃ

स वेद धातुः पदवीं परस्य
दुरन्तवीर्यस्य रथाङ्गपाणेः ।
योऽमायया सन्ततयाऽनुवृत्त्या
भजेत तत्पादसरोजगन्धम् ॥३८॥

૧, ભગવાન્ સર્વને ઉત્પન્ન કરનાર છે. જીવ આધુનિક છે, તેથી ભગવાનની લીલાને ન જાણે, (૧); પ્રભુ નિર્દોષપૂર્ણગુણવાળા છે અને જીવ તુચ્છ કીડા જેવો છે, તેથી પ્રભુની લીલા ન જાણે, (૨); જીવની બુદ્ધિ દુષ્ટ છે, તેથી ન જાણે, (૩); અને જીવ અજ્ઞાની છે, (૪); આ ચાર મહારોગો જીવના છે.

શબ્દાર્થ:—જ પુરુષ નિષ્કપટ સેવા વડે ભગવાનના ચરણકમળના સુગંધને ભજે છે, તે પુરુષ દરેકને ઉત્પન્ન કરનારા અનંત પરાક્રમવાળા ચક્રને ધારણ કરનારા અને પર એવા પ્રભુની પદવીને જાણે છે.

ભાવાર્થ:—સર્વને ઉત્પન્ન કરનારા ભગવાન્ જાણવામાં આવતા નથી, કારણ કે તેનું સ્વરૂપ જ સમજી શકાતું નથી. તેમ કાર્ય તો લૌકિક છે એટલે કર્મ અને ગુણનો પ્રવાહ હોવાથી થોડું ઘણું પણ અનુમાનથી સમજી શકાય, પણ ખરી રીતે તો ભગવાનનું સ્વરૂપ લૌકિક કાર્યથી અનુમાનમાં આવી શકતું નથી. જ્યારે ભગવાન્ને જાણવાના માર્ગનું જ્ઞાન થાય ત્યારે ભગવાન્ પણ કાર્યરૂપ જગતમાં સાથે આવે છે; તેથી કાર્યોનું તત્ત્વ સમજાય છે. તેથી ભગવાન્ને જાણવાનો માર્ગ સમજવો જોઈએ. લૌકિક અને વૈદિક પ્રમાણનું તેમાં જ્ઞાન નથી તેમ કહેવામાં કારણ બતાવે છેઃ તે ભગવાન્ પર છે; એટલે તે સર્વ પ્રમાણોથી દૂર રહેલા છે.

ભગવાનની જગત્માં ગતિ છે. ત્યારે કોઇ વખતે અશક્તિ હોય અને થોડું ચાલે ત્યારે જગત્ના મનુષ્યોથી ભગવાનની ગતિ જાણી શકાય ! એવી શંકા કરીને સમાધાન કરે છે કે ભગવાન 'દુરંતવીર્ય' છે; એટલે તેના પરાક્રમની સમાપ્તિ કયારે પણ થતી નથી. એ પરાક્રમની સમાપ્તિ તો પ્રલયમાં જ થાય છે, તેથી તે પ્રભુના પરાક્રમનો અંત દુષ્ટ છે એમ કહ્યું છે. અને પ્રલય પછી તો કોઈ જાણનાર જ નથી એમ સિદ્ધ થાય છે. વળી કાળ એ ભગવાનની ગતિ હોવાથી કાળની માફક ગતિનું જ્ઞાન સંભવે છે, પણ તે કાળરૂપી ચક્ર તો ભગવાનના શ્રીહસ્તમાં રહેલું છે, એટલે કાળને પણ સ્થિર કરીને ભગવાન રહે છે. અથવા સર્વ જગત્ રથરૂપ છે. તેને ચલાવનાર ચક્ર ભગવાનના શ્રીહસ્તમાં છે; એટલે ભગવાન શ્રીહસ્ત ચલાવે ત્યારે જ તે ચક્ર પણ ચાલે; તે સિવાય ન જ ચાલી શકે, કેમકે ચક્રને શ્રીહસ્તનો આધાર છે. માટે ગાડામાં બેસનારાઓ ગાડાના પૈડાની નીચે જે આધાર હોય છે તેને જાણી શકતા નથી. તેમ જગત્માં રહેનાર મનુષ્યો પણ ભગવાનને જાણી શકતા નથી; તેથી ભગવાનની સેવા કરવાથી જ ભગવાન જાણી શકાય છે. તે કહે છે કે કપટ વગરની હમેશાં સેવા કરવાથી ભક્તો પ્રભુને ભજે છે; એટલે ઘણા સમય સુધી આદરપૂર્વ પ્રભુની સેવા થવી જોઇએ. કપટ ન રાખવું એ પણ એક અંગ છે, એટલે લૌકિક અને વૈદિક તમામ લોક માયા (કપટ) વડે જ ભગવાનને ભજે છે, અર્થાત્ આપણે આમ ભજન કરીશું તો ભગવાન આપણને અમુક ફળ આપશે એવી બુદ્ધિ રાખે છે, તેથી ભગવાન પાસેથી પણ ફળ લેવા માટે છેતરવાનો યત્ન કરે છે; પરંતુ ભગવાન તો ચતુરશિરોમણિ હોવાથી છેતરાતા નથી.

માટે ભગવાનની સેવામાં કપટ છોડી દેવું જોઇએ. પોતાની યુક્તિનો વિચાર કરવો તેને માયા કહે છે. તે કપટ સેવામાં રાખવું નહિ અને હમેશાં સેવા કર્યા કરવી. મૂળમાં સેવાવાચક શબ્દ **અનુવૃત્તિ** આપેલો છે; તેથી ઘણા સમય સુધી સેવા કરવી અને તેમાં આદર રાખવો, એમ બતાવ્યું છે. ભગવાનના ચરણારવિંદને જાણવું, એ માર્ગ જાણવામાં કારણરૂપ છે. ચરણ જ કમળરૂપ છે, તેનો સુગંધ લેવો જ જોઇએ, અર્થાત્ ચરણસેવા કરવી જ જોઇએ; એટલે ભગવાન પોઢે ત્યારે ચરણની સેવા કરે. તે વખતે સેવા કરનારનું મુખ ઊંચું હોવાથી ચરણારવિંદનો સુગંધ આવે છે, ત્યારે તેનો અનુભવ થાય છે, તેમ જેના હૃદયમાં ભગવાન પોતાની ઇચ્છાથી પોઢે છે ત્યારે તેની બહારની ઇન્દ્રિયો પણ ચરણારવિંદના ગંધ વડે ખેંચાઇને અંદર જ આવે છે, એટલે બહિર્મુખ મટીને અંતર્મુખ થાય છે, ત્યારે તે ભગવાનના માર્ગને જાણે છે, એ જ્ઞાનનો પક્ષ બતાવ્યો. ભક્તિમાર્ગના પક્ષમાં તો ભગવાનનું ચરણકમળ જ ભક્તિમાર્ગ છે. ભક્તિમાર્ગરૂપ ચરણકમળ સ્વચ્છ અંતઃકરણમાં પ્રકટ થયેલું કમળ છે. તેમાં હમેશાં ગંધ હોય છે. અથવા પ્રેમ થાય છે, એટલે તે ચરણારવિંદનું નિરંતર ભજન કરે છે, તે ભગવાનની ગતિને જાણે છે. (૩૮)

એમ પ્રાસંગિક વસ્તુનું નિરૂપણ કરીને હવે જુદા ઉપક્રમથી ચાલતી બાબતનું નિરૂપણ કરે છેઃ

अथेह धन्या भगवन्त इत्थं यद्वासुदेवेऽखिललोकनाथे ।
कुर्वन्ति सर्वात्मकमात्मभावं न यत्र भूयः परिवर्त उग्रः ॥३९॥

શબ્દાર્થ:—આ સંસારમાં તમે ભક્તિનિષ્ઠ છોઃ કેમકે સર્વલોકના નાથ અને સર્વાત્મા વાસુદેવ ભગવાન્માં એવી રીતે પોતાનો સર્વાત્મભાવ પ્રકટ કરો છો, કે જે ભાવમાં ફરીથી પરિવર્ત (ફરી ફરવું) ફેરો રહેતો નથી.

ભાવાર્થ:—તમારા પ્રશ્નથી એમ સમજાય છે કે તમે ભગવાન્માં નિષ્ઠાવાળા છો. ગીતામાં કહ્યું છે કે " જે પુરુષને જે દેવમાં શ્રદ્ધા હોય તે પુરુષને તે દેવરૂપ સમજવો. " તેથી આ સંસારમાં તમારી ભગવાન્માં શ્રદ્ધા છે; માટે તમે ભગવદ્સ્વરૂપ છો; માટે ધન્ય છો. એટલે ભગવાનની ભક્તિરૂપ ધન, અને જ્ઞાનરૂપ ધનને તમે લાયક છો; કારણ કે આવા પ્રકારનો તમારો ભાવ છે. એટલે હું હીનજાતિનો છું, તેને પણ સારી રીતે માન આપીને, અવકાશ ન હોવા છતાં પણ સમય લઈને, મારા મુખથી પણ અત્યંત આદરથી શ્રવણ કરો છો, એવો પ્રકાર તમારામાં રહ્યો છે, તેથી તમો ધન્ય છો. તેમ બીજા કોઈ દેવતાનું ભજન કરતા નથી, પણ 'વાસુદેવ ભગવાન્

સર્વના ઇશ્વર છે' તેમ જાણીને તેમાં ભાવ રાખો છો. વેદાંત શાસ્ત્રથી પણ ભગવાન સર્વાત્મક છે, તેમ જાણી શકાય છે. એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણવા માટે અને પ્રભુમાં અતિ સુદૃઢ સ્નેહ થવા માટે **સર્વલોકનાથ** અને **સર્વાત્મા** એમ બે વિશેષણો આપ્યાં છે. તે પ્રીતિ ઉત્પન્ન થવા માટે પોતાનો ભાવ ભગવાનમાં જોડીને ભક્તિ કરો છો; જેથી દૈવપણાથી તમે પ્રીતિ કરો છો, તેથી તમે ધન્ય છો. આવા પ્રકારનો ભાવ કરવાનું ફળ કહે છે કે આ સંસારરૂપ ચક્ર ઘણું ફર્યા કરે છે. તેમાં ફરીવાર પડવું પડતું નથી. આ દેહનો અંત થાય ત્યાંસુધી જેમ થવાનું હોય તેમ થાઓ, પણ પછી તે સંસાર ચક્રનું દુઃખ ભોગવવું પડતું નથી એમ બતાવવા માટે **પુન.** શબ્દ મૂકેલો છે. આ ચક્રભ્રમણનો અનાદર થઈ શકે તેમ નથી એ બતાવવા માટે 'ઉગ્ર' છે એમ કહ્યું છે (૩૯)

આવો અભિપ્રાય કયાંથી લાવ્યા ? તેવી શંકાનું સમધાન કરે છેઃ

इदं भागवतं नाम पुराणं वेदसम्मितम् ।
उत्तमश्लोकचरितं चकार भगवान्ऋषिः ॥४०॥

શબ્દાર્થઃ—જેમાં ઉત્તમશ્લોક ભગવાનનું ચરિત્ર છે, એવું વેદતુલ્ય આ શ્રીભાગવત નામનું પુરાણ વેદવ્યાસજીએ કરેલું છે.

ભાવાર્થઃ—તેમાં ભગવાનનો દરેક સંબંધ રહેલો હોવાથી તેનું "ભાગવત" એવું નામ પ્રસિદ્ધ છે. તે ઘણું જૂનું છે. અથવા સમગ્ર પુરાણ કહેવાય છે તેનો એક ભેદ છે. ભાગવત વેદની બરાબર છે; માટે બીજા મતોની માફક અહીં વેદનો વિરોધ કે વેદનો નિષેધ નથી. તેમ કોઇ પદાર્થનું નિરૂપણ કરવા સારુ કોઇ પ્રસંગની કથા આવે તે પણ પુરુષોત્તમ પ્રભુની જ કથા છે: એમ બતાવવા માટે 'જેમાં ઉત્તમશ્લોક ભગવાનનું ચરિત્ર છે' એમ કહ્યું છે. ઋષિ સંબંધી જ્ઞાન વડે, અનુભવ કરીને સમર્થ વેદવ્યાસે ભાગવત કહેલું છે.(૪૦)

निश्रेयसाय लोकानां धन्यं स्वस्त्ययनं महत् ।
तदिदं ग्राहयामास सुतमात्मवतां वरम् ॥४१॥

શબ્દાર્થઃ—લોકોનાં કલ્યાણ માટે ધનને આપનાર, મંગળકારી અને મોટા આ ભાગવતને વ્યાસજીએ જ્ઞાનીઓમાં ઉત્તમ પોતાના પુત્ર શુકદેવજીને ભણાવ્યું છે.

ભાવાર્થઃ—આ ગ્રંથની પ્રવૃત્તિ દરેકની મુક્તિ માટે છે, તેમ જ ધનની પ્રાપ્તિ અને કલ્યાણ પણ થાય છે, કારણ કે સર્વમાં રહેલાં ભક્ત લક્ષ્મીજી પણ ભાગવતનું શ્રવણ કરે છે; તેથી ભાગવત પોતાથી, ગુણથી અને અર્થથી

પણ મોટું છે. હવે સૂતપૌરાણિકને ભાગવતનું જ્ઞાન થયું તેની પરંપરા કહે છે કે વ્યાસજીએ વેદની માફક શ્રીભાગવત શુકદેવજીને ભણાવ્યું; ગુપ્ત રાખવા માટે બીજાને નહિ ભણાવતાં પોતાના પુત્રને ભણાવ્યું. શ્રીભાગવત ભણવામાં ઇન્દ્રિયોને જીતવાપણું અને જ્ઞાન એ બે અંગ છે. તે અંગનો ઉત્કર્ષ થાય ત્યારે ભાગવત ફળે છે, એવા અભિપ્રાયથી કહે છે કે "શુકદેવજી જ્ઞાનીઓમાં ઉત્તમ છે." (૪૧)

બીજાની ચિંતા ન કરવી, એ કહે છે:

सर्ववेदेतिहासानां सारं सारं समुद्धृतम् ।
स च संश्रावयामास महाराजं परीक्षितम् ॥
प्रायोपविष्टं गङ्गायां परीतं परमर्षिभिः ॥४२॥

શબ્દાર્થ:—દરેક ઇતિહાસોનો સાર સાર લઇને સારી રીતે ઉદ્ધાર કરેલા શ્રીભાગવતને, મરણ સુધી અન્નજળનો ત્યાગ કરીને ગંગાજીને કિનારે બેઠેલા, અને મોટા ઋષિઓથી વીંટાયેલા પરીક્ષિતજી નામના મહારાજાને શુકદેવજીએ સંભળાવ્યું.

ભાવાર્થ:—બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યોના ઉદ્ધાર માટે વેદ છે અને સ્ત્રી અને શૂદ્રોના ઉદ્ધાર માટે ઇતિહાસ છે. આ ભાગવત તો વેદ અને ઇતિહાસના સારરૂપ હોવાથી બ્રાહ્મણાદિક અને શૂદ્રાદિકનો પણ ઉદ્ધાર કરનારું છે. હવે ભાગવતની પરંપરા કહે છે કે શુકદેવજીએ આ ભાગવત પરીક્ષિતરાજાને સંભળાવ્યું. મરણ સુધી અન્નનો ત્યાગ કરીને ગંગાજીને કિનારે બેઠા છે; તેથી તે દેશની ઉત્તમતા બતાવી છે. રાજા ઉત્તમ ઉત્તમ ઋષિઓથી વીંટાયેલા છે, એમ કહેવાથી રાજાને સત્સંગ છે, એમ બતાવ્યું છે. (૪૨)

ધર્મ કોને શરણે ગયો ? એવો છઠ્ઠો પ્રશ્ન પૂછ્યો હતો તેનો ઉત્તર કહે છે:

कृष्णे स्वधामोपगते धर्मज्ञानादिभिः सह ।
कलौ नष्टदृशामेष पुराणार्कोऽधुनोदितः ॥४३॥

શબ્દાર્થ:—ધર્મ અને જ્ઞાનાદિકની સાથે શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામમાં પધાર્યા તે પછી કલિયુગમાં દૃષ્ટિ વગરના માણસો માટે હમણાં આ (શ્રી ભાગવત રૂપ) પુરાણરૂપી સૂર્યનો ઉદય થયો છે.

ભાવાર્થ:—ધર્મ તો ભગવાનની સાથે જ ગયેલો છે. જો અહીં રહેલો હોય તો તે કોને શરણે ગયો છે, તેની ચિંતા થાય. અને કલિયુગ અંધકાર જેવો છે, તેનાથી જેની દૃષ્ટિ ઢંકાઇ ગયેલી છે, એવાં મનુષ્યો થયાં છે, કાંઈ આંધળા થયાં નથી; અર્થાત્ પોતાથી દુષ્ટ નથી, પણ દૃષ્ટિ ઢંકાયેલી છે. તેઓને

ફરીવાર ધર્માદિક જણાવવા માટે પુરાણરૂપ સૂર્યનો હમણાં ઉદય થયો છે, એટલે પહેલીથી જ જે રહેલો છે તે હમણાં પ્રકટ થયો છે.

પોતાને ભાગવત પ્રાપ્ત થયાનો પ્રકાર કહે છેઃ (૪૩)

तत्र कीर्तयतो विप्रा विप्रर्षेर्भूरितेजसः ।
अहं चाध्यगमं तत्र निविष्टस्तदनुग्रहात् ॥
सोऽहं वः श्रावयिष्यामि यथाधीतं यथामति ॥४४॥

શબ્દાર્થ:—હે વિપ્રો, ઘણા તેજવાળા શુકદેવજી પરીક્ષિત રાજા પાસે પ્રભુનું કીર્તન કરતા હતા, ત્યાં હું ગયો અને તેમની કૃપાથી હું ત્યાં બેઠો હતો. તે હું જેવું મારું અધ્યયન અને બુદ્ધિ છે તે પ્રમાણે તમને ભાગવત સંભળાવીશ.

ભાવાર્થ:—'વિપ્ર' સંબોધન કરવાથી શ્રીભાગવત દરેકને પૂર્ણ કરનાર છે; તેથી પ્રથમ શુકદેવજીને પૂર્ણ કર્યા અને હમણાં તમારા પ્રસંગથી ફરીવાર ધારણ થયું, એટલે તમે પૂર્ણ કરો છો. શુકદેવજી લૌકિક ન હતા પણ ઋષિ હતા, તે માટે **ઋષિઃ** એવો પ્રયોગ કર્યો છે. તેવા ઋષિને પણ પૂર્ણ કર્યા છે. શુકદેવજીના કહેવામાં કાંઇ સંદેહ રહે નહિ અને સાંભળ્યા પછી પ્રકાશ થાય, તે માટે શુકદેવજીને ઘણા તેજવાળા કહ્યા છે, એટલે જ્ઞાનનો પ્રકાશ ઘણો છે. અથવા શુકદેવજી બ્રહ્મને જાણનારા હોવાથી તેમાં બ્રહ્મનું તેજ રહેલું છે; તેથી તે સર્વજ્ઞ છે, એમ કહેવા માટે ઘણા તેજવાળા કહ્યા છે. તે પછી શ્રી ભાગવત દરેકને પ્રાપ્ત થયું તે બતાવવા માટે કહે છે કે હું પણ ત્યાં ગયો હતો. એટલે દરેક સાંભળનારાઓ ભાગવત ભણ્યા હતા, હું પણ તેની સાથે ભણ્યો છું. ત્યાં ઉપદેશની સભામાં સાંભળ્યું છે, પ્રસંગની સભામાં સાંભળ્યું નથી. પરંતુ શુકદેવજીના અનુગ્રહથી તે સભામાં હું બેઠો હતો; એટલે ત્યાં ઉપદેશથી જે ભાગવત પ્રાપ્ત થયું છે તે ભાગવત તમને સંભળાવીશ. તેમાં પણ જેવી રીતે અધ્યયન થયું છે, તેમાંથી મારી બુદ્ધિના અનુસારે સંભળાવીશ. આમ કહેવાથી સૂતપૌરાણિકનો ગર્વ નિવૃત્ત થાય છે એમ બતાવ્યું છે અને હું જે કહીશ તેનાથી અધિક અર્થ પણ બીજો થતો હશે, પરંતુ હું તો મારી બુદ્ધિ અનુસાર કહીશ, એમ પણ બતાવ્યું છે. (૪૪)

ઇતિ શ્રીભાગવત સુબોધિની-ભાવાર્થમાં પ્રથમ-સ્કંધમાં
હીનાધિકાર પ્રકરણાંતર્ગત તૃતીય અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૪ ચોથો

एवं भागवतार्थस्य निर्धारः स्वाधिकारतः ।
त्रिभिः कृतो, द्वितीये तु त्रिभिस्त्याज्यसमत्वतः ॥१॥
मध्याधिकारे यच्छास्त्रं तदत्र विनिरूप्यते ।
नारदस्याधिकारित्वाच्छ्रोतुश्चिन्ताकुलत्वतः ।.२॥
तत्राध्याये चतुर्थे तु व्यासचिन्ता निरूप्यते ।
उत्तमप्रक्रियायाश्च वक्तुर्हेतुनिरूपणात् ॥३॥

એવી રીતે સૂતપૌરાણિકે પોતાના અધિકાર પ્રમાણે શ્રી ભાગવતના અર્થનો નિર્ધાર ત્રણ અધ્યાય વડે કર્યો. હવે બીજા પ્રકરણમાં, અદૃષ્ટદ્વારા ઉપકાર કરનારા ધર્મનો ફળમાં વ્યભિચાર થાય છે માટે તેવો ધર્મ ત્યાગ કરવા યોગ્ય છે. (૧) તે ધર્મની અહીં પણ સમાનતા હોવાથી મધ્યમાધિકારમાં જે ઉપદેશ કરવાનો છે, તેનું નિરૂપણ આ પ્રકરણમાં થાય છે. વક્તા નારદ અધિકારી હોવાથી અને શ્રોતા વ્યાસજી ચિંતાથી આકુલ થયા તેથી બન્નેનો મધ્યમાધિકાર છે. (૨) તેમાં ચોથા અધ્યાયમાં વ્યાસજીની ચિંતાનું નિરૂપણ કરે છે. અને ઉત્તમ પ્રકરણમાં વક્તા શુકદેવજી છે. તેમના ઉત્તમપણાના કારણનું પણ નિરૂપણ છે. (૩)

પહેલા પ્રકરણમાં સૂતપૌરાણિકે પોતાના અધિકાર પ્રમાણે શાસ્ત્રાર્થનું નિરૂપણ કર્યું છે. તેમાં મૂલપણાથી શ્રીભાગવત કહેલું છે. જે ભાગવત સાંભળ્યું ત્યારે સૂતને આ શાસ્ત્રાર્થ સમજવામાં આવ્યો, તે જ શ્રીભાગવત આપણે પણ સાંભળવું, એવા અભિપ્રાયથી શૌનક સૂત પૌરાણિકને પૂછે છે, એમ વ્યાસજી કહે છેઃ

व्यास उवाच ।

इति ब्रुवाणं संस्तूय मुनीनां दीर्घसत्रिणाम् ।
वृद्धः कुलपतिः सूतं बह्वृचः शौनकोऽब्रवीत् ॥१॥

શબ્દાર્થ:—એવી રીતે બોલતા સૂતને વખાણીને, હજાર વર્ષનો યજ્ઞ કરનાર, મુનિઓમાં વૃદ્ધ, કુલના પતિ, ઋગ્વેદી શૌનક આ પ્રમાણે કહેવા લાગ્યા.

ભાવાર્થ:—દરેક સ્થળે વક્તાનું વાકય સમાપ્ત થાય પછી શ્રોતાએ પ્રશ્ન કરવો જોઇએ, પણ અહીં તો અતિ ઉત્સાહને લીધે સૂતપૌરાણિકનું વાકય સમાપ્ત થયા પહેલાં જ શૌનકે પૂછ્યું છે, એમ બતાવવા સારુ **ब्रुवाणं** (બોલતા હતા તે વખતે) શબ્દનો પ્રયોગ કર્યો છે. સંભાવના માત્રથીજ શૌનકે પૂછ્યું, ત્યાં

મૂળ સહિત શાસ્ત્રાર્થનું નિરૂપણ સૂતે કરેલું છે. એટલે વક્તા સૂતપૌરાણિકમાં મોટી શ્રદ્ધાથી સારી રીતે તેની સ્તુતિ કરી. તે સ્તુતિ ગ્રંથથી બહાર છે. પહેલેથી જ જાણવાની ઇચ્છા પ્રબલ હતી; તેથી શૌનકાદિક દરેક ઋષિએ પૂછ્યું હતું, અને હમણાં સૂત કહે છે કે તે કાંઈ ઉત્કૃષ્ટ છે, એમ જાણીને મનનથી તેનો નિશ્ચય કરીને હજાર વર્ષના યજ્ઞમાં ભગવાનનો અવતાર થાય, એવો દૃઢ નિશ્ચય હોવાથી તે માટે જ યજ્ઞનો પ્રારંભ કરેલો છે. માટે દરેક બોલશે તો કોલાહલ થવાથી સારી રીતે સમજાશે નહિ, તે માટે દરેક ઋષિ સાંભળે છે, તેમ તે યજ્ઞ સંબંધી દેવતાને જાણનાર શૌનક પૂછે છે. તે શૌનક જ્ઞાનવૃદ્ધ છે અને ઋષિકુલના અધ્યક્ષ છે, તેમ પતિ પણ છે. બુદ્ધિનો નિર્ધાર જ્ઞાનવૃદ્ધમાં સારી રીતે થાય છે. આગળ તેનો પ્રચાર કરવા માટે વક્તાના વચનમાં વિશ્વાસ તો **કુલના આચાર્ય** હોય તેને થાય છે, એમ બતાવવા માટે **વૃદ્ધઃ** અને **કુલપતિઃ** એવાં બે વિશેષણો આપ્યાં છે.

અહીં ભાગવતની બાબતમાં, કર્તાની બાબતમાં, વક્તાની બાબતમાં અને સાંભળનારની બાબતમાં આમ ચાર પ્રકારે પ્રશ્ન થાય છે. તેમાં પ્રથમ પ્રશ્ન કહે છેઃ

शौनक उवाच।

सूत सूत महाभाग वद नो वदतां वर ।
कथां भागवतीं पुण्यां यदाह भगवान् शुकः ॥२॥

શબ્દાર્થઃ—હે સૂત, હે મોટા ભાગ્યવાળા, હે કથા કહેનારાઓમાં ઉત્તમ, જે શ્રી ભાગવતની પવિત્ર કથા ભગવાન શુકદેવજીએ પરીક્ષિતને કહી છે, તે અમને કહો.

ભાવાર્થઃ—"સૂત, સૂત" એમ જે બે વખત કહ્યું છે તે આદર આપવા માટે કહ્યું છે. તમારું તો મોટું ભાગ્ય છે, કેમકે તમે ભાગવત સાંભળ્યું છે, એમ બતાવવા માટે **महाभाग** એવું વિશેષણ આપ્યું છે. અમે કેવળ શ્રોતા છીએ; માટે કેવળ સંભળાવવું જ જોઈએ એમ ન સમજવું, પણ અમને તો ભાગવત આપવું જોઈએ; એ બતાવવા માટે **नः** એ ચતુર્થી વિભક્તિનો પ્રયોગ કરેલો છે. 'બોલનારાઓમાં તમે શ્રેષ્ઠ છો,' ત્યાં વ્યાકરણના નિયમથી નિર્ધારણ કરેલું છે, તેથી સમાસ કર્યો નથી. એટલે બોલનારાઓમાં તમે જ શ્રેષ્ઠ છો. જે કથા સાંભળીને તમે આવા પ્રકારના શાસ્ત્રાર્થનું નિરૂપણ કર્યું છે, તે જ કથા અમને કહો, કેમકે તે કથા **पुण्य** એટલે ધર્મરૂપ છે; તેથી યજ્ઞાદિક ધર્મની માફક તે શાસ્ત્રવિહિત પણ છે. તે કથા સાંભળવામાં વધારે શ્રદ્ધા થવાનું કારણ એ જ કે તે કથા ભગવાન્ શુકદેવજીએ કહી છે; એટલે શુકદેવજી મુક્ત અને પૂર્ણ ગુણવાળા છે; તેથી તેની કહેલી કથા તેવી જ હોવી જોઈએ. (૨)

હવે ભાગવતના કર્તા વિષયક બીજો પ્રશ્ન કરે છે:

कस्मिन्युगे प्रवृत्तेयं स्थाने वा केन हेतुना ।
कुतः सञ्चोदितः कृष्णः कृतवान्संहितां मुनिः ॥३॥

શબ્દાર્થ:—આ કથા કયા યુગમાં, કયા સ્થાનમાં, શા કારણથી, અથવા કોના કહ્યાથી પ્રવૃત્ત થઈ, અને વ્યાસ મુનિએ કોની પ્રેરણાથી આ ભાગવતસંહિતાને કરી?

ભાવાર્થ:—ભાગવતરૂપ સંહિતા કરનારને બીજી સહાયતાની જરૂર છે, તેથી કરનારના પ્રશ્નમાં તેની સાથેના પરિકરોનો પણ પ્રશ્ન કરે છે. તેમાં કાલ, દેશ, અને કારણ એ નિશ્ચયપૂર્વક પરિકર છે. તેમ જ તે કામમાં જોડનાર પણ પરિકર છે. તે ત્રણ પ્રશ્નમાં આ સંહિતા પ્રવૃત્ત થયેલી છે, તેથી તે બાબતના ત્રણ પ્રશ્ન કરે છે કે કયા યુગમાં આ કથા પ્રવૃત્ત થઈ, કયા સ્થાનમાં આ કથા પ્રવૃત્ત થઈ, અને શા કારણથી પ્રવૃત્ત થઈ. જેમ આ ભાગવતની પ્રવૃત્તિ થવામાં ચિત્ત વ્યગ્ર થવું ન જોઇએ, એ કારણ છે, તો વ્યાસજીને કોણે પ્રેરણા કરી, અને શા માટે પ્રેરણા કરી, એમ શ્રીભાગવતની પ્રવૃત્તિ થવામાં ત્રણ પ્રશ્નો કર્યા, અને એક પ્રશ્ન શ્રીભાગવત કરવામાં કરેલ છે. વ્યાસજી મુનિ છે, તો તેણે મનનનો પ્રતિબંધ કરનારી સંહિતા શી રીતે કરી? (૩)

હવે શ્રી ભાગવતના વક્તા શુકદેવજી-વિષયમાં પાંચ શ્લોકથી ત્રીજો પ્રશ્ન કરે છે:

तस्य पुत्रो महायोगी समदृङ् निर्विकल्पकः ।
एकान्तमतिरुन्निद्रो गूढो मूढ इवेयते ॥४॥

શબ્દાર્થ:—તે વ્યાસજીના પુત્ર શુકદેવજી મહાયોગી છે અને તે સમાન દૃષ્ટિવાળા, વિકલ્પ વગરના, એકાંતમાં જ જેની મતિ છે તેવા નિદ્રારહિત, કોઈથી પણ જાણી ન શકાય તેવા ગૂઢ હોવાથી મૂઢ જેવા દેખાય છે.

ભાવાર્થ:—અહીં શુકદેવજી-વિષયક વક્તાપણાથી પ્રશ્ન છે; માટે તે વણ્યા તે બાબતના સંદેહો કહેલા નથી. તે આગળ કહેવાના છે. તે શુકદેવજી મોટા યોગી હોવાથી સમાધિમાં જ રહે છે. જો કે પહેલાં યોગ દુઃખ આપનારો થાય છે, પણ તે યોગ સિદ્ધ થયા પછી સુખ આપનાર થાય છે. તેવા યોગી કથા કહે તે યોગ્ય નથી. વળી શુકદેવજી સરખી-દૃષ્ટિવાળા છે, એટલે બ્રહ્મના સ્વરૂપને તે જાણે છે. અને કથા કહેવામાં ઉચ્ચનીચ બુદ્ધિ થવી જ જોઈએ; સમાન દૃષ્ટિવાળામાં તેવી બુદ્ધિ હોતી નથી. વળી તે શુકદેવજી નિર્વિકલ્પક છે, એટલે સાંખ્યશાસ્ત્રમાં કહેલું જ્ઞાન તેમને સિદ્ધ છે; તેથી માયાના વિકલ્પો બધા જતા રહ્યા છે. વળી તેમની મતિ એકાંતમાં રહે

છે, એટલે તે પૂર્ણ વૈરાગ્યવાળા છે. વળી તેમની નિદ્રા જતી રહી છે, એટલે સ્વપ્નમાં કાંઈ અનિષ્ટ પણ જોવાય છે, તેને દૂર કરવાની પણ પરવા શુકદેવજીને રહી નથી. અને તેઓ ગૂઢ છે, એટલે બીજાના સંગથી ઉદ્વેગ પામે છે, તેથી તેમની પ્રસિદ્ધિ લોકમાં નથી, પણ મૂઢના જેવા દેખાય છે. (૪)

વળી તે શુકદેવજી તો હમેશાં અસંપ્રજ્ઞાત સમાધિમાં રહે છે, એટલે તેમને બહારના કોઇ પણ પદાર્થનું જ્ઞાન જ હોતું નથી, એમ કહેવા માટે શુકદેવજીનું ઉપાખ્યાન કહે છેઃ

दृष्ट्वानुयान्तमृषिमात्मजमप्यनग्नं
देव्यो ह्रिया परिदधुर्न सुतस्य चित्रम् ।
तद्वीक्ष्य पृच्छति मुनौ जगदुस्तवास्ति
स्त्रीपुम्भिदा न तु सुतस्य विविक्तदृष्टेः ॥૬॥

શબ્દાર્થ:—પોતાના પુત્રની પાછળ વસ્ત્ર પેહેરીને પણ જતા વ્યાસને જોઇને તળાવમાં સ્નાન કરતી અપ્સરાઓએ વસ્ત્રો પહેરી લીધાં, અને પ્રથમ નગ્ન શુકદેવજી જતા હતા ત્યારે તેમને જોઇને વસ્ત્ર પહેરેલાં નહિ, તેથી વ્યાસજીને આશ્ચર્ય થતાં તેમના પૂછવાથી અપ્સરાઓએ જવાબ આપ્યોઃ "આ સ્ત્રી છે અને આ પુરુષ છે" એવો ભેદ તમને છે, પણ એકાંતિક દૃષ્ટિવાળા તમારા પુત્રને નથી.

ભાવાર્થ:—અહીં એવી કથા છે કે કોઇ એક તળાવમાં અપ્સરાઓ નગ્ન થઇને નાહતી હતી, ત્યાંથી નગ્ન શુકદેવજી ચાલ્યા ગયા. તેમની પાછળ વ્યાસજી પણ જતા હતા. તે વ્યાસજીને જોઇને અપ્સરાઓએ વસ્ત્રો પહેર્યા. તેથી વ્યાસજીને સંદેહ થયો કે 'હું વૃદ્ધ નગ્ન નથી' તેને જોઇને અપ્સરાઓ વસ્ત્ર શા માટે પહેરે છે? અને જુવાન પુત્ર નગ્ન જતો હતો તેને જોઇને વસ્ત્ર કેમ ન પહેર્યા? આવી રીતે અપ્સરાઓને પૂછયું ત્યારે તે દેવીઓએ જવાબ આપ્યો કે "આ સ્ત્રી છે અને આ પુરુષ છે" એવો ભેદ તમને છે, પણ તમારા પુત્રને નથી. જો કે વ્યાસજીને સંદેહ વગરનું શાસ્ત્ર સંબંધી જ્ઞાન છે તેમ સ્વરૂપનું પણ જ્ઞાન છે તોપણ અધિકારી હોવાથી બહારના પદાર્થોનું જ્ઞાન પણ રહેલું છે. અને તેમના પુત્ર શુકદેવજી તો હમેશાં સમાધિમાં રહે છે, તેથી તેમને બહારના પદાર્થનું જ્ઞાન નથી; માટે અપ્સરાઓએ કહ્યું કે શુકદેવજીની દૃષ્ટિ ચૈતન્ય સિવાય બીજા પદાર્થમાં જતી જ નથી. એવી રીતે ભગવાનની કથા કહેવામાં બાધ કરનારા આઠ ગુણો શ્રીશુકદેવજીમાં રહેલા છે; આમ છતાં તેમણે કથા શા માટે કહી? (૫)

જો કે શુકદેવજી સંન્યાસીનો ધર્મ રાખે છે, તેથી "કીડાની માફક પૃથ્વી ઉપર ફર્યા કરવું," વાકય છે તે મુજબ સમાધિમાંથી શુકદેવજી જાગે અને

કોઈ તેમને દેખે, અને આગ્રહથી પ્રાર્થના કરે, તો તે કથા કહે, એમ સંભવ છે તોપણ તે ન માનવું; કેમકે લોકોને જાણવામાં આવે એવો મોટો ધર્મ તેમાં હોવો જોઇએ. તે ધર્મ શુકદેવજીમાં નથી એમ કહે છેઃ

कथमालक्षितः पौरः सम्प्रातः कुरुजाङ्गलान् ।
उन्मत्तमूकजडवद्विचरन् गजसाह्वये ॥ ६ ॥

શબ્દાર્થ:—હસ્તિનાપુરના પ્રદેશમાં શુકદેવજી આવ્યા ત્યારે ઉન્મત્ત, મૂંગા અને જડની માફક ફરતા હતા, તેવા શુકદેવજીને હસ્તિનાપુરના નિવાસીઓએ શી રીતે ઓળખ્યા?

ભાવાર્થ:—કુરુ અને જાંગલ એ હસ્તિનાપુરના પેટાના દેશો છે. ત્યાં શુકદેવજી આવ્યા ત્યારે આ શુકદેવજી છે એવા જ્ઞાન વગરના નિવાસીઓએ કેમ ઓળખ્યા? કેમકે પુરમાં રહેવાથી માણસોની બુદ્ધિ વાંકી થઈ જાય છે. જ્ઞાન ત્રણ પ્રકારનું છેઃ બહાર જોવામાં સ્થિરપણું લાગે, વચનથી અને સદાચારથી જાણી શકાય, તે ત્રણેય શુકદેવજીમાં નથી, તે માટે કહે છે કે તેઓ તો ગાંડાની માફક, મૂંગા માણસની માફક, અને જડની માફક ફરે છે. તેમ તે શહેરનું નામ હસ્તિનાપુર છે (એટલે હાથીની માફક), તેથી તેમાં રહેનાર પણ હાથીની માફક મદોન્મત્ત હોવા જોઇએ, એમ નગરના નામનિરૂપણથી સમજાય છે; માટે જ તે શુકદેવજીનું જ્ઞાન કોઇને થઈ શકે નહિ. કોઈ જાતનો ભય ન હોવાથી પવિત્ર તીર્થમાં શુકદેવજી ફર્યા કરે છે. (૬)

कथं वा पाण्डवेयस्य राजर्षेर्मुनिना सह ।
संवादः समभूत्तात यत्रैषा सात्वती श्रुतिः ॥७॥

શબ્દાર્થ:—હે તાત, રાજર્ષિ પરીક્ષિતને મુનિ શુકદેવજી સાથે સંવાદ કેવી રીતે થયો? કે જેમાંથી આ વેદરૂપ શ્રીભાગવત પ્રકટ થયું.

ભાવાર્થ:—કદાચિત્ હસ્તિનાપુરમાં કેટલાકોને શુકદેવજીનું જ્ઞાન ભલે હોય, તોપણ રાજાની સાથે સંવાદ થવો તો અનુચિત છે; કેમકે પહેલાં પરીક્ષિત્ રાજા હતા અને પછી ઋષિ જેવા થયા છે, તેથી તેમનામાં ઋષિનો આચાર ન હોય, તેથી તેમને શ્રદ્ધા પણ ન જ થાય. તેમ શુકદેવજી મુનિ છે, તેથી કોઈ સર્વજ્ઞપણાની સંભાવના રાખે, ત્યાં જાય જ નહિ. વળી એ સંબંધ પણ ઘણા સમયથી સિદ્ધ થાય તેવો છે, એમ બતાવવા સારુ કહે છેઃ "આ શ્રીભાગવતરૂપ વૈષ્ણવ વેદ પ્રકટ થયો" તે કાંઇ થોડા જ સમયમાં ન થઈ શકે. ૭

स गोदोहनमात्रं हि गृहेषु गृहमेधिनाम् ।
अवेक्षते महाभाग तीर्थीकुर्वंस्तदाश्रमम् ॥८॥

શબ્દાર્થ:—ગૃહસ્થાશ્રમીઓનાં ઘરોમાં તેના આશ્રમને તીર્થરૂપ કરનાર, મોટા ભાગ્યવાળા, તે શુકદેવજી; ગાય દોહવાય તેટલો વખત જ રાહ જોઇ ઊભા રહેછે.

ભાવાર્થ:—કદી સંવાદ પણ થાય તો ગાય દોહવાય તેટલા વખતથી વધારે વખત ગૃહસ્થના ઘરમાં, સંન્યાસીએ નિવાસ કરવો યોગ્ય નથી. તે વાસ પણ સ્નેહથી કરવાનો નથી. જો સ્નેહથી સંન્યાસી વાસ કરે તો સ્નેહને પૂર્ણ કરવા માટે વધારે વખત વાસ કરવો પડે; પરંતુ શુકદેવજી તો ગૃહસ્થોના આશ્રમને તીર્થરૂપ બનાવવા રહે છે. આશ્રમને પવિત્ર કરવાનું કારણ એટલું જ કે ગૃહસ્થીઓની બુદ્ધિ ઘરમાં અતિ પ્રવૃત્તિવાળી હોય છે; તેથી જેમ શ્રીભાગવત જેવી મોટી સંહિતા સાંભળવા માટે હમણાં અતિ પ્રવૃત્તિવાળી નિષ્ઠા થઈ તેમ ગૃહસ્થાશ્રમમાં પણ પ્રવૃત્તિની નિષ્ઠા હોય છે અને તે ગૃહસ્થો જ્યારે આગળ ઉપર સંન્યાસ ગ્રહણ કરે ત્યારે પહેલાંની પ્રવૃત્તિરૂપ દોષ તો તેમાં રહેલો હોય છે, તેથી તેને અધિકાર નથી. તેમ ઘરમાં રહેવાથી સંગદોષ પણ તેમાં રહેલો હોય છે; માટે ગૃહસ્થાશ્રમ તીર્થરૂપ નથી તેને પણ પરમહંસો તીર્થરૂપ કરે છે; ત્યારે ઉપર જણાવેલા બન્ને દોષ જાય છે. તે માટે કહે છે કે ગાય દોહવાય તેટલો વખત સંન્યાસી ગૃહસ્થના ઘર આગળ રહે છે, એટલે જે ગાય અગ્નિહોત્રમાં ઉપયોગી દૂધ સારુ પોતાને દોહે તેટલા વખત સુધી દોહનારાના આગ્રહને સહન કરે છે, અર્થાત્ પગે બંધાઈને પણ ઊભી રહે છે, તેવી રીતે જગતના મિત્રરૂપ સંન્યાસીઓએ પણ તેટલા વખત સુધી ગૃહસ્થના ઘર આગળ રહેવાનો કલેશ સહન કરવો જોઈએ, એમ મૂળમાં **હિ** શબ્દથી બતાવે છે. આ અવસ્થા મોટા ભાગ્યથી પ્રાપ્ત થાય છે, એમ બતાવવા સારુ **महाभाग** (મોટા ભાગ્યવાળા) એ વિશેષણ આપ્યું છે. (૮)

अभिमन्युसुतं सूत प्राहुर्भागवतोत्तमम् ।
तस्य जन्म महाश्चर्यं कर्माणि च गृणीहि नः ॥९॥

શબ્દાર્થ:—હે સૂત, અભિમન્યુના પુત્ર પરીક્ષિત્ને ભક્તોમાં ઉત્તમ કહે છે. તેનો મોટો આશ્ચર્યવાળો જન્મ અને તેનાં કર્મો અમને કહો.

ભાવાર્થ:—પિતાના નામથી પ્રસિદ્ધ થાય તેમાં મોટાઇ છે અને માતાના નામથી પ્રસિદ્ધ થવામાં હીનતા છે, એ હકીકત દરેક સ્થળે સમજવાની છે. 'અભિમન્યુ' શબ્દનો અર્થ એવો થાય છે કે 'જેને ચોતરફ ક્રોધ રહેલો છે' પરંતુ અંદર ક્રોધ નથી. ક્ષત્રિયોનો આજ ધર્મ છે. અભિમન્યુને અંતઃકરણમાં ક્રોધ ન હતો, તેથી તેનો પુત્ર વૈષ્ણવ થયો. 'સૂત' એ સંબોધનથી તે વૃત્તાંતને તમે જાણો છો, એમ બતાવ્યું છે. લોકવૃત્તાંતનો ત્યાગ કરી ભગવાન્માં જ એકપરાયણ હોય તે મહાભાગવત કહેવાય છે, કેમકે "જેના હૃદયને ભગવાન્ છોડતા નથી" એમ એકાદશ સ્કંધમાં યોગેશ્વરે કહ્યું છે. તેવો પુરુષ સર્વે ભગવદ્ભક્તોમાં ઉત્તમ છે એમ દરેક કહે છે, તેથી તે લોકમાં પ્રસિદ્ધ છે,

એમ બતાવ્યું છે. પહેલેથી જ તેવા ભગવદ્ભક્તને શ્રીભાગવત વડે વિશેષ શું છે, તે જાણવા માટે પ્રથમ વિશેષ પૂછે છે કે 'જેમાં મોટું આશ્ચર્ય છે, તેવો તેનો જન્મ કહો;' કારણ કે જે ગર્ભમાંથી મરણ પામેલો જ જન્મ્યો હતો, તેનું ફરીવાર જીવવું થવું, તેવી મહાભારતાદિકમાં કથા છે, માટે પરીક્ષિત્‌ના જન્મની કથા કહો. અને તેણે કલિયુગને તાબેદાર બનાવ્યો વગેરે જે તેનાં 'કર્મો છે, તે કહો.' (૯)

વૈષ્ણવને મરણપર્યંત અન્નનો ત્યાગ કરીને બેસવું ઉચિત નથી, એવા અભિપ્રાયથી કહે છેઃ

स सम्राट् कस्य वा हेतोः पाण्डूनां मानवर्धनः ।
प्रायोपविष्टो गङ्गायामनादृत्याधिराट् श्रियम् ॥१०॥

શબ્દાર્થ:—પાંડવોના માનને વધારનારા, ચક્રવર્તી તે પરીક્ષિત્‌ રાજા મોટા સામ્રાજ્યની સંપત્તિનો ત્યાગ કરી, ગંગાને કિનારે, મરણપર્યંત અન્નનો ત્યાગ કરી શા માટે બેઠા ?

ભાવાર્થ:—પરીક્ષિત્‌ રાજામાં લૌકિક મોટાઈ પણ છે, કેમકે તે ચક્રવર્તી રાજા છે અને પાંડવોના માનને પણ વધારનાર છે; એટલે પાંડવોની પ્રતિષ્ઠાથી પરીક્ષિત્‌ની પ્રતિષ્ઠા નથી, પણ પરીક્ષિત્‌ની પ્રતિષ્ઠાથી પાંડવોની પ્રતિષ્ઠા છે. વળી ગંગા વડે જ સર્વ પુરુષાર્થોની સિદ્ધિ થાય છે, ત્યારે ગંગાજીના કિનારે મરણ સુધી અન્નત્યાગ કરીને બેસવાનું શું પ્રયોજન છે ? શત્રુઓ વડે પરાજય થવાથી બેઠા હોય તેવો સંભવ તો છે જ નહિ; કેમકે રાજાઓની પણ અધિક લક્ષ્મી એના ઘરમાં રહે છે, તે લક્ષ્મીનો અનાદર કરીને રાજા બેઠા છે. આમ લોક અને વૈષ્ણવે મરણપર્યંત અન્નનો ત્યાગ કરી બેસવું, તે યોગ્ય નથી. (૧૦)

વળી લજ્જા તો સહુથી મોટી છે. તેમાં પોતાનાઓમાં લજ્જા વિશેષ થાય છે તો પછી તે રાજાઓના મધ્યમાં તેવી રીતે કેમ બેઠા ? એવા અભિપ્રાયથી કહે છેઃ

नमन्ति यत्पादनिपीठमात्मनः
शिवाय हाऽऽनीय धनानि शत्रवः ।
कथं स वीरः श्रियमङ्ग दुस्त्यजां
युवैषतोत्स्रष्टुमहो सहासुभिः ॥ ११ ॥

શબ્દાર્થ:—જે પરીક્ષિત્‌ના શત્રુઓ પોતાના કલ્યાણ માટે ધનને લાવીને, જેના ચરણરૂપી પીઠનું નમન કરે છે, તે વીર પરીક્ષિતે જુવાન હોવા છતાં પણ પ્રાણોની સાથે દુઃખ વડે પોતાના અંગ ઉપરથી ત્યાગ થઇ શકે, તેવી લક્ષ્મીને છોડવાની ઇચ્છા કેમ કરી ? એ આશ્ચર્ય છે.

ભાવાર્થ:—શત્રુઓ તેના ચરણપીઠને નમન કરે છે, તેમ કહ્યું તે પગને રહેવાનું સ્થાનક અથવા પાદુકા સમજવી. દરેક દેશમાં આ પરીક્ષિત્‌ના સિંહાસન પાસે જઈને, પોતાના અપરાધો ક્ષમા કરાવવા માટે ધન લાવીને શત્રુઓ પણ નમસ્કાર કરે છે એ આશ્ચર્ય છે, એટલે તેઓ પોતાના કલ્યાણ માટે નમન કરે છે; કારણ કે તે રાજાઓનો દેશ તો પરીક્ષિત્‌ રાજાએ પહેલેથી લઇ લીધો છે; તેથી તેઓ પોતે સંકટમાં આવી પડયા છે; તેથી ફરી પોતાનો દેશ પ્રાપ્ત કરવા માટે ધન આપે છે. આમ અર્થ આવી ગયો છે, તેથી તેને પુરુષાર્થ થાય તેમ નથી, એમ માનવાનું નથી; કેમકે તે વીર છે, એટલે તેમાં વીર રસ વિદ્યમાન છે. વીર પુરુષને મરણ સુધી અન્નનો ત્યાગ કરીને રહેવું લજ્જા કરનારું છે. વળી ધનની પ્રાપ્તિ માટે કે પ્રાયશ્ચિત્ત કરવા માટે લોકમાં પ્રાયોપવેશ (મરણ સુધી અન્નનો ત્યાગ કરીને રહેવું) કરવો સિદ્ધ છે, પણ પરીક્ષિત્‌ રાજાએ તો સામ્રાજ્યની સંપત્તિનો ત્યાગ કરેલો છે; તેથી ધન માટે પ્રાયોપવેશ કરેલો નથી. જો ધન માટે કર્યો હોય તો લક્ષ્મીનો ત્યાગ શા માટે કરે? તેમાં પણ પ્રાણોની સાથે લક્ષ્મીનો ત્યાગ કરેલ છે. એટલે કોણ ભોગવશે, એવા અભિપ્રાયથી છોડેલ છે. લોકમાં પ્રાણ કરતાં પણ ધન છોડવું મુશ્કેલ છે, કારણકે ચોર લોકો પ્રાણ જવાનું કબૂલ કરીને પણ લેવા જાય છે. તેમાં પણ જુવાન પુરુષની આવી ઈચ્છા થવી પણ દુર્લભ છે, તો છોડવાનું તો શી રીતે બને? તેમ પરીક્ષિતે આ બધું છોડેલ છે તે સત્ય વાત છે, તેથી અમને આશ્ચર્ય થાય છે. (૧૧)

કાંઇ પાપ થયું હોય તો તેની નિવૃત્તિ કરવા માટે પ્રાયશ્ચિત્ત કર્યું હોય, તોપણ પરલોક સાધવા માટે વૈષ્ણવને પ્રાયોપવેશ થાય નહિ, પણ તેને તો જીવવું જ યોગ્ય છે, એમ કહે છે:

शिवाय लोकस्य भवाय भूतये य उत्तमश्लोकपरायणा जनाः ।
जीवन्ति नात्मार्थमसौ पराश्रयं मुमोच निर्विद्य कुतः कलेवरम् ॥१२॥

શબ્દાર્થ:—જેઓ ભગવત્પરાયણ મનુષ્યો છે, તેઓ લોકના કલ્યાણ માટે ઐશ્વર્ય માટે જીવે છે, કાંઈ પોતાના માટે જીવતા નથી. ત્યારે આ પરીક્ષિતે, બીજાના આશ્રયવાળા શરીરને, વૈરાગ્ય પામીને શા માટે છોડ્યું?

ભાવાર્થ:—વૈષ્ણવને ગફલતથી કદાચિત્‌ મોટાં પાપ કરવાનો સંબંધ થાય તોપણ તેને દેહ છોડવો યોગ્ય નથી, કેમકે તેને મહાપાતક લાગવાથી પોતે સેવા કરવાને યોગ્ય ન પણ હોય તો તેને પૂછીને બીજા લોકો સેવા કરે છે; તેથી તેનું જીવન જ દરેકના કલ્યાણ માટે થાય છે. એટલે શાંત સુખ માટે તેનું જીવન છે. તેમ જ શ્રીભાગવતમાં કહ્યું છે કે "આ અંગરાજાના વંશમાં સફળ પરાક્રમવાળા રાજાઓ થશે" તેથી લોકમાં પુત્રપૌત્રાદિકની

અભિવૃદ્ધિ કરવા માટે તેવા વૈષ્ણવોનો જન્મ થાય છે. તેમ ઐશ્વર્ય માટે પણ તેનું જીવન છે; એટલે નાનામાં નાનું થવું, મોટું થવું વગેરે આઠ પ્રકારનું ઐશ્વર્ય ભગવાનની સેવામાં પ્રસંગથી પ્રાપ્ત થાય છે. ષષ્ઠસ્કંધમાં આજ્ઞા કરી છે કે "મહાપુરુષની પૂજાની સિદ્ધિ પ્રસંગથી જ થાય છે." માટે સર્વપુરુષાર્થને સિદ્ધ કરનારા દેહનો ત્યાગ કરવો પરીક્ષિત રાજાને અનુચિત છે. વૈરાગ્ય થવાથી દેહાદિકનો ત્યાગ કરવો, એ સર્વભૂત પ્રાણીઓના હિત માટે છે; કેમકે "દરેક પ્રાણીઓને અભય આપવું." એવું વાકય છે. તે વૈષ્ણવોને વિપરીત છે, એવા અભિપ્રાયથી કહે છે, કે બીજાના આશ્રયવાળું પરીક્ષિતનું શરીર છે; તેથી વૈરાગ્ય થવામાં કારણ, 'પ્રજા પાસેથી કર વગેરે લેવો, તેવી ભયંકર આજીવિકા છે,' એમ માનીને તેને છોડવા માટે શાસ્ત્રમાં લખ્યું છે; તેથી પ્રજા પાસેથી કર લેવો એ જ વૈરાગ્યનું કારણ છે. એમ પ્રજાને દુઃખ થાય તેમ હોય તો કર વગેરે ન લેવો, પરંતુ શરીર છોડવું નહિ. જો કે શત્રુઓને ભય કરનારો છે, તેથી વૈરાગ્ય થવાથી તે ધર્મ છોડવાનો અભિપ્રાય થાય તો હથિયારો જ છોડી દેવાં, જેથી શત્રુઓને ભય ન થાય; પણ શરીર શા માટે છોડવું? અહીં શરીરને બતાવનાર **कलेवर** શબ્દ લખ્યો છે. તેનો અર્થ એવો થાય છે કે સ્પષ્ટ જણાય નહિ, પણ જેમાં મધુર રસ હોય છે, તે રસમાં શરીર કારણભૂત છે; તેથી અસ્પષ્ટ રસનો આવિર્ભાવ થવામાં શરીર કારણ છે, એમ ભાસે છે. એ અસ્પષ્ટ રસ ભક્તિરસ જ છે; કારણકે બીજા રસ તો લોક અને વેદમાં પ્રસિદ્ધ છે. માટે ભક્તિરસને પ્રકટ કરનારું શરીર પરીક્ષિત્ રાજાએ શા માટે છોડયું? (૧૨)

तत्सर्वं नः समाचक्ष्व पृष्टो यदिह किञ्चन ।
मन्ये त्वां विषये वाचां स्नातमन्यत्र छान्दसात् ॥१३॥

શબ્દાર્થ:—જે બાબત અમે અહીં પૂછેલી છે તે સર્વ અમને તમે કહો. વેદ સિવાય બીજી તમામ વાણીની બાબતમાં તમે નિષ્ણાત છો એમ હું માનું છું.

ભાવાર્થ:—આમ ઉપરાઉપર ચાર પ્રશ્નો કરેલા છે તોપણ પહેલા પ્રશ્નને દુબળાપણું નથી તે બતાવવા સારુ 'તે બધું તમે કહો' એમ કહેલું છે. કદાચ સૂત પૌરાણિક એમ કહે કે ભાગવતના અર્થમાં અમારો પરિચય છે, બીજા શાસ્ત્રમાં નહિ, તે માટે કહે છે કે એમ તમારે કહેવું નહિ, કારણકે બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય જેમ વેદના અધિકારી છે તેમ તમારો વેદમાં પરિચય નથી. એ સિવાય ઇતિહાસ પુરાણ વગેરે તમામમાં તમારો પરિચય છે.(૧૩)

ભાગવત વિષય પ્રશ્નનો ઉત્તર બીજા સ્કંધમાં કહેશે અને વક્તાવિષયક તેમ જ શ્રોતાવિષયક પ્રશ્નનો ઉત્તર ઉત્તમ પ્રકરણમાં કહેવાશે; અહીં ભાગવતના કર્તા વિષયક બીજો પ્રશ્ન રહ્યો તેનો ઉત્તર કહે છે:

सूत उवाचः

द्वापरे समनुप्राप्ते तृतीये युगपर्यये ।

जातः पराशराद् योगी वासव्यां कलया हरेः ॥१४॥

શબ્દાર્થ:—સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપર, અને કલિયુગ, એમ ક્રમથી ચાર યુગ ફરે છે તે ત્રીજી વખત ફર્યા ત્યારે દ્વાપર યુગ પ્રાપ્ત થયો. તેમાં પરાશર મુનિથી વાસવીમાં હરિભગવાનની કલા વડે વ્યાસજી ઉત્પન્ન થયા.

ભાવાર્થ:—ભાગવતનું નિર્માણ કરવા માટે જ મુખ્યપણે વ્યાસજીનો અવતાર છે તે માટે પ્રથમ સૂત તેના જન્મની હકીકત કહે છે. બ્રાહ્મકલ્પના પ્રથમ મન્વંતરની ત્રીજી વખત યુગની પર્યાવૃત્તિ થઇ એટલે અનુક્રમથી ચારે યુગો આવ્યા, તે ત્રીજી[1] વખત આવ્યા ત્યારે વ્યાસજીનો જન્મ છે. પ્રથમ ચારે યુગ ફર્યા તે સાધન સહિત જ્ઞાનનો સમય છે. બીજી વખત તે કર્મનો સમય છે. અને ત્રીજી વખત ફર્યો તેમાં ભક્તિનો સમય છે. તોપણ સત્યયુગમાં [2] અને ત્રેતાયુગમાં ધર્મો આડા આવે છે, તેથી તેમાં વ્યાસજીનો જન્મ નથી, પણ દ્વાપરમાં ધર્મની દ્વિપરતા હોવાથી સર્વને સંદેહ થયો એમ મૂળનાં સમ્ ઉપસર્ગથી બતાવ્યું છે. પરાશર ભક્ત હતા તે વિષ્ણુપુરાણાદિકમાં પ્રસિદ્ધ છે, કેમકે માર્કંડેયે નમસ્કાર કર્યા છે તે વખતે પરાશર વયોવૃદ્ધ છે તેવું વચન

---

૧. અઠ્ઠાવીશમી વખત યુગ ફર્યા તેમાં દ્વાપર આવ્યો. તેની નિવૃત્તિ થયા પછી ઉત્પન્ન થયેલ સત્યવતી પ્રથમ મન્વંતરના ત્રીજી વખતના દ્વાપરમાં હોય નહિ, તેથી તે મન્વન્તરની પણ નિવૃત્તિ થઇ ગઇ. તેમ સત્યવતી સોમવંશમાં ઉત્પન્ન થયેલ છે. તે સોમવંશ જ પ્રથમ મન્વંતરમાં હતો નહિ. અને તે મન્વન્તરની નિવૃત્તિ થયા પછી બ્રાહ્મ કલ્પ પણ નિવૃત્ત થયો છે. ત્યારે થઇ ગયેલો કલ્પ કયો ? તેનો વિચાર કરતાં રજોગુણના ક્ષોભથી પહેલો કલ્પ રાજસ થયો છે. માટે બ્રાહ્મકલ્પને રાજસપણું છે. જ્યારે મત્સ્યાવતારમાં ચાક્ષુષ મન્વન્તર થઇ ગયો ત્યારે પ્રલય થયો એમ સિદ્ધ કર્યું છે. તે ન્યાયથી તેમાં રાજસ-મવન્તર પહેલો પ્રાપ્ત થયો. તેમાં સૂર્ય ચંદ્ર હોવા જોઇએ. તેથી પંચમ સ્કંધમાં સૂર્યવાચક માર્તંડ શબ્દનો પ્રયોગ કર્યો છે કે અંડ મૃત થયું, તેમાં ઉત્પન્ન થયેલો માર્તંડ કહેવાય છે. માટે જગતને અગ્નિ અને સોમાત્મકપણું હોવાથી તેમ તે વખતે સોમ પણ હતો, માટે તેનો વંશ થયો. ત્યારે ત્રીજી વખત દ્વાપર આવ્યો, તેમાં સત્યવતીની ઉત્પત્તિ સિદ્ધ થાય છે. તેમ પરાશર પણ તે વખતે હતા. માટે ત્રીજી વખત દ્વાપર આવ્યો તેમાં વ્યાસજીનો જન્મ કહેલો છે.

૨. સત્યયુગ અને ત્રેતાયુગમાં ધર્મનો સંદેહ ન હોવાથી નિઃસંદેહ જ્યાં વૈદિક ધર્મ થતા હોય ત્યાં ભક્તિ ન થાય. અને દ્વાપર શબ્દનો અર્થ, કોશમાં યુગ અને સંશય પર લખ્યો છે, તેથી દ્વાપર શબ્દથી દ્વાપર યુગ પણ સમજવો. અને લોકોને ધર્મસંદેહ થયો તેમ પણ માનવું. તેમ ધર્મની દ્વિપરતા મત્સ્યપુરાણમાં લખી છે द्वैधमुत्पद्यते चैव युगे तस्मिन् श्रुतौ स्मृतौ એટલે દ્વાપર યુગમાં શ્રુતિ સ્મૃતિ એમ બે પ્રકાર ચાલે છે, તેથી કેટલાક ધર્મો શ્રુતિને આધારે છે અને કેટલાક સ્મૃતિને આધારે ચાલે છે.

છે. અને મત્સ્યપુરાણમાં જે વૈષ્ણવ તરીકે ઓળખાય છે તે ઉપર ફરનારા વસુની પુત્રી વાસવી (સત્યવતી) છે. તે મત્સ્યના ગર્ભમાં થયેલ છે, તોપણ ઉપરિચર વંસુ વૈષ્ણવ હતા અને તેનું બીજ હોવાથી તેનો ધર્મ પણ તેમાં આવેલો છે. યોગ પ્રવર્તાવવો એ વ્યાસજીના અવતારનું પ્રયોજન છે. તેમાં પણ સર્વ દુઃખ દૂર કરનાર હરિની જ્ઞાનકલાથી અવતાર છે. અહીં યોગ કહેલો છે તે ભક્તિયોગ છે. જ્ઞાનની પ્રવૃત્તિ તો અવતારથી જ થાય છે; તેનું ફળ પણ ભક્તિ છે, તે અવતારનું પ્રયોજન છે. એવી રીતે ભક્તિનો પ્રચાર કરવા સારુ જ અવતાર છે એમ સિદ્ધ થાય છે. (૧૪)

તે વ્યાસજીના પ્રસંગની હકીકત કહે છેઃ

स कदाचित्सरस्वत्या उपस्पृश्य जलं शुचिः ।
विविक्त एक आसीन उदिते रविमण्डले ॥१५॥

શબ્દાર્થ:—પવિત્ર વ્યાસજી કોઇ દિવસ સરસ્વતીના (પવિત્ર) જળનું આચમન લઇને સૂર્યમંડળનો ઉદય થયો ત્યારે એકાંતમાં એકલા બેઠેલા હતા.

ભાવાર્થ:—તે વ્યાસજી ભક્તિ માટે જ અવતરેલા છે. કયારેક કર્મ જ્ઞાન અને ભક્તિનો નાશ થયેલો હતો ત્યારે તેને પોતાના જ્ઞાનનું પણ વિસ્મરણ થઈ ગયું; એટલે વ્યાસજીએ સરસ્વતીના પવિત્ર જલનું આચમન કર્યું, તેથી તેનું સર્વજ્ઞપણું જાગ્રત થયું. તે સરસ્વતીના જલનો પાપથી પરાજય થતો નથી, એમ બતાવવા માટે છે. એટલે વ્યાસજીને **शुचिः** પવિત્ર કહ્યા છે. તેમની જ્ઞાનકલામાં ધર્મના અંશ જ પ્રકટ થયા. ત્યાર પછી પોતાના અવતારનું પ્રયોજન વિચાર્યું, ત્યારે તેમણે દરેકનું હિત કરવા માટે ધર્મને જોયો, એમ કહેવા માટે 'એકાંત સ્થાનમાં એકલા બેઠા' ત્યાંથી લઇને 'કૃપાથી મહાભારત કર્યું' ત્યાંસુધીની હકીકત કહે છે. મનમાં સ્થિરતા રહેવા માટે વ્યાસજી એકાંતમાં બેઠા છે. પોતે એકલા બેઠેલા છે, તેથી આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એ ત્રણ પ્રકારના દોષોનો અભાવ છે, એમ સૂચવ્યું છે. સૂર્યના મંડળનો ઉદય થયો, એથી તે સમય જરૂરી કર્મકાલનો અભાવવાળો છે, એમ બતાવ્યું છે. અથવા પુણ્યાહરૂપ કાલને બતાવનાર, અને ઋતુ સંબંધી કાલના ગુણોને બતાવનાર તે સમય છે, એમ બતાવ્યું છે. (૧૫)

परावरज्ञः स ऋषिः कालेनाव्यक्तरंहसा ।
युगधर्मव्यतिकरं प्राप्तं भुवि युगे युगे ॥१६॥

શબ્દાર્થ:—આગળ પાછળની તમામ હકીકતને જાણનાર, તે વ્યાસજીએ જેનો વેગ ન જાણી શકાય તેવા કાલ વડે પૃથ્વી ઉપર યુગયુગમાં યુગધર્મનો નાશ જોયો.

ભાવાર્થ:—પર એટલે કાલાદિક અને અવર એટલે આપણે વગેરે. તે દરેકને જાણનાર તે ઋષિ છે. તેમને જે કાર્ય કરવું છે તેમાં કાલાદિક પ્રતિબંધ કરનાર નથી. તેવું પ્રાણીઓનું અદૃષ્ટ છે, એમ તેમણે જાણ્યું. તે પછી તે ઋષિ મંત્રને જોનારા થયા, કેમકે તેમાં ધર્મનો અંશ પ્રકટ થયો છે. કાલ તે ભગવાનનો મુખ્ય અધિકારી છે. તે કાલ સર્વને કરનાર અને દરેકનું નિમિત્ત છે, ત્યારે બીજાઓ શ્રમ કરે તે વ્યર્થ છે, તે સારુ કાલને નિયમમાં રાખનાર ભગવાનનો વ્યાસ અવતાર છે, એમ જણાવવા માટે કાલે કરેલો ઉપદ્રવ તે પહેલો કહે છે કે અક્ષર વડે જે કાલનો વેગ છે, અથવા પ્રકૃતિમાં જેનો વેગ છે, એટલે પ્રવૃત્તિ વગેરે દરેક કાળને અધીન છે. અથવા અક્ષરબ્રહ્મની પણ તેમાં સંમતિ છે. અથવા જાણવામાં ન આવે તેવો કાલનો વેગ છે, તેથી તેનો પ્રતીકાર (ઉપાય) થઇ શકે તેવો નથી એમ બતાવ્યું છે. આટલું કહેવાથી ભગવાન્ સિવાય, અક્ષર કાલ વગેરે સર્વે ભગવાનને અધીન છે, અથવા ભગવાનને અનુકૂળ છે એમ બતાવ્યું છે. તેથી ફલિત શું થયું? તે બતાવે છે કે ચાર યુગના ધર્મ, તપ, યજ્ઞ, સ્વાધ્યાય અને દાન વગેરેનો નાશ થયો છે, કારણ કે તે ધર્મમાં કોઇ અધિકારી રહ્યા નથી, તેથી અધિકાર વગરનાઓમાં તે ધર્માદિકની પ્રવૃત્તિ થઈ. તે ધર્મ કાંઈ એકદમ થયો નથી, પણ ક્રમેક્રમે થયો છે. તેનો પૃથ્વી ઉપર જ નાશ થયેલો છે, સ્વર્ગમાં થયો નથી. અને તે પ્રત્યેક યુગમાં પ્રાપ્ત થયો છે. (૧૬)

એવી રીતે કાલે કરીને ધર્મનો નાશ કહીને પદાર્થનો નાશ થયેલો છે તે કહે છેઃ

भौतिकानां तु भावानां शक्तिह्रासं च तत्कृतम् ।
अश्रद्दधानान् निःसत्त्वान् दुर्मेधान् ह्रसितायुषः ॥१७॥
दुर्भगाँश्च जनान्वीक्ष्य मुनिर्दिव्येन चक्षुषा ।
सर्ववर्णाश्रमाणां यद्दध्यौ हितममोघदृक् ॥१८॥

શબ્દાર્થ:—અને તે કાળે કરેલા પંચમહાભૂતના ભાવની શક્તિનો ક્ષય થયેલો જોઇને તેમ જ શ્રદ્ધા વગરના, બલ વગરના, દુષ્ટબુદ્ધિવાળા, આયુષના ક્ષયવાળા, ભાગ્ય વિનાના એવા માણસોને જોઇને, દિવ્ય નેત્ર વડે સફળ દૃષ્ટિવાળા, તે મુનિએ દરેક વર્ણો અને આશ્રમોનું જે હિત હતું તેનું ધ્યાન કર્યું.

ભાવાર્થ:—પંચમહાભૂતથી થયેલા આપણે વગેરેની અને પંચમહાભૂતોની પણ શક્તિ જતી રહી છે; સ્વાધ્યાય વગેરેની શક્તિ જતી રહી છે; તે કાળે કરીને થયું છે. તેમ તે ધર્મ કરનાર શ્રદ્ધા વગરના થયા છે તેનામાં બલ કે વિવેક પણ નથી અને બુદ્ધિવગરના થયા છે. તેનાં ચિત્ત મન અને

બુદ્ધિનો નાશ થઈ ગયો છે. એમ કર્તાના દોષોનું નિરૂપણ કર્યું છે. અને તેના અંતઃકરણમાં અહંકાર જ મજબૂત થઈને પેઠેલો છે, એમ કહ્યું છે, તેથી આયુષનો પણ નાશ થઈ ગયો છે, તે **હ્રસિતાયુષઃ** પદથી કહેલું છે. કર્મથી ભાગ્ય ઉત્પન્ન થાય છે. તે કાલાદિકની શુદ્ધિ ન હોવાથી તેવું ભાગ્ય થતું નથી. દ્વાપર અને કલિયુગમાં તો દેશ કાલ કર્તા દ્રવ્ય મંત્ર અને કર્મ એ છએ દુષ્ટ હોવાથી કર્મ સિદ્ધ થતાં નથી, તેથી દુર્ભાગ્યપણું રહે છે. આ બધી હકીકત વ્યાસજીએ તર્ક કરીને જાણી નથી, પરંતુ ઋષિ સંબંધી જ્ઞાનને લીધે જાણ્યું છે; એટલે તેતે ઉપાયનું જ્ઞાન પણ થયું છે. પાખંડ ધર્મ પોતાથી જ ઉત્પન્ન થશે, તે સારુ તેની નિવૃત્તિ માટે કહે છે કે દરેક વર્ણ આશ્રમો અને દેશકાલાદિક ધર્મોનું હિત કેવી રીતે થશે, તેનું વ્યાસજીયે ધ્યાન કર્યું. આથી એમ પણ બતાવ્યું છે કે વર્ણ આશ્રમ અને દેશાદિક સિવાયના જે ધર્મો છે તે પાખંડ છે. તે પાખંડ ન થાય તેવું તેમણે ધ્યાન કર્યું. વ્યાસજી સત્યસંકલ્પ હોવાથી તેમને સત્ય અને હિત વસ્તુ જ સ્ફુરે છે એમ બતાવવા માટે તેમને 'સફળ–દૃષ્ટિવાળા' કહ્યા છે. (૧૮)

યજ્ઞ જ દરેક વર્ણ અને આશ્રમનો હિતકારી છે એમ નિરૂપણ કરે છેઃ

चातुर्होत्रं कर्म शुद्धं प्रजानां वीक्ष्य वैदिकम् ।
व्यदधाद्यज्ञसन्तत्यै वेदमेकं चतुर्विधम् ॥१९॥

શબ્દાર્થ:—જેમાં ચાર હોતાઓ છે એવું શુદ્ધ વૈદિક કર્મ પ્રજાઓનું જોઈને, યજ્ઞનો વિસ્તાર કરવા માટે એક વેદને ચાર પ્રકારનો બનાવ્યો.

ભાવાર્થ:—ઋષિ સંબંધી જ્ઞાન હોવાથી તેમાં યુક્તિની જરૂર નથી, અને યુક્તિ તો આધિદૈવિકકાલ અને ભૌતિકકાલે કરેલા દોષો દૂર કરવા માટે છે. "તે કાલ વિષ્ણુરૂપ અને યજ્ઞરૂપ છે," એવું વાકય પણ છે. અથવા કાલને નિયમમાં રાખનાર વિષ્ણુ ભગવાન્ છે. તે દોષો મટાડવાને સમર્થ છે; તેથી યજ્ઞ વિષ્ણુરૂપ અને કાલરૂપ વેદથી સિદ્ધ છે. બીજાં પ્રમાણો કરતાં વેદ બલિષ્ઠ છે. માટે સમગ્ર વેદની એકતા કહેવા માટે તેનું સ્વરૂપ કહે છે કે ચાર હોતાઓ કર્મમાં રહેલા છેઃ અધ્વર્યુ, ઉદ્ગાતા, હોતા અને બ્રહ્મા. એ ચારની કર્મમાં જરૂર છે અને તે બધા ગણના નાયક હોવાને લીધે, હોતા તરીકે કહેવાય છે. પરંતુ આથી તો સોમપાત્રને પ્રતિપાદકપણું થાય, પરંતુ અગ્નિહોત્રાદિકને પ્રતિપાદકપણું ન થાય, તેથી બીજો અર્થ કરે છે કે વૈદિકકર્મમાં દશ હોતા (હોમ કરનાર), ચાર હોતા, પાંચ હોતા, છ હોતા અને સાત હોતા, એવી રીતે ચાર ભેદ રાખેલા છે. તે હોમ કરનારાઓ અગ્નિહોત્રાદિકનું મૂળ છે; તેથી અગ્નિહોત્રાદિક પાંચ ચાતુર્હોત્ર કર્મ ગણાય છે. કર્મ

એ તેનું નામ છે. તે કર્મ સાધનસહિત નિત્ય છે, તેમ તેને કાલનો સ્પર્શ ન હોવાથી તે શુદ્ધ છે, અને વારંવાર ઉત્પન્ન થનાર પુરુષનું તે કર્મ છે. તેમાં વેદ પ્રમાણ છે, એમ બતાવવા માટે 'વૈદિક છે' એમ કહ્યું છે. તે યજ્ઞોના વિસ્તાર માટે વેદને ચાર પ્રકારે કર્યો, એટલે તે તે યજ્ઞોના પ્રકારનો ભેદ બતાવીને એક બીજામાં મળી ન જાય તે પ્રમાણે, અને બુદ્ધિમાં બરાબર સમજવામાં આવે તેમ, યજ્ઞનો વિસ્તાર કર્યો. અથવા તે ભેદ કાંઈ ભિન્ન નથી; તેમાં જ અંશના ભેદની વ્યવસ્થા વડે યજ્ઞનો વિસ્તાર કર્યો છે. (૧૯)

પણ મૂળ વેદનું સ્વરૂપ તો એક જ છે તે ભેદો બતાવે છે:

ऋग्यजुःसामाथर्वाख्या वेदाश्चत्वार उद्धृताः ।
इतिहासपुराणञ्च पञ्चमो वेद उच्यते ॥२०॥

શબ્દાર્થ:—ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એવા નામના ચાર વેદોનો ઉદ્ધાર કર્યો અને ઇતિહાસ તથા પુરાણ પાંચમો વેદ કહેવાય છે.

ભાવાર્થ:—ઋગ્વેદ વડે હોતા, યજુર્વેદ વડે અધ્વર્યુ, સામવેદ વડે ઉદ્ગાતા અને અથર્વવેદ વડે બ્રહ્મા કર્મ કરે છે. તે તે કર્મોના પ્રતિપાદન કરનાર મંત્ર-ભાગ અને બ્રાહ્મણ ભાગના ખંડોનો ઉદ્ધાર કર્યો અને 'વેદ' એવું નામ આપ-વામાં આવ્યું. તે વેદોને જેટલા ધર્મની જરૂર છે તેટલો ધર્મ બતાવનાર પાંચમો વેદ, ઇતિહાસ અને પુરાણ નામનો છે. (૨૦)

એમ વિભાગ કરેલા વેદોમાં અંશની સ્થાપના કરવા માટે કહે છે:

तत्रर्ग्वेधरः पैलः सामगो जैमिनिः कविः ।
वैशम्पायन एवैको निष्णातो यजुषामुत ॥२१॥
अथर्वाङ्गिरसामासीत्सुमन्तुर्दारुणो मुनिः ।
इतिहासपुराणानां पिता मे रोमहर्षणः ॥२२॥

શબ્દાર્થ:—તેમાં ઋગ્વેદને ધારણ કરનાર પૈલ મુનિ હતા, સામવેદને જાણનાર કવિ જૈમિનિ હતા અને યજુર્વેદમાં નિષ્ણાત એક વૈશંપાયન જ હતા. અને અંગિ-રાઓમાં દારુણ સુમંતુ મુનિ અથર્વવેદને જાણનાર થયા. અને મારા પિતા રોમ-હર્ષણ ઇતિહાસ અને પુરાણના જાણકાર થયા.

ભાવાર્થ:—વેદમાં સૂર્યમંડળનું નિરૂપણ છે. ત્યાં ઋગ્વેદ સામવેદ અને યજુર્વેદ એમ ક્રમ લખેલો છે, તેથી અહીં તે પ્રમાણેનો ક્રમ છે, પ્રથમ કહેલા ક્રમ પ્રમાણે નથી. તેમાં વિરોધ પણ નથી. પૈલાદિક ઋષિઓ હતા. તેમાં સુમંતુ મુનિને દારુણ કહેવાનું કારણ એ છે કે અથર્વ વેદમાં અભિચાર હોઈને કષ્ટ આપવાના મંત્રો ઘણા છે, તેથી તે મુનિ તેવા પ્રયોગો કરી ઉગ્ર બન્યા હતા, આમ કેટલાકો કહે છે, પરંતુ ખરી રીતે સુમંતુ મુનિ સ્વભાવથી જ

ઉગ્ર હતા. અને તેથી જ આગળ યજ્ઞોમાં તેમનો પ્રવેશ થયો નથી; તોપણ મુનિ હોવાથી તેમને ભણાવેલ છે. ઇતિહાસ ને પુરાણમાં સર્વનો અધિકાર છે; તેથી તેને ભણનારા રોમહર્ષણ કહેવાયા છે. તેના રોમેરોમમાં હર્ષ છે એમ બતાવ્યું છે.૨૧-૨૨

તે પાંચ ઋષિઓએ પણ પોતાનો ભાગ જુદા જુદા વિભાગથી ઘણી રીતે કરીને જુદો જુદો કર્યો છે એમ કહે છેઃ

त एनमृषयो वेदं स्वं स्वं व्यस्यन्ननेकधा ।
शिष्यैः प्रशिष्यैस्तच्छिष्यैर्वेदास्ते शाखिनोऽभवन् ॥२३॥

શબ્દાર્થ:—ઉપર કહેલા તે ઋષિઓએ; પોતાના શિષ્યોદ્વારા, તેના શિષ્યોદ્વારા, અને તેના શિષ્યોદ્વારા પોતપોતાના વેદને અનેક પ્રકારે જુદો જુદો કર્યો; તેથી તે વેદો શાખાવાળા થયા.

ભાવાર્થ:—ઋષિ હોવાથી જુદો જુદો વિસ્તાર કરવામાં દોષ નથી. એટલે પ્રથમ એક શાખા હતી, તેની પાછી જુદી જુદી શાખાઓ થવાથી તે વેદની ગણના થઈ, અને બીજી શાખાઓની પણ ગણના થઇ. (૨૩)

ઘણે પ્રકારે વિભાગ કર્યો તોપણ એક શાખા ધારણ કરાવામાં અશકય થઇ એમ કહે છેઃ

त एव वेदा दुर्मेधैर्धार्यन्ते पुरुषैर्यथा ।
एवं चकार भगवान् व्यासः कृपणवत्सलः ॥२४॥

શબ્દાર્થ:—તે જ વેદો, બુદ્ધિ વગરના પુરુષો વડે પણ જેમ ધારણ થાય, તેવી રીતે દીનવત્સલ વ્યાસજી ભગવાને બનાવ્યા.

ભાવાર્થ:—બુદ્ધિરહિત પણ બરાબર જાણી શકે, એટલે અર્થનું જ્ઞાન ન હોય તોપણ પ્રાતિશાખ્યમાં બતાવેલ સમાનાદિક લક્ષણો વડે ઘણો કાળ અભ્યાસ કરવાથી ધારણ થાય તેમ કર્યું; એટલે મૂર્ખને પણ ધારણ થઇ શકે, એવી રીતે વ્યાસજીએ વેદના વિભાગ કર્યા. તેમ કરવામાં હેતુ એ છે કે ભગવાનની જ તેવી ઇચ્છા હતી કે મૂર્ખમાં વેદનું પર્યવસાન થાય તેમ વેદનો વિભાગ કરવો. ત્યાં શંકા થાય છે કે બ્રાહ્મધર્મવ્રત વિના કે અર્થ જાણ્યા વિના ભણવાથી વેદનું પરમફળ જતું રહે છે; માટે તેમ કરવું જ યોગ્ય ન હોતું ! ત્યાં કહે છે કે 'તે વ્યાસજી છે'; તેમ કરવાનો તેમનો અધિકાર છે, માટે વેદવિભાગ કર્યો છે. તેમ હોય તોપણ મોટા અધિકારીને પણ અન્યથા (જુદું) કરવું યોગ્ય નથી, એવી શંકાનું સમાધાન કરે છેઃ 'વ્યાસજી દીનવત્સલ છે'; એટલે વેદ ભણવાથી પાપ નિવૃત્ત થાય છે એમ ધારીને દરેક જીવ તેનો લાભ લઈ શકે, માટે તેવી રીતે વિભાગ કરેલ છે. તેથી તેટલું ભણવાથી કૃતાર્થતા થશે. એમ પ્રજા ઉપર દયા લાવીને વ્યાસજીએ કરેલ છે, એવો અભિપ્રાય છે. (૨૩)

બ્રાહ્મણ સાથે ક્ષત્રિય અને વૈશ્યને માટે વેદનો વિભાગ કરીને હવે બીજાઓ માટે ઉપાય બતાવે છે :

स्त्रीशूद्रद्विजबन्धूनां त्रयी न श्रुतिगोचरः ।
कर्मश्रेयसि मूढानां श्रेय एवं भवेदिह ।
इति भारतमाख्यानं कृपया मुनिना कृतम् ॥२५॥

શબ્દાર્થ:—સ્ત્રી, શૂદ્ર અને દ્વિજબન્ધુ (બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યમાં હીન) એ ત્રણને વેદ સાંભળવાનો નિષેધ છે, કર્મથી સાધ્ય કલ્યાણમાં તેઓ મૂઢ છે, એમ વિચારીને તેઓનું કલ્યાણ આ મહાભારતમાં થશે એવા હેતુથી કૃપા કરીને વ્યાસ મુનિએ મહાભારતનું આખ્યાન કર્યું.

ભાવાર્થ:—યજ્ઞની મારફત વેદમાં સ્ત્રીઓનો ઉપયોગ છે. પણ પતિ કે પુત્ર વિનાની સ્ત્રીનો યજ્ઞમાં ઉપયોગ ન હોવાથી, બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્યની સ્ત્રીઓને પણ વેદ સાંભળવાની મનાઈ છે, તેમ જ જે સ્વતંત્ર શૂદ્ર છે તેને પણ નિષેધ છે. બ્રાહ્મણાદિકના સેવક શૂદ્રોને મનાઇ નથી, કેમકે યજ્ઞ કરનાર ત્રણે વર્ણોના સેવકો, તેઓનું અન્ન ખાય છે, તેથી વેદાર્થનો તેઓને ઉપયોગ છે; માટે તેઓને વેદ સાંભળવાની ખાસ જરૂર છે. એ ત્રણે વર્ણોમાં હીન કુંડ[1] અને ગોલક[2] તેમ જ સંસ્કાર રહિત હોય તેને જ સમજવા. તેવા હીનને પણ વેદ સાંભળવાનો અધિકાર નથી. મૂળ શ્લોકમાં **गोचर** શબ્દ આપ્યો છે. તે વ્યાકરણની રીત પ્રમાણે હમેશાં પુંલિંગમાં જ રહે છે. અહીં કેટલાક છાંદસ પ્રયોગ માનીને **गोचरा** એમ પાઠ કરે છે.

કર્મથી સિદ્ધ થવાવાળું કલ્યાણ જે પુત્ર અને સ્વર્ગ વગેરે છે, તેમાં સ્ત્રી શૂદ્રાદિક મૂઢ છે, એટલે તેઓને કોઈ પણ સાધનનું જ્ઞાન નથી; તેથી પોતાના મનમાં જે વિચાર કર્યો છે તેથી તેઓનું કલ્યાણ થશે. જો કે અલૌકિક પ્રકારથી વેદ વડે સિદ્ધ થનાર ફળ પણ અલૌકિક છે, તોપણ તેની સિદ્ધિ બીજાથી થતી નથી, તોપણ અર્થ લૌકિક ન્યાયથી ભાટ્ટ મીમાંસકના મતમાં જેમ થાય છે તેમ પુરાણમાં પણ અલૌકિક ન્યાય વડે મહાભારત વગેરેથી કાર્ય સિદ્ધ થશે, એમ સમજીને ભારત આખ્યાન કર્યું. જેમાં ભરત રાજાના વંશમાં થયેલાનો સંબંધ છે તેથી **ભારત** કહેવાય છે. કેવળ ગ્રંથનું જ નામ ભારત છે એમ નથી, પણ મહાભારત સાંભળવાથી માયાનો મોહ નિવૃત્ત થાય છે અને ધર્માદિકનાં તત્ત્વો સહેલાઈથી જાણી શકાય છે, એમ મનન કરવાથી, જાણીને, પારકું દુઃખ મટાડવાની ઇચ્છા વડે તે આખ્યાન કરેલું છે. (૨૫)

---

૧. પતિ જીવતો હોય અને જારકર્મથી પુત્ર પેદા થાય તે **કુંડ** કહેવાય છે.
૨. પતિ મરી ગયા પછી જારકર્મથી પુત્ર પેદા થાય તે **ગોલક** કહેવાય છે.

एवं प्रवृत्तस्य सदा भूतानां श्रेयसि द्विजाः ।
सर्वात्मकेनापि यदा नातुष्यद् हृदयं ततः ॥२६॥
नातिप्रसीदद्धृदयः सरस्वत्यास्तटे शुचौ ।
वितर्कयन् विविक्तस्थ इदं प्रोवाच धर्मवित् ॥२७॥

શબ્દાર્થ:—હે બ્રાહ્મણો, એવી રીતે પ્રાણીઓના કલ્યાણમાં હમેશાં પ્રવૃત્ત થયેલા એવા વ્યાસજીનું સર્વાત્મકપણાથી પણ જ્યારે હૃદય સંતોષયુક્ત થયું નહિ, ત્યારે અતિ પ્રસન્ન હૃદય વગરના તેઓ સરસ્વતી નદીના પવિત્ર કિનારા ઉપર એકાંતમાં બેઠા અને વિચાર કરતા ધર્મના સ્વરૂપને જાણનારા તે વ્યાસજી આમ બોલ્યા.

ભાવાર્થ:—એવી રીતે પરોપકાર રૂપ ધર્મ વેદવ્યાસજીમાં બરાબર સિદ્ધ થયો છે. અને અંતઃકરણમાં સંતોષ થવો તે ધર્મનું ફળ છે. પણ જ્યાં સુધી અંતઃકરણમાં સંતોષ ન થાય ત્યાંસુધી ધર્મ શ્રમરૂપ જ છે, એમ કહ્યું છે અને અહીં તે પરોપકારરૂપ ધર્મ દુઃખના કારણરૂપ થયો એમ કહેવાય, માટે પહેલાં જણાવેલી હકીકતનું સ્મરણ કરવા માટે **દ્વિજાઃ** (હે બ્રાહ્મણો) એવું પદ મૂકેલ છે. એટલે જે આગળ ભણી ગયા હોઇએ તેની ધારણા રાખવી જોઈએ તે બ્રાહ્મણનો ધર્મ છે. વળી કેવળ ધર્મનું પણ તેવું ફળ થાય છે, પણ જ્ઞાન સહિત ધર્મનું ફળ તો તેવું ન જ થાય; અને અહીં તો વ્યાસજી જ્ઞાનસહિત છે, તેનો પણ પરોપકારરૂપ ધર્મ અંતઃકરણના સુખને ઉત્પન્ન કરનાર થયો નહિ. તે માટે કહે છે કે "જ્ઞાનરૂપ અથવા દયાયુક્ત દરેક પ્રકારના ધર્મ વડે પણ તેમનો આત્મા પ્રસન્ન ન થયો." વ્યાસજી અધિકારી હોવાથી તેમને તે ધર્મનું ફળ ન થયું તે કહે છે. ધર્મથી પોતાને પણ ફળ ન થયું તો બીજાને ફળ કેમ થાય? તેથી દરેક શ્રમ નિરર્થક થયો, એમ જાણીને વ્યાસજીના મનમાં અસંતોષ થયો. ત્યારે ભગવાનની ઇચ્છા કાંઇ બીજા જ પ્રકારની છે, એમ વ્યાસજીએ જાણ્યું, કારણ કે વ્યાસજી ભગવાનનો જ્ઞાનાવતાર છે. કાંઇક હૃદયમાં સંતોષ થયો છે એમ બતાવવા માટે 'હૃદયમાં અત્યંત સંતોષ થયો નથી' એમ કહ્યું છે. પહેલાં એકાંતમાં બેસી વિચાર કરવાથી જ્ઞાનનો ઉદય થયો હતો તે પ્રમાણે હમણાં પણ થશે એવા વિચારથી સરસ્વતી નદીના કિનારા ઉપર બેસીને વિચાર કર્યો. "સરસ્વતીનો કિનારો પવિત્ર છે" એમ કહેવાથી ત્યાં પાપ કે તાપનો સંબંધ નથી એમ બતાવ્યું છે. એવી રીતે શુદ્ધ દેશમાં પોતાને માટે ચિંતા કરી ત્યારે તર્ક કરવાથી કાંઇક નિશ્ચય થયો. પોતે મોટા અધિકારી હોવાથી ધર્માદિક સાંભળવા માટે બીજા ઘણા આવે અને તેથી ચિત્તમાં વ્યગ્રતા થાય, તે માટે વ્યાસજી

એકાંતમાં બેઠેલા છે. અને ધર્મ જાણનાર હોવાથી ધર્મનું ખરેખરું સાધન તે જાણે છે, એમ બતાવ્યું છે. (૨૬–૨૭)

ત્યાં પહેલાં ધર્મનું પ્રતિપાદન કરે છે–બે શ્લોકોથીઃ

धृतव्रतेन हि मया छन्दांसि गुरवोऽग्नयः ।
मानिता निर्व्यलीकेन गृहीतं चानुशासनम् ॥२८॥

શબ્દાર્થઃ—વ્રતને ધારણ કરનાર એવા મેં વેદ, ગુરુ, અને અગ્નિ દેવનું નિષ્કપટ ભાવથી સન્માન કર્યું છે અને ભણાવવા માટેનું શિક્ષણ પણ પ્રાપ્ત કરેલું છે.

ભાવાર્થઃ—બ્રહ્મચર્યાદિક વ્રતો અને વેદનાં વ્રતો મેં ધારણ કરેલાં છે. વેદનો અર્થ જાણીને તે પ્રમાણે વર્તન કરવાથી વેદનું સન્માન કરેલું છે, ગુરુઓને પણ પ્રસન્ન કરેલા છે, અને અગ્નિમાં હોમ કરેલો છે. તેઓનું સન્માન એ જ કહેવાય છે. તેમ જ ઇશ્વરની માફક લોકને ચલાવવા માટે કે પાખંડી પુરુષોની માફક કોઇને છેતરવા માટે તે ધર્મ કરેલો નથી, પણ શુદ્ધ ભાવથી તે કર્યો છે. તેમ જ તે વેદશાસ્ત્રાદિક બીજાને પણ ભણાવ્યાં છે. (૨૮)

મહાભારત જેવો ગ્રંથ પણ ધર્મને માટે કહેલો છેઃ

भारतव्यपदेशेन ह्याम्नायार्थश्च दर्शितः ।
दृश्यते यत्र धर्मादिः स्त्रीशूद्रादिभिरप्युत ॥२९॥

શબ્દાર્થઃ—મહાભારત બનાવવાના બહાનાથી વેદનો અર્થ પણ બતાવ્યો છે, જેમાં સ્ત્રીશૂદ્ર વગેરેથી પણ ધર્માદિક જોઇ શકાય છે.

ભાવાર્થઃ—ખરી રીતે તો કલ્પસૂત્રની માફક મહાભારત વેદોના અર્થનું પ્રતિપાદન કરવા માટે જ છે. તેને ઇતિહાસ નામ આપેલું છે તે તો ફક્ત બહાનું જ છે. એટલે એવો એક પ્રકારનો નિર્દેશ જ કેવળ છે ! જો ઇતિહાસ-રૂપ ભારતને ન કરે તો વેદાદિકમાં શૂદ્રાદિકનો અધિકાર ન હોવાથી મહા-ભારતમાં પણ તેનો અધિકાર ન થાય. તે માટે ભારતને ઇતિહાસરૂપ કહ્યું છે. તે બતાવવા માટે મૂળમાં હિ શબ્દ મૂકયો છે. વેદમા દૃષ્ટાંત માટે કહેલો લૌકિક ધર્મ અહીં બતાવેલો છે. જેમ વેદમાં કહ્યું છે કે " મારવાડમાં જેવી રીતે પાણી પીવાનો અવેડો હોય તેવો તું છે; " અર્થાત્ દુઃખીઓનાં દુઃખને મટાડનાર છો. એમ બીજાનાં દુઃખ મટાડવા રૂપ ધર્મ દૃષ્ટાંતથી વેદમાં બતાવેલો છે, તેવો જ ધર્મ અહીં ભારતમાં કહેલો છે, પણ યજ્ઞાદિક ધર્મ કહેલો નથી. તેથી વેદમાં પ્રતિપાદન કરેલો ધર્મ શૂદ્રાદિકથી સમજી શકાય તેમ નથી, પણ અહીં ભારતમાં જાણી શકાય છે, અર્થાત્ ઉપદેશ વગર પણ અહીં તો જાણી શકાય છે, એવો અભિપ્રાય છે. (૨૯)